'નગીનદાસ રાષ્ટ્ર-શિક્ષણ કાર્યાલય' ગ્રંથાવલિ

ક્રમાંક ૧૨

ગાંધી-શિક્ષણ

(મહાત્માજીના જ શબ્દોમાં)

ભાગ ૧૨

અસહકાર

(તૃતીય વિભાગ).

પ્રકાશક

નગીનદાસ અમુલખરાય

આ પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

૧. વ્યવસ્થાપક—'નગીનદાસ રાષ્ટ્ર-શિક્ષણ પુસ્તક ભંડાર', નં. ૩૦, હનુમાન બિલ્ડિંગ, હોમજી સ્ટ્રીટ, સર્કલ, કોટ, મુંબઈ.

૨. વ્યવસ્થાપક—'નગીનદાસ રાષ્ટ્ર-શિક્ષણ કાર્યાલય', લાલજી પુનશી ચાલ, ઘાટકોપર, જી. આઇ. પી. રેલ્વે; (મુંબઈ.)

૩. કોઇ પણ ગામ અથવા શહેરના **જાણીતા** પુસ્તક વેચનારને ત્યાંથી.

૪. મહાસભા (કોંગ્રેસ) ની કોઇ પણ **જાણીતી** ગ્રામ્ય, તાલુકા કે જીલ્લા સમિતિમાંથી.

૫. રાષ્ટ્રીય સાહિત્ય કે ખાદીનો પ્રચાર કરતી કોઈ પણ સંસ્થામાંથી.

૬. રાષ્ટ્રીય શાળા, અથવા મહાશાળાના શિક્ષકો પાસેથી.

હિંદના ઉદ્ધારક



નગીનદાસ રાષ્ટ્ર-શિક્ષણ કાર્યાલય ગ્રંથાવલિ

ક્રમાંક ૧૨

ગાંધી-શિક્ષણ

(મહાત્માજીના જ શબ્દોમાં)

ભાગ ૧૨

અસહકાર

(તૃતીય વિભાગ)

પ્રકાશક

નગીનદાસ અમુલખરાય

૩૦. હનુમાન બિલ્ડિંગ, હોમજી સ્ટ્રીટ,

સર્કલ, કોટ, મુંબઇ.

૧૯૨૩

કિંમત બાર આના

લોકમાન્યે [illegible] ઉપરનું પોતાનું [illegible] વજન હિંદુસ્થાનને મા[illegible] મેળવ્યું હતું. ઈશુ ખ્રિસ્તે શૂળીએ ચડીને મોત લીધું એ તેના દયાધર્મની પરાકાષ્ટા હતી. કરબલાના મેદાન ઉપર ઈમામ હસને આપેલા ભોગે ઈસ્લામને દુનિયામાં અજેય કરી મૂક્યો. આજનું હિંદુસ્થાન પણ મહાન્ વિભૂતિઓએ પાવન કરેલો શુદ્ધ આત્મયજ્ઞનો આ સનાતન માર્ગ સ્વીકારીને પોતાનાં લાખો સંતાનોને સ્વાતંત્ર્યની યજ્ઞવેદિ ઉપર હોમવા તૈયાર નહિ થાય ત્યાંસુધી સ્વતંત્રતાથી વિમુખ રહેશે.

× × ×

દેશને ખાતર અથવા ધર્મને ખાતર જેલ જવું, તેમાં ઈજા ઉઠાવવી, અથવા બીજી રીતે સંકટ સહન કરવાં એમાં જ સુખ માનવાનું છે.

× × ×

સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે; અને સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાજીવનમાં સત્ય અને અહિંસાનો પ્રવેશ કરવાનો પ્રયત્ન છે.

× × ×

ઈન્સાફ અને રાજ્યનીતિ ચોકખાં રાખવાં અને રખાવવાં એ રાજાની તેમ જ પ્રજાની ફરજ છે. મેલી રાજ્યનીતિ એ રોગની જેમ છે; અને જેમ રોગને ઉગતો ડાંભવો જોઈએ તેમ અનીતિવાળી રાજ્યનીતિ તરત બંધ થાય એવા ઈલાજ પ્રજાએ લેવા જ જોઈએ.

મુંબઈ નં. ૬૩ ચીંચપોકલી પરેલ રોડ પર લેડી નૉર્થકોટ હિન્દુ ઑરફનેજ કે. એન. સેલર પ્રેસમાં લાલજી પીતાંબર ઠક્કરે છાપ્યું.

અસહકાર

(તૃતીય વિભાગ)

મારાં સ્વ. ફઇબાશ્રી
જીવકોર બાઇને
ચરણે

નિવેદન.

બત્રિશ કરોડ 'દેવ' અથવા તેજસ્વી મનુષ્યોથી વસાયેલો ભારત, ગમે તેટલો મહાન્ હોવા છતાં, કાંઈ કાળચક્રની મર્યાદા બહાર ન હોઈ શકે. નિરંતર ગોળાકારે ફરતા કાળચક્રના ઉપલા ભાગમાં જ્યારે હિન્દુસ્થાન હતું– અર્થાત્ આકાશ તરફ તેની ગતિ હતી–એટલે કે 'દેવતાઈ ભાવનાઓ' તરફ હિન્દીઓ નિરંતર ગતિશીલ હતા, તે વખતે ખરેખર તેઓ 'દેવ' હતા; પરંતુ જ્યારે કાળચક્રના નીચલા ભાગમાં તેઓ ગતિ કરવા લાગ્યા અર્થાત્ પૃથ્વી તરફ–જડતા તરફ–એમની ગતિ થતી ગઈ ત્યારે સ્વભાવતઃ એમની દિવ્યતા દૂર થઈ, ચેતનશક્તિ સૂઈ ગઈ અને દેહ પણ કીટવત્ બની ગયો.

પૃથ્વી તત્ત્વ તરફ ખેંચાવું, જડવાદ તરફ આકર્ષણ થવું, અધર્મમાં જઈ પડવું એ બધું એક જ છે. એ સ્થિતિમાં મનુષ્યનો આત્મા સૂતેલો હોય છે તેથી ભીરુતા એ તેનું મુખ્ય લક્ષણ બને છે. ભીરુતાને લીધે એની બુદ્ધિમાંથી નિર્મળતા, તીવ્રતા અને વિશાળતા અદૃશ્ય થાય છે અને બુદ્ધિની એ સ્થિતિને લીધે ઇંદ્રિયો આપખુદ બની દેહરાજ્યમાં અંધાધુંધી ઉત્પન્ન કરી શરીરને નિર્માલ્ય બનાવી દે છે.

હિન્દુસ્થાનની એ દશા ચાલી રહી હતી–ચાલી રહી છે. વ્યક્તિઓના દેહરાજ્યમાં અંધાધુંધી ચાલવાને પરિણામે સમાજવ્યવસ્થા તેમ જ રાજ્યવ્યવસ્થા અસ્તવ્યસ્ત થાય એમાં આશ્ચર્ય શું ? રાજકીય પરતંત્રતા એ તો માત્ર વ્યક્તિઓની અંધાધુંધીનું સ્વાભાવિક પરિણામ છે.

બુદ્ધિમાંથી નિર્મળતા, તીવ્રતા અને વિશાળતાના ગુણો અદૃશ્ય થયેલા હોવાને લીધે આજસુધી હિન્દીઓ હિન્દી રાજકીય પરતંત્રતાને કોઈ બહારથી આવી પડેલી ચીજ માનતા હતા અને એ અજાણી–નહિ સમજાતી–કાલ્પનિક ચીજ સાથે માથાં અફાળતા હતા.

તેઓ ઘડીમાં એ પરતંત્રતાના ભૂતને એમનો પીછો છોડવા આજીજી કરતા, ઘડીમાં ગુસ્સે થઈ તેના ઉપર માથું અફાળતા કે મુક્કા મારતા. 'આજીજી' તેમ જ 'ગુસ્સો' એ બંને અશક્તિનાં સંતાન છે એ એમને નિર્મળ, વિકસિત તીવ્ર બુદ્ધિના અભાવે સૂઝ્યું નહિ. પરિણામે આજીજી અને ગુસ્સા દ્વારા તેઓ પોતાને વધારે ને વધારે અશક્ત બનાવતા ગયા.

અંધકારમાં થઈને જ પ્રકાશમાં અવાય છે. નિષ્ફળતા જ સફળતાની સીમાએ પહોંચાડે છે.

હિંદી પરતંત્રતા જ્યારે હિંદીઓને અસહ્ય થઈ પડી અને એને હઠાવવાના ઇલાજ (આજીજી તેમ જ ગુસ્સો) તદ્દન નિષ્ફળ નિવડ્યા, ત્યારે એક વ્યક્તિએ એ ઇલાજોથી હાથ ધોયા. એણે તપ આદર્યું. તપથી બુદ્ધિને નિર્મળ કર્યા બાદ એ બુદ્ધિ વડે મનન કર્યું. એવા મનનને પરિણામે એણે 'જોયું' કે રાજકીય પરતંત્રતા એ તો માત્ર વ્યક્તિઓનો અંધાધુંધીવાળી સ્થિતિનો 'પડછાયો' હતો. એને સમજાયું કે 'પદાર્થ' ખસે નહિ ત્યાંસુધી 'પડછાયો' હરગીઝ ખસી શકે નહિ. એણે શોધ્યું કે જડતા રૂપ 'પદાર્થ' ખસેડીને જ હિંદીઓમાં આત્મા–ચૈતન્ય–શક્તિ–ખુમારી જાગ્રત કરવાથી સામાજિક અંધાધુંધી તેમ જ રાજકીય પરતંત્રતા રૂપ પડછાયા આપોઆપ અદૃશ્ય થશે.

પરંતુ આત્માને જગાડવાને આત્મા જ જોઇએ. બુદ્ધિ કાંઇ આત્માને જગાડવાની યોગ્યતા ધરાવતી નથી. જાગેલો આત્મા જ સૂતેલા આત્માને જગાડી શકે. બધો આધાર એક 'જાગેલા આત્મા' પર જ હતો.

એક દીવામાંથી હજારો બત્તી પ્રકટાવી શકાય છે. એક આત્મા કરોડો આત્માને પ્રદીપ્ત કરી શકે. તે તપસ્વીએ પોતાની શુદ્ધબુદ્ધિને હજુ આગળ ને આગળ દોડાવી, અને તે બુદ્ધિએ જોયું કે જે 'એક'ને ઢૂંઢવો છે તે કાંઇ બહાર ઢૂંઢી શકાશે નહિ; પોતાનામાં જ તેને ઢૂંઢવો, પોતાનું જ શુદ્ધ સ્વરૂપ પ્રકટાવવું, પોતાનામાં સુષુપ્તિ હાલતમાં રહેલી અસાધારણ શક્તિને પ્રકટ કરવી.

એ છૂપી શોધ બુદ્ધિને પ્રાપ્ત થતાં જ તે તપસ્વીએ સંપૂર્ણ મૌન સાથે આત્મવિકાસનું તપ આદર્યું. ધ્યેય નક્કી કરી, એના ઉપર દૃષ્ટિ સ્થિર કરી, એ 'ભાવના'માં જ પોતાના 'ભાન'ને ઓતપ્રોત કરી એણે યોગ સાધ્યો.

અને યોગને કયી ચીજ અસાધ્ય છે?

તેણે પોતાનામાં દિવ્ય શક્તિ પ્રકટાવી, અને પછી એ વડે હિંદી આત્માઓને પ્રદીપ્ત કરવાનો મહાયજ્ઞ આરંભ્યો.

એ યોગીને આજે આખી દુનિયા 'મહાત્મા ગાંધી'ને નામે પીછાને છે.

ધર્મગ્લાનિના સમયમાં પરમ પુરુષો ઉત્પન્ન કરવાની અવિચલ કીર્તિ ભારતભૂમિએ સંપાદન કરેલી છે. ભારતભૂમિના આ ધર્મગ્લાનિના સમયે ભારતે મહાત્માજીને ઉત્પન્ન કરીને પોતાની પ્રાચીન કીર્તિ કાયમ કરી છે.

એમનામાં નિર્મળ બુદ્ધિ હોવાને લીધે કોઇ પણ ઘટનાનું આંતરસ્વરૂપ તેઓ સહેલાઇથી અને સ્વભાવતઃ જોઇ શકે છે. એમની ચિકિત્સા સ્વાભાવિક, તીવ્ર અને તલસ્પર્શી હોઇ ઘટનાનું મૂળતત્ત્વ તેઓને દેખાઇ જાય છે, અને મૂળતત્ત્વ પર જ એમની શક્તિ કામ કરવા લાગી પડે છે.

એમણે વ્યક્તિ તેમ જ સમાજ બંને તરફ ધ્યાન આપ્યું છે. વ્યક્તિના આત્માને જગાડવા, તેની બુદ્ધિને નિર્મળ કરવા, તેનાં શરીરને નીરોગી અને વિકસિત બનાવવા એમણે ઇલાજો શોધ્યા છે અને બતાવ્યા છે; અને સમાજને સંઘટિત કરવા સંઘબળ પ્રકટાવવા, સંઘબળને આડું અવળું ન વિખેરી નાખતાં શુદ્ધ બુદ્ધિથી નક્કી કરેલા એક ધ્યેય તરફ જ વહેવડાવવા એમણે યોજનાઓ યોજી છે.

એમણે વ્યક્તિમાં ચૈતન્ય પ્રકટાવ્યું છે, અને વ્યક્તિને ખેલવાનું યુદ્ધક્ષેત્ર પણ તૈયાર કરી આપ્યું છે, તેમ જ યુદ્ધશાસ્ત્ર પણ તે સાથે જ રચી આપ્યું છે, અર્થાત્ વ્યક્તિગત જીવન અને સામાજિક જીવનના કાનુન પણ ઘડી આપ્યા છે.

એમણે મનુષ્યના સર્વ વ્યવહારના ભોમિયા તરીકે, ધર્મગુરુ તરીકે, રાજદ્વારી નેતા તરીકે, સમાજસુધારક અને સમાજવ્યવસ્થાપક તરીકે, શિક્ષણસુધારક અને શિક્ષણપ્રચારક તરીકે, વૈદ્ય અને તાલીમશાસ્ત્રી તરીકે, વ્યાપાર અને હુન્નરના દિશાસૂચક તરીકે, સાહિત્યશાસ્ત્રી તરીકે, રાજા તરીકે તેમ જ પ્રજા તરીકે, શિક્ષક તરીકે તેમ જ વિદ્યાર્થી તરીકે, ઉન્નતમાં ઉન્નત તેમ જ નમ્રમાં નમ્ર મનુષ્ય તરીકે, જીવન જીવી બતાવ્યું છે અને જીવનશાસ્ત્ર પણ રચી આપ્યું છે.

વળી સત્યાગ્રહનું અજીત શસ્ત્ર ભારતપુત્રોને આપી, તેઓમાં પોતાની ગૂમાવેલી સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા પણ જાગ્રત કરી આપી છે.

એવે સમયે અવળી બુદ્ધિને સવળી કરી ભૂલ્યાને ખરે માર્ગે દોરી જતા એ મહાન્ પુરુષે પોતે પ્રતિપાદન કરેલા—દાખલા દલીલ સાથેના—સર્વવ્યાપક સિદ્ધાંતો તેમની પોતાની જ વાણીમાં, પ્રસંગ તથા પુનરુક્તિનો દોષ ન આવે એ ધ્યાનમાં રાખી, યોગ્યક્રમમાં વિષયવાર શાસ્ત્રીય ઢબે સપ્રમાણ ગોઠવી સર્વોપયોગી શ્રેષ્ઠ વાંચન સમાજને પૂરું પાડવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે. 'ગાંધી=શિક્ષણ' નામ આપી આ સઘળા વાંચનનો તેર ભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પશુબળ અને બુદ્ધિબળ પર વિજય મેળવી શકે એવું એકનું એક બળ જે આત્મબળ છે તેને પ્રકટાવનાર 'સત્યાગ્રહ' હોઈ સૌથી પહેલો એ વિષય લેવામાં આવ્યો છે. સર્વ ધર્મોને માન્ય, સર્વ ધર્મોના મધ્યબિંદુ અને આત્મા સમાન, તથા મહાત્માજીના જીવન અને ઉપદેશોના બીજ સમાન 'સત્યાગ્રહ'ને છોડી બીજા કયા વિષયને પહેલો મૂકી શકાય ?

બીજા ભાગમાં 'ધર્મ' વિષય લેવામાં આવ્યો છે. સર્વ ધર્મો અને વ્યવહારોનું અવલોકન પોતાની શુદ્ધબુદ્ધિથી કરવાને પરિણામે મહાત્માજીએ જે કાંઇ આ વિષયમાં કહ્યું છે તે સર્વ ધર્મવાળાઓને માન્ય થાય એવું અને વિકાસક્રમ સૂઝાડે એવું છે.

મન-વચન-કાયાનું આરોગ્ય કેમ સચવાય એ બતાવનાર 'આરોગ્ય'ને લગતો ઉપદેશ ત્રીજા ભાગમાં છે. 'કેળવણી' કેવી છે અને કેવી હોવી જોઇએ તેને લગતા તેમના દિશાદર્શક વિચારો ચોથા ભાગમાં, અને પાંચમા ભાગમાં 'સ્ત્રીસ્વાતંત્ર્ય'નું શુદ્ધ સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

દોલતની ઉત્પત્તિ તથા ઉપયોગ વિષેના જ્ઞાનને છઠ્ઠા ભાગમાં અને આર્થિક મુક્તિનો માર્ગ દેખાડનાર 'સ્વદેશી'ને સાતમા ભાગમાં સ્થાન અપાયું છે. રાષ્ટ્રીય એકતાની ભાવનાને પોષનાર તથા પ્રજાની ખામીઓ ખુલ્લી કરી ઉંચા ગુણો અને ભવ્ય આદર્શો શીખવનાર 'પ્રજાબંધારણ' વિષયક તેમના લેખો આઠમા ભાગમાં સમાવ્યા છે. કૌટુંબિક ક્ષેત્રમાંથી

રાજકીય ક્ષેત્રમાં લઇ જઇ આપણું જીવન વિસ્તૃત કરાવનાર 'રાજ્યનીતિ' વિષયક લેખો નવમા ભાગમાં દાખલ કર્યા છે.

રાજકીય બાબતોમાં એટલો પ્રવેશ કરાવ્યા પછી—લોકહૃદયની એટલી તૈયારી કર્યા પછી—સ્વમાનનું ભાન કરાવી પોતાનામાંથી બૂરાઇ ત્યજી અન્યની બૂરાઇનો અસંગ ઉપદેશનાર 'અસહકાર'નું ધાર્મિક અને રાજકીય યુદ્ધ લડવાની તાલીમ આપનારા એમના કથનોનો દશમા, અગિયારમા અને બારમા મળી ત્રણ ભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિસ્તૃત ભાનથી અનુભવાયલા એમના અંગત પ્રસંગો પ્રકીર્ણ સૂત્રો તથા વિચારોનો તેરમા ભાગમાં સમાવેશ કરી તે ભાગને 'અંગત વિચાર' નામ આપ્યું છે.

મનુષ્યને અને સમાજને નીરોગી, સમર્થ અને સુવ્યવસ્થિત કરવા માટે ઉપયોગી થઇ પડે એવું તેમનું તમામ શિક્ષણ આમાં સમાવેશ પામે છે એમ અમે માનીએ છીએ.

આ ગ્રંથાવલિનો લાભ લેવા નાના—મોટા દરેકને, ગ્રામ્ય તેમ જ શહેરી જીવન જીવનારને, સ્ત્રી તેમ જ પુરુષને, વિદ્યાર્થી તેમ જ શિક્ષકને, વ્યાપારીને, સેવકને, તેમ જ રાજદ્વારી પુરુષોને, ભક્તો તેમ જ ધર્મગુરુઓને આગ્રહપૂર્વક અરજ કરવામાં આવે છે. એમાં સર્વની મુક્તિની સામાન્ય ચાવી છૂપાયેલી જોવામાં આવશે.

જૂદા જૂદા ધર્મપંથોની ધાર્મિક શાળાઓમાં વિદ્યાર્થીઓને આ ગ્રંથાવલિના વિચારો વાંચી—વંચાવી—સમજાવી ઠસાવવાથી ધર્મની અચ્છી ભૂમિકા તૈયાર થયેલી જણાશે, અને તે ભૂમિકામાં કોઇ પણ ધર્મનાં ખાસ તત્ત્વો ઉગાડવાનું સહેલાઇથી અને આબાદ રીતે બની શકશે.

તમામ ધર્મોના આચાર્યોએ, સાધુ—સંન્યાસી—બાવા—ફકીર—મુલ્લાં—મોલવી—પાદરીઓએ તેમ જ મંદિર—દેવળ—દેરાસર—મસ્જિદ—ઉપાશ્રય—અગિયારી—ધર્મશાળા તથા મુસાફરખાના ઉપર કાબુ ધરાવનારાઓએ આ તેર પુસ્તકો પોતાને ત્યાં આવનાર જનાર સર્વેને વાંચવા માટે ખુલ્લાં રાખી તે મારફત દેશની તથા ધર્મની વર્તમાન સ્થિતિનો સંપૂર્ણ અભ્યાસ કરી—કરાવી પોતાના ઉપદેશનો પ્રવાહ સમયાનુસાર બદલી—બદલાવી પ્રજામાં ધર્મભાવના જાગ્રત કરવા માટે સતત પ્રયત્ન કરવા વિનંતિ છે.

વળી તેને સાધન તરીકે કામે લગાડી દરેક ધર્મમાં, રાજકીય પ્રવૃત્તિમાં, દુનિયાદારીના વ્યવહાર વિગેરેમાં પેસી ગયેલા સડા દૂર કરી દરેક વાંચક—વિચારક પોતે પોતાના ધર્મનો ઉદ્ધાર સરસ રીતે, સહેલાઇથી અને સંગીનપણે કરી શકશે.

ધાર્મિક પુસ્તકો અસલ ઢબથી અમુક પ્રસંગે વંચાય છે તેવી જ રીતે વાંચતાં ન આવડતું હોય તેવા માણસોની આગળ મહોલ્લે મહોલ્લે, દરેક ગામે અને દરેક ધર્મસ્થાને આ પુસ્તકો વંચાશે તથા તે ઉપર કવિવર્ગ રસમય કાવ્યો, ગરબીઓ, ભજનો તથા સંગીતો સુધરેલી તેમ જ ગ્રામ્ય ભાષામાં રચી આ શિક્ષણનો ફેલાવો કરશે તો હિંદનું અનહદ શ્રેય થશે.

હિંદુસ્થાન જેવા જૂદા જૂદા ઘણા ધર્મમતવાળા વિશાળ દેશમાં ધાર્મિક કેળવણી કોઇ પણ એક ધર્મમાં આપી શકાય નહિ ત્યાં આ ગ્રંથાવલિ દરેક શાળામાં પાઠ્યપુસ્તક તરીકે ઉપયોગી થઇ પડશે.

આ ગ્રંથાવલિના બાલ—અભ્યાસીઓની પરીક્ષા લઇ વખતોવખત હરિફાઇમાં શ્રેષ્ઠ ઉતરનાર શાળા અગર તેના વિદ્યાર્થીઓને ઉત્તેજન તરીકે મદદ, છાત્રવૃત્તિ અગર ઇનામ આપવાની જૂદે જૂદે ઠેકાણે વ્યવસ્થા થશે, અગર શુભ પ્રસંગોએ આ પુસ્તકો ઇનામ તરીકે વહેંચાશે તો પૈસાનો બેશક ઘણો જ સદુપયોગ થયો ગણાશે. અમારી મારફત આ પુસ્તકોની નકલો વહેંચાવી પૈસાનો સદુપયોગ કરવાની કોઇને ઇચ્છા હશે તો તેમને તેમની ઇચ્છા અમલમાં મૂકી આપવા બનતો પ્રયત્ન કરીશું.

અનેક સ્થળેથી એકત્રિત કરેલા ગાંધીજીના બધા પ્રાપ્ય વિચારોની ગોઠવણીમાં અમુક અમુક સ્થળે બે અથવા વધારે ફકરાઓની વિચારશ્રેણીમાં રસ અને એકતા જળવાય તે માટે અનુસંધાન તરીકે થોડા શબ્દો ન છૂટકે જ ઉમેર્યા છે, અને તે આવા [ ] કૌંસ વચ્ચે મૂકેલા છે.

અપ્ખ્યાત નામોની ઓળખ ફૂટનોટમાં આપેલી છે. આ ઉપરાંત આપવાયોગ્ય જણાયેલી કેટલીક નિર્વિવાદિત હકીકત તે તે ભાગના પરિશિષ્ટ તરીકે આપેલી છે; અને દરેક ભાગના દરેક લેખના પેરેગ્રાફના આધારની નોંધ તે તે ભાગને છેડે આપવામાં આવી છે.

મહાત્માજીએ જાહેર કરેલો કોઇ પણ વિચાર અથવા સિદ્ધાંત આ પુસ્તકોમાં રહી જતો નથી એમ અમે માનીએ છીએ; છતાં આ

પુસ્તકોમાં નહિ આવેલા એવા કોઇ પણ આધારભૂત વિચાર અગર સિદ્ધાંત તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવશે, અગર બીજી કોઇ રીતે આ પુસ્તકો વધારે ઉપયોગી બનાવી શકાય તેવી સૂચનાઓ મળશે તો અમે તે માટે આભાર માની બીજી આવૃત્તિ વખતે મળેલી સૂચનાઓનો ઉપયોગ કરીશું.

મહાત્માજી તેમ જ તેમના સિદ્ધાંતો જાહેર મિલ્કત હોઇ આ પુસ્તકોનો "કોપીરાઇટ" અમે રાખ્યો નથી, એટલે કોઇ પણ માણસ કોઈ પણ ભાષામાં કોઇ પણ ઠેકાણે અસલ અગર ભાષાંતર કરી છાપી–છપાવી વેચી શકે છે.

આ પુસ્તકોનાં ગુજરાતીમાંથી જૂદી જૂદી ભાષાઓમાં ઉત્તમ ભાષાંતર કરી શકે એવા ચારિત્ર્યવાન્ સત્યાગ્રહીઓને તે કામ તાકીદે ઉપાડી લેવા વિનંતિ છે.

મહાત્માજીના સિદ્ધાંતોના ટેકા રૂપ અગર તે સિદ્ધાંતોને આગળ વધારે તેવા પોતપોતાના ધર્મના ઉત્તમ દૃષ્ટાંતો અગર સિદ્ધાંતો પૂરા પાડી શકે તેવા સ્વાર્થત્યાગીઓને તેવું કામ તાકીદે ઉપાડી લેવાની પણ અમારી તેટલી જ નમ્ર અરજ છે.

ખરા ઉત્સાહથી અને સ્વાર્થત્યાગથી આ દિશામાં કોઇ પણ કામ કરવાનું માથે લેનારને અમારાથી બની શકતી દરેક મદદ કરીશું.

જે જે પ્રકાશકોના પુસ્તકોમાંથી મહાત્માજીની વાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે તે બધાનો તથા આ કાર્યમાં મદદ કરનાર, અમારા કાર્યાલયના સેવાવૃત્તિવાળા ભાઇઓ સહિત સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

મહાત્માજીના જીવનની રૂપરેખા.

તા. ૨ ઓક્ટોબર ૧૮૬૯ ના રોજ પોરબંદરમાં જન્મ; પિતાનું નામ કરમચંદ ગાંધી, જે પ્રથમ પોરબંદર અને પછી રાજકોટના દિવાન હતા; કેળવણીઃ કાઠિયાવાડ હાઇસ્કુલ, લંડન યુનિવર્સિટી અને ઇનર ટેમ્પલ; ૧૮૮૧ માં શ્રીમતી કસ્તુરબાઇ સાથે લગ્ન; ૧૮૯૧ માં મુંબઇ હાઇકોર્ટના એડવોકેટ; ૧૮૯૩ માં દક્ષિણ આફ્રિકાની મુલાકાતે; ગોરાઓનો વિરોધ છતાં સુપ્રિમ કોર્ટના એડવોકેટ તરીકે દાખલ થયા; ૧૮૯૪ માં 'નાતાલ હિંદી મહાસભા'ની સ્થાપના કરી; ૧૮૯૫ માં આફ્રિકાના હિંદીઓના હક્કના રક્ષણ માટે હિંદમાં ચળવળ ચલાવી; દક્ષિણ આફ્રિકાના વિરોધીઓને હાથે રચાયેલા કારસ્થાન પ્રમાણે દક્ષિણ આફ્રિકા પાછા જતાં કિનારા પર ઉતરતાં જ તેમનું ખૂન થતું ત્યાંના પોલિસ સુપરિન્ટેન્ડન્ટની પત્નીએ અટકાવ્યું; ૧૮૯૯ માં બોઅર લડાઇમાં ઘવાયેલા યોદ્ધાઓની સારવાર કરનારી એક ટુકડીની સરદારી લીધી; ૧૯૦૧ માં તબિયત સુધારવા હિંદમાં પાછા ફર્યા; કલકત્તામાં ભરાયેલી ૧૭ મી મહાસભામાં ભાગ લીધો; દક્ષિણ આફ્રિકાના હિંદીઓના મુકદ્દમા ઉપર વિચાર ચલાવવા માટે નિમાયેલા મી. ચેમ્બરલેન આગળ તે રજુ કરવા નાતાલ પાછું જવું પડ્યું; ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટના એટર્ની તરીકે નામ નોંધાવ્યું; 'ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન એસોશીએશન'ની સ્થાપના કરી તેમ જ તેના મંત્રી તથા કાયદાના સલાહકાર થયા; 'ઇન્ડિયન ઓપિનિયન' નામનું પત્ર ૧૯૦૩ માં શરૂ કર્યું; ૧૯૦૪ માં દક્ષિણ આફ્રિકાના મજુરો અને માલેકો વચ્ચે ચાલેલી તકરારના પરિણામે થયેલા અનુભવ ઉપરથી અને રસ્કિનની તેમના ઉપર થયેલી અસરથી 'ફિનિક્ષ-નિવાસ'ની સ્થાપના ૧૯૦૪ માં કરી; તે જ સાલમાં જોહાનીસબર્ગમાં મરકી અટકાવવાનું કામ કર્યું; ૧૯૦૬ માં ઝુલુ બળવા વખતે મુડદાં ઉંચકનારાઓની સરદારી લીધી; 'એશિયાટિક લૉ' નામના કાયદા સામે

ચળવળ શરૂ કરી; સત્યાગ્રહની લડત આરંભી; પકડાયા અને કેદ આવી; 'ગાંધી–સ્મટસ' નામક સમાધાન થયું; આ સમાધાનથી હિંદના લાભો જોખમાયા છે એમ માનનાર એક હિંદી પઠાણે તેમના ઉપર પ્રાણઘાતક હૂમલો કર્યો; જનરલ સ્મટસે સમાધાનની શરતો કબૂલ કર્યા પછી તે ફરી જવાથી લડત ફરીથી ઉપાડી; પકડાયા અને જેલ મળી; ૧૯૦૮ માં 'હિંદ સ્વરાજ્ય' લખ્યું; ૧૯૦૯ માં ઈંગ્લાંડની મુલાકાત લીધી; ૧૯૧૧ માં તકરારનો તોડ આવ્યો; સ્વ. ગોખલેએ દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી; ત્રણ પાઉંડનો કર નાબૂદ કરવાના અપાયેલા વચનનો ભંગ ૧૯૧૩ માં થવાથી ફરી સત્યાગ્રહ શરૂ કર્યો; ફત્તેહ થઈ; ૧૯૧૪ માં ઈંગ્લાંડની મુલાકાત લીધી; ૧૯૧૫ માં હિંદ પાછા ફર્યા; તે જ વર્ષના મે માસમાં 'સત્યાગ્રહ–આશ્રમ'ની સ્થાપના કરી; ૧૯૧૭ માં ચંપારણ્યની કુમકે ગયા; ૧૯૧૮ ના માર્ચમાં ખેડા જીલ્લાના સત્યાગ્રહનું મંડાણ તેમની આગેવાની નીચે થયું; અને જૂનમાં સફળ થયા; તે જ સાલમાં દિલ્હીની યુદ્ધપરિષદમાં ભાગ લીધો; અને ખેડામાં લશ્કર ભરતીનું કામ કર્યું; ૧૯૧૯ માં 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'નું તંત્રીપદ સ્વીકાર્યું; 'રૉલૅટ' કાયદા સામે ૧૯૧૯ ના એપ્રિલની છઠ્ઠી તારીખે સત્યાગ્રહનો આરંભ કર્યો; તેથી આખા દેશમાં જાગૃતિ આવી ગઈ; દિલ્હી જતાં તેમને સરકારે અટકાવ્યા; સરકારે તેમને ગિરફતાર કર્યા એમ સમજવાથી લોકોએ પંજાબ, અમદાવાદ વિગેરે સ્થળોએ ભારે રમખાણ મચાવ્યાં; દિલ્હી જતાં રસ્તામાંથી તેમને મુંબઈ પાછા લાવવામાં આવ્યા; ૧૯૧૯ ના નવેમ્બરમાં દિલ્હી ખિલાફત પરિષદને ખિલાફતની ચળવળ ઉપાડી લેવાની સલાહ આપી; અમૃતસર મહાસભામાં 'સુધારા' ના અમલ માટે સહકારનો ઉપદેશ કર્યો; પરંતુ પંજાબ–ખિલાફતના બનાવોથી સહકારની સર્વ આશા વ્યર્થ જતાં ૧૯૨૦ માં કલકત્તા મહાસભાની ખાસ બેઠકમાં અસહકારનો ઠરાવ પાસ કરાવ્યો; તે જ સાલના નવેમ્બરમાં 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરી; નાગપુરની મહાસભાની બેઠકમાં મહાસભાનું ધ્યેય નક્કી કરાવ્યું; ૧૯૨૧ ના એપ્રિલમાં બેઝવાડાનો કાર્યક્રમ નક્કી કર્યો; તે જ સાલની ત્રિશમી જૂન પહેલાં 'તિલક સ્વરાજ્ય ફંડ'માં કરોડ રૂપિયા એકઠા કરાવવામાં સાધનભૂત બન્યા; મુંબઇમાં થયેલાં તોફાનની શાંતિ કરાવી; અમદાવાદ મહાસભાની બેઠક વખતે ડીક્ટેટર નિમાયા; ૧૯૨૨ માં બારડોલી તાલુકામાં

અવિનય ભંગની કરેલી તૈયારી ચૌરીચૌરાના અત્યાચારોને લીધે પડતી મૂકી; રાજદ્રોહી ત્રણ લેખો માટે આઝાદ થયા; છ વર્ષની સાદી જેલ મળી; શાંતિ અને સ્વદેશીનો સંદેશો આપી ચડેલી રજા ભોગવવા યરોડા જેલ સીધાવ્યા; તે વીર મોહનદાસ કરમચંદ ગાંધીની વાણીનું હે વાંચક ! હવે તું અમૃતપાન કર.

ઉપયોગમાં લીધેલાં પુસ્તકો.

'નવજીવન.' પ્રકાશક: નવજીવન કાર્યાલય, અમદાવાદ.

'હિન્દ સ્વરાજ્ય' પ્રકાશક: રાષ્ટ્રીય સાહિત્યમંડળ અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. સં. ૧૯૭૭.

'યંગ ઇન્ડિયા.' એસ. ગણેશન, ટ્રીપ્લીકેન, મદ્રાસ. ઇ. સ. ૧૯૨૩.

'મહાત્મા ગાંધીની વિચાર સૃષ્ટિ.' ભાષાંતરકર્તા તથા પ્રકાશક: મથુરાદાસ ત્રિકમજી, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ. સં. ૧૯૭૫.

'સ્પીચીઝ એન્ડ રાઇટીંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી.' પ્રકાશક: જી. એ. નટેસન, મદ્રાસ. તૃતીય આવૃત્તિ. ઇ. સ. ૧૯૨૨.

'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન.' પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ. તૃતીય આવૃત્તિ. સં. ૧૯૭૭.

'મારો જેલનો અનુભવ.'
'સર્વોદય.' } પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

'ઇન્ડિયન હોમરૂલ.' પ્રકાશક: ગણેશની કું. મદ્રાસ. પંચમ આવૃત્તિ. ઇ. સ. ૧૯૨૨.

'પત્રો.' પ્રકાશક: સેવક કાર્યાલય, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. સં. ૧૯૭૮.

અનુક્રમણિકા.

ક્રમાંક.	લેખ.	પૃષ્ઠ.
	જેલપ્રકરણ (પ્રથમ ખંડ)	
૧.	અગ્નિપરીક્ષા	૧
૨.	જેલ જવાનો હેતુ	૫
૩.	જેલનું રહસ્ય	૧૦
૪.	જેલની મહત્તા	૧૪
૫.	જેલના દુઃખમાં સુખ	૨૩
૬.	અસહકારીનું જેલજીવન	૩૧
૭.	જેલીઓને ઉપદેશ	૩૪
૮.	માલ–મિલ્કતનો ભય	૪૦
	અસહકારની લડત (દ્વિતીય ખંડ)	
૯.	પ્રત્યેક અંગ્રેજને	૪૩
૧૦.	અંગ્રેજ ભાઇઓને	૪૮
૧૧.	વાઇસરૉયને	૫૨
૧૨.	પ્રજામતને માન	૫૭
૧૩.	ઝુંબેશ	૬૨
૧૪.	બેઠો બળવો	૬૬
૧૫.	અંગદવિષ્ટિ	૭૨
૧૬.	અહંભાવની ધૂન	૭૬
૧૭.	જુલમ સામે સંયમ	૮૦

ગાંધી=શિક્ષણ.

અસહકાર

(તૃતીય વિભાગ.)

જેલ પ્રકરણ.

(પ્રથમ ખંડ)

૧. અગ્નિપરીક્ષા.

૧. [સરકારી અદાલતોનો બહિષ્કાર કરવો એ તો અસહકારીઓનો આજકાલ ધર્મ થઇ પડયો છે. તેથી તેઓ કોઇની ઉપર આરોપ મૂકીને સરકારી, દિવાની કે ફોજદારી અદાલતોનો આશરો ન લે એટલું જ નહિ, પણ પોતાના ઉપર મૂકાયેલા આરોપમાંથી મુક્ત થવા બચાવ સરખો પણ ન કરે. પરંતુ] જો કોઇ અસહકારીની સામે ખોટો કેસ ઉભો કરવામાં આવે તો તેણે શું કરવું? જવાબ એટલો જ છે કે જેની સામે સરકારે ખોટાં તહોમત આણ્યાં તેઓ તો જેલ મેળવી ચૂકયા છે. જેઓના સામે બીજા કોઇ

ખોટા દાવા લાવે તે જો ફરિયાદી ખાનગી પંચ આગળ પતાવટ કરવા જવા તૈયાર ન હોય તો કોર્ટમાં પોતાને જે કાંઇ કહેવું હોય તેનો એકરાર રજુ કરે અને પોતાનો સાક્ષી પૂરાવો હોય તે પણ જોઇએ તો રજુ કરે. પણ પોતાની બાજુ સાબિત કરવા સારૂ દલીલ કે વકીલ ન આપે. આમ કરવાથી સંભવ છે કે ચૂકાદો એની તરફેણમાં આવે. પણ વિપરીતમાં વિપરીત કલ્પી લઇએ તોપણ કદાચ એને કોઇ ભામટાને હાથ પોતાનું ધન કે મિલ્કત જવા દેવા વારો આવે. એથી વધુ મોટું જોખમ તો એ માર્ગમાં નથી જ અને ભારેમાં ભારે વકીલોને રાખીને લાખો રૂપિયાનાં પાણી કર્યા છતાં પણ ભલભલા કેસોમાં અવળા ચૂકાદા અપાયાના દાખલા તો કયાં થોડા બન્યા છે?

૨. [વગર કારણે જેલમાં જઇને બેસવું એ તો તાકયા વગરનું ફોડવા જેવું થયું. પણ ધર્મ પાળતાં અને ફેલાવતાં જો જેલ મળી જાય અને તેથી જો અસહકારી ડરી જાય તો તે લડતને કલંક લગાડે, તેમાં ભંગાણ પાડે અને નિષ્ફળતા વ્હોરી લેવડાવે. ડરવું એ અસહકારીના ધર્મની વિરુદ્ધ છે. કેમકે સત્ય એ જ તેનું સાધન અને જીવન થઇ પડે છે.]

૩. છતાં સમજુ વર્ગોમાં પણ હજુ એવા લોકો પડ્યા છે, જેઓને હિંદુસ્થાનની સ્વતંત્રતાને માટે જેલ જવાના માર્ગ ઉપર શ્રદ્ધા નથી બેસતી. તેઓનું કહેવું એમ છે કે પાણીદાર માણસો જેલમાં જઇ જઇને બેસે તેમાં દેશ એટલા કાર્યદક્ષ માણસોની સેવા ખોઈ બેસવા ઉપરાંત બીજું કયું સુફળ મેળવે છે? આમ કહેવું એનો અર્થ તો એ થયો કે લડાઈની અંદર શૂરામાં શૂરા સિપાઇઓએ લડાઇને મોખરે રહી મરવાનું જોખમ ન ખેડતાં સૌની પાછળ રહેવું કે જેથી તેની બુદ્ધિ અને સલાહનો લાભ લશ્કર ન ખોઈ બેસે! આવી દલીલો કરનારા પોતાની નાસ્તિકતા અને અશ્રદ્ધા માત્ર સૂચવે છે. તેઓ ભૂલી જાય છે કે લોકમાન્યે પ્રજા ઉપરનું પોતાનું અથાગ વજન હિન્દુસ્થાનને માટે વારંવાર જેલ ભોગવીને જ મેળવ્યું હતું.

ઇશુ ખ્રિસ્તે શૂળીએ ચડીને મોત લીધું એ તેના દયાધર્મની પરાકાષ્ટા હતી. કરબલાના મેદાન ઉપર ઈમામ હસને આપેલા ભોગે ઇસ્લામને દુનિયામાં અજેય કરી મૂક્યો. સત્યને ખાતર જે જે અનંત આપદાઓ ઉઠાવી તેને લીધે જ હરિશ્ચંદ્ર અમર થયા. આજનું હિંદુસ્થાન પણ મહાન્ વિભૂતિઓએ પાવન કરેલો શુદ્ધ આત્મયજ્ઞનો આ સનાતન માર્ગ સ્વીકારીને પોતાનાં લાખો સંતાનોને સ્વાતંત્ર્યની યજ્ઞવેદિ ઉપર હોમવા તૈયાર નહિ થાય ત્યાંસુધી સ્વતંત્રતાથી વિમુખ રહેશે. મહાયજ્ઞનું મંગલાચરણ આજે હજારો ચારિત્ર્યવાન્ હિંદીઓએ સ્વેચ્છાપૂર્વક સરકારની જેલો શોધીને કરવાનું છે. અસહકારની પ્રવૃત્તિ જ એ હેતુથી કલ્પાયેલી છે કે તેમાંથી રાષ્ટ્રનું ઉંચામાં ઉંચું ચારિત્ર્ય રૂપી ધન આગ્નપરીક્ષામાંથી પસાર થઇને બહાર સોળે કળાએ ઝળકી ઉઠે. આપણે સ્વતંત્રતાના ખરા ઉપાસક હોઇએ તો પ્રાણ શરીરને છોડી જાય તે ઘડી સુધી સંકટો અને દુઃખોથી ન હારતાં તેમને વધાવતા રહેવું જોઈએ, એ જ મુક્તિનો માર્ગ છે. બચાવ શોધશે તે નાશ પામશે. મરીને જીવવાનો મંત્ર સાધશે તેનું જ જીવ્યું સાર્થક થશે. જાણીજોઇને ભોગવેલા દુઃખની પાછળ હંમેશાં સુખ રહેલું છે.

૪. [સરકાર તરફથી મૂકાયેલા ખોટા આરોપનો બચાવ સરખો પણ ન કરીને હજારો દેશસેવકોએ મુંગે મોંએ ભાવતી જેલ માગી લીધી છે. વીર પુરુષોએ તો દેશસેવા વહાલી કરી જેલનાં દુઃખોમાં હસતે ચહેરે સુખ માન્યું; પણ આવા પુરુષો પાછળ ભમી ભમીને આરોપો ગોઠવવામાં અને જેલમાં પણ તેમની સંભાળ રાખવામાં સરકારને ઓછી તકલીફ નહિ પડી હોય.]

૫. આ બધી ખટપટ મૂકી જો સરકાર એકેએક અસહકારીને કાં તો તેના અસહકારને સારૂ માફી માગવાને સારૂ, નહિ તો અમુક તારીખ પહેલાં નજીકમાં નજીકની પોલિસચોકી પર જઇને પકડાવાને સારૂ હાજર થવાનો એક જ એકસામટો હુકમ કહાડે તો તો વળી હું સંપૂર્ણ સ્વરાજ્ય મળ્યું સમજું. મારે હિસાબે તો

સરકારનો એવો કોઇ પણ હૂકમ હિંદુસ્થાનને માટે સંપૂર્ણ સ્વરાજ્ય છે. એ રીતે એકેએક અસહકારીની બલાથી મુક્ત થવામાં સરકારને પણ સુખ છે અને અસહકારીઓને સારૂ પણ એ ઘણા દિવસની ભૂખ ભાંગનારૂં ભાવતું ભોજન છે. અસહકારીઓનું સૂત્રવાકય જ 'સ્વરાજ્ય યા જેલ' એ છે.

૨. જેલ જવાનો હેતુ.

૧. જેલો ભોગવવાનો અર્થ શો છે તે સંબંધે સમજફેર ન રહે એમ હું ઇચ્છું છું. સરકારને પજવવાના હેતુથી તે વધાવી નથી લેવાની, જોકે તેમાં સરકારને પજવણી થાય છે ખરી. પણ આપણે તો તેને એટલામાટે વધાવી લઇએ છીએ કે જે સરકારને આપણે નખશિખ પાપી માનીએ તેના રાજ્યમાં છૂટા રહેવું આપણને ગેરમુનાસબ લાગે છે. આપણે આ સરકારના અંકુશમાં જરા યે રહીએ એવા નથી એ તેને બતાવી આપવા સારૂ આપણે આકાશ-પાતાળ એક કરવાં જોઇએ.

૨. વળી આપણો અનાદર ગમે તેટલો સાદર હોય છતાં બીજી કોઇ સરકારે પોતાનો આવો અનાદર તો આજસુધી સાંખ્યો નથી. એટલે એમ ખૂશીથી કહી શકાય કે અત્યારસુધી આપણે જેલ બહાર ફરીએ છીએ તેનું કારણ આપણે પોતે પણ છીએ. તેમજ સરકાર પણ છે. આપણો સંઘ જોઇ જોઇને આસ્તેકદમ કુચ કરે છે. હજી તો આ સરકારના કેટલા યે કાયદાનું આપણે સ્વેચ્છાપૂર્વક પાલન કરી રહ્યા છીએ. દાખલા તરીકે, મદ્રાસ સરકારના હુકમનો અનાદર કરીને પકડાતાં મને કોઈ રોકનાર નહોતું, પરંતુ મેં જ એ અવસર જતો કર્યો. મારૂં ડહાપણ કહો કે મારી નબળાઇ કહો, પરંતુ લશ્કરી 'બરાક' માં બિનપરવાનગીએ પ્રવેશ કરવાના અપરાધ માટે પકડાતાં મને રોકનારૂં બીજું કાંઇ કારણ નહોતું. લશ્કરી 'બરાક' ને હું સરકારની નહિ પણ પ્રજાની મિલ્કત માનું છું. મારે મન તો આ સરકાર લોકની પ્રતિનિધિ કે'દહાડાની યે મટી ગઇ છે. એટલે એક તરફથી કહેવું કે પાપી રાજ્યમાં

જેલની બહાર રહેવું એ દુઃખમય છે અને બીજી તરફથી પકડાવાનું નીતિયુક્ત છે એટલામાટે નહિ, પણ યુક્તિયુક્ત–તરતને માટે જરૂરનું જાણીને ઇરાદાપૂર્વક ટાળવું એ એમાં દેખીતો વિરોધ છે.

૩. પરંતુ જ્યાંસુધી પ્રજા પૂરેપૂરો સવિનય બળવો ઉઠાવવાને તૈયાર ન હોય, સ્વેચ્છાપૂર્વક હુકમ ઉઠાવતા થઇ જવાનું અને અહિંસાનું પાલન કરવાનું વાતાવરણ પૂરૂં જામ્યું ન હોય અને આપણામાં આત્મવિશ્વાસ આવે એટલું સામુદાયક બાંધકામ આપણે કર્યું ન હોય ત્યાંસુધી આપણે જેલ ટાળી શકીએ છીએ. તેટલા માટે શાન્તિમય બળવો કહી શકાય એવડા પાયા ઉપર કાયદાનો સવિનય ભંગ ઉપાડતા આપણે ખામોશ ખાઇએ–અને આપણો કાર્યક્રમ સ્વાભાવિક રીતે કરતે કરતે જેલ મળી જાય અથવા તો બળવો નહિ તો બળવાથી સહેજ જ ઉતરતા દરજ્જાની એવી આપણા કાર્ય અને વિચારની સ્વતંત્રતાનું રક્ષણ કરતાં જેલ મળી જાય તો તેને આપણે વધાવી જ લઇએ.

૪. એટલે આટલું તો સ્પષ્ટ છે કે આ રાજ્યમાં જેલની બહાર આપણે રહ્યા છીએ તે ખાસ કારણોને લીધે જ છે. આપણે જેલમાં જઇએ અથવા તો સરકારને આપણી મરજી પ્રમાણે નમાવીએ ત્યારે જ આપણે સ્વરાજ્ય મેળવ્યું કહેવાય. માટે આપણા કેદમાં પડવાથી સરકારને પજવણી થતી હોય કે ટાઢક વળતી હોય, પરંતુ આપણે માટે તો માનભર્યો અને સલામત માર્ગ જેલમાં જવાનો જ છે. આ વિચાર સ્વીકારી લઇએ તો પછી આપણી ફરજ બજાવતાં બજાવતાં જેલ મળી જાય તેમાં આપણે સુખ જ માનવું જોઇએ; કારણ આપણું બળ એટલું વધ્યું, આપણી ફરજ બરોબર બજાવ્યાની કિંમત આપણે ચુકવી આપી. આપણું સાચું બળ બતાવી દેવું એ જ જો ઉત્તમમાં ઉત્તમ ચળવળ ગણાય તો પછી આપણે શ્રદ્ધા રાખવી જોઇએ કે દરેક જેલનો પ્રસંગ લોકોનું બળ વધારે છે અને સ્વરાજ્યને નજીક અને નજીક આણે છે.

૫. જેલ એ હંમેશાંને સારૂ જૂલમી રાજ્યમાં સ્વતંત્રતાનો દરવાજો તો રહેશે જ. પણ જેલમાં જવાને સારૂ પણ કળા જોઇએ છે. ચોર–પાખંડી જેલ જાય તે કંઇ સ્વતંત્રતા મેળવતા નથી. તેઓ તો સજા ભોગવે છે. અશાંત ચિત્તે, ગુસ્સાભર્યે હૃદયે જેઓ જેલમાં જાય તે જેલમાં સુખે રહી પણ ન શકે. તેમને મન તો જેલ સેવાગૃહ નહિ જણાય; જોકે શાંત ચિત્તે જનાર તો અવશ્ય માને કે જેલમાં પણ તે પૂર્ણ અથવા વધારે સેવા કરે છે. જેલમાં તે સ્વસ્થ ચિત્તે વિચારો કેળવે, સંયમ વધારે, નિયમોનું વધારે પાલન કરે. તિલક મહારાજે પોતાનાં મોટામાં મોટાં બે પુસ્તકો જેલમાં લખ્યા. તેમણે જેલમાં એક ક્ષણ પણ નકામી ગાળી છે એમ ન કહી શકાય. તેમનો જેલનો વખત નકામો ગયો એમ ન કહેવાય. જે જેલીઓ જેલમાં પોતાનું કાર્ય કરી રહ્યા છે તે તો સેવા જ કરે છે.

૬. આસન જેલવાળા જેલ ભોગવતા નથી એ મારો અનુભવ છે. મજુરીવાળા જ જેલ ભોગવી શકે. આસન કેદવાળાને કંટાળો ઉપજવાનો સંભવ રહે છે. મજુરીવાળાના દહાડા આનંદથી વહી જાય છે. મન જેલને મહેલ બનાવી શકે છે અને જો સદાય બંદીખાનાનો વિચાર જ કર્યા કરે તો કષ્ટદાયક પણ બનાવી શકે છે. મીરાંબાઇને ઝેરનો પ્યાલો અમૃત સમાન લાગ્યો. સૉક્રેટીસે * પોતાના હાથમાં ઝેરનો પ્યાલો રાખીને આત્માના અમરપણા વિષે પ્રિય શિષ્યને દુનિયામાં હંમેશને સારૂ નભી રહેશે એવું વ્યાખ્યાન સંભળાવ્યું. તેણે મરીને પોતાનું અને પોતાના વચનનું અમરપણું સિદ્ધ કર્યું. પ્યાલો આપનાર દરોગા પ્રત્યે અથવા ઝેર પીવાની સજા કરનાર ન્યાયાધીશ પ્રત્યે તેના હૃદયમાં ક્યાં યે દ્વેષ કે રોષ નહોતો એ તેની મધુર ભાષા જ સિદ્ધ કરી આપે છે. આવા કેટલા યે દાખલા દુનિયાના ઇતિહાસમાં મળી આવે છે.

---

* વધુ માટે ગાંધીજીનો " એક સત્યવીરની કથા " નામનો લેખ વાંચો.

૭. દુઃખ ગુન્હો કરવામાં છે, જગત્ આપણને ગુન્હેગાર માને તેમાં નથી. પોતાનાં પાપને છૂપાવીને રહેનારા અનેક પાપીઓ ધર્મધુરંધર ગણાઇ પૃથ્વી ઉપર ભાર રૂપ થઇ ફર્યા કરે છે એ કંઇ જીતી જતા નથી. એમને આપણે જગતના ઠગ ગણીએ છીએ.

૮. અદાલતોમાં જેઓની ઉપર સજા થાય છે એ બધાને આપણે ગુન્હેગાર નથી ગણતા, પણ પ્રત્યેક અનુભવીને ખબર છે કે ઘણા નિર્દોષ માણસો અદાલતોમાં સજાને પાત્ર થાય છે અને દોષિત છૂટી જાય છે. એક વકીલ તરીકે પણ મેં આવા અનેક દાખલા જોયેલા છે. અદાલતમાં જવું એ ચોપાટની બાજી ખેલવા જેવું છે; કોઇનો દાવ સીધો પડે અને કોઇનો આડો. જેનો દાવ સીધો પડે તે જ કંઇ લાયક ગણાય એમ માનવાનું કારણ નથી. જેનો હંમેશાં ખોટો પડતો હોય તેણે ભરચક દાવ પાડવાનો ભારે પ્રયત્ન કર્યો હોય છતાં તે નિષ્ફળ જાય છે એવા દાખલાઓ દરેક ચોપાટ રમનારની આંખ આગળ તરી આવશે. દુર્યોધન જીત્યો અને પાંડવો હાર્યા, તે કાંઇ પાંડવોને જુગટું નહોતું આવડતું તેથી નહિ. બિચારા યુધિષ્ઠિરે મહેનત કરવામાં મણા ન રાખી. પણ પાંડવોને અમર થવું હતું, ધર્મની સાથે હંમેશાં દુઃખ રહેલું છે એ ફરીથી સિદ્ધ કરવું હતું, તેથી પાંડવો હાર્યા. પણ હારેલા પાંડવોને આજ જગત્ પૂજે છે.

૯. વળી કોઇ જેલ જાય ત્યારે હડતાળ પાળવી એ તો આપણી નબળાઇની નિશાની છે. જેલો તો આપણે ભરી દેવી છે. હજારો જેલ જાય ત્યારે જ છૂટકારો થવાનો સંભવ છે. જૂલમી રાજ્ય તળે સારા માણસને સારૂ જેલ એ જ ઘણેભાગે પવિત્ર સ્થળ છે. જેલ એ આપણી સ્વતંત્રતાનું સ્થાન છે. કેવળ નિર્દોષ માણસો જ્યારે જેલમાં ઘણી સંખ્યામાં જશે ત્યારે સ્વરાજ્ય નજીક જ સમજવું. આ રાજ્યની અંદર જેલને જો આપણે આપણું સ્વાભાવિક ઘર બનાવવા માગતા હોઇએ તો તેવે પ્રસંગે હડતાળનો કશો અર્થ જ નથી રહેતો. જ્યારે આપણે ખરેખર જેલનો ભય

છોડયો હશે ત્યારે સરકાર જેલમાં મોકલવાનું ભૂલી જશે. જ્યારે આપણે ઘોર અત્યાચારોને પણ હસતે મોંએ સહન કરીશું પણ પેટે નહિ ચાલીએ, 'યુનિયન જેક' ની પરાણે સલામી નહિ કરીએ, નાકો નહિ ઘસડીએ અને ડાયરશાહીની સામે ઉભા રહી ગોળીઓના ઘા પીઠે નહિ પણ છાતીમાં ઝીલીશું તે જ દહાડે સ્વરાજ્ય છે. કેમકે એમાં ખરી વીરતા છે, એ જ ક્ષત્રિયતા છે. ક્ષત્રિયતા કેળવવા સારૂ પુષ્ટ શરીરની જરૂર નથી, પણ મજબુત, નિડર દિલની જરૂર છે.

૧૦. ક્રૂરતા, કઠોરતા, એ ક્ષત્રિયતાનો ગુણ નથી પણ સહનશીલતા, ક્ષમા, દયા, ઉદારતા, 'અપલાયનમ્' (યુદ્ધમાંથી ન નાસવું) અને ગોળીના વરસાદ વરસતા હોય ત્યારે પણ અડગ રહી નિર્ભયપણે ઉભા રહેવાની શક્તિમાં ક્ષત્રિયતા છે. શુદ્ધ ક્ષત્રિય મારતો નથી પણ પ્રહાર પોતાની ઉપર ઝીલે છે. નાનકાનાનો મહંત ક્ષત્રિય ન ગણાય; તે ખૂની ગણાય, લછમનસિંહ અને દલીપસિંહ શુદ્ધ ક્ષત્રિય હતા. આ ક્ષત્રિયતા એક દુર્બળ અપંગ બાળકમાં યે હોઈ શકે. શાંતિમય અસહકાર એ ક્ષત્રિયતાનો ગુણ કેળવવાનું સાધન છે. ઇમામ હુસેન અને હસન ક્ષત્રિય હતા. તેઓની ઉપર જૂલમ કરનાર જાલિમ હતો. બાળ પ્રહ્લાદ ક્ષત્રિય હતા, હિરણ્યકશિપુ રાક્ષસ હતો. ક્ષત્રિયતા અન્ય વર્ણોમાં હોય જ નહિ એવો વર્ણાશ્રમનો અર્થ નથી. ચારે વર્ણમાં તે ગુણ હોવો જોઇએ, પણ ક્ષત્રિય જાતિમાં તે પ્રધાનપદ ભોગવે અને તે ગુણ કેળવવાનો તેનો ખાસ ધંધો રહ્યો. પણ જે ક્ષત્રિયકુળમાં જન્મી પોતાનું પશુબળ નિર્બળ ઉપર વાપરે તે ક્ષત્રિય નહિ પણ અ-ક્ષત્રિય, રાક્ષસ કહેવાય. હિંદમાંથી ક્ષત્રિયવટનો લગભગ લોપ થયો છે તેને ફરી કેળવવી એ શાંતિમય અસહકારનો હેતુ છે.

૩. જેલનું રહસ્ય.

૧. જેલ જવા સંબંધી એક અભિપ્રાય એવો છે કે માણસે જેલમાં શાસારૂ જવું અને ત્યાં પોતાના ઉપર મૂકાતા સઘળી જાતના અંકુશોને તાબે શાસારૂ થવું? કારણકે જેલમાં તેને દેહાંતદંડની શિક્ષાને પાત્ર કેદીના જેવાં જાડાં અને બેડોળ કપડાં પહેરવાં પડે છે અને નિઃસત્ત્વ અને અર્ધા ભૂખે મરાય એવા ખોરાક ઉપર રહેવું પડે છે, ત્યાં તેને જેલના અમલદારો કોઈ વાર લાતો મારે છે; અને તેને પસંદ હોય કે ન હોય તેવું દરેક પ્રકારનું કામ તેની પાસે કરાવવામાં આવે છે. ત્યાં તેને પોતાના ઘરના ચાકરથી યે ચડિયાતો ન હોય એવા એક ચોકીદારના હુકમો પાળવા પડે છે, ત્યાં તેને તેના સગાં અને મિત્રો સાથે મળવા દેવામાં આવતો નથી અને સગાં સંબંધીને કંઈ પણ લખવાની મના કરવામાં આવે છે; ત્યાં તેને જિંદગીની ખાલી જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવતી નથી અને કોઈ વખત, ખૂદ ચોર અને લૂંટારાઓ રહેતા હોય તે જ નાની ઓરડીમાં સૂવાની ફરજ પડે છે.

૨. ત્યારે સવાલ એ રહે છે કે આવી વિપત્તિઓ અને દુઃખ શામાટે ભોગવવાં? આવી સ્થિતિ કરતાં મરવું સારૂં. આ પ્રમાણે કેદમાં ગોંધાઇ રહ્યો કરતાં દંડ આપી છૂટવું એ બહુ સારૂં. ઇશ્વર માણસોને જેલનાં આવાં દુઃખોથી ઉગારે! આવા આવા વિચારો માણસને ખરેખરો બાયલો બનાવી દે છે. જેલની જિંદગીના સતત ભયમાં રહેવાથી,

તેના દેશના લાભ માટે કરવાની ઘણી કિમ્મતી સેવા કરતો તે અટકી જાય છે.

૩. બીજો અભિપ્રાય એવો છે કે, પોતાના દેશના તથા ધર્મના લાભ અને કીર્તિ ખાતર જેલમાં રહેવાનું થાય તો પોતાનું અહોભાગ્ય સમજવું, કારણકે માણસને દરરોજના વ્યવહારમાં ભોગવવો પડતો કલેશ ત્યાં નહિ જેવો જ હોય છે. ત્યાં તેને જેલના એક જ રક્ષકના હૂકમો ઉઠાવવા પડે છે ત્યારે દરરોજના દ્રવ્યવ્યવહારમાં તેને ઘણા જણના હૂકમો ઉઠાવવા પડે છે. જેલમાં તેને દરરોજ ખાવા માટે કમાવાની અને રસોઇ કરવાની કાળજી હોતી નથી. સરકાર એ બધી કાળજી રાખે છે. સરકાર તેના આરોગ્યની પણ સંભાળ લે છે, અને તે માટે તેને કંઈ આપવું પડતું નથી. તેને શારીરિક કસરત માટે પૂરતું કામ મળે છે. તે તેની સઘળી કુટેવોથી મુક્ત થાય છે.

૪. આ પ્રમાણે તેનો આત્મા સ્વતંત્ર રહે છે. ઇશ્વરની પ્રાર્થના કરવાને તેને પુષ્કળ વખત રહે છે. જોકે તેના શરીર ઉપર અંકુશ મૂકાયેલો હોય છે પણ તેનો આત્મા સ્વતંત્ર હોય છે, તે તેની ટેવોમાં વધારે નિયમિત થતાં શીખે છે, જેઓ તેના શરીરને દાબમાં રાખે છે, તેઓ તેના શરીરની સંભાળ રાખે છે. જેલના જીવન તરફ તે આ દૃષ્ટિથી જૂએ છે અને તેને લાગે છે કે પોતે તદ્દન છૂટો છે. જો તેના ઉપર કંઈ સંકટ આવી પડે છે અથવા જેલનો કોઈ દુષ્ટ રખેવાળ તેના ઉપર કંઇ બળાત્કાર કરે છે તો તે સહનશક્તિના ગુણને જાણવાનું અને તેનો અભ્યાસ પાડવાનું શીખે છે. આ રીતે જેઓ વિચાર કરે છે તેઓને જરૂર એમ ખાત્રી થયા વિના નહિ રહે કે જેલનું જીવન પણ આશીર્વાદ રૂપ થઇ શકે છે. જેલોના જીવનને આશીર્વાદ રૂપ કરવું કે દુ:ખ રૂપ કરવું એ વ્યક્તિ ઉપર અને તેના માનસિક વલણ ઉપર આધાર રાખે છે. તોપણ મને વિશ્વાસ છે કે ટ્રાન્સવાલની જેલમાં ગાળેલા જીવનનો મારો બીજો અનુભવ જેઓ વાંચશે તેઓને ખાત્રી થશે કે

પોતાના દેશ અને ધર્મના હિતની ખાતર જેલ જવામાં અને ત્યાં વેઠવાં પડતાં દુઃખ અને હાડમારીઓ વેઠવામાં જ અંતિમ સુખ રહેલું છે.

૫. અમેરિકાના પ્રખ્યાત શહેરી થોરોએ માથાવેરો આપવાની ના પાડવાથી જ્યારે તે આવી જ સ્થિતિમાં મૂકાયો હતો, ત્યારે તેણે સને ૧૮૪૯માં આ જ પ્રકારના વિચારો દર્શાવ્યા હતા. જે કોટડીમાં તેને પૂર્યો હતો તેની દિવાલો બે કે ત્રણ ફૂટ જાડા નક્કર પત્થરની બનાવેલી તથા દરવાજો એક ફૂટ જાડા લોખંડ અને લાકડાનો બનાવેલો હતો એવું જ્યારે તેણે જોયું ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું હતું:—

૬. 'મેં જોયું કે મારા નગરજનો અને મારી વચ્ચે પત્થરની દિવાલ હતી, પણ મારા જેટલા સ્વતંત્ર થતાં પહેલાં તેમને એક ઘણી જ વધારે અઘરી દિવાલ ઓળંગી જવાની હતી અગર તેને ભાંગીને જવાનું હતું. મને એક ક્ષણ પણ હું કેદમાં પડેલો હોઉં એવું નહોતું લાગ્યું, અને મારે મનથી તો દિવાલો એ પત્થર અને ચૂનાનો નકામો વ્યય જ હતો. મને લાગ્યું કે મારા શહેરના બધા ભાઇઓમાં મેં એકલાએ જ મારો કર ચૂકવ્યો હતો. મારી સાથે કેમ વર્તન કરવું તે ખરેખર તેઓ જાણતા ન હોતા અને અર્ધશિક્ષિત માણસોની માફક વર્તતા હતા. તેઓ મને ધમકી આપતા કે શાબાશી આપતા તે દરેકમાં ગંભીર ભૂલ થતી હતી. કારણકે તેઓ એમ ધારતા કે કેદમાંથી છૂટી જવાની મારી મુખ્ય ઇચ્છા હતી. જ્યારે હું ધ્યાનનિષ્ઠ હોઉં ત્યારે તેઓ એટલા પરિશ્રમપૂર્વક મારી કોટડીના દરવાજાને તાળું લગાડતા કે તે જોઇને મને હસવું આવ્યા સિવાય રહેતું નહિ, અને મારું ધ્યાન તો સ્વતંત્ર રીતે જરા પણ નડતર કે અડચણ વગર ચાલુ રહેતું અને તેમને માટે સૌથી ભયકારક કોઇ ચીજ હોય તો ફકત મારું ધ્યાન જ હતું. મેં જોયું કે જેમ છોકરાંઓ પોતે જેના ઉપર ઇર્ષા રાખે

છે તેવા કોઈ માણુસને કાંઇ ન કરી શકે તો તેના કુતરાને કનડે છે, તેમ રાજ્ય મને કાંઇ નથી કરી શકતું ત્યારે મારા શરીરને ઇજા આપે છે. મેં જોયું કે રાજ્ય બેવકુફ છે, અને પોતાની પાસે થોડી મૂડી હોવાથી કોઈ એકલી સ્ત્રી બીએ તેમ બીએ છે. જ્યારે મેં જોયું કે રાજ્ય પોતાના મિત્રો કોણ અને દુશ્મનો કોણ તેટલું પણ જાણી શકતું નથી ત્યારે તેને માટે મારામાં જે થોડું માન બાકી હતું તે પણ ગયું અને મેં તેની દયા ખાધી.'

૪. જેલની મહત્તા.

૧. સ્વતંત્રતાનાં સંવનન કાઉન્સિલોમાં કે અદાલતોમાં કે શાળા કૉલેજના વર્ગોમાં નહિ પણ કેદખાનાંની દિવાલોમાં અને કોઇ કોઇ વાર તો ફાંસીને લાકડે ચડીને જ કરવાનાં હોય છે. સ્વતંત્રતા એ આ દુનિયામાં સૌથી વધારેમાં વધારે ચંચળ સ્વછંદી સ્ત્રી છે. એ દુનિયાની સાથે મોટી મોહિની છે. એને પ્રસન્ન કરવી એ ભારે કપરૂં કામ છે. એ કેદની કોટડીમાં અને આંખે અંધારાં આવે એટલે ઉંચે પોતાનાં મંદિર બાંધે છે. અને આપણને જેલની દિવાલો ચડતા અગર તો હિમાલય જેટલી ઉંચાઇએ આવેલા એ મંદિરે પહોંચવાની આશાએ અગણિત કંકરકાંટાઓથી ભરેલા ખીણ-ટેકરાઓ વચ્ચે થઇને લોહીલુહાણ પગે રસ્તો કાપતા જોઇને ખડખડ હસે છે.

૨. જે કટોકટીની સ્થિતિ વચ્ચે થઇને અત્યારે આપણે પસાર થઇ રહ્યા છીએ તેને પહોંચી વળવાને ફુરસદે અમલ કરવાનો કોઇ કાર્યક્રમ ચાલી શકે એમ નથી. આપણે જેઓ જેલની બહાર છીએ તેઓ જેઓ એ જીવનદાયી દિવાલોની અંદર ગયેલા છે તેમના ટ્રસ્ટી બન્યા છીએ. અને આજે આપણા સિદ્ધાન્તોનો મક્કમપણે અમલ કરી એ દિવાલોની અંદર પહોંચી જઇને અને આપણો બોજો આપણી પાછળનાઓની ઉપર નાખતા જઇને જ આપણે એમના એ વિશ્વાસને શોભાવી શકીશું.

૩. અસહકારીને કયારે જેલ જવું પડશે તે કહી શકાય નહિ, માટે પહેલેથી જ આપણે જેલ જવાની તૈયારીનો અર્થ સમજી લઇએ. આપણે નિર્દોષ હોવા છતાં જેલ જવું એ ધન્ય દિવસ

માનીએ. આપણાં સગાવહાલાં પણ તેથી દુ:ખ ન માને, કલ્પાંત ન કરે, અને જેલમાં પડતી અગવડોને આપણે સગવડ માનવા તૈયાર હોઇએ.

૪. વળી જેલની તૈયારીનો અર્થ એ છે કે આપણાં ઘરબાર વેચાય તો યે આપણે બેફિકર રહીએ. એવા પણ 'ભડ' પુરુષોને મેં જોયા છે કે જેઓએ કહ્યું છે કે અમે જેલ તો જઇએ પણ અમારાં ઘરબાર ન વેચવા દઇએ. તે જાય તો અમે સહન ન કરી શકીએ ! આવી સ્થિતિ જેલ જવાની તૈયારી નથી સૂચવતી. અન્યાયી રાજ્યમાં મિલ્કતની માલેકી ઘણા માણસોને સારૂ અશક્ય હોય છે. થોડા માલેકી ભોગવી શકે છે; તેઓ ઘણે ભાગે અન્યાયીના સહયોગી હોય છે અથવા અણીને વખતે એટલે જ્યારે અન્યાયી પોતાનું ખરૂં સ્વરૂપ બતાવે છે ત્યારે સહયોગી બની જાય છે. એટલે જેલ જવાની તૈયારીમાં માલમિલ્કત જવા વિષેની બેફિકરાઇ આવી જ જાય છે.

૫. ખરૂં જોતાં 'જેલ' શબ્દને દુ:ખવાચક શબ્દ તરીકે આપણે વાપરીએ છીએ. ગમે તે પ્રકારનો દંડ સરકાર કરે તે સહન કરીને પણ સરકારને વશ થવાની ના પાડવાની તૈયારી એટલે જ જેલની તૈયારી. આમાં ફાંસીની તૈયારી પણ આવી ગઇ. છતાં સામાન્ય રીતે આપણે જેલમાં ફાંસીને ગણી નથી લેતા. ફાંસીએ જતાં પણ દેશની આબરૂ, ધર્મનું માન, જાળવવા કેટલા તૈયાર છે એ આપણે જાણવાનું રહ્યું છે.

૬. દિલ પરનો અંકુશ ગૂમાવીને જેલમાં જવું તે હરામ છે; આપણે પાક બનીએ, કુરબાની કરીએ અને તેમ કરતાં જાલિમ આપણને જેલમાં મોકલે તો દુનિયા તેના પર થૂંકે છે. પાક માણસને ફાંસીએ ચડાવે તે આખા જગતના તિરસ્કારને પાત્ર થાય છે. અમે ઇચ્છીએ કે અમે સરકારના હાથમાં જઇએ અને સરકાર અમને ફાંસીએ ચડાવી દે.

૭. કેદનો ભય છોડવાની બાબતમાં આપણે ઘણા આગળ વધ્યા છીએ એ જોકે સાચું છે તથાપિ કેદ થવાની બાબતમાં કંઇક નાખૂશી અને બની શકે તો તે ટાળવાની આતુરતા હજુ યે આપણામાં જોવામાં આવે છે. આપણે ચુસ્તપણે પ્રામાણિક અને અહિંસામય રહેવા છતાં પણ સરકારની જેલોમાં જઇ બેસવાને માટે અતિશય આતુર એવી આપણી સ્થિતિ હોવી જોઇએ. જે સરકારને આપણે સુધારવા અગર તો જમીનદોસ્ત કરવા મથી રહ્યા છીએ એ સરકારની હકૂમત હેઠળ એની કહેવાતી સ્વતંત્રતા ભોગવવી એ આપણે માટે માથાના ઘા જેવું થઇ પડવું જોઇએ. આપણને એમ જ લાગ્યાં કરવું જોઇએ કે આપણે છૂટા છીએ તે આ હકૂમતને કંઇ અને કંઈ જબ્બર અને અનીતિમય કિમ્મત આપીને જ તે છૂટાપણું ભોગવતા હોવા જોઇએ.

૮. આ સ્થિતિમાં જો આપણે કશા ગુન્હા વગર પકડાઇએ તો આપણે પેટ ભરીને ઉલ્લાસ પામવું જોઇએ, કારણકે આપણે માનીએ કે આપણા પકડાવાથી સ્વતંત્રતા એક ડગલું નજીક આવી. જે સેંકડો દેશભકતો દેશની ખાતર આજે ઉલ્લાસપૂર્વક જેલો ભોગવી રહ્યા છે તેમની કેદથી દેશની સ્વતંત્રતા નજીક નથી આવી એમ કોણ કહેશે?

૯. જેલમાં દુઃખો તો પડવાનાં જ. પણ ધીરજથી અને આપણી વિનયશીલ વર્તણુકથી અયોગ્ય દુઃખોનું નિવારણ થઈ જ રહેશે. પણ થાઓ કે ન થાઓ, જેલનાં દુઃખો ગમે તેવાં આકરાં હશે તોપણ તે આપણે સહન કર્યે જ છૂટકો છે. શરીરોને જ બંદીખાનામાં પૂરવાં પડશે. અને ત્યારે જ વિચાર સંપૂર્ણપણે સ્વતંત્ર બનવાનો છે. વળી જેને લોકોએ પોતાનો માન્યો નથી કે જેને પ્રજા ઓળખતી નથી તેના હાથના લખેલા કે છાપેલા બોલ તો નિરર્થક જ છે, પણ જે સત્યનિષ્ઠ અને તપસ્વી છે તેનો તો મૂક શબ્દ પણ અર્થપૂર્ણ છે.

૧૦. જેલના જીવનની અગવડો ભોગવવાની અસહકારીઓની તૈયારી હોવી જ જોઇએ અને એની સામે ફરિયાદ કરવાનો તેમને હક્ક નથી. તેઓ સ્વેચ્છાપૂર્વક અને સભ્યતાથી જેલના અમલદારોની અદબ ન રાખે તો તે અદબ જાળવવાની તેમને ફરજ પાડવામાં આવે એ સામે પણ વાંધો ન લઇ શકાય.

૧૧. જેમ સહકારી પ્રત્યે વિવેક વાપરવાની જરૂર છે તેમ જ આપણે જેલમાં જનારે પણ વિનય જાળવવો પડશે. એક તરફથી જેલના નિયમોનું પાલન અને બીજી તરફથી સ્વમાનનુ, એ બન્ને વસ્તુ સાથે જળવાવી મુશ્કેલ છે. જેલના કેટલાક ધારા કુદરતથી જ હીણપત લગાડનારા હોય છે. જેલમાં આપણે કોટડીમાં પૂરાયે જ છૂટકો. એમ જે ધારા બધા કેદીને લાગુ પડતા હોય તેને આપણે માન આપવું જ જોઇએ. અને તે સાથે જ જ્યાં આપણને હલકા પાડવા ખાતર જ કંઇ કરવામાં આવતું હોય ત્યાં દ્દઢતાપૂર્વક તેની સામે પણ થવું જોઇએ. પણ વ્યવસ્થા જ્યારે સ્પષ્ટ રૂપે અપમાનનું જ રૂપ લે, જ્યારે અગવડ એ નરી રીબામણ જ થઇ પડે અને માનઅદબને નામે પેટ ચલાવવાના જ હેતુ દીસી આવે ત્યારે એ સાવ નોખી વસ્તુ થઈ પડી. અને તેથી ચાહે બેડીઓ ઘાલવામાં આવે, ચાહે એકાંતવાસ આપવામાં આવે કે ચાહે તો બંદુકની ગોળીથી ઠાર કરવામાં આવે તો તે સર્વ સહન કરીને પણ અસહકારી કેદીઓએ વ્યવસ્થાને નામે પણ જેલર આગળ નાગા ઉભા રહેવાની, અગવડને નામે ગંધાતાં કપડાં પહેરવાની અગર તો અસ્વચ્છ કે પચાવી ન શકાય એવો ખોરાક લેવાની અથવા તો અદબને નામે જેલના અમલદારો પસાર થતા હોય ત્યારે હથેળીઓ ચત્તી કરવાની કે પગે પડવાની યા તો 'સરકાર એક હૈ' કે 'સરકાર સલામ' ના પોકાર કરવાની સાફ ના પાડવી જ રહી.

૧૨. જો સરકારે હવે આપણી અગ્નિપરીક્ષા જ આરંભી હોય, આપણને નમાવવા ખાતર આપણને તાવવાની જો આ સરકારની ધારણા હોય તો આપણે એ અપમાનને તાબે થવાનો

સભ્યતાપૂર્વક ઇન્કાર કરવો જોઇએ અને ઇરાદાપૂર્વક કરવામાં આવતાં એ અપમાનોની સામે અડગ રહેવાનું અને તેના બદલામાં શરીરને ચાહે તેવા રીબામણુ મળે તોપણુ તે બધાં સહેવાનું બળ આપવા માટે ઇશ્વર પર આધાર રાખવો જોઇએ.

૧૩. જૂલમ એકલા રાજદ્વારી કેદીઓ પર જ ગૂજારવામાં આવે છે એમ હું માની શકતો નથી. એથી ઉલટું હું તો એમ માનું છું કે ખરા ગુન્હેગારો તરફનું સત્તાવાળાઓનું વર્તન તો એથી પણ અનેકગણું બદતર હશે, કારણકે એ ગુન્હેગારો જેલમાં સહેજે રાંક બની જાય છે અને બિનજવાબદાર જેલરો અને વૉર્ડરોને તેમના પર જાલિમપણું ગૂજારવું મુશ્કેલ રહેતું નથી એટલે તેઓ ગુન્હેગારોની સાથે અધમમાં અધમ વર્તન ચલાવે છે. આપણે અજ્ઞાનમાં કે સ્વાર્થથી અંધ બનીને આટલા દિવસ એક એવા રાજ્યતંત્રને ટેકો આપ્યો છે કે જેના આશ્રય હેઠળ એક મૂઠ્ઠીભર માણસોએ લાખો મનુષ્યોને ગુલામ બનાવ્યા છે, અને તેથી એ તંત્રમાં કાયદા અને શાંતિના નામ હેઠળ પણ ખરેખર તો એ મૂઠ્ઠીભર માણસોના સ્વાર્થને સારૂ માનવજાતિની સામે જે અનેક કાળાં કૃત્યો કરવામાં આવ્યાં છે, જે કદિ પણ પ્રકાશમાં આવવા પામ્યાં નથી અને અસહકારીઓના બલિદાન વિના જે આપણે કોઇ કાળે જાણવા ન પામ્યા હોત, તેને સારૂ આપણે સર્જનહાર આગળ જવાબ દેવો પડશે.

૧૪. પણ જેલમાંનું વર્તન ગમે તેવું હોય, જેલની બહાર રહેલાઓનો માર્ગ તો સ્પષ્ટ છે. જેલમાં વર્તતા ત્રાસથી ચીડાઇ જઇ અવળું કે ઉતાવળું પગલું કદાપિ ન ભરીએ. એક વાર વિનયની કેળવણી આપણે પામીએ તો કયે પ્રસંગે કેમ વર્તવું એ આપણને એની મેળે માલમ પડી જશે.

૧૫. સરકાર પોતાના નાના કે મોટા હુકમોનો ભંગ કરે, અસહકારીઓને કેદ કરે, સામાન્ય ચોર ભામટાઓ સાથે વર્તવામાં

આવે તેવી જ તેમની સાથે પણ વર્તણુક રાખે, જેલમાં મળી શકનારા વિશેષ હક્કોથી તેમને દૂર રાખે—આ બધી સમજમાં આવી શકે એવી વાતો છે. એને હું દુષ્ટતા નહિ કહું. જે તમારી ઉપર છે અગર તો જે તરતને સારૂ પણ તમને પોતાની નીચે દબાવી બેઠો છે, તેનો રોષ માથે લેવાની જો તમે હિમ્મત કરો તો એના જે કોઇ હુકમો માનવાની તમે ના પાડો તેને સારૂ તેના હાથની સજા ભોગવવાની પણ આશા રાખીને જ તમે તે પગલું ભરો છો.

૧૬. [અમુક કાર્યનું શું પરિણામ આવશે તે જાણી, વિચારીને જ તેનો આરંભ કરવો યોગ્ય છે. આપણું અત્યારનું કામ ધાર્મિક હોવાથી તેમાંથી ખરાબ પરિણામ નિપજી શકતું નથી અને નિપજે તો સારાને માટે જ. તેમાં દ્વેષ અને રોષને જરા યે અવકાશ જ નથી. મારા માટે તો] મને કોઇની સામે વેરભાવ નથી એમ હું નમ્રભાવે માનું છું. હું પાળું છું તેટલે દરજ્જે અહિંસાધર્મ પાળવો પડે એ કેટલાંક મિત્રોને નથી રુચતું. પણ આપણો તો એ જ ઇરાદો હતો કે તદ્દન નિર્દોષ માણસો જેલ જાય. અને તદ્દન નિર્દોષ હોવાનો દાવો હું કરી શકું તો પછી સ્પષ્ટ છે કે બીજું કોઇ મારી પાછળ જેલમાં આવવાનો પ્રયત્ન ન કરે. આપણે સરકારના આ તંત્રનો નાશ કરવા તો જરૂર ઇચ્છીએ છીએ, પણ તે ધમકી વડે નહિ પણ આપણી નિર્દોષતાના અમોઘ સામર્થ્ય વડે. ગમે તે રીતે જેલો ભરી મૂકવી એ તો મારે મન ધમકી જ છે. અને સૌથી વિશેષ નિર્દોષ ગણાતો માણસ જેલમાં જાય એટલું બસ નથી એમ ન જણાય ત્યાંસુધી બીજા નિર્દોષ માણસોએ જેલ જવા શું કામ પ્રયત્ન કરવો જોઇએ ?

૧૭. વધારે માણસોએ જેલમાં ન જવું એમ કહું છું તેનો અર્થ એવો નથી કે હવે આપણે જેલથી નાસવું. જો સરકાર પોતે દરેક અહિંસાત્મક અસહકારીને પકડે તો તો તે હું વધાવી લઇશ. મારી મતલબ એટલી જ છે કે તીવ્ર કે શીત કોઇ પણ

પ્રકારનો સવિનય ભંગ કરી આપણે હાથે કરી જેલમાં ન જવું. તેમ જ જેઓ જેલમાં છે તેમને ખાતર દેશ રોષે ભરાશે નહિ એવી હું આશા રાખું છું. જેઓ જેલમાં છે તેઓ પૂરી મુદત કેદ ભોગવશે તેમાં તેમને પોતાને તેમ જ દેશને બન્નેને ફાયદો જ થવાનો છે. મુદત પૂરી થયા અગાઉ તો સ્વરાજ્યની ધારાસભાને હાથે તેઓ છૂટે તેમાં શોભા છે.

૧૮. [આ લડતમાં ફક્ત પુરુષો જ લડે તો આપણે અર્ધલડત લડીએ છીએ તેમાં સ્ત્રીઓ સામેલ થાય તો આખી લડતનો જલ્દી નિકાલ લાવી શકાય.] આપણા સ્ત્રીવર્ગને આપણે આમ અપમાન પામવા લડતમાં નથી મોકલતા એ સાચું, પણ જાહેર સેવા કરતાં સરકાર જો તેમને પકડતી હોય તો તેવી રીતે કેદ થવા અને જેલ જવા આપણે આપણી સ્ત્રીઓને અવશ્ય મોકલીએ છીએ.

૧૯. [અસહકારને સફળ બનાવવાનો જ નિશ્ચય કર્યો હોય તો નાનાં મોટાં સઘળાં દુઃખો સહન કરીને લડતને સતત આગળ ધપાવ્યે જ છૂટકો. અડગ ધૈર્ય, હિમ્મત, શાંતિ, ઉદ્યોગ, તથા આપભોગ અને વ્યવસ્થાની આમાં અનિવાર્ય જરૂર છે. કોઇના વિના આ કામ કંઈ અટકી ન પડે.] ભલે આપણા આગેવાનો પકડાઈ જાય, તોપણ આપણે અશાંત નથી થવું. જો આપણે આળસુ હોઇએ તો ઉદ્યોગી બનીએ, આપણને આગેવાનોની હાજરીમાં ગેલ કરવાનું મન થઈ જાય, તો તેઓની ગેરહાજરીમાં આપણે પોતે જવાબદાર થઈ આગેવાની કરતા થઈ જઇએ. આપણી લડતમાં સહુને આગેવાન થવાનો અધિકાર છે, કેમકે આગેવાન એ કે જે વધારે સેવા કરે. સેવાની આગેવાનીમાં દ્વેષ તો હોય જ શાનો ?

૨૦. તેથી આપણા કોઇ નેતા પકડાય તો આપણે રાજી થવાનું, નિરાશ ન થતાં ઉત્સાહી બનવાનું; અને એવી આશા રાખવી કે હવે આપણા જયનો સમય નજીક આવતો જાય છે. આપણી કસોટી

થયા વિના કશું મળવાનું જ નથી અને જો કસોટી વિના મળે તો તે રહેવાનું નથી. જેમ ભૂખ વિના ખાધેલું અન્ન પાછું વળે છે તેમ જ દુઃખ વિના મળેલું સુખ જીરવી શકાતું નથી. આપણા બંધન આપણા અંતર્બળથી એક પછી એક તૂટે તેમ આપણું જોર વધે છે. પણ બાંધેલાં માણસને કોઇ એકાએક છોડે તો તે બંધન છૂટતાં પણ અપંગ જેવો દીસે છે અને હોય છે, તેમ આપણું પણ થાય. એટલે આપણા આગેવાનોની જેલ આપણી સ્વતંત્રતાનું પ્રભાત સૂચવનારી છે.

૨૧. લડવૈયા કંઇ ઘવાયાથી ગભરાય નહિ. એ તો સમજે કે ઘવાવું એટલે આપણું બળ સિદ્ધ કરવું. અને બળ સિદ્ધ કરવું એટલે જીતવું. આપણી શ્રદ્ધા કાયમ રહેવી જોઇએ કે જે જેલની બહાર રહી સેવા કરે છે તે નિર્દોષ હોવા છતાં પણ જેલમાં જાય છે ત્યારે, વધારે સેવા કરે છે. [સ્વતંત્રતા દેવી આપણી પાસે અમુક હદ સુધીની યોગ્ય આત્મશુદ્ધી માગી રહી છે. તે હદે હજુ આપણે નથી પહોંચ્યા. પહોંચતાની વાર જ ઇચ્છેલું મળી રહેશે. અથવા જેટલે જઇશું તેટલું તો ફળશે જ.]

૨૨. [સમસ્ત હિંદી પ્રજાની આત્મશુદ્ધિમાં જેલનું તીર્થસ્થળ માર્ગમાં જ આવે છે. ત્યાં થઇને જ સ્વતંત્રતા દેવીને મળી શકાય છે. જેલના ડર્યા આપણે પાછા પડીશું તો જરૂર હારવાના. પણ આપણે ઘડીભર માની લઇએ કે પ્રજા તરફથી જેલ જવાની બાબતમાં આપણને સારો જવાબ ન મળે, તોપણ આપણે માનીએ કે જેઓ જેલ જવા રાજી નથી તેઓ પણ પોતાને ઘટતો કામ કરવાનો રસ્તો ખોળી જ લેશે. પછી એ રસ્તે તો તેઓ તનમનથી લાગશે. બાકી દેશના જે હિસ્સાને કુરબાનીને માર્ગે અસહકારનો ઇલાજ પસંદ છે તે તો પોતાથી બનતું બધું કરી છૂટયો હશે. હું તો કહું છું કે આપણે પચાસ વેળા જેલ જઈ આવીએ અને છતાં આપણી સંખ્યામાં એકનો પણ વધારો ન થાય તોપણ હું તો એમ જ કહેવાનો કે 'આપણે તો એનો એ રસ્તો કાપ્યે અને અંતે

આપણા માર્ગને વિષે આખા હિંદુસ્થાનની ખાત્રી કરી આપે જ છૂટકો છે' એ જ ધર્મમાર્ગ છે બીજો નહિ. આપણે તો જેઓ સ્વતંત્રતાને ચાહનારા છે અને તેને સારૂ આપભોગ આપતા થવા તૈયાર છે તેવાઓને જ સારૂ સ્વરાજ્ય મેળવવા માગીએ છીએ. એવા માણસોની મારફત જ આપણે ખિલાફતને ટેકો આપવા માગીએ છીએ, કારણ તેઓ જ સાચા હિંદુ, સાચા મુસલમાન અને સાચા શીખો છે.

૫. જેલનાં દુઃખમાં સુખ.

૧. સત્યાગ્રહની લડત ઘણી રીતે લડી શકાય છે, પણ રાજ્યપ્રકરણી દુઃખોને ટાળવાનો મોટો ઉપાય જેલ વાટે જોવામાં આવે છે. આપણે વખતોવખત જેલ જવું પડશે એમ હું માનું છું. અને તે કંઇ હાલની ચાલતી લડતને જ વાસ્તે નહિ, પણ બીજી જે ઈજાઓ પડશે તેને સારૂ પણ તે જ ઈલાજ છે. તેથી જેલને વિષે જેટલું જાણવા જેવું હોય તે જાણી લેવું એ હિંદીની ફરજ છે.

૨. જેલની મારફતે હિન્દી કોમને હજી ઘણા હક્કો મેળવવાના રહેશે એમ પણ માન્યતા છે તેથી જેલનાં સુખદુઃખ સહુ સમજે તે જરૂરનું છે. ઘણી વેળા જ્યાં ખરૂં જોતાં કંઇ પણ દુઃખ હોતું નથી ત્યાં આપણે મનથી દુઃખ ધારી લઇએ છીએ. એટલે દરેક વસ્તુને વિષે ખરી હકીકત જાણવી તેથી લાભ જ છે એમ ચોકખું દેખાઇ આવે છે.

૩. જો આપણે સત્યને વળગી રહીએ અને જ્યાં અન્યાય થાય ત્યાં ઉકળી રહીએ તો ઇજા ઉપાડવી પડે જ નહિ. આમ સ્વાર્થ છોડી પરમાર્થ ઉપર નજર રહે તો દર્દના ઇલાજો તરત મળી રહે છે.

૪. પણ જેમ ઈજાના ઇલાજ કરવાની જરૂર છે, તેમ બીજો વિચાર કરવાની યે જરૂર છે, કેદી હોઇને કેટલાંક સંકટ સહન કરવા ઘટે છે. જો કંઇ ઇજા ન હોય, તો કેદી શાના? જેઓ પોતાના મનને મારી શકે છે તેઓ ઇજામાં સુખ માની જેલમાં લહેર કરી શકે છે. છતાં ઇજા છે તે વાત તેઓ ભૂલતા નથી. તેઓએ બીજાને ખાતર ભૂલવું પણ ન જોઇએ. વળી આપણે

આપણા બધા રિવાજો એવી હઠથી પકડી રાખીએ છીએ કે તેમાં કંઇ ફેરફાર થવાની જરૂર છે.

૫. આપણી કેટલીક આદતો દેશના ભલાને સારૂ આપણે છોડ્યા વિના છૂટકો જ નથી. જે જે પ્રજાઓ આગળ વધી છે તે તે પ્રજાએ જેમાં મુદ્દાની વાત નથી તેમાં જતું કર્યું છે. મુક્તિફોજવાળા તો જે દેશમાં જાય તે દેશના ખરાબ ન હોય તેવા રિવાજો, તથા પોષાક વિગેરે પણ ધારણ કરી લોકોનાં મન હરી લે છે.

૬. સાધારણ રીતે જેઓને પોચી પથારીમાં સૂવાની ટેવ હોય છે, તેને કઠણ પથારી મુશ્કેલ લાગે, વૈદ્યકશાસ્ત્રના નિયમ પ્રમાણે કઠણ પથારી વધારે સારી ગણાય છે. એટલે જો આપણે ઘેર પણ કઠણ પથારી વાપરવાનો રિવાજ રાખ્યો હોય તો જેલની પથારીનું દુઃખ જણાય નહિ.

૭. કોઇ પણ કેદીને બીડી પીવાની સખ્ત મનાઇ હોય છે. આ નિયમ ઘણી સાવચેતીથી જળવાવવામાં આવે છે. પણ હું જાણું છું કે બીડીનો બંધાણી કેદી તે નિયમનો ભંગ છૂપી રીતે કરે છે, દુઃખની વાત એ છે કે આપણે એવા સ્વાદીઆ થઇ પડ્યા છીએ અને આપણી ટેવો એવી પંપાળેલી છે કે આપણને મહાવરા મુજબ ખોરાક ન મળે તો આપણો મિજાજ જતો રહે છે. જાણે ખોરાક એ જ જીવન હોયને, અથવા તો ખાવાને જ સારૂ આપણે જીવતા હોઇએ નહિ, તેમ કકળાટ ઘણી વેળા થાય છે. આ પ્રમાણે કરવું સત્યાગ્રહીને ન ઘટે. ખોરાકમાં ફેરફાર કરાવવાની તજવીજ કરવી એ આપણું કામ છે. પણ ફેરફાર ન થાય તો તો જે મળતો હોય તેથી સંતોષ માની સરકારને બતાવી આપવું કે આપણે તેથી હારવાના નથી; એ પણ આપણી ફરજ છે. કેટલાક હિંદી માત્ર ખોરાકની અગવડને લીધે જેલનો ડર રાખે છે. તેમણે વિચારપૂર્વક ખોરાકને વિષે જે લાલસા બંધાઈ હોય તે છોડવી ઘટે છે.

૮. ખોરાકની અગવડ એ કેદની મોટી નિશાની છે; વાતચિતમાં પણ જેલના સત્તાવાળા કહેશે કે કેદમાં સ્વાદ તો હોય જ નહિ. સ્વાદની વસ્તુ કેદમાં નહિ આપીએ. જ્યારે જેલના દાકતરની સાથે મારે વાત થઇ ત્યારે તેને મેં કહ્યું કે રોટીની સાથે ચ્હા અથવા ઘી કે બીજી કંઇ વસ્તુની જરૂર છે. ત્યારે તેણે કહ્યું કે "એ તો તમે સ્વાદ કરવા માગો છો. જેલમાં તે ન હોય."

૯. સત્યાગ્રહનો રસ્તો સહેલો તેમ અઘરો પણ છે, આપણી દાનત ખરી હોવી જોઇએ. આપણને કંઈ સરકારની જોડે વેર નથી. તેને આપણે વેરી સમજતા નથી. સરકારની સામે લડીએ છીએ તે તેની ભૂલ સુધારવા અને ખોડ ભૂલાવવા. આપણે તેના સામે થવામાં તેનું ભલું માનીએ છીએ. આ વિચાર પ્રમાણે આપણે તો જેલમાં તાકાત મુજબ કામ કરવું જોઇએ. કદાચ આપણે એમ માનીએ કે આપણે નીતિને રસ્તે કામ કરવાની જરૂર નથી, તો આપણે દરોગો હોય ત્યારે પૂરૂ કામ કરીએ છીએ તેમ નહિ થવું જોઇએ. કામ કરવું એ વ્યાજબી ન હોય તો આપણે દરોગાની પરવા નહિ કરતાં સામે થવું જોઇએ, અને તેને પરિણામે વધારે જેલ મળે તો ભોગવવી જોઇએ. પણ આવું કોઈ હિંદી માનતો નથી. જે કામ નથી કરતા તે માત્ર આળસથી અને કામની ચોરીને લીધે. આવું આળસ તથા આવી ચોરી આપણને ન શોભે. સત્યાગ્રહી તરીકે આપણે જે કામ આવડે તેવું કરવું જોઇએ; અને દરોગાની બીક રાખ્યા વિના કામ કરીએ તો આપણને તકલીફ પડે નહિ. ગજા ઉપરાંત તો કામ કરવાનું રહેજ નહિ. કામ કરવાની ચોરીને લીધે જેલમાં લોકોને કેટલુંક દુઃખ ભોગવવું પડે છે

૧૦ દરેક કોટડીમાં પેસાબ વિગેરેની બકેટ હોય છે. તે કોટડીના માણસોને ઉપાડી જવાની ફરજ છે. મેં જોયું કે આવું કામ કરતાં આપણા માણસો અચકાય છે. ખરૂં જોતાં તેમાં અચકાવાનું કંઇ કારણ નથી. કામ કરવામાં નામોશી કે એબ માનવી એ ભૂલ ગણાય. વળી જેલમાં જનારને એવી ઇમારત

પેષાય નહિ. કોટડીમાંથી પેસાબની બકેટ કોણ લઇ જશે એવો સવાલ ઉઠવાને બદલે જો આપણે સત્યાગ્રહની લડત પૂરી સમજતા હોઇએ તો તેવું કામ કરવામાં હરિફાઇ થવી જોઇએ. અને જેને ભાગે તે કામ કરવાનું આવે તેણે માન સમજવું જોઇએ. એટલે કે સરકાર તેવું કામ સોંપે તેમાં માન નહિ, પણ આપણે તે કામ કરવાનું જ છે, તો પછી જે પહેલો તૈયાર થાય તે વિશેષ માનને લાયક છે. આપણે દુઃખ ઉઠાવવા તૈયાર થયા છીએ તો પછી એકબીજાના કરતા વધારે દુઃખ ઉઠાવવા તૈયાર થવું; અને જેના ઉપર વધારે પડે તેણે માન માનવું જોઇએ.

૧૧. [આપણા ગુપ્ત અવયવો દેખાડવામાં આપણે શરમાઇએ એ સ્વાભાવિક છે.] છતાં મર્દોએ મર્દોમાં જ અવયવો સંતાડવાની જરૂર નથી. વળી બીજો માણસ આપણા ખાનગી અવયવો તાકીને જોશે એમ માનવાનું કારણ નથી, ખોટી શરમ રાખવાને આપણને કારણ નથી. આપણે પોતે નિર્દોષ મનના હોઇએ તો કુદરતે આપેલી વસ્તુ ખાસ છૂપાવવાની જરૂર શી? હું જાણું છું કે આ વિચારો હિંદી માત્રને વિચિત્ર લાગે તેવા છે, છતાં મને લાગે છે કે તે બાબત ઉંડા ઉતરીને ખરૂં શું છે તે જોવા જેવું છે. એવી જાતની હરકતો લાવવાથી આપણને અંતે લડતમાં નુકસાન થાય છે. અગાઉ હિંદી કેદીને (દક્ષિણ આફ્રિકામાં) દાક્તર બિલકુલ ન તપાસતો. પણ એક બે ત્રણ હિંદીને સવાલ પૂછ્યા. તેના જવાબમાં તેઓએ કહ્યું કે તેમને કંઈ રોગ નહોતો. દાક્તરને વહેમ ગયો તે ઉપરથી તેણે ઉપર પ્રમાણે જવાબ મળવા છતાં પણ તે કેદીને તપાસ્યા અને તેઓ જૂઠા નિકળ્યા, ત્યારથી દાક્તરે હિંદી કેદીને પણ બરોબર તપાસવાનો ઠરાવ કર્યો. એટલે આપણે જોઇ શકીએ છીએ કે જ્યારે આપણને કંઇ અડચણ આવી પડે છે, ત્યારે તેનું કારણ ઘણે ભાગે આપણે પોતે હોઇએ છીએ.

૧૨. એમ જોવામાં આવ્યું છે કે બહારની ઇજાઓ કરતાં અંદરની ઇજાઓ વધારે ભારે પડતી જણાઇ છે. હિંદુ અને મુસલમાન તથા ઉંચ અને નીચ જાત એવો આભાસ કોઇ કોઈ વેળા જેલમાં જોવામાં આવે છે. જેલમાં બધા વર્ગના અને બધા વર્ણના હિંદી સાથે રહે છે. આ ઉપરથી જોઈ શકાયું છે કે આપણે સ્વરાજ્ય ન ચલાવીએ એવું કાંઈ નથી, કેમકે છેવટે જે અડચણો આવે તે દૂર થઈ શકે છે. કેટલાક હિંદુ એમ કહે છે કે અમે મુસલમાનોનું રાંધેલું નહિ ખાઇએ. અમુક માણસના હાથનું રાંધેલું નહિ ખાઇએ એમ કહેનાર માણસે હિંદુસ્થાનની બહાર પગ જ ન મૂકવો જોઇએ. મેં એમ પણ જોયું કે કાફરાઓ કે ગોરાઓ આપણા અનાજને અડકે તેમાં અડચણ નથી. પેલો તો ઢેડો છે, તેની પાસે હું નથી સૂવાનો એવો સવાલ કોઇ વખત નિકળે તો આપણને શરમાવવા જેવું થાય.

૧૩. કોઇ વખત આવી અડચણ લેવાનું કારણ માણસોને પોતાને બાધ હોય એમ નહિ, પણ તેનાં સગાંને ખબર પડે તો તેઓ હરકત કરે એ હોય છે. હું તો માનું છું કે આમ નીચ ઉંચના ડોળથી અને પછી નાતના જૂલમના ડરથી આપણે અસત્ય આદરી બેઠા છીએ. જો આપણે જાણીએ કે ઢેડાનો તિરસ્કાર કરવો એ અઠીક છે, તો પછી નાતથી કે બીજાથી ખોટી રીતે ડરી, ખરૂં છોડી આપણે સત્યાગ્રહી કેમ કહેવાઇએ ? આ લડતમાં ભાગ લેનારા હિંદી નાતની સામે, કુટુંબની સામે અને જ્યાં અધર્મ જૂએ ત્યાં તેની સામે સત્યાગ્રહી થઇ બેસે એમ હું ઇચ્છું છું. તેમ નથી કરતા તેથી જ લડતમાં ઢીલ થાય છે, એવો મારો તો નિશ્ચય છે. આપણે બધા હિંદી છીએ, તો પછી ખોટા ભેદ રાખી વઢી મરીશું અને હક્ક માગીશું તો કેમ મળે ? એવી ધાસ્તીથી આપણે જે ખરૂં છે તે નહિ કરીએ તો પછી આપણી લડતોમાં કેમ જીતીશું ? ડરીને અમુક કામ તજવું એ, તો કાયરનું કામ ગણાય. અને કાયર હિંદી સરકારની સામે જે મહાયુદ્ધ ચાલી રહ્યું છે, તેમાં ડરવાથી આપણે છેવટ સુધી ઝૂઝવાના નથી.

૧૪. ઉપરની હકીકતો ઉપરથી આપણે જોયું કે વ્યસની, નાત-જાતના ખોટા ભેદ રાખનાર, તકરારી, હિંદુ-મુસલમાન વચ્ચે તફાવત રાખનાર, અને રોગી, આવા માણસ જેલમાં જઇ અથવા લાંબી મુદત રહી ન શકે. તેથી આપણે જોઇ શકીએ છીએ કે દેશહિતને ખાતર માન સમજી જેલમાં જનારા શરીરમાં, મનમાં તથા આત્મામાં તંદુરસ્ત હોવા જોઈએ. રોગી માણસ છેવટે થાકે. હિંદુ-મુસલમાન, હું ઉંચ બીજો નીચ, એમ જાણનાર, વ્યસનને વશ, ચ્હા, બીડી કે બીજી વસ્તુની પાછળ ઘેલો થનાર છેવટ સુધી ન લડે.

૧૫ માણુસની ઇચ્છા હોય તો તે જંગલમાં મંગલ કરી શકે છે. એક પછી એક એમ કામ શોધીને કર્યા કરે તો કોઈ કેદીને જેલનો વખત ભારે નહિ લાગે; પણ તે પોતાના જ્ઞાનમાં અને શક્તિમાં વધારો કરીને બહાર નિકળી શકે; એવા દાખલા જોવામાં આવ્યા છે કે કેદમાં સારી નિયતવાળા માણસોએ બહુ ભારે કામો પણ કર્યાં છે. ' જોન બનિયને ' કેદમાં અતિ દુઃખો વેઠીને દુનિયામાં અમર થયેલું "પિલગ્રીમ્સ પ્રોગ્રેસ" નામનું પુસ્તક લખ્યું, તે પુસ્તકને અંગ્રેજો બાઇબલથી બીજે દરજ્જે ગણે છે. લોકમાન્ય તિલકે મુંબઇની જેલમાં નવ માસમાં પોતાનું "ઑરાયન" નામનું પુસ્તક લખ્યું; એટલે જેલમાં કે બીજી જગ્યાએ સુખ પામીએ કે દુઃખ, સારા થઇએ કે નઠારા, તેનો આધાર ઘણે ભાગે આપણા પોતાના મન ઉપર રહે છે.

૧૬. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંત સહેલાઇથી વેઠી શકે છે.

૧૭. જેલમાં વાંચવામાં આખો દિવસ નહિ ગાળી શકાય અને તેમ બને તોપણ નુકસાનકારક નિવડે એ જાણવું જરૂરનું છે.

૧૮. ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવત પ્રમાણે ઝીણી બાબતો વડે જ આપણું માન વધે અથવા જાય. જેનું માન નથી તેનો ધર્મ નથી. પ્રજાઓ મોટી થઇ છે તે ધીમે ધીમે પોતાનું

માન જાળવીને થઇ છે. માન એટલે ઉછાંછળાપણું નહિ, પણ ડરથી કે આળસથી જે આપણને ઘટે છે તે જવા નહિ દેવું એવી મનની સ્થિતિ, અને તે પ્રમાણેનું આચરણ એ ખરૂં માન છે. આવું માન તેજ માણસ જોઇ શકે છે, કે જેનો ખરો વિશ્વાસ-આધાર ખુદા-ઇશ્વર ઉપર છે. મારો ચોક્કસ અભિપ્રાય છે કે હરકોઇ કાર્યમાં ખરૂં જાણવુ અને ખરૂં કરવું એવો ગુણ જે માણસને ખરી શ્રદ્ધા નથી તેને હોઇ શકતો નથી.

૧૯. હું જે ઉપર લખી ગયો છું તેમાંથી બે જાતના ખ્યાલ આપણે કરી શકીએ છીએ. એક તો એ કે જેલમાં જઇ બંધન ભોગવવું, જાડો ખરસટ અને ખરાબ પોષાક પહેરવો, જેવું તેવું ખાવું, ભૂખે મરવું, દરોગાની પાટુઓ ખાવી, કાફરાઓમાં વસવું પસંદ પડે કે ન પડે તેવું કામ કરવું, આપણા ચાકર થવાને લાયક હોય એવા દરોગાની હંમેશાં તાબેદારી ઉઠાવવી, કોઇ ભાઇબંધ દોસ્તને મળાય નહિ, કોઇને કાગળ ન લખાય, જરૂરજોઇતી વસ્તુઓ ન મળે, લૂંટારા ચોર વિગેરેની સાથે સૂવું. આવું દુઃખ કોને સારૂ ઉઠાવવુ? તેના કરતાં તો મરવું ભલું. દંડ આપી છૂટીએ પણ જેલમાં ન જઇએ. જેલ તો કોઇને ન હજો. આમ વિચાર કરી માણસ તદ્દન નબળો બને અને જેલથી ડરે તથા ત્યાં જઈ જે સારૂં કરવાનું છે તે કરતાં અટકે.

૨૦. બીજો ખ્યાલ એમ થાય કે જેલમાં હું દેશહિતને ખાતર, આબરૂ જાળવવા, ધર્મને સારૂ જાઉં, એ તો મારા સારા નસીબની નિશાની ગણાય. વળી જેલમાં મને દુઃખ તો છે નહિ. બહાર મારે ઘણાની તાબેદારી ઉઠાવવી પડે છે, તેને બદલે જેલમાં માત્ર દરોગાની જ ઉઠાવવી રહી. જેલમાં મારે ચિંતા જ ન મળે, મારે ન મળે કમાવાનું, ન ચિંતા રહી ખાવાની, તે તો નિયમસર બીજા માણસો પકાવે છે. આ બધાનું મારે કંઈ જ આપવું પડતું નથી. અને કસરત ખૂબ થાય એટલું કામ મળે છે, મારા વ્યસન બધા સહેજે જતા રહે છે. મારૂં શરીર કબજે થયું છે પણ મારો

આત્મા વધારે છૂટો છે. હું નિયમસર ઉઠી બેસી શકું છું. મારા શરીરનું જતન જેઓ તેને કબજે રાખે છે તેઓ જ કરે છે. આમ દરેક રીતે જોતાં હું છૂટો છું; કદાચ મારી ઉપર મુસીબત આવે છે, મને કોઈ પાપી દરોગો મારી લે છે, તોપણ હું ધીરજ રાખતાં શીખું છું. અને તેવું કામ કરતાં અટકાવવાને હવે મને તક મળે છે. એમ સમજી ખૂશી થાઉં છું. આવા વિચારથી જેલને પવિત્ર અને સુખદાયક માનવી અને કરવી એ આપણા હાથમાં છે. ટૂંકામાં સુખ અને દુઃખ એ મનની સ્થિતિ છે.

૨૧. દેશને ખાતર અથવા ધર્મને ખાતર જેલ જવું, તેમાં ધજા ઉડાવવી, અથવા બીજી રીતે સંકટ સહન કરવાં એમાં જ સુખ માનવાનું છે.

૬. અસહકારીનું જેલજીવન.

૧. જેનું મન મલિન નથી તેની વિચારશક્તિ કદાપિ ઘટતી નથી. મારો પોતાનો તો એ અનુભવ છે કે જ્યારે હું જેલમાં હતો અને વાંચવાને મને કંઇ પુસ્તક નહોતું મળતું ત્યારે હું વધારે વિચાર કરી શકતો. આપણાં મગજ વાંચી વાંચીને સડી ગયેલાં છે.

૨. [કેવળ વાંચીએ પણ વિચારીએ નહિ તો બીજાના વિચારો અવળી રીતે સમજાય અને તેનો ગેરઉપયોગ પણ થાય એ બનવાજોગ છે. જેનામાં પોતાનું કર્તવ્ય સમજવાની શક્તિ છે તે મૂંઝાતો નથી; કારણકે તે પોતાનો માર્ગ સરળ જોઇ શકે છે] મારો અનુભવ છે અને મારો વિશ્વાસ છે કે જ્યારે માણસ પોતાનું કર્તવ્યપાલન કરે છે ત્યારે તેનામાં દુઃખ સહન કરવાની શક્તિ તરત આવી જ જાય છે. [દરેક કાળનો ખાસ ધર્મ હોય છે પણ તે ખરી સમજ વગર પરખાતો નથી] આ કાળમાં જેલ જવું મુશ્કેલ છે. જેલ ન જવું એ તો સહેલું છે. માણસ કાંતે નહિ, ખાદી પહેરે નહિ, સાચું કરે નહિ, વિનય વાપરે નહિ, બધાની સાથે દ્વેષ કરે, ઢેડભંગીને અડકે નહિ, એટલે તેને જેલ જવાનું કહે જ કોણ? ઢેડભંગીની અસ્પૃશ્યતાને સંઘરી રાખે એ તાલુકાને કોઇ જેલ જવાનું આમંત્રણ આપનાર જ નથી;

૩. જેલજીવનનો—ખાસ કરીને સવિનયભંગીના જેલજીવનનો મારો આદર્શ તો એવો છે કે બાહ્ય જગતના સંબંધથી તે સર્વથા રહિત હોય, કોઇની મુલાકાત લેવા દે એ એક જાતની મહેરબાની જ છે, અને સવિનયભંગી કોઈ જાતની મહેરબાની માગે પણ નહિ અને સ્વીકારે પણ નહિ. જેલોમાંના સંયમનું ધાર્મિક મૂલ્ય જેલીના

મહેરબાનીઓના ત્યાગથી વધે છે. બલિદાન કરવાનું જ છે તો તે પવિત્રમાં પવિત્ર વસ્તુનું કરવા ઇચ્છું છું.

૪. [સવિનય ભંગ આદર્યા પછી અસહકારી] કેદીઓ સરકારની મહેરબાનીથી નથી છૂટવા માગતા. સરકારના છોડ્યા તેઓ છૂટે તો તેઓ ખિન્ન થાય અને આપણે શરમાવું પડે.

૫. મહાસભા તેમ જ ખિલાફતના કાર્યકર્તાઓની ફરજ તો સ્પષ્ટ જ છે. આપણે સરકાર પાસે કશી જ રાહત માગતા નથી; તેમ તે કશી રાહત આપે એવી અપેક્ષા પણ રાખતા નથી. સુલેહનો ભંગ ન કરીએ ત્યાંસુધી આપણને જેલમાં ન મોકલવાનું આશ્વાસન પણ કંઈ આપણે સરકાર પાસે માગવા ન જવું આજે સરકાર આપણને રાજદ્રોહને માટે જેલમાં મોકલે તો આપણે ફરિયાદ ન જ કરીએ.

૬. જેલ ગયેલાઓને આપણે જેલ જઇને જ છોડવી શકીએ એવો અનિવાર્ય નિયમ નથી. આપણા સત્યબળથી, આપણા પ્રતિજ્ઞાપાલનથી તેઓને આપણે છોડવી શકીએ છીએ. આપણું બળ આપણે જેલ જઇને બતાવી શકીએ છીએ તેમ જ આપણે રચનાત્મક કાર્ય કરીને બતાવી શકીએ છીએ બળ આપણા અમુક કાર્યમાં નથી પણ આપણી વૃત્તિમાં છે. શરમનો માર્યો જેલ જનારો બળવાન્ નથી પણ ન જવાનું હોય ત્યારે ડરકણ ગણાતા છતાં ન જાય તે બળવાન્ હોઈ શકે. બળ સત્કાર્યમાં રહેલું છે.

૭. જ્યારે શત્રુ આપણને કાયર ગણે પણ આપણે ખરેખર કાયર ન હોઇએ ત્યારે આપણી જીતનો સમય નજીક આવે છે. કેમકે આપણી કાયરતા એ તો આપણું બળ છે. અને શત્રુની ખોટી માન્યતા તેને ભૂલાવામાં નાખે છે. જે કેવળ ઇશ્વરની સહાય માગે તેને અપકીર્તિ હોય જ શાને? આપણે જરા યે નામોશીનું કામ કરીએ ત્યારે અપકીર્તિ હોય. આપણે જેલના ડરથી જેલનો ત્યાગ નથી કરવો. પણ જેલ જવામાં અણસમજ હોય, મગરૂરી હોય, અશાંતિ હોય એ ભયથી તેનો ત્યાગ કરીએ. શત્રુને

રીઝવવા નહિ, પણ આપણા આત્માને રીઝવવા આપણે જેલ જતા અટકીએ. જેલ જતા અટકીને કાં આપણે ફાંસીનો ઘાટ ન ઘડીએ ?

૮. આપણી લડત જ એવી છે કે જેમાં આપણે જેલને તો આપણી સાથે જ રાખીએ છીએ. એટલે જેલ જવાથી પ્રજાને હર્ષ થવો જોઇએ. એવી જેલથી રોષ તો ન જ થવો જોઇએ. હું જેલ જવા જેવાં કામ કરૂં અને પછી જેલથી હું નાસું અથવા પ્રજા દુઃખી થાય તો દોષ સરકારનો નથી, આપણો છે. જ્યાં રાજ્ય અન્યાયી છે ત્યાં પ્રજાની સ્વતંત્રતા રાજાની જેલોમાં જ હોય છે.

૯. કોઇ નેતા જેલ જાય તો પ્રજા અસહકારને વધારે જોરથી આગળ ચલાવે એવી આશા હું રાખું.

૧૦. પ્રજા ઘેલી થઈ જાય એવું તો કદાચ સરકાર માગે. તેથી તેને શસ્ત્રનો ઉપયોગ કરવાનું મળે. સરકાર ન માગે તોપણ પરિણામ તો એ જ આવે કે તે પ્રજાને દબાવે અને પીડે.

૧૧. તેથી પ્રજા જો અસહકારને સમજી ગઇ હોય તો ગમે તે અસહકારી નેતા પકડાય તોપણ અસહકારને ન જ છોડે અને સરકારને બતાવે કે પ્રજાની સંમતિ વિના રાજ્ય ચલાવવું અશક્ય છે.

૭. જેલીઓને ઉપદેશ.

૧. આપણે જેલોને એક સંસ્થા તરીકે નાબૂદ કરવા નિકળ્યા નથી. તેથી આપણે કાયદાનો સવિનય ભંગ પણ દેશના નીતિશૂન્ય કાયદાઓ ભાંગવાથી આગળ ન જ જવો જોઇએ. કાયદાનો ભંગ સવિનય ત્યારે જ કહેવાય કે જ્યારે તેવો ભંગ કરનાર તેમાં મળતી જેલ અગર સજાને આનંદથી માથે ચડાવી લે. કારણ કોઈ પણ નિયમના વિનયી ભંગમાં તેના તેવા ભંગને માટે મૂકેલી સજાનો સહર્ષ સ્વીકાર આવી જ જાય છે. અને માણસ કોઈ કાનુન જોડે તેમ જ તેના ભંગને સારૂ રાખેલી સજા જોડે સામટો લડવા બેસે છે તે જ ક્ષણે તેનો ભંગ સવિનય મટી અવિનયી બની જાય છે અને તે પોતે અંધાધુંધી તેમ જ અનવસ્થાના વમળમાં ઘસડાઈ જાય છે. સવિનય ભંગ કરનારો તો કહીએ તો એક જાતનો વિશ્વહિતકારી છે અને રાજ્યનો મિત્ર છે. એથી ઉલટો ક્રાંતિવાદી માણસ રાજ્યનો શત્રુ અને તેથી વિશ્વઘાતી છે.

૨. મેં લડાઇની ભાષા વાપરી છે, કારણ કહેવાતી કાયદેસર પદ્ધતિ તદ્દન નિષ્પ્રાણ અને અફળ થઇ પડી છે. એથી ઉલટું મારો દઢ અભિપ્રાય છે કે કાયદાનો સવિનય ભંગ એ કાયદેસર લડતનું શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપ છે. અલબત્ત એમાં જો એ સવિનયી એટલે કે અહિંસામય સ્વરૂપ કેવળ દંભ અને દેખાવ જ માત્ર હોય તો તે પાડનારો અને નામોશીભર્યો થઇ પડે છે. પણ જો અહિંસાના ખરાપણાને વિષે શક ન હોય તો તીવ્રમાં તીવ્ર સવિનય ભંગને પણ તેમાંથી ખૂનામરકી ચાલશે એ બહાને વખોડી શકાય નહિ. વળી કોઇ પણ મહાભારત તેમ જ જલદ પ્રવૃત્તિ માટે મોટાંમોટાં સાહસ

ખેડ્યા વિના તો ચલાવી શકાય જ નહિ અને જીવનમાં પણ જો જબરાં જોખમો ન હોત તો જીવનમાં શો સ્વાદ રહેત ? દુનિયાનો ઇતિહાસ પણ આપણને શું એ જ નથી શીખવતો કે જોખમ અને તે ખેડવાના સાહસ વગર માણસના જીવનમાં કશી ભવ્યતા રહેત નહિ ?

૩. જ્યાં ભલભલા વિચારી અને આગેવાન ભદ્ર પુરુષો ક્યાંક સહેજસાજ ભય અગર જોખમ જોતાં જ અગર તો સહેજ તોફાન કે ખળભળાટ થતાં જ ભયથી ત્રાસી જઈ રોષથી ગાભરા બની ઉઠે છે, ત્યાં એ સ્થિતિ તે સમાજનું વાતાવરણ સુદ્ધાં કેટલી અધોગતિએ પહોંચ્યું છે તે સૂચવે છે. આપણે મનુષ્યમાં રહેલા પશુને અલબત્ત હાંકી કહાડવા ઇચ્છીએ છીએ, પણ તેટલા સારૂ તેને ખસ્સી કરવા અને નામર્દ બનાવવા નથી માગતા. અને પશુવૃત્તિમાંથી માનવને એવો શુદ્ધ અને આત્મજયી બનાવવા જતાં માર્ગમાં પેલો પશુ વચમાં વચમાં લાગ મળ્યે પોતાનું પાશવી આચરણ ઝળકાવવાનો જ. હું ઘણી વાર કહી ગયો છું તેમ હરેક હુલ્લડ અને હરેક પ્રસંગે લઈને રેડાયેલું લોહી મારાં હાજાં નથી ગગડાવી દેતું. હું તો અસહકારીઓ પોતે અગર તો તેમની પ્રત્યે લાગણી રાખનારાઓ જ્યારે પોતે કરેલી પ્રતિજ્ઞાનો હડહડતો ભંગ કરીને લોહી વહેવડાવે છે અને ખૂનામરકી કરે છે ત્યારે જ કમકમી ઉઠું છું અને પાણીમાં બેસી જાઉં છું. દરેક પ્રામાણિક અસહકારીને એવો આઘાત થવો જ જોઇએ.

૪. તેથી મૂળ મુદ્દા ઉપર આવીએ તો કાયદાનો સવિનય ભંગ કરનારા તરીકે આપણે આમ દરેક જગ્યાએ નિરંકુશ બનવાના વલણ સામે ભારે સાવચેત રહેવું જોઇએ. આપણે જેલનાં એકેએક ધારાધોરણોને પૂરેપૂરા તાબે રહેવું જ જોઇએ,–સિવાય કે જ્યાં જેલનો વહીવટ જ સડેલો અને અનીતિમય છે એવી આપણી ખાત્રી થાય. બાકી સુખસગવડોનો અભાવ, જૂદી જૂદી જાતના અંકુશ અને એવી બીજી અગવડો કંઇ જેલના વહીવટને નાલાયક

કે સડેલો પૂરવાર કરનારી ન કહેવાય. પણ જો કેદીઓને ડગલે અને પગલે અપમાનિત કરવામાં આવે, તેમના ઉપર ઘાતકીપણું ગુજારવામાં આવે, દાખલા તરીકે તેમને ગંદકીભર્યાં ભોંયરાંઓમાં પૂરી રાખવામાં આવે અગર તો માણસને આપવા યોગ્ય ન રહ્યો હોય એવો ખરાબ ખોરાક આપવામાં આવે ત્યારે તે વહીવટ સડયો કહેવાય. મને તો પૂરી ઉમેદ છે કે અસહકારીઓ જેલોની અંદર તદ્દન સીધી રીતે સ્વમાન જાળવીને અને છતાં પૂરા આજ્ઞાંકિત રહીને વર્તશે. આપણે જેલરોને કે વૉર્ડરોને આપણા શત્રુ નહિ પણ આપણા જ જેવા મનુષ્ય અને માનવી લાગણીઓવાળા ગણીએ. આપણી ખાનદાન વર્તણુક તેમનામાંથી સર્વ પ્રકારની શંકાને અગર તો કડવાશને કહાડી નાખ્યા વિના નહિ રહે.

૫. હું જાણું છું કે એક બાજુએથી આવી નમૂનેદાર આજ્ઞાધારકતા અને બીજી બાજુએથી ભીષણ વિરોધનો આ માર્ગ દુર્ગમ છે, પણ સ્વરાજ્યને માટે ફૂલોથી બીછાવેલો રાજમાર્ગ કોઈ નથી. દેશે પૂરો વિચાર કરીને આ સાંકડો પણ સીધો માર્ગ ગ્રહણ કર્યો છે. સીધી લીટીની પેઠે એ ટૂંકામાં ટૂંકો છે. પણ જેમ સીધી લીટી દોરવાને સારૂ પણ હાથ ઠરેલ અને અનુભવીનો જોઈએ તે જ પ્રમાણે આ આપણે પસંદ કરેલા સાંકડા માર્ગ ઉપરથી પણ જો આપણે એક પણ ખોટું પગલું ભર્યા વગર ચાલી જવું હોય તો નિયમપાલનને વિષે આવી આજ્ઞાધારકતા અને હેતુ પ્રત્યેની દૃઢતા પણ આપણામાં તેટલાં જ જરૂરી છે.

૬. સવિનય ભંગ કરનારા સત્યાગ્રહીઓને માટે આ માર્ગ ફૂલની પથારી નથી નિવડવાનો એ વાતનું દુ:ખદ ભાન મારામાં પૂરેપૂરૂં જાગ્રત છે. જ્યારે પંડિત મોતીલાલ નેહરૂ અને દેશબંધુ દાસના જીવનને હું યાદ કરૂં છું, જ્યારે તેમના રાજમહેલોને શરમાવે તેવાં દિવાનખાનાંઓ, પડયો બોલ ઉઠાવવાને અહોરાત્ર ઉભા રહેતા નોકરચાકરો અને પૈસો ખરીદ કરી શકે તેવી એકે એક સુખ

સગવડો આંખ આગળ લાવું છું અને બીજી બાજુએ જ્યારે જેલની લુખી પણ આકર્ષક દિવાલોની અંદર જ્યાં એમને દિવાનખાનાનાં મધુર સંગીતની જગ્યાએ કેદીઓની બેડીઓના ખણખણાટ અને પહેરેગીરોની ઉદાસ આલબેલોના અવાજ અહોરાત્ર સાંભળ્યા કરવાના. એ બધો ચિતાર હું મારી આંખ આગળ લાવું છું ત્યારે મારૂં મસ્તક ભમી જવા લાગે છે. પણ આવા જ બત્રિશલક્ષણાઓનાં બલિદાન હિંદુસ્થાનને સ્વરાજ્યની પ્રાપ્તિ કરાવશે એ વિચારે હું મારા હૈયાને કઠણ કરૂં છું. દક્ષિણ આફ્રિકાના મોટામાં મોટા અંગ્રેજોને, ફ્રેન્ચોને, જર્મનોને સ્વાતંત્ર્યની જે કિમ્મત આપવી પડી છે તેની આગળ આજે આપણે આપવા નિકળ્યા છીએ તે કિમ્મત ઘણી નાની છે.

૭. જેમાં જરા યે હીણપત લાગે, જે ધારામાં મનુષ્યત્વને હીણપત પહોંચાડવાનો જ ઇરાદો રહેલો છે; તે ધારાને માન ન જ અપાય એ આપણું સૂત્ર છે. કેદમાં કેટલીક છૂટ ન જ હોય. સામાન્ય રીતે નીતિ વિરુદ્ધ દોષો કરવાને સારૂ અસભ્ય માણસો કેદમાં જાય છે. કેદોને સ્વતંત્રતાનું દ્વાર તો હવે જ કરવામાં આવેલું છે, એટલે તેમાંના કેટલાક ધારાને સ્વતંત્રતાના પૂજારી વશ ન જ થાય.

૮. છતાં અસહકારી કેદીઓ જેલમાં જઈ જરા જરામાં લાંઘણનું હથિયાર અખત્યાર કરે તે ઠીક નથી. તેની સામે જેટલી ચેતવણી આપું તેટલી થોડી છે. જેલમાં આપણા ઉપર ગમે તેવા દાબ હોય તે ટાળવા આ સાધનનો ઉપયોગ કરવો વ્યાજબી નથી. સાધારણ રીતે આપણને પાળવા ન ગમે એવા દાબ જેલમાં ન હોય તો પછી જેલ તે જેલ શાની? આપણી સાથે ઘાતકી વર્તન ચલાવવામાં આવે અથવા આપણા ધર્મમાં બાધ હોય તેવો કે માણસજાતને ખાવા યોગ્ય ન હોય એવો ખોરાક આપવામાં આવે તો લાંઘણ કરવી વ્યાજબી છે. અપમાનભરેલી રીતે આપવામાં

આવેલો ખોરાક આપણે ન લઇએ. એટલે કે અપમાનથી દૂષિત અન્ન પેટને પરવશ બનીને તો આપણે હરગીઝ ન લઇએ.

૯. ખુદા–ઇશ્વર તો એક જ છે, એવું ઈશ્વરને જ લાગુ પડી શકે. તે વચન સરકારને સારૂ કહેવામાં આવે તેને તાબે કોઈ ધર્મ કે સ્વમાન સમજનારો કેદી ન જ થઈ શકે. એટલે આવી જાતના ધારાને નિડર થઇ તોડયે જ છૂટકો રહ્યો. તેને સારૂ ભલે કેદમાં સખ્તી થાઓ, ભલે કાળી કોટડીમાં પૂરાવું પડે, ભલે ગમે તે દુઃખ વેઠવું પડે, ભલે ફટકા ખાવા પડે, ભલે ભૂખે મરવું પડે એ બધું સહન કરતાં છતાં એવા ધારાનો સવિનય અનાદર કર્યે જ છૂટકો છે. હું તો આવા અવસરને વધાવી લઉં. ત્રાસ ઉપર જ આ રાજ્યનો પાયો છે. કેટલાકની ખુશામત અને ઘણાની ઉપર ત્રાસ—આવો જયાં ન્યાય ચાલે ત્યાં રાક્ષસનીતિ હોય, એમ આપણે માનીએ છીએ.

૧૦. પણ જેમ બહાર તેમ અંદર. આપણને જેલની અંદર પણ સભ્ય બળની જરૂર છે. એક તરફથી સભ્યતા અને બીજી તરફથી સંપૂર્ણ બળ. દરેક કાર્યમાં વિવેક હોય ત્યારે જ આપણું કાર્ય આગળ વધે તેમ છે.

૧૧. ગમે તેટલા ગુસ્સાનું કારણ મળતાં છતાં જે માણસ ગુસ્સાને વશ થઇ નુકસાન નથી કરતો તે જ જીતે છે, તેણે જ કાયદો પાળ્યો ગણાય જે પ્રજા કાયદો પાળી જાણતી નથી તેને અન્યાયની સામે થવાનો હક્ક નથી.

૧૨. જેલના અમલદારોની કફોડી સ્થિતિ પણ આપણે સમજવી જોઇશે. તેઓને ગુન્હેગારોની સાથેનો જ સહવાસ હોવાથી તેઓની રીતમાં અવિવેક હોય છે, તેઓમાં કઠોરતા આવી જાય છે. સભ્ય કેદીઓનો પ્રસંગ પડતા દરોગા વિગેરે એકદમ પોતાનું વર્તન ફેરવી નથી શકતા. જેલના કાયદા પડ્યા હોય ત્યાંસુધી તેનો અમલ પણ તેઓને કરવો રહ્યો. આવાં કારણોને લઇને કેટલીક અગવડો ભોગવી લીધે જ છૂટકો છે. તેથી દરેક વિરોધમાં વિવેક અને વિચાર રાખવા જોઇએ. જેમકે 'સરકાર સલામ' આવું વચન

ન ઉચ્ચારીએ પણ દરોગાને સલામ તો કરીએ જ, તેવી અદબ રાખીએ, તે આવે ત્યારે ઉભા થઇએ. કેદી એ કેદી છે. જેલમાં જે વર્તન હોવું જોઇએ, જેલમાં જે મર્યાદા જાળવવી જોઇએ તેનો ખ્યાલ ન મેલીએ. છેવટે જેલના અમલદારોને પણ આપણે પીગળાવી ભાવવાળા અને દયાળુ બનાવવાના રહ્યા છે.

૮. માલ-મિલ્કતનો ભય.

૧. 'જેલ જઇએ, માર ખાઇએ, મરીએ પણ માલ ન દઇએ. માલનું કંઈ મહાસભાએ થાડું જ કહ્યું છે?' આમ કેટલાક શૂરવીર મરવા તૈયાર છે પણ પોતાની જમીન જવા દેવા કે ઢોરઢાંખર વેચાવા દેવા તૈયાર નથી. જે શરીર આપે તે બધું આપે એમ માનીને જ માલનું લખાયું નથી. એમ છતાં સ્થાવર જંગમ મિલ્કતની તૃષ્ણા આપણને એટલી બધી હોય છે કે શરીર જતાં યે આપણે આ વાત વિચારી લેવી જોઇશે.

૨. સરકાર તો જે જે ભય વડે આપણને વશ કરી શકે તે ભયો વડે વશ કરવા મથશે. જો જેલ કરતાં દંડ આપવો આપણને કઠણ લાગે છે એમ જોશે તો જરૂર દંડ કરશે.

૩. આપણે સ્થાવર જંગમ મિલ્કત જવાનો ભય તદ્દન છોડવો પડશે. જૂલમી રાજ્યમાં ધનવાનને જૂલમમાં ભાગ લેવો પડે છે તેથી જૂલમી રાજ્યમાં ગરીબી એ જ પુણ્યમાર્ગ છે. તેથી આપણે જાણવું જ જોઇએ કે જો આપણે અસહકારી રહેવા ઇચ્છીએ તો ધનનો લોભ છોડવો જ પડશે. જ્યારે આપણે ભૂખે મરવા તૈયાર થઇએ પણ જૂલમની આણ કબૂલ ન કરીએ ત્યારે જ આપણો અસહકાર પૂરો થયો ગણાય.

૪. એટલું પણ સમજી લેવા જેવું છે કે ઘણા માણસો જ્યારે દંડનો ડર મેલે છે ત્યારે સરકારને પૈસા વસુલ કરવાનું કામ કઠણ પડે છે. હજાર માણસને જેલમાં મોકલવા કરતાં હજાર માણસની મિલ્કત વેચવી વધારે કઠણ છે. સજા હંમેશાં થોડા જ માણસોને કરી શકાય છે. ઘણા માણસો અમુક કામ

કરે તેને બંધ કરવું લગભગ અશક્ય થઇ પડે છે. મિલ્કત જપ્ત કરે પણ વેચે કોને? જમીનનો કબજો તો લેવાય, પણ તે ઉંચકીને બીજી જગ્યાએ થોડી જ મૂકાય છે? એકની જમીન હરરાજીમાં બીજો કોણ લેવા નવરો હોય?

૫. વળી જે સ્વરાજ્યવાદી છે તેને પોતાની ધારણાને વિષે વિશ્વાસ તો હોય જ. તેથી સ્વરાજ્યવાદીએ વિશ્વાસ રાખવો જોઇએ કે પોતાની મિલ્કતનો કબજો આજે સરકાર લે તે સ્વરાજ્ય મળ્યે પાછી મળવાની છે જ. જનરલ બોથા પાસે હજારો વીઘાં જમીન હતી. જેવાં ઢોર તેની પાસે હતાં તેવાં કોઇને ત્યાં નહોતા. તે બધાનો કબજો અંગ્રેજી લશ્કરે લીધો. તેથી કંઇ તે હાર્યો નહિ. ખૂબ ઝૂઝયો અને છેવટે પોતાની મિલ્કતનો કબજો મેળવ્યો એટલું જ નહિ, પણ પોતે આખા દક્ષિણ આફ્રિકાનો રાજા જેવો બન્યો. તેને વિશ્વાસ હતો કે જીવશે તો પોતાની મિલ્કત પાછી લેશે અને મરશે તો સ્વર્ગ લેશે. આપણે જેઓ મારીને લડાઈ નથી કરવા માગતા તેમણે તો મિલ્કતને સારૂ વધારે બેફીકર રહેવું જોઇએ. મિલ્કત સરકાર લઇ લે પછી ખાવું શું એ સવાલ ઉઠે છે. જ્યાં ભુખે મરીએ તોપણ આપણે નમવાના નથી એવી પ્રતિજ્ઞા છે ત્યાં પોતાની અને પોતાનાંની ભૂખનો વિચાર શો કરવો? હિંદુસ્થાન જેવા મુલકમાં કોઈ ને કોઇ તો આપણને ખાવા જેટલું આપી દેશે જ, અને હવે તો આપણી પાસે આપણો પ્યારો રેંટિયો છે, પછી શી ફીકર હોય? જ્યાં આખું કુટુંબ સુંદર રીતે કાંતી પીંજી જાણે ત્યાં છાંટાભાર પણ પેટની ચિંતા રાખવાની હોય નહિ.

૬. જેટલા ભય આપણને રહે છે તે બધા આપણા અવિશ્વાસથી ઉત્પન્ન થાય છે. જો આપણે ઇશ્વર પર ભરોંસો રાખીએ, એટલે તેની મરજી હશે તે થશે એમ માનીએ, તો આપણે કદિ ચિંતા ન કરીએ. જે થનારૂં હશે તે થશે, તે પણ આપણે ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણો પોતાનો પ્રયત્ન આપણે પૂરો કર્યો હોય. મનુષ્ય યત્નની પાછળ ઇશ્વરની સંપૂર્ણ કૃપા રહેલી જ છે.

ઇશ્વરની ઉપરના વિશ્વાસનો અર્થ એ છે કે જ્યારે આપણી મિલ્કત લૂંટાય ત્યારે પણ આપણે તેને ધન્યવાદ દઇએ. જો મિલ્કત ન લૂંટાવાની શરતે ધન્યવાદ દઇએ તો તો એ સારું કર્યું. ઇશ્વર સાટાંનો ભૂખ્યો નથી. તેને તો ભક્તિ જોઇએ. અને ભક્તની ભક્તિની તે ભારે કસોટી કરે છે. તે જેટલો દયાવાન્ છે એટલો જ નિર્દય છે. ન્યાય તોળતી વેળા કોઇની પરવા નથી કરતો, કોઇનો પક્ષપાત નથી કરતો. ભક્તઅભક્ત બધાને તેમનાં કર્મ પ્રમાણે ફળ આપે છે. ભક્ત સત્કર્મ કરે છે તેથી સારાં ફળ પામે છે; અભક્ત કુકર્મ કરી નઠારાં ફળ મેળવે છે.

૭. આ લડતમાં દંભને, દ્વેષને સ્થાન નથી, અધીરાઇને સ્થાન નથી. ત્યારે જ તે ધાર્મિક લડત કહેવાઇ છે.

અસહકાર.

(તૃતીય વિભાગ)

અસહકારની લડત.

(દ્વિતીય ખંડ)

૯. પ્રત્યેક અંગ્રેજને.

૧. હું તમને મારી ઓળખ કરાવી લઉં. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે મેં બ્રિટિશ સરકાર જોડે આજસુધીમાં જેટલો સહકાર કર્યો છે તેટલો બીજા કોઈ હિંદીએ નહિ કર્યો હોય. બીજા હરકોઈ માણસને બળવો કે બહારવટું કરવાનું મન થઈ જાય એવા કઠણ સંજોગો વચ્ચે રહીને મેં ૨૯ વર્ષ સુધી તમારા સામ્રાજ્યમાં અખંડ જાહેર સેવા કરી છે અને એ સેવા તમારા કાયદાઓએ યોજેલી સજાઓની બીકથી અગર બીજા કોઈ પણ સ્વાર્થી હેતુથી કરી નથી એ ખાત્રીથી માનજો. એ સહકાર સ્વતંત્ર, મરજયાત અને બ્રિટિશ સરકારની એકંદર પ્રવૃત્તિ અંતે હિંદુસ્થાનના લાભમાં છે એ શ્રદ્ધાથી પ્રેરાઈને જ કરેલો હતો.

૨. એજ શ્રદ્ધાથી સામ્રાજ્યની ખાતર ચાર વેળા મેં મારી જાનને જોખમમાં નાખી: (૧) બોઅર યુદ્ધ * વેળાએ; તે વેળા મારા હાથ હેઠળ એક ઍમ્બ્યુલન્સ (જખમી થયેલાઓને મદદ પહોંચાડનારી) ટુકડી હતી જેની સેવા વિષે જનરલ બુલરે† પોતાના ખરીતાઓમાં ખાસ ઉલ્લેખ કરેલો; (૨) નાતાલમાં ઉઠેલા ઝુલુ બળવાની÷ વેળાએ; તે વખતે પણ મારી પાસે તેવી જ ઍમ્બ્યુલન્સ ટુકડી હતી; (૩) છેલ્લી મહાયુદ્ધની§ શરૂઆતમાં; તે વખતે પણ મેં એવી જ ટુકડી ઉભી કરેલી જેની અતિ પરિશ્રમભરી તાલીમને પરિણામે મને સખ્ત પ્લુરસીનો રોગ થયેલો; અને છેલ્લે (૪) દિલ્હીમાં મળેલી યુદ્ધ પરિષદ્ વખતે× મેં લૉર્ડ ચેમ્સફર્ડને લશ્કરભરતીમાં મદદ કરવા વિષે આપેલા વચનનો જીવતોડ અમલ કરીને આ કામને સારૂ ખેડા જીલ્લામાં રહીને અને લાંબી લાંબી મજલો કરીને મેં એટલી મહેનત ઉઠાવેલી કે એમાંથી મને જીવલેણ મરડો લાગુ પડયો અને હું માંડમાંડ મરતો બચ્યો.

૩. આ બધી સેવાઓ મેં એવી જ શ્રદ્ધાના બળ ઉપર કરેલી કે મારાં એ કામોથી સામ્રાજ્યમાં મારા દેશને સમાન દરજ્જો મળશે. હજુ છેક ૧૯૧૯ ના ડિસેમ્બર સુધી સરકાર ઉપર ભરોંસો રાખી સહકાર કરવા મેં મારા દેશબંધુઓને વિનવ્યા. મને ત્યાં સુધી યે આશા હતી કે મી. લૉઇડ જ્યોર્જ પોતે મુસલમાનોને આપેલાં વચનોને પાળશે પંજાબના અત્યાચારોની અંતે બહાર આવેલી હકીકતો ઉપરથી પંજાબીઓ પર ગૂજરેલા સિતમની પૂરી ભરપાઈ કરવામાં આવશે. પણ મી. લૉઇડ જ્યૉર્જે કરેલા વિશ્વાસઘાતથી, તમે તેના વર્તનને જે રીતે વખાણ્યું તે ઉપરથી, અને પંજાબના

---

* ૧૮૯૯માં.

† જનરલ સર રેડવર્સ—(૧૮૩૯–૧૯૦૯). ચીન, ઝુલુ, ઇજીપ્ત અને સુદાનની લડાઈઓમાં ભાગ લેનાર અંગ્રેજ સેનાપતિ.

÷ ૧૯૦૬ માં.

§ ૧૯૧૪ માં.

× ૧૯૧૮ના એપ્રિલમાં.

અપરાધોના તમે કરેલા ઢાંકપિછોડા ઉપરથી સરકારના શુભ હેતુઓ ઉપરનો તેમ જ જે પ્રજા એવી સરકારને ટેકો આપી રહી છે એ પ્રજા ઉપરનો મારો બધો ઇતબાર ઉડી ગયો છે.

૪. પણ તમારા શુભ હેતુઓ વિષેનો મારો વિશ્વાસ ઉઠી ગયો હોય તોપણ તમારી બહાદુરીને હું ઓળખું છું અને હું જાણું છું કે ન્યાય અને દલીલને વશ થઇ તમે જે આપવા તૈયાર નહિ થાઓ તે શૂરાતનને નમીને આપવા રાજી થઇને તૈયાર થશો.

૫. સામ્રાજ્યનો અર્થ હિંદને માટે શું છે તે તો જૂઓઃ—

(૧) ગ્રેટબ્રિટનના લાભની ખાતર હિંદનાં દ્રવ્યોનું શોષણ.

(૨) રોજ વધતાં જતાં લશ્કરી ખર્ચ, અને દુનિયાના કોઇ પણ દેશના કરતાં વધુ ખર્ચાળ મુલકી અમલદારોનું ખાતું.

(૩) હિંદની ગરીબાઇનો છાંટાભાર ખ્યાલ ન કરતાં ઉડાઉપણે ચલાવવામાં આવતાં દરેક સરકારી ખાતાં.

(૪) અમારી વચ્ચે વસતા તમારા મૂઠીભર અંગ્રેજોની જાન રખેને જોખમમાં આવે એ બીકે આખી પ્રજાની પાસેથી છીનવી લેવામાં આવેલા હથિયાર, અને તેને પરિણામે પ્રજામાં આવી ગયેલું નપુંસકત્વ.

(૫) આવી અતિ ખર્ચાળ સરકારને નભાવવા દારૂ, અફીણ અને એવા જ બીજા માદક પદાર્થોનો ચલાવવામાં આવતો વેપાર.

(૬) પ્રજાના ઉદ્વેગને જાહેર કરવા દિનપ્રાતદિન વધતી જતી પ્રવૃત્તિને દાબી દેવાની ખાતર નિત્ય નવા ઘડાતા દબાણુ અને સખ્તીના કાનુનો.

(૭) તમારી વસાહતોમાં વસતા હિંદીઓ પ્રત્યે ચલાવવામાં આવતું શરમભર્યું વર્તન; પંજાબના કારોબારને આપેલું શાબાશીનું પ્રમાણપત્ર અને મુસલમાન લાગણીને તુચ્છકારી કહાડીને તમે અમારી લાગણીઓની કરેલી અવગણના.

૬. હું જાણું છું કે જો અમે લડીને તમારા હાથમાંથી અમારૂં રાજ્ય ખૂંચવી લઇ શકીએ તો તે સામે તમે વાંધો ન ઉઠાવો. તમે જાણો છો કે તેમ કરવાની અમારામાં તાકાત નથી, કારણકે તમે એવી ખુલ્લી અને ખાનદાનીભરી લડાઇ કરવા જેવી અમારી સ્થિતિ રહેવા દીધી નથી. આમ લડાઇનાં મેદાનમાં અમારૂં શૂરાતન સિદ્ધ કરવાનાં બારણાં અમારે માટે બંધ છે. આત્માનું શૂરાતન બતાવવાનો રસ્તો હજુ અમારે માટે ખુલ્લો છે. એ શૂરાતનને પણ તમે નમશો એ હું જાણું છું. એ શૂરાતન મારી પ્રજામાં જગાવવાનું કાર્ય હું અત્યારે કરી રહ્યો છું. અસહકાર એટલે આપભોગની તાલીમ. જ્યારે અમે જોઇ ચૂકયા કે આ દેશના તમારા રાજ્યકારોબાર હેઠળ અમે રોજ વધારે ને વધારે ગુલામીમાં ખૂંચતા જઇએ છીએ ત્યારે અમે હવે શાસારૂ તમારી જોડે સહકાર કરીએ ?

૭. મારી સલાહને પ્રજા આજ જે આટલી ઝીલી રહી છે તે મારા નામને લીધે નથી. મારા નામને અગર અલી બિરાદરોના નામને આ બાબતનો વિચાર કરતી વેળાએ તમે બાજુએ મૂકજો. હું પોતે જો આજે પ્રજાને મુસલમાનોની સામે થવાની સલાહ આપવાની મૂર્ખાઇ કરૂં, અગર અલી ભાઇઓ તેવી રીતે મુસલમાનોને હિંદુઓ વિરુદ્ધ ઉશ્કેરવા પોતાનું જાદુઇ બળ વાપરે તો મને તેમ જ તેઓને બન્નેને પ્રજા તત્કાળે ફેંકી દે. લોકોનાં ટોળેટોળાં આજે અમારા બોલ સાંભળવા ધસે છે, કારણકે તમારા જૂલમ નીચે કકળતી પ્રજાના અંતરની લાગણીઓ અમે બોલી બતાવીએ છીએ. અલી બિરાદરો પણ કાલ સુધી તમારા મિત્ર હતા, જેવો હું હતો અને હજી છું.

૮. મારો ધર્મ તમારા પ્રત્યે મારા અંતરમાં કોઇ પણ પ્રકારની કડવાશ સંઘરવાની મને મનાઈ કરે છે. મારા કાંડામાં જોર હોય તોપણ હું મારો હાથ તમારી સામે ન ઉગામું. મારા દુઃખ ભોગવવાં જ તમને જીતવાની હું ઉમેદ ધરાવું છું. અલીભાઇઓ તેમનાથી બને તો તેમના દીનની ખાતર અને દેશની ખાતર અવશ્ય તલવાર

ખેંચે; પણ પ્રજાની લાગણીઓ જાહેર કરવાના અને તેમના દુઃખનો ઇલાજ શોધવાના કામમાં એમણે અને મેં પ્રજાની જોડે સહિયારૂં કર્યું છે.

૯. લોકલાગણીના આ ચડતા ઉભરાને દાબી દેવાના ઉપાયની તમે શોધમાં છો. હું તમને સૂચવીશ કે એનો ઉપાય એક જ છે અને તે એ જ કે રોગનાં કારણો જ શોધીને દૂર કરવાં. હજુ બાજી તમારા હાથમાં છે. હિંદને કરેલા ઘોર અન્યાયો માટે તમે પ્રાયશ્ચિત્ત કરી શકો છો.

૧૦ પણ પ્રત્યેક હિંદી ખરેખર તમારો બરોબરિયો અને તમારો ભાઈ છે એ તમે ન જૂઓ ત્યાંસુધી તમારાથી આ બનવાનું નથી. હું તમારા આશ્રયનો યાચક નથીઃ હું તો મિત્ર તરીકે એક કઠણ પ્રશ્નનો ખાનદાનીભર્યો ઉકેલ તમને દેખાડી રહ્યો છું એટલું જ. બીજો રસ્તો-દમાણ અને સખ્તીનો-તો તમારાં સામે ખુલ્લો છે જ. હું તમને ચેતવું છું કે એ ઇલાજ નિષ્ફળ જશે. એનો આરંભ તો થઇ ચૂકયો છે. સરકારે પાણીપતના બે બહાદુર પુરુષોને સ્વતંત્ર અભિપ્રાયો ધરાવવા અને તે જાહેર કરવાને સારૂ કેદ કર્યા છે. બીજા પર લાહોરમાં કેસ ચાલી રહ્યો છે. અયોધ્યામાં બીજો એક કેદ થયો છે. ત્રીજાનો ચૂકાદો હવે થવાનો છે. તમારી આજુબાજુ શું ચાલી રહ્યું છે તે તમારે જોવું જોઇએ. અમારી પ્રવૃત્તિ તો દમાણ અને સખ્તીની આશા રાખીને જ શરૂ થઇ છે. હું માનપૂર્વક તમને બેમાંથી સારો રસ્તો લેવા અને જે હિંદુસ્થાનનું લૂણ તમે ખાઓ છો તેની પ્રજાનો પક્ષ લેવા વિનવું છું. એની આકાંક્ષાઓને રોકવા પ્રયત્ન કરવો એ આ દેશની બેવફાઇ કરવા બરોબર છે.

૧૦. અંગ્રેજ ભાઈઓને.

૧. હું બતાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું કે પોતાના ભાઈનો દ્વેષ કર્યા વગર તેના દુરાચરણનો તિરસ્કાર કરી શકાય છે. ઈશુ ખ્રિસ્તે તેના જમાનાના પંડિતો અને કર્મકાંડી લોકોના દુરાચરણનો ધિક્કાર કર્યો પણ તેમનો કોઈ દિવસ દ્વેષ ન કર્યો. કોઈ પણ માણસ ઉપર પ્રેમ રાખવા છતાં તેના પાપનો ધિક્કાર કરવાનો ઈશુનો સિદ્ધાંત તેના એકલાને માટે જ ન હોતો. ઈશુએ તે બધા જ લોકોને આચરણમાં મૂકવા માટે ઉપદેશેલો છે. ખરૂં જોતાં આ સિદ્ધાંત તો દુનિયાનાં બધાં શાસ્ત્રોમાં મળી આવે છે.

૨. મનુષ્યસ્વભાવનો હું ઠીક અભ્યાસી છું એમ હું માનું છું. મારા પોતાના વિચારો અને લાગણીઓનું પૂરેપૂરૂં પૃથક્કરણ કરવાનો મને મહાવરો છે. મેં જોયું છે કે માણસ પોતાના મત કરતાં મોટો છે. માણસ જે તંત્ર ઉભું કરે છે તેનાથી તે પોતે મોટો હોય છે અને તેથી જ મને લાગે છે કે તમે સંઘબળથી જે રાજ્યવ્યવસ્થા ઉપજાવી કહાડી છે તેના કરતાં વ્યક્તિ તરીકે તમે અનેક દરજ્જે સારા હો છો. તારીખ ૧૦ મી એપ્રિલના દુર્દૈવી દિવસે અમૃતસરમાં મારા દેશભાઈઓનાં જે ટોળાં ભેગાં થયાં હતાં તે ટોળાં કરતાં તેમાંનો દરેક માણસ વધારે સજ્જન હતો. તેમાંથી કોઈ પણ એક માણસને નિર્દોષ અંગ્રેજ શરાફોને મારવાનું કહેવામાં આવત તો તે ના જ પાડત. પણ જ્યાં ટોળું ભેગું થયું ત્યાં ઘણા લોકો પોતાનું ભાન ભૂલી ગયા. એ જ ન્યાયે અધિકાર ઉપર બેઠેલો અંગ્રેજ સામાન્ય અંગ્રેજના કરતાં જૂદો જ હોય છે. હિંદુસ્થાનમાં રહેનાર અંગ્રેજ વિલાયતમાંના અંગ્રેજ કરતાં જૂદો જ છે. આ

દેશમાં તમે જે તંત્રને અધીન છો તેનું પાજીપણું વર્ણવ્યું જાય તેમ નથી. તેથી જ દરેક અંગ્રેજના હેતુ અશુદ્ધ હોય જ એવો આરોપ ન મૂકતા છતાં અથવા તો તમે દુષ્ટ છો એમ ન માનતા છતાં તમારા તંત્રને આકરામાં આકરાં વિશેષણો લગાડી તેનો હું નિષેધ કરી શકું છું, અમે જેટલા આ તંત્રના જકડાયેલા છીએ તેટલા જ તમે પણ તેને શરણ છો. માટે તમે પણ તે જ વૃત્તિ ધારણ કરો એમ હું ઇચ્છું છું. મારાં લખાણોમાં જે નથી તેવા હેતુઓ તમે મારામાં ન કલ્પી લેશો. જે તંત્ર તળે રહીને હિંદી રાષ્ટ્ર મૂઠીભર અંગ્રેજોનું દાસ બને છે અને જ્યાં દેશમાં ઠેરઠેર નજરે પડતા કિલ્લાઓ અને તોપોના આશ્રય તળે જ તમે પોતાને સુરક્ષિત માનો છો તેવા તંત્રને બની શકે તો સુધારવા નહિ તો મિટાવવા હું અધીરો થયો છું એમ જ્યારે કહું છું ત્યારે મેં કશું છાનું રાખ્યું નથી એમ જ તમારે માનવું. આજની સ્થિતિ તો તમને અમને બન્નેને કેવળ શરમભરેલી છે. આપણું સામુદાયિક જીવન એકબીજા પ્રત્યેના અણવિશ્વાસ અને બીક પર ઉભેલું છે. તેમાં મર્દાઈ નથી એ તો તમે કબૂલ કરશો જ. જે તંત્રને લીધે આવી સ્થિતિ ઉત્પન્ન થાય છે તે જરૂર સેતાની જ કહેવાય. દેશને ચૂસનાર પરદેશીઓ તરીકે નહિ પણ હિન્દુસ્થાનની બીજી કોમોની માફક હિન્દી બનીને તમને રહેતાં આવડવું જોઈએ. એક અંગ્રેજની જાન સામે એક હજાર હિંદીઓની જાન એ ગણત્રી ઘોર નિરાશા ઉપજાવનારી છે અને છતાં યે તમારા મોટામાં મોટા અધિકારીઓએ ૧૯૧૯માં આ જ સિદ્ધાંત સ્વીકાર્યો હતો. જે તંત્રે આપણ બન્નેને આટલી હદસુધી પાજ્યા છે તેનો સમૂળગો નાશ કરવાના કાર્યમાં તમે અમારી જોડે ભળો એમ તમને કહેવાનું મન થાય છે. પણ મને લાગે છે કે હજી તમે તેમ ન કરી શકો. તે સ્થિતિ લાવવા માટે જેટલી ગંભીરતા, જેટલો આપભોગ અને સંયમ અમારે કેળવવાં જોઈએ તેટલાં હજી અમે કેળવી બતાવ્યાં નથી.

૩. અંગ્રેજ ઇતિહાસકારોએ બતાવેલું છે કે હિંદુસ્થાનનો પોતાનો વિખ્યાત કાપડનો વેપાર ઇરાદાપૂર્વક અને ચોક્કસ રીતે તોડી પાડી વિલાયતી કાપડ હિંદુસ્થાનમાં બળાત્કારે લાવવામાં આવેલું છે, તેથી હિંદ આજે લૅંકેશાયરનું જ નહિ પણ જાપાન, ફ્રાન્સ અને અમેરિકાનું પણ મોહતાજ થઇ બેઠું છે. હિંદુસ્થાન ઉપર આની શી અસર થઇ છે તે એક વાર જૂઓ. દર વર્ષે ઓછાવત્તા સાઠ કરોડ રૂપિયા ફક્ત કાપડને માટે અમે હિંદુસ્થાન બહાર મોકલીએ છીએ. અમને પૂરતું થઇ પડે એટલું રૂ તો અમે આ દેશમાં ઉત્પન્ન કરીએ છીએ જ. આ દેશનું રૂ પરદેશ મોકલી ત્યાં તેનું કાપડ વણાવી ફરી આ દેશમાં લાવવું તે શુદ્ધ મૂર્ખાઇ નથી શું? હિંદુસ્થાનને આવી લાચાર સ્થિતિમાં મૂકવું એ શું વ્યાજબી હતું?

૪. દોઢસો વર્ષ ઉપર અમે અમારે જોઇતું બધું કાપડ જાતે વણી લેતા. અમારી સ્ત્રીઓ ઘરમાં બેસી સુંદર સૂતર કાંતતી અને પોતાના પતિઓની કમાઇમાં ઉમેરો કરતી. ગામડાંના વણકરો તે સૂતર વણી આપતા. અમારા જેવા ખેતીપ્રધાન દેશમાં પ્રજાજીવનની વ્યવસ્થાનું એ એક અગત્યનું અંગ હતું. આ વ્યવસ્થાને લીધે અત્યંત સ્વાભાવિક રીતે નવરાશનો અમે સદુપયોગ કરી શકતા હતા. આજે અમારા દેશની સ્ત્રીઓમાં કાંતવાની આવડત રહી નથી અને કરોડો લોકોને પરાણે નવરા બેસવું પડવાથી દેશ કંગાળ થઇ ગયો છે. ઘણા વણકરો ભંગી થઇ ગયા છે. કેટલાક ભાડુતી સિપાઇઓ બની લશ્કરમાં ભરતી થયા છે. સુંદરમાં સુંદર કાપડ વણનાર વણકરોની અર્ધી કોમ દાળોવાટો થઇ ગઇ છે અને બાકીની અર્ધી હાથે કાંતેલું સૂતર નહિ મળતું હોવાથી પરદેશી સૂતર વણી રહી છે!

૫. ત્યારે હિંદુસ્થાનને માટે પરદેશી કાપડના બહિષ્કારનો અર્થ શો છે તે હવે કદાચ તમે સમજી શકશો. આ બહિષ્કારની યોજના સજા રૂપે કરવામાં નથી આવી. સરકાર આજે ખિલાફત અને પંજાબના અન્યાયો દૂર કરે અને હિંદુસ્થાનને આજે જ

સ્વરાજ્ય અખત્યાર કરવા દે તો યે આ બહિષ્કારની હિલચાલ ચાલવાની જ, સ્વરાજ્યનો એ અર્થ તો હોવો જ જોઈએ કે આર્થિક દૃષ્ટિએ રાષ્ટ્રના અસ્તિત્વને જરૂરી એવા ધંધાઓને હિંદુસ્થાન પોષણ આપી શકે અને આ અસ્તિત્વને જોખમમાં નાખનાર એવા માલની આયાતની 'મના' કરી શકે. ખેતી અને હાથકંતામણ એ બે રાષ્ટ્રદેહના બે ફેફસાં છે. દરેક પ્રયાસે ક્ષયરોગને એ ફેફસાંમાં પેસતો અટકાવવો જોઈએ.

૬. આ વાત રાહ જોવા જેવી નથી. એની સાથે ચાલી શકે એવા ધંધાને અભાવે આખું રાષ્ટ્ર જ્યારે ભૂખે મરે છે ત્યારે પરદેશી કારખાનાંવાળાઓના કે દેશી વેપારીઓના લાભોનો વિચાર ન કરાય.

૭. આ હિલચાલને બધી જાતના પરદેશી માલના બહિષ્કાર તરીકે પણ રખે માની લેતાં બીજાં રાષ્ટ્રો સાથે કોઈ પણ જાતનો વેપાર કરવો જ નહિ એ હિંદુસ્થાનનું વલણ નથી; કાપડને બાદ કરતાં બીજી વસ્તુઓ હિંદુસ્થાન કરતાં પરદેશમાં સહેલાઈથી અને સારી બનતી હોય તો ઉભય પક્ષને લાભ થાય એવી શરતે પરદેશ પાસેથી આભાર સાથે લેવાની હિંદુસ્થાને હા પાડવી જ જોઈએ. અલબત્ત કોઈ પણ વસ્તુ હિંદુસ્થાન પોતાના પર બળાત્કારે નહિ જ લાદવા દે.

૧૧. વાઇસરૉયને.

૧. આપના કેટલાક વિશ્વાસને પાત્ર બનેલી વ્યક્તિ તરીકે તેમ જ બ્રિટિશ સામ્રાજ્યના એક અનન્ય શુભેચ્છક તરીકે આપની અને આપની મારફત નામદાર શહેનશાહના પ્રધાનમંડળની સમક્ષ ખિલાફતના સવાલની જોડેનો મારો સંબંધ તેમ જ તેને વિષે મારી વર્તણુક બાબત ખુલાસો કરવો એ હું મારો ધર્મ સમજું છું.

૨. લડાઈના ઠેઠ આરંભથી જ્યારે લંડનમાં હું ઇન્ડિયન એમ્બ્યુલન્સ ટુકડી ઉભી કરવામાં ગૂંથાયો હતો ત્યારથી જ ખિલાફતના સવાલમાં હું રસ લેતો થયો હતો. અને જ્યારે તુર્કીએ જર્મનીની બાજુ લેવાનું નક્કી કર્યું ત્યારે લંડનમાંની નાની સરખી મુસલમાન કોમ કેવી બેચેન થઇ ઉઠી હતી તે મેં જોયું હતું. ૧૯૧૫ ના જાન્યુઆરીમાં હિંદુસ્થાન આવ્યા પછી પણ જે જે મુસલમાનોના પ્રસંગમાં હું આવ્યો તેમને એ જ ચિંતા અને આતુરતાથી ઘેરાયેલા મેં જોયા. છૂપી સંધિઓની વાત જ્યારે ફૂટી ત્યારે તેમની એ ચિંતા ઘણી જ વધી. બ્રિટનના ઇરાદાઓ પ્રત્યે તેમને ગેરવિશ્વાસનો પાર રહ્યો નહિ અને તેઓ હતાશ થઈ ગયા. તે વખતે પણ મેં મારા મુસલમાન ભાઇબંધોને નિરાશ ન થવાની અને તેમની બીક તેમ જ તેમની ઉમેદોને વ્યવસ્થિત રૂપમાં જાહેર કરવાની સલાહ આપી. અને સૌ કોઈ કબૂલ કરશે કે છેલ્લાં પાંચ વર્ષ સુધી સમસ્ત હિન્દી મુસલમાનો વખાણવાજોગ સંયમથી વર્ત્યા છે અને તેમના આગેવાનો કોમના તોફાની વર્ગો ઉપર સંપૂર્ણ કાબુ જાળવી શક્યા છે.

૩. સુલેહના કોલકરારથી અને આપ નામદારે એ કરારોના કરેલા બચાવથી હિંદી મુસલમાનોના મનને જે ધક્કો લાગ્યો છે તેમાંથી ટટ્ટાર થવું તેમને કઠણ થઈ પડશે. આ કોલકરાર પ્રધાનોનાં વચનોનો ચોકખો ભંગ કરનારા અને મુસલમાન લાગણીને સાફ તરછોડનારા છે. મને લાગે છે કે મારા મુસલમાન દેશબંધુઓની જોડે પૂરેપૂરા ભાઇચારાના નાતાથી રહેવા ઇચ્છનાર હિંદુ તરીકે તેમના સંકટને સમયે જો હું તેમની પડખે ન ઉભો રહું તો મેં હિંદમાતાની કૂખ લજવી કહેવાય. મારી નમ્ર સમજણ મુજબ તેમનો પક્ષ સાચો છે. તેઓ કહે છે કે જો તેમની લાગણીને માન આપવું હોય તો તુર્કીને સજા કરવાની વાત જતી કરવી જોઇએ. મુસલમાન સિપાઇઓ કંઈ પોતાના જ ખલીફાને સજા કરાવવા અગર તેનો મુલક છીનવી લેવડાવવાની ખાતર નથી લડ્યા. મુસલમાનોનું આ ધોરણ છેલ્લાં પાંચે વર્ષમાં એકસરખું રહ્યું છે.

૪. જે સામ્રાજ્યને વફાદાર રહેવાને હું બંધાયેલો છું તે જ સામ્રાજ્ય પ્રત્યેનો મારો ધર્મ મને અત્યારે મુસલમાન લાગણીને થયેલા નિર્દય આઘાતની સામે થવાની ફરજ પાડે છે. મારા ધારવા પ્રમાણે હિંદુ-મુસલમાન બન્નેના અંતરમાંથી બ્રિટિશ ન્યાય અને બ્રિટિશ પ્રતિજ્ઞા પ્રત્યેનો વિશ્વાસ ઉડી ગયો છે. હંટર કમિટીનો બહુમતીનો રિપોર્ટ, તે ઉપરનો આપ નામદારનો ખરીતો અને મી. મૉન્ટેગ્યુએ તેનો આપેલો જવાબ-આ બધાએ એ અવિશ્વાસમાં માત્ર વધારો કર્યો છે.

૫. આવી સ્થિતિ વચ્ચે મારા જેવાને માટે એક જ રસ્તો ખુલ્લો રહે છે. તે એ કે કાં તો નિરાશ થઈને બ્રિટિશ રાજ્યની જોડેનો સંબંધ તોડી નાખવો, અને નહિ તો જો હાલનાં બધાં રાજ્યબંધારણોમાં બ્રિટિશ રાજ્યબંધારણના ચડિયાતાપણા વિષે મને હજુ યે શ્રદ્ધા હોય તો એવો કોઈ માર્ગ ગ્રહણ કરવો કે જેથી થયેલા અન્યાયનું પરિમાર્જન થાય અને ઉડી ગયેલો વિશ્વાસ

પાછી આવે. બ્રિટિશ રાજ્યબંધારણની ઉત્તમતા વિષેની મારી શ્રદ્ધા હજુ યે મેં નથી ગૂમાવી; અને જાતે દુઃખ સહન કરવાની પૂરતી શક્તિ પ્રજા બતાવી શકશે તો હજુ યે કોઈ ને કોઈ રીતે પણ ન્યાયનું પલ્લું નીચું નમશે એ આશાને હું ત્યાગી શકતો નથી. અલબત્ત બ્રિટિશ રાજ્યબંધારણ વિષેની મારી કલ્પના જ એવી છે કે માથું ઉંચુ રાખનારને જ એ મદદ કરે છે. નબળાંનું એ રક્ષણ કરી શકે છે એમ હું નથી માનતો. માત્ર જોરાવર જ એના આશરા હેઠળ ફૂલેફાલે છે; દુબળાં રેખડી મરે છે.

૬. આમ બ્રિટિશ રાજ્યબંધારણને વિષે મને શ્રદ્ધા છે એ જ કારણથી સુલેહના કોલકરારોમાં બ્રિટિશ પ્રધાનોનાં વચનો અને મુસલમાન લાગણી ધ્યાનમાં લેવાઇને ઘટતા ફેરફાર ન થાય તો મારા મુસલમાન ભાઇઓને આપની સરકાર જોડેનો સહકાર બંધ કરવાની અને હિંદુઓને તેમાં ભળવાની મેં સલાહ આપી છે.

૭. જે મહા અન્યાય બ્રિટિશ પ્રધાનોને હાથે મુખ્યત્વે કરીને થયો. અગર જે કરવામાં ઓછામાં ઓછું બ્રિટિશ પ્રધાનો ભાગીદાર બન્યા, તેને વિષે પોતાનો જોરભર્યો નિષેધ દર્શાવવાને ત્રણ માર્ગ મુસલમાનો સન્મુખ ખુલ્લા હતા.

(૧) ખૂનામરકી ચલાવવી.
(૨) આખી કોમે એકી વારે હિજરત અથવા દેશનો ત્યાગ કરવો.
(૩) સરકારની જોડેનો સહકાર બંધ કરી અન્યાયની ભાગીદારીમાંથી નિકળી જવું.

૮. આપની જાણમાં હશે જ કે એક એવો પણ વખત હતો કે જ્યારે મુસલમાનોમાંનો સૌથી સાહસિકમાં સાહસિક—અવિચારી તો ખરે જ—વર્ગ ખૂનામરકીની તરફેણમાં હતો. તેમ હિજરતની બૂમ પણ હજુ છેક નથી સમી. હું કહીશ કે અસાધારણ ધીરજપૂર્વક દલીલો કરી કરીને આ ખૂનામરકીની હિમાયત કરનારા વર્ગને તેમના વિચારોથી પાછા વાળ્યાનો હું દાવો કરી શકું. હું

કબૂલ કરૂં છું કે માત્ર ઉપયોગિતાની દૃષ્ટિએ જ હું આમ કરાવી શકયો છું; નીતિની દૃષ્ટિએ હું તેમની પાસે ખૂનામરકીને અગ્રાહ્ય નથી મનાવી શકયો, તેમ કરવાનો મેં પ્રયત્ન પણ નથી કર્યો. પરિણામે હાલ તરતને માટે ખૂનામરકીના વિચારો છોડી દેવાયા છે. હિજરતની હિમાયત પણ તદ્દન ન અટકી હોય તોપણ મોળી તો જરૂર પડી ગઇ છે. હું માનું છું કે જેમાં મોટા પ્રમાણમાં આપભોગની જરૂર પડે છે અને પ્રજા મોટા પ્રમાણમાં અમલમાં મૂકી શકે તો જે વડે કાર્યસિદ્ધિ થવાની પ્રજાને ખાત્રી લાગે એવો કોઈ સ્વાવલંબનભર્યો કાર્યક્રમ પ્રજાની સમક્ષ મૂકવામાં ન આવ્યો હોત તો સરકાર તરફનું ચાહે તેટલું દબાણ કે સખ્તાઇ પણ ખૂનામરકીને ફાટી નિકળતી અટકાવી શકત નહિ. અસહકાર એ એક જ આવો ખાનદાનીભર્યો અને કાયદેસર સ્વાવલંબનભર્યો કાર્યક્રમ હતો, કારણ જે રાજ્યકર્તા પોતાનો રાજ્યધર્મ મૂકી કુરાજ્ય ચલાવે તેને મદદ આપવાની ના પાડવી એ પ્રજાનો સનાતન કાળથી સ્વીકારાયેલો હક્ક છે.

૯. આની સાથે સાથે જ હું એ પણ કબૂલ કરી લેવા ઇચ્છું છું કે આજે પ્રજાની મોટી સંખ્યાને હાથે અસહકાર અમલમાં મૂકાય તેમાં ગંભીર જોખમો તો રહેલાં છે જ. પણ આજે આ દેશના મુસલમાનોની સામે જે ગંભીર સવાલ ઉભો થયેલો છે તે બીનજોખમી ઇલાજોથી સુધરી શકે એવી આશા ઓછી છે. આજ થોડું ઘણું યે જોખમ ખેડવા તૈયાર ન થવું એ ઘણા જ મોટા જોખમને નોતરવા જેવું અથવા કદાચ સુલેહશાન્તિનો સંપૂર્ણ નાશ માથે ઓઢી લેવા જેવું છે.

૧૦ પણ આવા અસહકારમાંથી બચવાનો હજુ પણ રસ્તો છે. મુસલમાન ભાઇઓએ તેમની અરજીમાં દક્ષિણ આફ્રિકાના મામલામાં આપની પહેલાંના નામાંકિત વાઇસરૉયે કર્યું હતું તેમ આપને પણ આ મામલામાં આગેવાની લેવા વિનંતિ કરેલી છે. પણ તેમ કરી શકવાને જો આપ આપની જાતને

અસમર્થ ગણો અને અમારે અસહકાર કરવો જ પડે, તો મને આશા છે કે જેમણે મારી સલાહ સ્વીકારી છે તેઓ તેમ જ હું આ મામલામાં પોતાની એકમાત્ર ચોકખી ફરજના વિચાર સિવાય બીજા કોઇ પણ જાતના હેતુથી સામેલ થયા નથી એમ માનવાનું શ્રેય આપ અમને આપશો.

૧૨. પ્રજામતને માન.

૧. [સરકારની નાની ભૂલો આપણે જતી કરીએ; પણ દેશના આત્માને હણનારી પહાડ જેવડી ભૂલો સરકાર કરે અને માફી માગવાની વાત તો દૂર રહી પણ ભૂલનો ઇન્કાર કરે તો એ શેતાની વૃત્તિ નહિ તો બીજું શું?] સરકારની ફરજ છે કે તેમણે ચોકખા સવાલનો ચોંકખો જવાબ આપવો; અને જો સરકાર ચોકખી રીતે પોતાનો બચાવ ન કરી શકે તો સરકારે પોતાની ભૂલ ખેંચી લેવી જોઇએ. હું સૂચવું છું કે એમ સરળભાવે ભૂલ સુધારવામાં જે સત્તા રહેલી છે, જે મરતબો રહેલો છે, તે બિનજવાબદાર મગરૂરી અને ઉડાઉ જવાબમાં નથી રહેલાં.

૨. ઇન્સાફ અને રાજ્યનીતિ ચોકખાં રાખવાં અને રખાવવાં એ રાજાની તેમ જ પ્રજાની ફરજ છે. મેલી રાજ્યનીતિ એ રોગની જેમ છે; અને જેમ રોગને ઉગતો ડંભવો જોઇએ તેમ અનીતિવાળી રાજ્યનીતિ તરત બંધ થાય એવા ઇલાજ પ્રજાએ લેવા જ જોઇએ.

૩. [જેમ સરકારમાં સત્તા છે તેમ પ્રજામાં પણ છે. માત્ર તેને ઓળખી વિવેકસર વાપરતાં આવડવું જોઇએ. જ્યારે સરકાર પ્રબળ લોકમતની વિરુદ્ધ જાય, ત્યારે પ્રજાથી હાથ-પગ જોડીને કેમ બેસી રહેવાય? અને અન્યાય તો સહન ન જ થાય. તેથી અનીતિ અટકાવવા માટે તેણે પોતાની સત્તાનો ઉપયોગ કરવો રહ્યો. અન્યાયી સરકારનાં અસહકારને અંગે, વખત આવ્યે સરકારની નોકરી કોઇ ન કરે, તેમ જ તેની સંસ્થાઓમાં કોઇ જાય જ નહિ. સ્વદેશીનું પાલન કરે, કર ન આપે, બિનકાયદેસર તથા ગેરવ્યાજબી કાયદાનો

જંગ કરે, લશ્કરોને હથિયાર છોડવા વિનવે અને છાતી મરવાની બીક ન રાખતાં ગોળીઓ ઝીલે, પણ ન નમે. આમ કરે તો જરૂર અન્યાયી રાજ્યનીતિ દૂર થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, તેમ તેમ મને સ્પષ્ટ લાગતું જાય છે કે આપણે કર નહિ આપવાને સારૂ હજુ લાયક નથી જ થયા, જે માણસ પૈસા બચાવવાના ઇરાદાથી કર નહિ આપે તે તો ચોર છે, અને ચોરોની મારફતે આપણે સ્વરાજ્ય નહિ લઇએ. તે તો ચોરરાજ્ય હશે. જેની મારફતે આપણે સ્વરાજ્ય મેળવીશું તેનું અને તેનું તે રાજ્ય થશે. અને તેથી જ હું પ્રજાને કહી રહ્યો છું કે મારી મારફતે પણ પ્રજા રાજ્ય ન મેળવે. ગાંધીરાજ્ય પણ સ્વરાજ્ય નહિ હોય. તેથી મારો તો એ જ લોભ રહે કે બધા મારા જેવા, એટલે જેટલે અંશે મારામાં સંયમ હોય તેટલે દરજ્જે તો ઓછામાં ઓછા સંયમી, સત્યવાદી, દઢ, આગ્રહી, ઉદ્યોગી, શાંત અને નિર્ભય થાય. આ ઉપરથી આપણે જોઈ શકીએ કે આપણે મદદ લેતાં પણ વિચાર કરીએ. હું ઘણી વેળા સાથીઓને ચેતવું છું કે પોતાની ઉતાવળમાં તેઓ ગમે તેની મદદ ન મેળવે. પોતાના સાધનો શુદ્ધમાં શુદ્ધ રાખે. જે શસ્ત્રવૈદ્ય પોતાનાં શસ્ત્રો ચોકખાં નથી રાખતો, ધારદાર નથી રાખતો, તે કોઈ વાર તો દર્દીનો નાશ કરે છે, હમેશાં તેને નકામું દર્દ આપે છે. એથી આપણે સમજવું જોઇએ કે જ્યાંસુધી ખેડુતવર્ગ શાન્તિના માર્ગે આપભોગ દેવામાં દેશકાર્યમાં કેળવાયેલો નથી ત્યાંસુધી તેને કર ન દેવાને રસ્તે વળગાડવો એ મહાપાપ છે અને તેનું પરિણામ આપણે જ ભોગવવું પડશે.

૪. આપણે શાંતિથી વિચારીશું તો જણાશે કે સ્વદેશીના સંપૂર્ણ અમલ પછી આપણને બીજું કશું કરવાપણું રહેશે નહિ. હું જેમ જેમ વિચાર કરૂં છું તેમ તેમ મને લાગે છે કે આપણે સિપાઇઓને હથિયાર મૂકવાની કે કર ભરનારાઓને કર ન દેવાની સલાહ આપવાની પણ જરૂર નહિ રહે. આપણે જો

બહિષ્કાર સંપૂર્ણરીતે કરી શકીશું તો પછી થોડાકને જ કાયદાનો સાદર અનાદર કરી જેલ જવાનું રહેશે અને થોડાકને ભોગ આપવો પડશે. એટલે આપણે ગમગીન, હતાશ કે નાહિમ્મત થવું ન જોઇએ. કેમકે કાયદાનો સવિનયભંગ સુખેથી કરવાનાં આપણી પાસે ઘણાં બીજાં સાધનો પડ્યાં છે.

૫. તમે અંત્યજ, એકતા અને રેંટિયાની શરતો પાળવાને તૈયાર હો તો તમે આ સલ્તનતને કર ન આપજો અને કહેજો કે 'ચોકખા થઇ આવો અને પછી કર લઇ જજો. અમારા ભાઇઓને છોડો તો કર લેવા આવજો. એમ નહિ કરો અને તમારે કર લેવા જ હશે તો તમારે અમારાં ઘર વેચવાં પડશે, અમને કેદમાં લઇ જવા પડશે, અમને મારવા પડશે.' પરંતુ જો આ શરતો પાળવાને તમે તૈયાર ન હો તો તમે આવતી કાલે જ જઇને કર ભરી આવજો, મને તમારી મદદ ન જોઇએ. શરતો પાળ્યા વિના હું તમને જેલ મોકલી નહિ શકું, અને છતાં તમારે જેલ જવું હોય તો ચોરી કરીને, લૂંટફાટ કરીને જેલ જવાના ઘોરી રસ્તા તમારે માટે પડેલા જ છે. [હિંદી સરકારે હિંદી પ્રજાની ઇજ્જત ઉપર અને મુસલમાનોના ધર્મ ઉપર હાથ નાખ્યો છે. એટલે એનામાં રહેલી દુષ્ટતાનો સંગ કોઇ પણ હિંદી ન જ કરી શકે.] ઇસ્લામની વતી બોલવાનો અધિકાર તો ઇસ્લામના આલિમ કે ઉલમાઓનો જ હોય પણ હિંદુધર્મની વતી અને હિંદી રાષ્ટ્રધર્મની વતી તો હું લેશ પણ સંકોચ વગર કહું છું કે જે સરકારે હિંદના મુસલમાનો જોડે વિશ્વાસઘાત કર્યો છે અને જે પંજાબના અમાનુષી અત્યાચારોની ગુન્હેગાર છે, તેની લશ્કરી કે મુલકી કોઇ પણ જાતની નોકરી કરવી દરેક હિંદીને માટે મહાપાતક છે.

૬. આ વાત અનેક સભાઓમાં સિપાઇઓની સમક્ષ હું કહી ચૂક્યો છું. અને આટલો વખત પ્રત્યેક સિપાઇને અંગત વિનવણી કરીને સરકારની નોકરી મૂકી દેવાનું મે નથી કહ્યું તેનું કારણ એ નથી કે તેમ હું ઇચ્છતો નથી, પણ કારણ એટલું જ છે

કે તેમને આજીવિકા આપવાનું સાધન આજે મારી પાસે નથી. અલબત્ત એ સિપાઇઓ જો મહાસભા અથવા ખિલાફત કામિટીની મદદ વગર પોતાનું ગુજરાન કરી શકે તેમ હોય તો તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સરકારી નોકરીમાંથી નિકળી જવાનું તેમને કહેતાં હું નથી અચકાયો.

૭. હું એટલી પણ ખાત્રી આપું છું કે જે ક્ષણે રેંટિયો દરેક ઘરમાં કાયમનું સ્થાન પામશે અને કાપડ વણીને હરકોઇ માણસ ગમે ત્યારે નિર્મળ આજીવિકા મેળવી લઇ શકે છે એ વાત હિંદીઓને હૈયે વસી જશે તે જ ક્ષણે ગોળીએ વિંધાવાનું જોખમ ખેડીને પણ હું દરેક લશ્કરી સિપાઇને તેની બંદુક હેઠી મૂકી વણકર બનવાનું કહેતાં ચૂકવાનો નથી, કારણ શું હિંદી સિપાઇઓનો ઉપયોગ હિંદને ગુલામીમાં જ રાખવાના કામમાં નથી થયો ? શું જલિયાંવાલા બાગમાં નિર્દોષ લોકોનાં ખૂન કરવામાં તેમનો જ ઉપયોગ ન કરવામાં આવ્યો ? ચાંદપુરમાં પેલી ઘોર રાત્રે નિર્દોષ મજુર, સ્ત્રીપુરુષો અને બાળકોને નિર્દયપણે હાંકી કહાડવામાં શું તેમનો જ ઉપયોગ ન થયો ? મેસોપોટેમિયાના માની આરબોને જેર કરવામાં શું તેમને જ વાપરવામાં આવ્યા નહિ ? મિસરવાસીઓને ચગદી નાખવામાં હિંદી સિપાઇઓનો જ ઉપયોગ ન કરવામાં આવ્યો ?

૮. આવી સ્થિતિ વચ્ચે લેશ પણ માણસાઇ ધરાવનારો કયો હિંદી અગર તો પોતાના દીનનું સહેજ પણ અભિમાન ધરાવનારો કયો મુસલમાન અલીભાઇઓના કરતાં જૂદી ભાવનાને પોતાના હૈયામાં સ્થાન આપી શકે ? સાચે જ હિંદી સિપાઇનો ઉપયોગ દીન દુખળાની સ્વતંત્રતા અને ઇજ્જતના રક્ષણના કરતાં ભાડુતી મારા તરીકે જ વધારે વેગા થયો છે.

૯. નામદાર વાઇસરૉયે એક પ્રસંગે કહેલું કે "આન્દોલનની ધમકીથી પોતે જરૂરની ધારેલી નીતિનો કોઇ સરકાર ત્યાગ કરે જ નહિ." એનો વિરોધી અને સાચો, પ્રજાતત્વને પોષનારો, રાજા-પ્રજા બન્નેને

ચલાવનારો સિદ્ધાન્ત તો આ છેઃ "પ્રજા જેની સામે ભારે આન્દોલન કરે તેવી નીતિનો બધી સરકારે ત્યાગ કરવો જ જોઇએ." અને તેથી જ હું વારંવાર કહી રહ્યો છું કે જ્યાંસુધી સરકાર પ્રજામતની સામે પોતાની હઠને વળગી રહે છે ત્યાંસુધી ઇંગ્લાંડથી ગમે તેવા સુંદર સુધારાઓ આવે તે નિરર્થક છે.

૧૦. પશ્ચિમમાં તો પ્રજામતને ખુશીથી કે પરાણે અધિકારીવર્ગને નમવું જ પડે છે એવું આપણે નિશાળમાં શીખીએ છીએ અને પશ્ચિમ તરફથી આવતી ખબરોથી જાણીએ છીએ. હિન્દુસ્થાનમાં પ્રજામતને નમવું એ રાજ્યને ઝાંખપ લગાડે એવું છે એમ જો સરકાર માનતી હોય તો એ મિથ્યા ભ્રમણા છે એવું સહેજે બતાવી શકાય એમ છે. રામચંદ્રે છૂપી રીતે બતાવવામાં આવેલા પ્રજામતને તાબે થઇને સીતાજીનો ત્યાગ કર્યો તેનાં કવિઓએ વખાણ કર્યાં છે અને તેને સારૂ આજસુધી રામચંદ્ર પૂજાય છે. જ્યાંસુધી એ રાજ્યનીતિનો હિંદુસ્થાનમાં પુનરુદ્ધાર ન થાય ત્યાંસુધી પ્રજા શાન્ત અને સુખી ન જ થઇ શકે.

૧૩. ઝુંબેશ.

૧. જ્યારે કોઇ જાહેર પ્રવૃત્તિમાં ખૂનામરકી કે મારફાડને ધર્મવૃત્તિપૂર્વક દૂર રાખવામાં આવે છે ત્યારે તે શુદ્ધમાં શુદ્ધ અને સૌથી નિર્મળ પ્રવૃત્તિ થઈ પડે છે. પછી એવી પ્રવૃત્તિને કચરી નાખવાનો કોઇ પણ પ્રયત્ન એ પ્રજામતને જ કચરી નાખવાનો પ્રયત્ન કરવા સમાન છે. અને સરકારની દમાણુની નીતિ એ એવો જ પ્રયત્ન છે એ વિષે હવે શંકાને કારણુ નથી રહ્યું. હું શામાટે મારો દૃઢ વિશ્વાસ બાપોકાર જાહેર ન કરૂં કે

(૧) આ સરકારની કોઇ પણ નોકરીમાં—અને તેમાં યે ખાસ કરીને તેના લશ્કરી સિપાઈ તરીકે—કામ કરવું એ પાપ છે.

(૨) દારૂ ઈત્યાદિ કેફી પીણાં પીવાં એ પાપ છે.

(૩) પરદેશી કાપડ વાપરવું એ પાપ છે.

(૪) ખાધાખોરાકીનાં અનાજ અગર તો રૂ કપાસનાં જુગાર કે સટ્ટા ખેલવા એ પાપ છે.

૨. સરકાર જોઇએ તો સામી ચળવળ ચલાવીને પોતાનાં મુલકી તેમ જ લશ્કરી ખાતાંઓને માટે નોકરો ભલે મેળવી લે; જોઇએ તો લોકોને દારૂ પીવા અને પરદેશી કાપડ વાપરવા લલચાવી ધરાય; જોઇએ તો અનાજના કે રૂના સટ્ટા પણ કરે અને એ રીતે જ્યાંસુધી દેખીતી આંખે કે અજ્ઞાનને લીધે એનું સાંભળનારા અને એની જોડે સહકાર કરનારા લોકો મળી આવે ત્યાંસુધી ભલે રાજ્ય કર્યે જાય. પણ જે દિવસે એવા લોકોનાં પડળ ખુલ્લી જશે અને તેમની ઉલટી જ દિશાએ ખાત્રી થશે તે દિવસે સરકાર જમીનદોસ્ત થવાની.

૩. જેમ હું દારૂડિયાઓમાં અને સટોડીઆઓમાં તેમને તે આડમાર્ગેથી પાછા વાળવાની મારી પ્રવૃત્તિ ચલાવું છું તે જ ન્યાયે સિપાઇને પણ મારી દૃષ્ટિએ તેની ફરજ શું છે એ મોંઢામોંઢ કહી સંભળાવવાનો હું અલબત્ત હક્ક ધરાવું છું. દેશમાં શું ચાલી રહ્યું છે તે વાતથી સિપાઇને અંધારામાં રાખવાનો કંઈ સબબ? શું સરકારને એવો ડર છે કે જો કદિ સિપાઇને સાચી હકીકતની જાણ થશે તો તે ઘડી વાર તેની નોકરીમાં રહેશે નહિ? જે સરકારનામાં ખરૂં સત્ છે તે તો પોતાના સિપાઇઓને રજેરજથી વાકેફ રાખે અને છતાં પોતા પ્રત્યેની વફાદારીમાંથી તેમને ડગવા ન દે. પણ હિંદુસ્થાનમાં તો શું સુલેહ, શું રાજ્યભક્તિ કે શું લોકમત, બધું જ સંગીનના જોર પર જાળવવામાં આવે છે. માત્ર લોકોને જ નિઃશસ્ત્ર રાખવાની કાળજી રખાય છે.

૪. આપણી ફરજ તો સ્પષ્ટ છે. આપણે તો જ્યાંસુધી આપણે સીધી કે આડકતરી રીતે ખુનામરકીના કારણ ન બનીએ ત્યાંસુધી ફાંસીને લાકડે ચડીને પણ જે મત આપણા અંતરાત્માને યોગ્ય જણાયો છે તે મતને વળગી રહીને અને તેને છડેચોક જાહેર કરીને જ આપણો હક્ક સિદ્ધ કરવો રહ્યો એ જ શાંતિમય અસહકારની આ ઝુંબેશનો સાર છે. આ લડત અધી લડી આપણને ન જ પાલવે. તેનો પાર આણ્યે જ છૂટકો છે. આ સરકાર આ દેશની આમપ્રજાના હિતના વિરોધી એવા પોતાના ખાસ સ્વાર્થો ખાતર જ આ દેશમાં પડેલી છે એ જો ખરૂં હોય તો તેણે ચાહે તે ભોગે પણ પોતાની બેઠક જમાવ્યે રાખવી રહી; અને એ દિશાએ તેના તરફથી થનારા પ્રયત્નોની સામે આપણે રોષ ન જ કરીએ. વળી સ્વતંત્ર ઢબના લોકમતને દાબી દેવાની વાત આ સરકારની કારકીર્દિમાં નવી શોધ જેવું તો કશું છે જ નહિ. સરકારના આ ગુણોથી પ્રજા પૂર્ણ પરિચિત છે અને તેથી જે તંત્રના આશ્રય હેઠળ તે આ બધા ગુણો ઝળકાવી શકે છે તે તંત્રનો નાશ કરવાને હિંદુસ્થાન આજે મથી રહ્યું છે.

૫. એ અદૃશ્ય સ્વાર્થો હિંદની કાચી પેદાશોને ઉદરની ઢબે ફાવી ખાવામાં અને એ કામમાં અંતરાય ન આવે એટલા સારૂ હિંદુસ્થાનને હંમેશને માટે પરદેશીઓના ઉપર આધાર રાખી નભવું પડે એટલું નમાલું કરી મૂકવામાં-મતલબ કે આપણા જ ઘરમાં આપણને કેદી બનાવવાની પેરવીઓમાં-રહેલા છે. અને જે રાજ્યતંત્ર આ બધી પેરવીને સારૂ સ્થાપવામાં આવ્યું છે તેના એક હાથમાં ઇનામો તથા ભેટસોગાદો અને બીજા હાથમાં સજાઓ અને સખ્તી રહેલાં છે. જેઓ એ તંત્રને સહાય કરે છે તેમને ઇલ્કાબો અને ખિતાબોના રૂપમાં ઇનામો મળે છે અને જેઓ એને મિટાવવા કે સુધારવા મથે છે તેમના પર સજાઓ અગર કાળા કેર પણ વર્તે છે. તેથી ઉઘાડે માથે પોતાના મત જાહેર કરનાર બધાને જ ગૂંગળાવી મારવાનો અને પોતાના ખાસ સ્વાર્થોને ધક્કો પહોંચાડનારી દરેક પ્રવૃત્તિને દાબી દેવાનો સરકાર તો મરણિયા બનીને પણ પ્રયત્ન કરવાની જ.

૬. આપણે રખે એવા ભૂલાવામાં પડીએ કે સરકારે ઉદાર બનીને છેલ્લી ઘડી સુધી ગમ ખાધી અને છેલ્લી હદ થઇ ત્યારે જ હાથ ઉપાડયો. આપણે જાણવું જ જોઇએ કે આ સરકાર એ દુનિયાએ બીજે કદિ ન જોયેલું એટલું સામર્થ્ય અને દક્ષતા ધરાવનારૂં મંડળ છે. એ વખત જોયા કરે છે. એ પોતાના વિરોધીઓને ગેલ પણ કરવા દે છે. પણ જે ઘડીએ લોકો ગેલ છોડી ગંભીરપણે હિસાબ કરી લેવા માગે છે એમ જૂએ છે તે જ ક્ષણે તે પોતાના પંજાનો થાપો મારે છે. જે લૂંટારો પોતે ચોરી લીધેલો માલ પાછો મેળવવા માલધણી જ્યાંસુધી બાલિશ પ્રયત્નો કરતો રહે ત્યાંસુધી તેને તેમ કરવા દે પણ તેને સાચું જોર કરતો અને વિજયી થતો જોતાંની સાથે જ ભોંયભેગો કરી દેવા તૈયાર છે તેને ઉદાર કોણ કહેશે?

૭. ત્યારે સરકારના હાથનાં હથિયાર ન બનવામાં જ આપણી દક્ષતા રહેલી છે. એ ચાહે તેટલાને કેદ પૂરે, ચાહે તેવી નરમ કે સખ્ત સજાઓ કરે અને આપણને ચીડવવાને આકાશ-પાતાળ

એક કરે, તોપણ મિજાજ ખોઇને ઘેલા ન જ બનવામાં અને આપણે હાથે કયાંક ને કયાંક મારફાડ કે ખૂનામરકી કરાવવાના પ્રયત્નમાં તેને સંપૂર્ણપણે નિષ્ફળ કરવામાં જ અપણી જીત રહેલી છે, આપણે ફાંસીને લાકડે ચડતાં ન ડગવું જોઇએ.

૮. આમ આપણે માટે એક જ ઇલાજ (અને તે અકસીરમાં અકસીર) છે અને તે એ કે સરકારને આપણે આપણી સામે તેની ઇચ્છામાં આવે તેટલું દોડી ધરાવા દેવી. આપણી પ્રવૃત્તિની સામેનાં તેનાં ભૂંડામાં ભૂંડાં પગલાં પણ હિંદુસ્થાનને માટે રૂડાંમાં રૂડાં પરિણામ લાવનારાં જ થઇ પડવાનાં એવી અટળ શ્રદ્ધા ધરીને તેના ચાહે તેટલા દબાણની સામે પણ લગીરે ન ડગતાં આપણે આપણા માટે રેંટિયા અને હાથસાળને દેશવ્યાપી કરી મૂકવાના નક્કી કરેલા કાર્યક્રમમાં છેવટ સુધી જેવી ને તેવી દૃઢતાથી ધપ્યે જવું અને માનવું કે બલિદાનને અંતે દેશનાં દુઃખનું નિવારણ રહેલું જ છે.

૧૪. બેઠો બળવો.

૧. અમે આ જોરાવર સરકારની તાકાતને પડકારી રહ્યા છીએ કારણુ એની પ્રવૃત્તિને અમે કેવળ દુષ્ટ અને અમંગળ માનીએ છીએ. અમે આ સરકારને ઉથલાવી પાડવા માગીએ છીએ, તેને પ્રજાની ઇચ્છા આગળ નમવાની ફરજ પાડવા માગીએ છીએ, અમે બતાવી આપવા માગીએ છીએ કે સરકારની હસ્તી પ્રજાની સેવાને સારૂ છે; પ્રજાની હસ્તી સરકારની સેવાને સારૂ નથી. આ સરકારની હકૂમત હેઠળ માણુસને છૂટા રહેવું આજે અસહ્ય થઇ પડયું છે, કારણુ તેવા રહેવાને માટે આજે જે કિમ્મત આપવી પડે છે તે હદબહારની છે. આપણે અગણિત હોઇએ કે ભલે એક જ હોઇએ, પણુ સ્વમાન ગુમાવીને અગર તો આપણા જીવજાન સિદ્ધાંતનું મૂલ્ય આપીને એવી સ્વતંત્રતા લેવાની આપણે ચોકખી ના જ પાડીએ. નાના બાળકોને સુદ્ધાં જ્યારે તેમના ચોક્કસ હેતુની કોઇ આડે આવે છે ત્યારે હઠીલા કહેવાઇને પણુ પોતાના હેતુને મક્કમપણે વળગી રહેતાં મેં જોયાં છે; પછી માબાપની નજરમાં વાત ભલે વિસાત વગરની હોય.

૨. [સત્યાચરણુ ફક્ત કોઇ એક જ વ્યક્તિ કરી શકે એમ નથી. જનસમુદાય પણુ તે કરી શકે છે; માત્ર તેને એક થતાં આવડવું જોઇએ.] એકતાનું વાતાવરણુ જ્યારે જનસમૂહમાં દૃઢ થાય ત્યારે જ તે પ્રજા એક કહેવાય. આમ જ્યારે અહિં થશે ત્યારે પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે પ્રજાની સામે બે માર્ગ ખુલ્લા રહેશે. એક તો તલવાર ખેંચી ખૂનામરકીની લડાઇ માંડવાનો,

અને બીજો જાતે અહિંસામય રહી સરકારની સામે બેડો બળવો પોકારવાનો. આ બેમાંથી અસહકારીઓએ કેટલાકોએ નબળાઇની લાગણીથી તો કેટલાકોએ બળને પરિણામે-શાંતિનો એટલે કે જાતે દુઃખ સહન કરી આત્મયજ્ઞ કરવાનો-કુરબાનીનો માર્ગ-પકડ્યો છે.

૩. કાયદાનો નિરાદર સંપૂર્ણ સત્યાગ્રહની ઝુંબેશે પહોંચે એટલે તે બેડો બળવો કહેવાય. એમાં લોહી રેડવાનું ન હોય, એમાં ખૂનખરાબી કે જોરજબરાઇ ન હોય; એમાં જાતે લોહી આપવાનું, જાતે કુરબાન થવાનું હોય.

૪. સત્યાગ્રહી બળવાખોર રાજ્યની સત્તાને ગણત્રીમાંથી જ કહાડી નાખે; પોતે બહારવટિયો બને અને નીતિને બાધ ન હોય એવા રાજ્યના પ્રત્યેક કાયદા સામે બહારવટું કરે. દાખલા તરીકે, તે રાજ્યના કર આપવા ના પાડે; પોતાના રોજના વ્યવહારની હરકોઈ બાબતોમાં તેની આણ માનવાનો ઈન્કાર કરે; તે રજા વગર દાખલ ન થવાને લગતા મનાઇ કાયદાને ભાંગે અને લશ્કરી સિપાઇઓ જોડે ગુફતગો કરવા સારૂ તેમનાં ડેરાછાવણીઓમાં વગર પરવાનગીએ દાખલ થવા પોતાને સ્વતંત્ર સમજે. તે પીકં પરના પહેરાને વિષે નક્કી કરવામાં આવેલી મર્યાદાઓનું ઇરાદાપૂર્વક ઉલ્લંઘન કરે અને બાંધી આપેલી હદની અંદર પેસીને દારૂડિયાઓને વિનવે. આ બધું કરવામાં પોતે કદિ શરીરબળ ન વાપરે અને પોતાની સામે શરીરબળ વાપરવામાં આવે તોપણ કદિ પોતે તેનો સામો ઉપયોગ ન કરે. હકીકતમાં એવો સત્યાગ્રહી જેલ તેમ જ બીજા શરીરબળના પ્રયોગ પોતાની જાત ઉપર માગી લે.

૫. આવો યજ્ઞ સત્યાગ્રહી ત્યારે જ અને એટલા કારણ સર જ આદરે કે જ્યારે એને જે શારીરિક સ્વતંત્રતા ભોગવવા મળતી હોય તે કેવળ ફારસ રૂપ હોય અને તેથી તે ભોગવવી તે તેના આત્માને નરી વિડંબના હોય. એ વિચારે છે કે રાજ્ય તેના શહેરીને તે જેટલે સુધી તેના કાયદાકાનુનોને માન આપે છે

તેટલી જ હદ લગી અંગત સ્વતંત્રતા ભોગવવા દે છે. મતલબ કે સંજ્યના કાયદાને તાબે રહેવું એ દરેક શહેરીને પોતાના અંગત સ્વતંત્રતાને સારૂ આપવું પડતું મૂલ છે. આ સ્થિતિમાં પોતાનાં સુખ સ્વતંત્રતા કાયમ રાખવા ખાતર કોઇ પૂરા કે અધૂરા અન્યાયી રાજ્યને તાબે રહેવા તૈયાર રહેવું એ અધર્મ જોડે સહિયારૂં કર્યા સમાન છે. અને જેને રાજ્યની એવી સેતાનિયતને વિષે શંકા નથી રહી તે શહેરીને એવા જાલિમની દયા ઉપર પોતાની સ્વતંત્રતા ઘડી પણ નભાવવી માથાનો ઘા જ થઇ પડે છે. અને તેથી તે નીતિનિયમોની હદમાં રહેતો છતો એવા રાજ્યને પોતાને કેદ કરી પૂરી દેવા ફરજ પડાવવા મથે છે. જેઓની માન્યતા તેના જેવી ન હોય તેવા લોકોને આવો માણસ સમાજમાં એક બલા રૂપ પણ લાગે.

૬. આમ વિચારતાં સત્યાગ્રહ એ આત્માની પીડનો ભારેમાં ભારે પોકાર અને અધર્મી રાજ્યની હસ્તી સામે જબરામાં જબરો જીવતો વાંધો છે. અને દુનિયાની બધી સુધારણાનો ઇતિહાસ શું આવો જ નથી? સુધારકોએ એકાદી પાપી પ્રથાને દફનાવવાની ઝુંબેશ દરમિયાન પોતાના જ લોકોની ઘૃણા માથે લઇને પણ ઘણી વાર તે પ્રથાને લગતાં નિર્દોષ ચિહ્નોનો સુદ્ધાં શું ત્યાગ નથી કર્યો?

૭. આમ જ્યારે કોઇ લોકસમૂહ જેની હકુમત હેઠળ પોતે આટલો વખત રહ્યો તેની આણ માનવી છોડી તેનો ત્યાગ કરે, ત્યારે તેણે લગભગ તેનું પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું કહેવાય. 'લગભગ' એટલા સારૂ કહું છું કે તેમ કરનારાઓ જ્યારે રાજ્ય તેમને તેમની પ્રવૃત્તિમાંથી શરીરબળનો ઉપયોગ કરીને અટકાવશે ત્યારે સામો શરીરબળનો ઉપયોગ કરીને 'હું કે તું' નો હિસાબ નહિ કરે.

૮. તેમનું કામ તો જ્યાંસુધી રાજ્ય તેમની સ્વતંત્રતાને કબૂલ ન રાખે, એટલે કે તેમની ઇચ્છાને ન નમે, ત્યાંસુધી વ્યક્તિના

પેઠે જ એ રાજ્યને હાથે ગિરફતાર થઇ કેદ પૂરાવાનું અગર તો તેની ગોળીઓથી વિંધાવાનું જ રહ્યું. ત્રણ હજાર દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ ૧૯૧૪ ની સાલમાં આ જ રીતે ટ્રાન્સવાલની સરકારને રીતસર નોટિસ આપીને તેના પરદેશીઓની વસાહતના કાયદાનો ભંગ કરી ટ્રાન્સવાલની સરહદમાં પ્રવેશ કરેલો અને તેમને કેદ કરવાની ટ્રાન્સવાલ સરકારને ફરજ પાડેલી. અને જ્યારે એ સરકાર એક બાજુએ તેમને ખૂનામરકી કે મારફાડ કરવા ઉશ્કેરવાની દિશાએ મથી થાકી અને બીજી બાજુએ તેમને મહાત કરીને પોતાની સત્તા કબૂલ કરાવવામાં પણ તેવી જ હારી, ત્યારે અંતે તે નમી અને હિંદીઓની માગણીઓ કબૂલ કરી.

૯. આમ સત્યાગ્રહીઓનો કોઇ પણ સમૂહ ફોજ અગર લશ્કર જેવો જ છે, અને તેને લશ્કરી જીવનને લગતા બધા જ નિયમો લાગુ સમજવાના છે. ઉલટા સામાન્ય લશ્કરના નિયમોના કરતાં એ વધુ આકરા અને અઘરા છે, કારણ આ સેનાના સિપાઇના જીવનમાં સામાન્ય સિપાઇના જેવું ખૂન ચડવાને અને તે જીરવવાને સારૂ ગાંડાતુર બનવાને અવકાશ નથી. બીજી બાજુએ એ પણ સાચું છે કે સત્યાગ્રહીઓનું લશ્કર 'જૈસે કુ તૈસા' ના જુસ્સાથી મુક્ત હોય, જેથી તેમની વૃત્તિમાં વેર કે વિકાર ન હોય; એટલે ઓછામાં ઓછી સંખ્યાથી તે પોતાનો ઉદ્દેશ સાધી શકે. ખરે જ એક જ પૂરો સત્યાગ્રહી અધર્મની સામે ધર્મની લડાઇમાં જય મેળવાને સારૂ બસ છે.

૧૦. લશ્કરની ઉપમાને ફરી એકવાર લઇએ તો લશ્કરનાં જે દળો લડાઇમાં ન ઉતરતાં સજ્જ રહ્યાં રહ્યાં બાજુએ ઉભાં રાહ જૂએ છે અને પ્રસંગ જોયાં કરે છે તેઓ લડાઇમાં મોખરે રહી પ્રત્યક્ષ લડી રહેલાં દળોથી લડાઇમાં કોઇ રીતે ઓછો ભાગ લે છે એમ ન જ કહેવાય. એક જ પ્રસંગ આવા અખતરાઓ ચાલુ હોય તે વેળાએ અણુ વ્યક્તિઓ દ્વારા સત્યાગ્રહ અખત્યાર કરવાનો સંભવી શકે છે. જો સરકાર પ્રજાને હાથે

થનારી શાંત સ્વદેશીની પ્રવૃત્તિમાં પણ ડખલ દે અને કનડગત કરે તો જે કોઇના સ્વદેશીના કાર્યમાં એવી અઘટિત ડખલ થાય તે હરહાલતમાં બેલાશક સરકારના હૂકમોને કોરે મેલે અને જાલિમના રોષની વેદિ ઉપર કુરબાન થાય. દાખલા તરીકે, કાંતતાં શીખવવા અગર ઠેકઠેકાણે રેંટિયા ચાલુ કરાવવા જનારા કાંતકામના કોઇ શાસ્ત્રીની સામે મનાઇ હુકમ નિકળે તો એવા હૂકમનો ઘડીની વાટ જોયા વગર અનાદર કરી તેણે જેલને વહાલી કરવી ઘટે. બાકી બીજી બધી બાબતોમાં મને અત્યારે સૂઝે છે ત્યાંસુધી દેશના એક ભાગમાં નીતિની મર્યાદાઓ કાયમ રાખીને રાજ્યના બની શકે તેટલા કાયદા ભાંગવાની દિશાએ પ્રજાએ ઇરાદાપૂર્વક હૂમલો ચલાવેલો હોય તે ઘડીએ બાકીના આખા દેશે બધા હૂકમો અને સૂચનાઓને ધર્મબુદ્ધિપૂર્વક માન આપવું, એ જ સૌથી સારો માર્ગ છે.

૧૧. [આ લડત આમવર્ગની જ હોવાથી તેઓએ તે ચલાવીને ફત્તેહમંદીથી પાર ઉતારવી રહી. તેથી જ તે વર્ગમાં જાગૃતિ આવવાની પ્રથમ આવશ્યકતા છે. અને તેથી] આમવર્ગ અસહકારીઓની મુખ્ય મૂડી થઇ પડી છે. એ તો ખુલ્લું છે. એમને અમે અકાળે છેડવાના નથી જ. તેમની પાસે વગરજોખમે કામ લઇ શકવા વિષે ખાત્રી થતાં સુધી અમે ધીરજપૂર્વક તેમને કેળવ્યે જવાના. અમારા ધ્યેયને વિષે ભૂલાવામાં પડવાની જરૂર જ નથી. અહિંસા જાળવવાની અમને ઠીક ઠીક ખાત્રી આવશે, ચિત્તને ઉકાળનારા સંજોગો સામે પણ એ અહિંસાને ટકાવી રાખવા જેટલો અમારામાં આત્મવિશ્વાસ આવશે, તે જ ઘડીએ લશ્કરી સિપાઇને તેનાં હથિયાર હેઠાં મૂકી દેવાનું અને ખેડુતવર્ગને તેમનાં મહેસુલ આપતાં અટકવાનું કહેવા અમે ચૂકવાના નથી. અમે ખસ દિલથી ઇચ્છીએ છીએ કે એવું કરવાનો વખત જ અમને ન આવે. એટલું ગંભીર પગલું ભરવાનું ટાળવાને અમે અમારી તરફથી કમાલ કરીશું. પણ એ બધું છતાં આખરે જો જરૂર ઉભી થશે જ અને એ દિવસ

આવશે જ તો તે દિવસે અસહકારીઓને હાથે એ પગલું પણ તેટલી જ દૃઢતાપૂર્વક ભરવામાં મીનમેખ થનાર નથી.

૧૨. જો પ્રજા આ ઝુંબેશમાં અસહકારીઓની પાછળ હશે તો કાં તો સરકારને નમ્યે છૂટકો છે, નહિ તો જમીનદોસ્ત થયે છૂટકો છે. જો પ્રજા અસહકારીઓની મદદગાર નહિ હોય તો તેમને ઓછામાં ઓછો પોતાની સ્વતંત્રતા ન વેચ્યાનો સંતોષ તો મળશે જ. તલવારની લડાઈમાં સામાનું વધુ લોહી રેડી શકનારની મોટે ભાગે જીત થાય છે. શાંતિનો અને આપભોગનો માર્ગ એ પ્રજામતને કેળવવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે અને તેથી તેની જીત એ દુનિયાની દૃષ્ટિએ સત્યની જ જીત છે.

૧૫. અંગદવિષ્ટિ.

૧. સભ્ય યુદ્ધનો નિયમ છે કે જ્યારે યોદ્ધામાં સંપૂર્ણ બળ ખીલે છે ત્યારે તે સંપૂર્ણતાએ નમ્ર બને છે. ત્યારે તો તે વિનયને છોડતો'જ નથી. દરેક યુદ્ધને પ્રારંભે એ પ્રતિસ્પર્ધીને બરોબર ચેતવણી આપે છે, તેને સાવધાન કરે છે અને તેને પોતાની ભૂલ સુધારવા અથવા યુદ્ધનું કારણ દૂર કરવા વિનય કરે છે.

૨. આવો વિનય રામે રાવણ સાથે કર્યો હતો. જ્યારે રામચંદ્ર સેતુબંધ રામેશ્વર પહોંચી ગયા ત્યારે પોતાની વાનરસેના એકઠી કરી વિચારવા બેઠા કે હવે રાવણને ચેતવણી આપવી તે કોણ આપે? ઘણાને તો આ પગલું અનાવશ્યક લાગ્યું. કેટલાકે તો તેમાં કમજોરી જોઈ. રાવણ જેવા અભિમાનીને વિનય કરવો એ તો તેના અભિમાનને ઉત્તેજન આપવા બરોબર થયું. રામે આ દલીલો ધ્યાનપૂર્વક સાંભળી અને સેનાને સમજાવ્યું કે રાવણ ઉપર વિષ્ટિની અસર થાય કે નહિ એની ફીકર રામના લશ્કરને કરવાની ન હોય. રામનું લશ્કર તો પોતાની સભ્યતા વિચારે. રાવણ તેથી વધારે ગર્વમાં આવશે તો વધારે ગાફલ રહેશે. તેમાં રામને શું? રામ જ્યારે ચેતવણી આપે ત્યારે રામમાં એટલા ધર્માચરણથી વધારે બળ આવે જ. તેમણે બળવાન્ ધીરજવાન્ વિનયવાન્ અંગદને શોધ્યો અને અંગદવિષ્ટિ કરી. રાવણ તો છેડાયો. એ કંઇ મનાવ્યો માને? પણ એણે રાજ્ય ખોયું, પાટ ખોયું.

૩. તે જ સભ્યતાના પ્રાચીન નિયમને અનુસરીને આપણે વાઇસરૉય સાહેબને વિષ્ટિપત્ર મોકલ્યો. તે તો નહિ માને. તેનું આપણને શું? પણ નહિ માને તેથી આપણું બળ ખૂબ વધવાનું.

જગત્ પણ આપણી તરફ વધારે વળશે. આપણું જગત્ તે આપણા ભાઇઓ, કે જે હજુ આપણને ભૂલેલા માની સરકારને મદદ દઇ રહ્યા છે.

૪. આ સરકારે પોતાનો કાબુ હંમેશાં લોકોનું ધ્યાન ચૂકાવીને ટકાવ્યો છે. દર્દ એક હોય અને બતાવે બીજું. બંગાળીઓને ભાગલાનું દર્દ હતું. તે દર્દને માટે તેઓનાથી ગોળા ફેંકાયા તો તે ગોળા ફેંકવાને દર્દ કહી પહેલું દર્દ ભૂલાવી દેવાનો પ્રયત્ન કર્યો અને ગોળાને બહાને નિર્દોષને રંજાડવા અને લોકોને નપુંસક બનાવવાની યોજના રચી. તેવું જ દર્દ રૉલૅટ ઍક્ટનું. તે દર્દની ધૂનમાં પંજાબને સન્નિપાત થયો. એ સન્નિપાતને મટાડવા સારૂ હત્યાકાંડ રચ્યો અને મૂળ દર્દને છૂપાવવા પ્રયાસ કર્યો. હવે ખિલાફત, પંજાબ અને સ્વરાજ્ય એમ ત્રિવિધ તાપથી હિંદુસ્થાન પીડાય છે, પીડાથી સળગી ઉઠ્યું છે. અંતરાગ્નિથી કોઈ વેળા ગાંડપણ આવી જાય છે. એ ગાંડપણને મૂળ દર્દ ગણી સરકાર દમનનીતિ ચલાવે છે. આમ મૂળ દર્દને ભૂલાવવું, તેનાં પરિણામોને દર્દ મનાવવું અને તે મટાડવા દમનનીતિ ચલાવવી, એવો કાયદો થઇ પડયો છે.

૫. હવે આપણે અનુભવે શીખ્યા કે સરકારને લોકોને ભમાવવાનો અવકાશ ન જ આપવો. મૂળ દર્દને મટાડે કે નહિ એ તો બાજુ પર રહી શકે છે, પણ મૂળ દર્દથી થતાં ઉપદ્રવોને અસલ દર્દ મનાવી તેને દબાવવાનો પ્રયત્ન આપણે ન કરવા દઇએ. એવા પ્રયત્નથી જ આજસુધી સરકારે પોતાની સત્તા જમાવી છે. સરકારની ભૂલથી કે આપખુદીથી લોકોને દર્દ થાય અને તેથી કદાચ લોકો ભાન પણ ભૂલે તો તેને દબાવવામાં પોતાની આપખુદી ભૂલાવી દેવી એ આપણે ન ચાલવા દઇએ. એ હથિયાર હંમેશાંને સારૂ છીનવી લેવાય, તો પછી સરકાર આપખુદ રહી જ ન શકે. જ્યાં દમનનીતિ બંધ થઈ ત્યાં આપખુદીને બદલે લોકમતનું રાજ્ય ચાલે.

૬. સારે નસીબે સરકારે જ દમનનીતિ શરૂ કરીને એ મુદ્દો ઉભો કર્યો છે. આપણે બીડું ઝડપી લેવું જોઇએ. સરકારને ઇચ્છા હોય તેટલું દુઃખ આપે, પણ આપણી (૧) ખિલાફત, (૨) પંજાબ, (૩) સ્વરાજ્યની ત્રિવિધ માગણીમાં આ એક ચોથી માગણી થઇ અને તે સર્વોપરી જ હોવી જોઇએ. સરકાર દમનનીતિ ચલાવી ન જ શકે એવો સમય આપણે લાવી મૂકવો જોઇએ.

૭. પ્રજામતને વશ થવા ન ઇચ્છે તે સરકાર હંમેશાં પ્રજાપોકારને રૂંધવાં મથે છે. જ્યારે તે રૂંધી ન શકે ત્યારે હારી જાય છે. આપણી વાચા ખૂલે, આપણાં વાજીંત્ર છપાય અને આપણે સંઘો છૂટથી બનાવી શકીએ ત્યારે આપણે છૂટા જેવા જ છીએ; ત્યારે ત્રણ ચતુર્થાંશ સ્વરાજ્ય સ્થપાઇ ચૂક્યું. પ્રજાપોકાર જ સરકારને ફરજ પાડવા સારૂ બસ થઇ જાય. સ્વરાજ્યનો એ એક અર્થ છે જ કે આપણે ઇચ્છાનુસાર વર્તી શકીએ, બોલી ચાલી શકીએ. પછી અંકુશ માત્ર ખૂન ઉપર રહે છે. ખૂન કરવાનો હક્ક તો આપણને સ્વરાજ્યમાં યે નહિ મળે.

૮. તે વિજ્ઞપ્તિપત્રમાં સૂચવ્યું છે કે જો સરકાર શાંત કાર્યોને સારૂ પકડાયેલા કેદીઓને છોડી મૂકે અને દમનનિતિ બંધ કરે તો આપણે સવિનય ભંગ હાલ તરતને સારૂ બંધ કરીશું. તીવ્ર સવિનય ભંગ એ કે જેમાં વ્યક્તિ કે સમુદાય જાણીજોઇને સત્તાનો અનાદર કરવા સારૂ નિર્દોષ મનુષ્યકૃત કાયદાઓનો પણ મર્યાદાસર ભંગ કરે. કેવળ દોષિત કાયદાઓ કે હુકમોનો સવિનય ભંગ એ અનિવાર્ય છે અને તેથી તે શીતભંગ છે. તે વિના તો રહી જ ન શકાય. એટલે કે સરકાર આપણાં મોં બંધ કરે છતાં આપણે બોલીએ, સભાબંધી કરે છતાં સભા ભરીએ છાપાં બંધ કરે છતાં તે લખી પ્રગટ કરીએ. આ બધો શીત સવિનય ભંગ છે. જો સરકાર આપણી વાચા, આપણી કલમ અને આપણા સંઘને સ્વતંત્ર થવા દે તો સરકારે આપણી માગણીઓ થોડા કાળમાં સ્વીકાર્યે જ છૂટકો.

૯. બોલીને કે લખીને પ્રજામત જાહેર કરવાનો હક્ક પણ સરકાર કબૂલ ન કરે તો પછી તીવ્ર સવિનય ભંગ કર્યા વિના કેમ ચાલે ? અમુક હદલગી માણસ આડા હાથ જ આપે પણ પછી તો તે ચડાઇ પણ કરે છે. તીવ્ર ભંગ એ એક પ્રકારની શાંત ચડાઈ જ ગણાય.

૧૬. અહંભાવની ધૂન.

૧. મૌલાના અબ્દુલ કલામ આઝાદે પોતાના મહાન્ સંદેશામાં સાચું જ કહ્યું છે કે અસહકારી જેલીઓની મુક્તતા મેળવવાના મોહમાં પડીને સરકાર જોડે અકાળે સમાધાનીની વાત છેડવી તદ્દન અનુચિત છે, કારણ સરકાર કે પ્રજા બેમાંથી એકે હજુ કશી સમાધાની ઉપર આવવાની મનોદશામાં નથી.

૨. બ્રિટિશ–સિંહ આપણી સામે પોતાનો ખૂની પંજો ઉઠાવી ઘૂરકવાનું જ્યાંસુધી ચાલુ રાખે છે, ત્યાંસુધી કશી સમાધાનીની અપેક્ષા કરી જ કેમ શકાય ? લૉર્ડ બર્કનહેડ પાર્લમેન્ટમાંથી સંભળાવે છે કે બ્રિટિશ પ્રજા હજુ જેવી ને તેવી ખડતલ છે અને તેનાં કાંડાંબાવડાં સાબૂત છે, એ આપણે યાદ રાખવું. મી. મૉન્ટેગ્યુ કશા આડપડદા વગર આપણને સંભળાવી રહ્યા છે કે બ્રિટિશ પ્રજા દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજા છે; તેના હેતુમાં ડખલ દેવાનું સાહસ કરનાર ખત્તા ખાશે. પાર્લમેન્ટમાં થયેલા તેમના ભાષણના જે તારો આવ્યા છે તેમાં મૉન્ટેગ્યુ સાહેબના મોંના શબ્દો આવા છેઃ—

"જો અમારી સલ્તનતની હસ્તી સામે જ કોઇ ઉઠશે, જો હિંદને લગતો બોજો અદા કરવામાં બ્રિટિશ સરકારને કોઇ અટકાયત કરવા નિકળશે અને જાણે અમે હિંદમાંથી પડચે બોલે ચાલી નિકળીશું એવી ભ્રમણામાં પડી જો કોઇ મનમાની માગણીઓ કરશે તો તેમ કરનારાઓ ખત્તા ખાશે. દુનિયાની આ નિશ્ચયીમાં નિશ્ચયી પ્રજાને પડકારીને તેઓ ખાટી નહિ જાય; અને તેવાઓને ઠેકાણે લાવવાને બ્રિટિશ જાતિ ફરી એક વાર પોતાનું બધું પુરુષાતન અને નિશ્ચયીપણું દેખાડી આપશે."

૩. લૉર્ડ બર્કનહેડ અને મી૰ મૉન્ટેગ્યુ બન્નેને ભાન નથી કે દરિયાપારના દેશોથી જેટલા આણીને ઉતારી શકાય તેટલા બધા જ 'સાબૂત કાંડાંબાવડાંવાળા' એનો ભેટો કરવા હિંદુસ્થાન આજ તૈયાર છે અને પડકાર તો બ્રિટિશપ્રજાને આજનો નહિ પણ ૧૯૨૦ ની કલકત્તાની મહાસભાએ ખિલાફત, પંજાબ અને સ્વરાજ્યની ત્રિવિધ માગણી પાર ઉતાર્યા વિના ન જંપવાનો પ્રજાકીય નિશ્ચય જાહેર કર્યો તે દિવસથી જ અપાઇ ચૂક્યો છે. આમાં સલ્તનતની હસ્તીને જરૂર પડકાર છે અને બ્રિટિશ સલ્તનતના આજના હવાલદારો જો ભલીભલાઇએ એ સલ્તનતમાંથી સરખા હક્કવાળા ભાગીદાર મિત્રો મરજીમાં આવે ત્યારે ખાનદાનીની રીતે એકબીજાથી છૂટા થાય એવી જ છૂટા પડી જવાની મુખત્યારીવાળી સ્વતંત્ર પ્રજાઓનો એક પ્રજાસંઘ બનાવી દેવા તૈયાર નહિ થાય તો એ પણ નક્કી સમજવું કે 'દુનિયાની સૌથી નિશ્ચયી પ્રજા'નું એ બધું પુરુષાતન અને નિશ્ચયીપણું અને એ બધાં 'સાબૂત કાંડાંબાવડાં' હિંદુસ્થાનના અજેય અને અભેદ્ય ટેકને છૂંદવાના અટ્ટહાસ્ય પાછળ ગારદ કરવાં પડવાનાં છે. હિંદની ભાતખાઉ નબળી પ્રજાએ હવે વધુ વખત કોઇના જ વાલીપણા નીચે રહ્યા વગર તેમ શસ્ત્ર સુદ્ધાં હાથમાં લીધા વગર પોતાની સ્વતંત્રતા ઘેર કરવાનો નિશ્ચય કર્યો દેખાય છે. સ્વ૰ લોકમાન્યના શબ્દોમાં કહીએ તો એને તે પોતાનો 'જન્મસિદ્ધ' હક્ક સમજે છે અને ચાહે તેટલાં 'સાબૂત કાંડાંબાવડાં' સામે તેને ઝૂઝવું પડે અને ચાહે તેવડા પુરુષાતન અને નિશ્ચયીપણાની સામે તેને ટક્કર દેવી પડે તોપણ એ જન્મસિદ્ધ હક્ક સાબિત કરી બતાવવાની તેની ટેક છે.

૪. મી૰ મૉન્ટેગ્યુ કે લૉર્ડ બર્કનહેડની ઉદ્ધતાઇનો જવાબ હિંદુસ્થાન ઉદ્ધતાઇથી ન જ વાળે. પણ જો હિંદુસ્થાન પોતાની પ્રતિજ્ઞાને વફાદાર રહેશે તો આ બલાના પંજામાંથી છોડવવાની તેની પ્રાર્થના ઇશ્વરને ત્યાં કદાપિ સંભળાયા વગર રહેવાની નથી. સત્તાના કેફથી અને દુર્બળ પ્રજાઓને ચૂસીને મદાન્ધ બનેલી કોઇ જ

સલ્તનત આજસુધી દુનિયામાં લાંબો કાળ નભી નથી, અને જો દુનિયા ઉપર કોઇ ન્યાયી ઇશ્વર રાજ્ય કરી રહ્યો હોય તો આ 'બ્રિટિશ સલ્તનત' જે દુનિયાપરની શરીબળમાં નબળી પ્રજાઓને વ્યવસ્થાસર ચૂસવાના અને સદાસર્વદા પશુબળના જ જોર પર બધે પોતાનો દોર ચલાવવાના સિદ્ધાંત ઉપર ખડી થયેલી છે—તેને ધૂળમાં મળ્યા વગર આરો નથી. બ્રિટિશ પ્રજાનાં આ કહેવાતા પ્રતિનિધિઓને ભાળ સરખી છે ખરી કે એમના એ 'સાબૂત હાડાંગાવડાં'વાળા બ્રિટિશોને પેટ ભરી ભરીને લુટી મરવા સારૂ હજુ આટલા ટૂંક વખતમાં પણ હિંદ પોતાના કેટલા સુપુત્રો આપી ચૂક્યું છે?

૫. ચોરીચોરાના ગોઝારા બનાવે હિંદી રાષ્ટ્રે આદરેલા એ એકધારા યજ્ઞમાં વિઘ્ન ન નાખ્યું હોત તો એ બ્રિટિશ–સિંહ પણ પેટ ભરીને દેખત કે તેની સામે હિંદ શુદ્ધમાં શુદ્ધ લસલસતા શિકારોના કેવડા ગંજ કરી શકે છે. પણ પ્રભુને ઘેર તે મંજુર નહોતું.

૬. પણ ડાઉનિંગ સ્ટ્રીટ અને વ્હાઇટ હૉલના બ્રિટિશ પ્રતિનિધિઓને આથી નાઉમેદ થવાનું જરા યે પ્રયોજન નથી. તેઓને તેમનું પુરુષાતન પૂરેપૂરૂં અજમાવી છૂટવાના રસ્તા મોકળા છે. હું જાણું છું કે દરિયાપારથી આવેલી આ ઉદ્ધત ધમકીને વિષે હું આકરી ભાષા વાપરી રહ્યો છું, પણ બ્રિટિશ પ્રજાએ પણ એક વાર છેલવેલ્લું જાણી લેવું જરૂરી છે કે ૧૯૨૦ થી આરંભાયેલી આ હિંદુસ્થાનની લડત હવે આખરની લડત છે, પછી તે મહિનો ચાલો કે વર્ષ ચાલો કે ઘણા મહિના ચાલો કે વર્ષોનાં વર્ષો ચાલો; અગર તો પછી જોઇએ તો બ્રિટનના પ્રતિનિધિઓ એમાં સત્તાવનના બળવા વેળાના બધા અકથનીય ખેલ ખેલો કે એને પણ ભૂલાવે એવા બીજા સિતમો શોધી શોધીને ભજવો યા કશું ન કરો. હું તો અહોનિશ પ્રભુ પાસે એટલું જ માગ્યા કરૂં છું કે હે ઇશ્વર! આ લડતમાં તું હિંદુસ્થાનને આખર સુધી અનન્ય ભાવે અહિંસાપરાયણ

અને નમ્ર બન્યા રહેવાનું બળ આપજો. બાકી પ્રસંગો જોઇ વખતો-વખત દરિયાપારથી મોકલવામાં આવનારી આવી ઉદ્ધત ધમકીઓ આગળ બંદાગુલામ બની રહેવું એ તો હિંદુસ્થાનને સારૂ હવે કેવળ અશક્ય વસ્તુ છે.

૧૭. જૂલમ સામે સંયમ.

૧. દમનનીતિ ઉપરથી સરકાર ખૂનામરકી નોતરી રહી છે એવું કોઇ અનુમાન કહાડે તો શી નવાઈ? ડૉ. વરદરાજુલુ અને બીજાઓ સામેના મુકદ્દમાઓમાંના એક પણ દાખલામાં તેમાં જણાવેલા લેખ કે ભાષણથી ખૂનામરકી થયાનો પૂરાવો નથી. આમ સરકાર પોતે જ પોતાના કાયદાનો ગુન્હાખોરીભર્યો ભંગ કર્યાની દોષી છે. વળી આમાં ખમનાર વ્યક્તિના હાથમાં સરકારની સામે કાયદેસર ઇલાજ કયો રહે છે? જ્યારે કોઇ સરકાર પોતાના નીચ હેતુઓ બર આણવાની ખાતર પોતાના જ કાયદાઓ જોડે વ્યભિચાર આદરે ત્યારે તેની સામે કાયદામાં શિક્ષા ક્યાંથી જડે?

૨. તેથી જ્યારે કોઇ સરકાર આમ વ્યવસ્થાપૂર્વક કાયદા વગરની બને ત્યારે તેના કાયદાઓનો સવિનયભંગ એ ધર્મ થઇ પડે છે, અને એ સરકારમાં અગર એના કાયદા રચવામાં જેમનો હિસ્સો નથી હોતો એવા લોકોને માટે તો એ એક જ ઉપાય છે. બીજો પણ ઉપાય છે, અને તે સશસ્ત્ર બળવો કરવાનો. કાયદાનો સવિનયભંગ એ એવી ખૂનરેજીની અવેજીનો ઉપાય છે, અને તે સંપૂર્ણ, સચોટ અને ખૂનખરાબાથી રહિત છે. વળી એ પણ ઠીક છે કે એવા અન્યાયી અને ગેરકાયદે હુકમોનું પણ પાલન કરીને નમૂનેદાર સંયમ કેળવીને અને તાલીમ મેળવીને આપણે કાયદાના સવિનય ભંગને સારૂ જોઇતું વાતાવરણ ઉત્પન્ન કરીએ છીએ, કારણ તેમ કરીને એક બાજુએ સરકારનો જૂલમી સ્વભાવ વધુ ઉઘાડો પડયો છે અને બીજી બાજુએ અન્યાયી હુકમોનું પણ અમુક સમય સુધી ઇરાદાપૂર્વક અને આપણા

પોતાના બળથી પાલન કરીને આપણે તેના ભંગને માટે વધારે લાયકાત મેળવતા થયા છીએ.

૩. વળી એ પણ એટલું જ યોગ્ય છે કે હજુ આજે પણ કાયદાના એવા સવિનય ભંગનું ક્ષેત્ર જેમ બને તેમ મર્યાદિત રાખવામાં આવે છે. આપણે સમજવું જોઇએ કે જેમ કોઇ ભ્રષ્ટ અને પ્રજાનિન્દિત સરકાર સુધરેલા સમાજમાં રોગ સમાન હોઇ એક અસ્વાભાવિક વસ્તુ છે તેમ કાયદાઓનો સવિનય ભંગ એ પણ એક અસામાન્ય સ્થિતિ છે.

૪. તેથી જે શહેરીએ રાજ્યના કાયદાઓનું સ્વેચ્છાપૂર્વક પાલન કરવાની બાબતમાં સંપૂર્ણ તાલીમ લીધેલી છે તે જ જુજ પ્રસંગો પર ઇરિદાપૂર્વક પણ વિનયપૂર્વક કાયદાઓનો ભંગ કરીને એવા ભંગને માટે થનારી સજા પોતાને માથે વહોરી લેવાનો અધિકારી થઈ શકે. તેથી જો આપણે ઓછામાં ઓછા સમયમાં મોટામાં મોટા પરિણામની આશા રાખતા હોઇએ તો એક બાજુએ એક મર્યાદિત ક્ષેત્રમાં કાયદાનો જોરાવરમાં જોરાવર ભંગ ચાલી રહ્યો હોય ત્યારે દેશના બીજા બધા ભાગોમાં આપણે બધા કાયદાઓનું સંપૂર્ણ પાલન કરી બતાવવું રહ્યું કે જેથી પ્રજાની સ્વેચ્છાપૂર્વક કાયદા પાળવાની શક્તિ અને કાયદાના સવિનય ભંગની ખૂબીની સમજણ સાથેલાગાં દેખાઇ આવે. ટૂંકમાં હિંદુસ્થાનના કોઇ પણ ભાગમાં જો ઘટતી સત્તા અને પરવાનગી મળ્યા વગર કાયદાના ભંગની સહેજ પણ શરૂઆત થશે તો તે આપણા કાર્યને ભારે હાનિ પહોંચાડશે અને કાયદાના સવિનય ભંગના સિદ્ધાંત વિષેનું આપણું અક્ષમ્ય અજ્ઞાન સિદ્ધ કરશે.

૫. વળી આ ઝઝુમી રહેલા બળવા સામે સરકાર તો સખ્તમાં સખ્ત ઇલાજો લેવા મથશે એ આપણે બરોબર ગણત્રીમાં રાખવું જોઇએ. કારણ સરકારની આખી હસ્તી જ એ લડત ઉપર આધાર રાખે છે. નરી આત્મસંરક્ષણની પ્રેરણા પણ એની પાસે છેક મિટાવી દેવા સુધીની દમનનીતિ અખત્યાર કરાવશે. અને જો તે એમાં

નિષ્ફળ જશે તો અલબત્ત એ અન્તર્ધાન પામશે. મતલબ કે કાં તો એને પ્રજાની ઇચ્છા આગળ નમવું પડશે અગર તો તૂટી પડવું પડશે. આપણે તો મોટામાં મોટો ભય એટલો જ સાચવવાનો છે કે સરકારની પજવણીથી ઉશ્કેરાઇને સુદ્ધાં કોઇને પણ હાથે કયાં યે મારફાડ કે ખૂનખરાબો ન થાય. એમ થાય તો તેમાં આપણી અહિંસાની પ્રતિજ્ઞાનો ચોકખો ભંગ તો છે જ.

૬. પણ એમ એક વાર જાણીબૂજીને ઇરાદાપૂર્વક જાલિમ જોડે ઝુંબેશ માંડીને તેનું સખ્તમાં સખ્ત દબાણ વહોરી લીધા પછી એવાં દબાણ સામે ઉશ્કેરાઇને ઘેલા બનવું એ ગેરવ્યાજબી છે એટલું જ નહિ, પણ આપણી મર્દાનગીને બટ્ટો લગાડનારૂં છે કદાચ મને પકડવામાં આવે, આ શાન્ત બળવામાં ભાગ લેનારા બીજા પણ હજારોને પકડવામાં આવે, કેદમાં મોકલવામાં આવે, તેમના ઉપર હરપ્રકારના ત્રાસ ગુજારવામાં આવે, છતાં બાકીના હિન્દુસ્થાને મિજાજ ન ખોવો જોઇએ. જ્યારે વખત આવે ત્યારે બાકીનું હિંદુસ્થાન ભલે જાતે કાયદાનો સવિનય ભંગ આદરે અને ગિરફતારી, જેલ આવે જૂલમ નોતરે. આપણે કેવળ નિર્દોષોનાં જ બલિદાન લેવાનો જાલિમને ફરજ પાડવા માગીએ છીએ. એવાં નિર્દોષ બાલદાન જ ઇશ્વરને ઘેર રજુ થશે.

૧૮. દમન અને સહનશીલતા.

૧. આખી પ્રજા પ્રત્યે રહેલા અપમાનની ભયંકરતાનું ભાન હજુ આપણને પૂરેપૂરૂં નથી થયું. આપણે એટલા તો પડ્યા છીએ કે આપણી કમ્મર કેટલી વાંકી બની રહી છે તેટલું પણ આંખ ઉઘાડી જોવાનો ખ્યાલ આપણામાં નથી રહ્યો! પણ અપમાનો જ ખરૂં જોતાં પ્રજાઓને માટે તેમના પર જાણીબૂજીને અગર તો ગુસ્સામાં ભાન ભૂલી જઇને કરેલા લત્તાપ્રહારોના કરતાં વધુ અસહ્ય અને વધુ નીચું જોવડાવનારું છે. પેટ ઘસવામાં અગર તો નાકલીટી તાણવામાં ફટકાઓની સજાના કરતાં ઓછી શારીરિક વેદના હતી, અને છતાં કોણ નથી કહેતું કે એવા ફટકાઓના કરતાં પેટ ઘસવામાં અને નાકલીટી તાણવામાં જ હિન્દુસ્થાનની વધુ નામોશી થઇ છે? સલામી કરવામાં શું ભારે ભલું-બૂરૂં રહેલું છે? અને છતાં એવી સલામ જ વાઇસરૉયની હાજરીમાં મુકરર કરી આપેલી નીચાઇ સાથે ન કરવાના અને ઠરાવી આપેલી ઢબે પાછે પગલે પોતાની જગ્યા લેવામાં ભુલ કરવાના અપરાધને સારૂ એક દેશી રાજાને પોતાની ગાદી લગભગ ખોવાનો વખત આવ્યો હતો! એ સલામી ખૂશીની-ખાનદાનીની-નહોતી, મદોન્મત્ત સાર્વભૌમ સત્તાએ પોતાનો દરજ્જો ટકાવવા ખાતર બળજોરીથી કરાવેલી એ સલામી હતી.

૨. જે ક્ષણે હિંદુસ્થાનનાં સ્ત્રીપુરુષ પોતાની અંદરની ખરી મર્દાનગી અગર તો શૂરાતન ઓળખશે તે જ ક્ષણે હિન્દુસ્થાન સ્વતંત્ર છે. પછી દુનિયાની કોઇ પણ સત્તા તેની સ્વતંત્રતા એક ક્ષણને સારૂ પણ અટકાવી શકશે નહિ. [પોતાની મર્દાનગી સીદ્ધ કરવા સારૂ અને પોતે શુદ્ધ થવા સારૂ પ્રજાએ આજે

અસહકાર આરંભ્યો છે. જે સરકારે પ્રજાને નિઃશસ્ત્ર, નિર્બળ અને નિર્વીર્ય કરી મૂકી તેની રાક્ષસી નીતિ જડમૂળથી ઉખેડી નાખવા અસહકારનો પ્રયાસ છે.] ખરૂં જોવા બેસીએ તો તો અસહકારીનો ધર્મ જ અત્યારે પ્રજાની સરકાર તરફની અપ્રીતિને કહી બતાવવાનો અને તે ફેલાવવાનો છે. અસહકારનો સાર જ અત્યારે આ સરકાર તરફની અપ્રીતિ છે. આ દેશમાંના એકેએક અસહકારીની આજે એ માન્યતા છે. ચાલુ સરકાર–એટલે કે રાજ્યતંત્ર કોઈ ચોક્કસ વ્યક્તિ નહિ–દુષ્ટ છે; એના પ્રભાવ હેઠળ હિંદ નિચોવાઇ રહ્યું છે. એના જ પ્રતાપે અગાઉ કદિ ન આવેલી એવી નિર્ધનતા અને તેને પરિણામે દુષ્કાળ અને રોગે દેશમાં ઘર કર્યાં છે. રાજ્યતંત્ર જ હિન્દની આ નાદારીને માટે જવાબદાર છે. બ્રિટિશ પ્રધાનોએ મુસલમાનોને આપેલાં વચનો અલબત્ત તોડ્યાં છે. આ અને એથી પણ કેટલુંયે વધારે દરેક અસહકારી બેશક માને છે અને તેથી જ અસહકાર કરીને એ બદીનો તે નાશ કરવા મથે છે.

૩. તેથી એકે એક કાર્યકર્તાને મારી આગ્રહભરી સલાહ છે કે તેમણે આ સરકાર વિષે ભાષણ કરવું કે બોલવું પણ છોડી દઇ અને માત્ર એની બૂરાઇ જોઇ લઈ સહકાર દ્વારા તેની આણ માનવાનું જ છોડી દેવું અને એવા અસહકાર દ્વારા આ બૂરા રાજ્યતંત્રને સાવ નોખું પાડી એકાકી કરી મૂકવું. હું તો વક્તાઓને પણ ભાષણો કરવાનું જેટલું બની શકે તેટલું ઓછું કરી દઇ મૂગે મોંઢે સ્વરાજ્યસ્થાપના માટે જરૂરી વ્યવસ્થાનું કામ કરવામાં ગૂંથાઇ જવા અને તેટલે અંશે સરકારને સોઇ કરી આપવાની સલાહ આપતાં અચકાતો નથી. તેઓને મારી ખાસ સલાહ છે કે તેઓ બોલવાનું બંધ કરે અને માત્ર કામ કરવાનું જ રાખે. અથવા બોલ્યા વિના ન જ રહી શકે તો લોકોને તેમની મંદતાને સારૂ, તેમના સ્વાર્થલોભને સારૂ વગોવે અથવા તેમના શૌર્યને સારૂ, સ્વાર્થત્યાગને સારૂ, (જ્યાં જૂએ ત્યાં) વખાણે અને વધારે ને વધારે કામમાં પ્રેરે. આપણે એવી

સ્થિતિ લાવી રહ્યા છીએ કે જ્યારે સરકાર સરકારને નિંદવાના ગુન્હાને સારૂ સજા નહિ કરી શકે પણ રેંટિયો ચલાવવાને ગુન્હો ગણે, દારૂ ન પીવાને ગુન્હો ગણે. ખરૂં જોતાં જે પ્રવૃત્તિને સારૂ જ્યાં ત્યાં પકડાપકડી ચાલી રહે તે પ્રવૃત્તિ દારૂનિષેધની છે. આપણે દારૂ ન પીએ અને પરદેશી કાપડ ન પહેરીએ એ સરકારને પરવડે તેમ નથી. આપણા બોલવાનો ભય સરકારને નહોતો, આપણા બોલવાની અસર પડવા લાગી છે એનો ભય છે. રેંટિયો ચલાવવાના ગુન્હા સારૂ, દારૂ ન પીવાના ગુન્હા સારૂ, આપણે પકડાવા લાગીશું તે દિવસે આપણી પૂરી જીત છે એમ સમજવું. સરકારને આપણે દારૂના ત્યાગ અને રેંટિયાના સ્વીકાર સિવાય બીજું કંઈ પણ બહાનું નથી આપવાનું. આ કામમાં આપણે જેટલા વહેલા થઈશું તેટલું વહેલું સ્વરાજ્ય મળશે.

૪. આ પ્રવૃત્તિનો નાશ કરવાના હૂકમો બીજા શબ્દોમાં રેંટિયા શરૂ કરવાની કે દારૂ નિષેધની પ્રવૃત્તિને દાબી દેવા અગર તો તેમાં ડખલ દેવાના અને એ રીતે દંગાતોફાનનો જુસ્સો ઉશ્કેરવાના હૂકમો જ ગણાશે. કારણ કે આડકતરી રીતે પણ લોકોને પરદેશી કપડાં પહેરવાં કે દારૂનાં પીઠાંને આશ્રય આપવાની ફરજ પાડવાનો પ્રયત્ન તેમના જુસ્સાને ઉકાળવાનો જ. પણ આપણી જીત તો આપણે આટલી હદ સુધીની જબરાઈ તેમ જ જુસ્સાની સામે પણ સામો હાથ ન ઉગામતાં જ્યારે આપણી શાંત ડગવા નહિ દઈએ ત્યારે જ છે આપણી ખામોશીથી જ આપણે સરકારના પાગલપણાને જમીનદોસ્ત કરવું જોઈએ. આપણે ઘડી ન ભૂલવું જોઈએ કે પશુબળ જેટલું તેને તાબે થવાથી પોષાય છે તેટલું જ તેની સામે સામુ પશુબળ વાપર્યાથી પણ પોષાય છે.

૫. [રેંટિયો ફેરવવો કે દારૂ ન પીવો એ જ્યારે આ સેતાની સરકારના રાજ્યમાં રાજ્યદ્રોહ ગણાવા લાગશે ત્યારે એનું જડમૂળથી આવી બન્યું જ સમજવું. રાવણરાજ્યમાં વિષ્ણુની છબિ

પોતાના ઘરમાં કોઇ રાખે તે ગુન્હો ગણાતો હતો. આ રાવણરાજ્યમાં ધોળી ટોપી પહેરવી, અદાલતોમાં ન જવું, દારૂ ન પીવો, પરદેશી કપડાં ન પહેરવાં, રેંટિયો ચલાવવો, એ ગુન્હો ગણાય તો નવાઇ નહિ. આપણે બધા જ્યારે એ ગુન્હો કરતા થઈ જઇએ તે જ દિવસે સ્વરાજ્ય છે અથવા આ રાજ્ય તે દિવસે પોતાની પદ્ધતિ બદલશે. કેમકે જો આપણે સાચા થઇએ તો ત્રણમાંથી એક જ વસ્તુ બનેઃ (૧) સરકાર રાજ્યનીતિ બદલી લોકમતને અનુસરે, (૨) રાજ્યનીતિ ન બદલતાં લોકનીતિને ગુન્હો ગણી અસંખ્ય માણસોને જેલમાં મોકલવાનો ફોગટ પ્રયત્ન કરે, અથવા (૩) લોકનીતિ સહન ન થઇ શકે તેમ લોકને દબાવવાનું પણ ન બની શકે તેથી સરકાર હિંદુસ્થાનનો ત્યાગ કરે.

૬. ત્રણે સ્થિતિ આપણે સારૂ ઇષ્ટ જ છે. ચોથી વસ્તુ મારી કલ્પનાની બહાર છે. તે એ કે મૂઠ્ઠીભર આગેવાનો પકડાવાથી લોકો પોતાની ધર્મનીતિને ત્યાગી જે સરકારની નીતિને તેઓ આજ વખોડી રહ્યા છે તેને જ વશ થઇ જાય. મારી ઉમેદ છે કે એ કાળ ગયો છે.

૭. અસહકાર જેવી હિલચાલ સરકાર વગર દબાણે ચાલવા ન જ દે. કોઈ સરકાર એવી હિલચાલને ન ચાલવા દે. એ હિલચાલનો અર્થ એ છે કે જો તે ફત્તેહમંદ થાય તો સરકારનો કારભાર જ અટકે. એવું બનતું અટકાવવાને સારૂ સરકાર પગલાં ભરે જ. [પણ જ્યારે આ લડતનું બળ તોડવાનું સરકારે ધાર્યું જ હોય તો તેવી નીતિ તેણે સ્પષ્ટ કરવી જોઇએ. વળી કોઇ પણ જાતની ધામધૂમ વગર અને ધાર્મિક રીતે બતાવવામાં આવતો વિરોધ તોડી પાડવો એવી જો પોતાની ઇચ્છા ન હોય તો સરકારે તેવું સાફ કહી દેવું જોઇએ. નાના નાના અમલદારોને સરકારની નીતિની ખબર ન હોવાથી સંભવ છે કે તેઓ કમઅક્કલનાં અને ઉદ્ધતાઇનાં પગલાં ભરી બેસે, અને બધા મામલાને એવો બગાડી મૂકે કે સરકારને પસંદ ન પડે. અસહકારની હિલચાલ જંગી સ્વરૂપ પકડે એવો પૂરો

સંભવ છે એટલે આવી હિલચાલ તરફ આંખ આડા કાન કરી ન શકાય. સરકારની નીતિ જાહેર રીતે પ્રગટ થાય એ બધાનું હિત જોતાં ઇચ્છવાજોગ છે.

૮. [સરકારની રાજ્યનીતિ અને લોકમત વચ્ચેનું આ યુદ્ધ છે. જેની પાછળ વધારે ખરાપણું શ્રદ્ધા, નીતિ અને વ્યવસ્થાશક્તિ રહેલાં હશે તેની જીત થશે.] મારો વિશ્વાસ છે કે આપણે આપણા મુકામની ભાગોળ લગભગ આવી પહોંચ્યા છીએ. પણ ફત્તેહ જ્યારે સાવ નજીક આવીને ઉભી રહે છે, ત્યારે એ પગથિયે જોખમો પણ સૌથી વધુમાં વધુ સામાં આવે છે. આ દુનિયામાં આજ સુધીમાં કોઇએ પણ મહાન્ ફત્તેહ, અગાઉની બધી કોશિષો અને જહેમતોને પાછળ નાખી દે એવી એક છેલ્લી અસાધારણ કોશિષ કર્યા વગર મેળવી નથી. ઇશ્વરના ઘરની છેલ્લી કસોટી આકરામાં આકરી હોય છે. પ્રભાત પહેલાંનું અંધારૂં ઘોરમાં ઘોર હોય છે. પ્રસૂતિ પહેલાંની વેદના અસહ્ય જેવી હોઇ પ્રસવને જ વિષે માના મનમાં શંકા ઉઠે છે. તેમ જ આપણો પ્રસૂતિકાળ એ કઠણમાં કઠણ હશે. સેતાનની છેલ્લામાં છેલ્લી લાલચ સૌથી વધુ લોભાવનારી હોય છે. જો સ્વતંત્રતા આપણને પ્યારી હોય તો એ ઇશ્વરી કસોટીમાંથી આપણે અણીશુદ્ધ પાર ઉતરવું જોઇએ; સેતાનની એ છેલ્લી લાલચમાંથી હરભોગે ઉગરવું જોઇએ.

૯. [અસહકારીઓની ચળવળ દાબી દેવા માટે ચડતા ઉતરતા ક્રમનાં અનેક વિઘ્નો સરકાર તેમના માર્ગમાં લાવી શકે છે.] સરકાર અસહકારીઓને માટે ગમે તે દિવસે તાર બંધ કરે, રેલ બંધ કરે, છાપું પણ બંધ કરે. પણ તેથી શું આ લડત ક્ષણ પણ અટકશે ખરી કે? મારી ઉમેદ છે કે ન અટકે. જો આપણને તારના સુખસાધનની ના પાડવામાં આવે તો આપણે ટપાલથી ચલાવી લેવું જોઇએ. ટપાલનો વ્યવહાર પણ અટકાવવામાં આવે તો આપણે ખેપિયાઓનો ઉપયોગ કરવો જોઇએ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે મુસાફરી કરતા આપણા મિત્રો આપણને મહેરબાની દાખલ

મદદ કરશે. રેલ્વેમાં પણ આપણને મુસાફરી કરવા દેવામાં નહિ આવે ત્યારે આપણે વાહનની બીજી રીતોનો અમલ કરીશું. જો આપણે મનથી નિશ્ચયી હોઇશું તો આપણી ગતિ ઉપર ગમે તેટલો કાપ મૂકવામાં આવશે તોપણ આપણે હારીશું નહિ.

૧૦. અસહકાર એવી રીતે કલ્પાયો છે કે તેમાં સરકારનું ઓશીઆળું કશું નથી. એ તો જેમ વધારે વ્યાપક તેમ તેનો વધારે વિજય. છૂટીછવાઇ વ્યક્તિ પણ અસહકાર કરે એ સંભવિત છે અને કલ્પી શકાય તેમ છે, પણ ત્યારે તે કાંઇક જૂદા જ પ્રકારનો હશે. પણ જ્યારે આખા દેશની રગેરગમાં અસહકાર વ્યાપી ગયો હશે ત્યારે તો આપણે નથી પરવા રાખવાના તારની, કે નથી રાખવાના ટપાલની, રેલની કે છાપાની. આ બધાં સાધનો વિના પણ આપણું કામ સરસ ચાલ્યા કરશે. આપણે વિદ્યુત્વેગે એક મોંઢેથી બીજે અને બીજેથી ત્રીજે સંદેશા મોકલી શકીશું. રેલગાડી દ્વારા નેતાઓ એક સ્થાનેથી બીજે સ્થાને ઝડપથી ફરી વળે છે, પણ તે સાથે જ બીજા કેટલા યે કામ ધંધા વિનાના કેવળ ફાલતુ તમાશગીરોને પણ એથી ફરવાનું મળે છે, અને દેશનો નાહક શક્તિક્ષય થાય છે. એટલે સરકારની સાથે સહકારનો કરાર કરી આપનારા સિવાય બીજા બધાને માટે રેલનો ઉપયોગ બંધ કરવામાં આવે તો મને છાંટાભાર દુઃખ ન થાય. અને તેમ થાય તો દેશમાં વસતા સહકારીઓની વસ્તીગણત્રી પણ આપોઆપ જ થઇ રહે.

૧૧. જયાંસુધી આપણા હાથમાંથી ખડિયો અને કલમ ગયા નહિ હોય અથવા તો કાંઇ નહિ તો પત્થરપાટી પણ આપણી પાસે રહી હશે ત્યાંસુધી તો લખીને આપણા વિચાર ફેલાવવામાં અડચણ ન જ આવે-હા, પૂરતા સ્વયંસેવકો જોઇશે ખરા. મને ઘણી વાર કહેવામાં આવ્યું છે કે છાપાની સ્વતંત્રતાની ભારે જરૂર છે. હું કબૂલ કરૂં છું કે સ્વતંત્ર છાપું એ એક સગવડ છે ખરી,

પણ ૧૯૧૯ ના એપ્રિલના સત્યાગ્રહ સમાહમાં મેં બતાવી આપ્યું હતું કે હાથે લખીને વર્તમાનપત્ર કહાડવું અશક્ય નથી. પૂરતા મફત લહીઆઓ મળી જાય તો ગમે તેટલી નકલો કહાડી શકાય. અને અસહકારીઓની પ્રવૃત્તિ માત્ર તેમની કલમમાં જ પર્યાપ્ત થાય તેમાં હું તો ઘણા લાભ જોઉં છું. (આ ઉપરાંત કેટલાક ગેરવ્યાજબી જૂલમી કાયદાઓનો દુરુપયોગ કરીને સરકાર અસહકારીઓને રંજાડી શકે છે પરંતુ સરકારે સમજવું આવશ્યક છે કે ફાવે તેવા ઘોંચપરોણાને તથા લૂંટારૂઓના કરતાં પણ અધમ ગણાતી દમનનીતિને શાંતિથી વધાવી લેવાનો અસહકારીઓએ દૃઢ નિશ્ચય કર્યો છે. બાહ્ય જગતમાં ઉદ્ભવતું એક પણ દુઃખ એવું ન હોય કે જેની સામે વીરતાથી ઉભા રહેવાનું બળ અસહકારીઓએ મેળવેલું ન હોય.

૧૨. [ઘડીભર માની લઇએ કે] જૂલમી કાયદાઓ રદ થશે; પણ તેથી જૂલમ અટકશે એમ માની લેવાનું કારણ નથી. લેબાસ બદલાશે પણ અંદરની વસ્તુ તો એની એ જ કાયમ રહેવાની. આપણે તો એ વસ્તુને જ બદલવા માગીએ છીએ; એ વૃત્તિને પલટાવવા–દિલનો પલટો કરવા–મથી રહ્યા છીએ.

૧૩. અને એ પલટો જો આપણે થયેલો જ જોવો હોય તો આપણે જાતે પ્રથમ પલટાવું જોઇએ. એટલે કે આપણે ચાહે તેટલા જૂલમની સામે પણ અભેદ્ય બનવું જોઇએ. અને જેમ સરકારના અત્યાચાર સામે આપણે સામા અત્યાચાર કરવા પ્રવૃત્ત ન થવું જોઇએ, તેમ સરકારના જૂલમ કે જેલ ઇત્યાદિ ચાહે તેટલાં સખ્ત કે અસહ્ય હોય તોપણ તેનાથી ન હારતાં મનને દૃઢ કરીને ટટ્ટાર જ રહેવું જોઇએ.

૧૪. એક બહાદુર મુસલમાન કેદીને સંયુક્ત પ્રાંતની જેલમાં માથું ફાટી જાય એવી બદબો વચ્ચે ત્રણ દિવસ સુધી તાળું મારી પૂરી રાખવામાં આવ્યો. મને ખબર આપનાર ભાઇએ મને પૂછ્યું કે 'આવી બદબો કોઈ રીતે સહન ન જ થઈ શકે તેણે શું કરવું?' મેં એને દયારહિત છતાં વિચારપૂર્વક આપેલો જવાબ એ હતો કે

'છતાં યે એનાથી માફી તો ન જ મગાય. જોઇએ તો કેદની દિવાલ જોડે માથું પટકીને એ પોતાના પ્રાણ કહાડી નાખે, પણ જાલિમની ઇચ્છાના તાબેદાર એનાથી ન જ થવાય.'

૧૫. અને આ માત્ર મોંઢાનો જ અભિપ્રાય નથી, પણ દક્ષિણ આફ્રિકાના અનુભવોમાંની આ એક વાનગી છે. દક્ષિણ આફ્રિકાની જેલોમાં ગુલાબનાં બિછાનાં નહોતાં. કેટલા યે હિંદીઓને ત્યાં એકાંત કોટડીઓની કેદ ભોગવવી પડેલી. સેંકડોને મેલું ઉડાવવાનાં કામ કરવા પડેલાં. અનેક જણે અપવાસો કરેલા. એક બાઈ, જેને જેલના અધિકારીઓ તરફથી તેને ખપે એવો ખોરાક લેવાની પરવાનગી નહોતી, તે બહાર આવી ત્યારે કેવળ હાડપિંજર રહી હતી; પણ તેનો આત્મા જેવો અને તેવો જ માની અને દૃઢ હતો. દક્ષિણ આફ્રિકાની જેલોમાં ગયેલા એ હજારો હિંદીઓમાંથી શરૂઆતના કાળના એક બે અપવાદો સિવાય એક પણ જેલી કાયર બન્યાનો કે હારીને માફી માગી પોતાનો છૂટકારો મેળવ્યાનો દાખલો મને યાદ નથી. અને પારસી રૂસ્તમજી, ઇમામ કાદર બાવઝીર, થમ્બી નાઈડુ અને બીજા કેટલા યે તો કદિ તલભાર ન ડગતાં ફરીફરીને જેલોમાં જવાનું ચાલુ રાખેલું.

૧૬. આપણી ફરજ તો ચોકખી છે. આપણે ઇસ્લામના રક્ષણને માટે, પંજાબની ઇજ્જતને માટે, સ્વરાજ્યની સ્થાપના કરવા માટે દુઃખ ભોગવવાની, કુરબાની કરવાની, આત્મબલિદાન કરવાની પ્રતિજ્ઞા કરી છે, તેથી સરકાર તરફથી થતી પકડાપકડી અને તેમાં થતી જેલની સજાઓને આપણે વધાવી લેવી જોઇએ. પ્રત્યેક સાચની લડાઈ પાંચ સ્થિતિઓમાં થઇને પસાર થાય છે. દુર્લક્ષની, ઠઠ્ઠાની, નિંદાની, સખ્તી જબરદસ્તીની અને અંતે માનની. થોડા મહિના આપણી તરફ કોઇએ ન જોયું. પછી એક દિવસ નામદાર વાઈસરૉયે એને હસી કહાડવાની તસ્દી લીધી. નિંદા અને વિપર્યાસનો વરસાદ પણ મુશળધાર વરસી ચૂકયો. જૂદાં જૂદાં પ્રાંતના ગવર્નરો તેમ જ અસહકાર વિરોધી છાપાંઓ અસહકારની નિંદાની કમાલ કરી થાકયાં.

હવે સખ્તીની સરહદમાં લડત દાખલ થતી જાય છે. હજુ સખ્તીનો આરંભ છે. એનું સ્વરૂપ પણ હજુ બહુ ઉગ્ર નથી. પણ એવી નરમ કે ઉગ્ર ચાહે તેવી સખ્તી અને દબાણના મારાને પણ ઠાલો થવા દઇને જે લડત ઉગરે છે તેને દુનિયા માનથી નમે છે. એ માન સફળતાનું બીજું નામ માત્ર છે. જો આપણે સાચા હોઇશું તો આ સખ્તીને દિવસેદિવસ નજીક ને નજીક ચાલ્યા આવતા વિજયનું જ ચિહ્ન માનીશું. વળી જો આપણે સાચા હોઇશું તો જેમ આપણે ગમે તેવી સખ્તી સામે પણ હાર નહિ માનીએ તેમ એ સખ્તીનાં પગલાંઓ સામે નપી કે ઉકળીને સામો ઘા પણ નહિ જ કરીએ-તોફાન રમખાણ નહિ કરીએ. આપણે એક વાતની મન જોડે ગાંઠ જ વાળી મૂકવી જોઇએ અને તે એ કે અત્યારે કોઇ પણ સ્થિતિમાં આપણે આપણો હાથ સામો ઉગામવો એ આ લડતને મધ્યદરિયે મૂકી આપઘાત કર્યા બરોબર છે. સત્તા સહેજે મોત કબૂલ નથી કરતી, અને સરકાર પણ પોતાની જાન પર આવી લાગે ત્યારે સખ્તી તો સખ્તીનો આશ્રય લઇને પણ જીવતાં રહેવા છેલ્લાં હવાંતિયાં મારે જ એ આપણે ન ભૂલવું જોઇએ. આ કટોકટીની વેળાએ સંપૂર્ણ ખામોશી અને આત્મસંયમ એ જ એક વહેલામાં વહેલા વિજયની કુંચી છે. સરકાર તો મને પૂરી ઉમેદ છે કે અસહકારની હિલચાલને જેટલી ને તેટલી જ જોસભેર આગળ ધપતી જોશે.

૧૭. મને ખાત્રી છે કે આપખુદી મનાઇહૂકમોનો ભંગ કરી અસહકારીઓ જેલમાં જઇ બેસવા તૈયાર છે. પણ એવો કાયદાનો ભંગ શરૂ કરવાનો સમય હજુ નથી આવ્યો. મનાઇહૂકમોને બીજી પણ એક બાજુ છે. કાયદાનું રક્ષણ તો આપણે હવે ઇચ્છાપૂર્વક નથી ખોળવા માગતા તેથી મનાઇહૂકમો કેટલે દરજ્જે કાયદેસર છે. એ વિષે વાદ કરવામાં કશો જ સાર નથી. આપખુદ અમલ ચલાવવા માગનારી કોઇ પણ સરકારને દરેક વસ્તુ કાયદેસર જ છે અથવા તો તેને તે કાયદેસર બનાવી શકે છે. બાકી જેઓ

સહકારીઓ છે તેમણે અત્યારે હિંદુસ્થાનમાં ચાલી રહેલી સરકારની આ બધી લીલા ક્ષણ વાર વિચારવા જેવી છે ખરી. કારોબારી કાઉન્સિલોના હિંદી સભાસદો તેમ જ લોકોને સોંપાયેલાં ખાતાંઓના કહેવાતા પ્રધાનો પણ આ બધા હૂકમોનો અમલ કરવામાં ગવર્નરોના જેટલા જ સંડોવાયેલા છે. ઘડી વાર માની લઇએ કે અસહકારીઓ બધા દુષ્ટ લોકો છે. છતાં તેમની ઉપર પણ આપખુદ હૂકમો બજાવવામાં આવે એ સ્થિતિથી સહકારીઓ શું સંતુષ્ટ છે ?

૧૮. મારો અભિપ્રાય એવો છે કે દમનીનતિ એટલે આપણું મોઢું બંધ કરવું, આપણા સંઘો વિખેરવા અને આપણાં વાજીંત્રો તોડી પાડવાં; અથવા જ્યારે જ્યારે અમુક સ્થિતિને પહોંચી વળવાને સારૂ જોઇએ તે કરતાં વધારે વેગવાળાં પગલાં ભરવામાં આવે ત્યારે તે અવશ્ય દમનનીતિ કહેવાય. લોકોનો માલ લૂંટવો, નિર્દોષ લોકો ઉપર હુમલા કરવા, કેદીઓની તરફ઼ ઘાતકી રીતે વર્તવું, એમને ફટકા મારવા—એ કોઇ પણ રીતે કાયદેસર, સભ્ય અથવા તો આવશ્યક ન જ ગણી શકાય. આ પ્રમાણે સત્તાવાળા જ જ્યારે મર્યાદાનો ભંગ કરે ત્યારે તેને નિરંકુશ દમનનીતિ એ જ વિશેષણ આપી શકાય.

૧૯. સરકારે ખરા શાન્તિસ્થાપકોની જોડે તેઓ શાંતિનાશક હોય તેવું વર્તન ચલાવ્યું છે. સરકાર તો અશાન્તિને નોતરી રહી છે. જાણે પોતાનો ઉદ્દેશ જ એ ઠરાવી મૂક્યો હોય તેમ તે મુલકને અશાન્તિને માટે તૈયાર કરી રહી છે. પણ એ સામે હું વાંધો ઉઠાવવા નથી માગતો. હું કબૂલ કરૂં છું કે આ અને આથીયે ઝાઝા દમનની આપણામાંના ઘણાએ પ્રથમથી જ આશા રાખી હતી, અને તેમ છતાં હિમ્મત ધરીને અડગ ડગલે આગળ ધસવું એવા નિર્ણય પર આપણે આવ્યા હતા. આજે આપણો આશરો એક ઇશ્વર છે અને તે દહાડે પણ ઇશ્વર જ આપણો આશરો હતો. પરંતુ કંઇ અણધારી મુસીબતો આવી પડે તેને સંભાળી લેવા આપણે અલબત્ત દરેક બનતી ખબરદારી રાખીએ.

૨૦. આ સ્થિતિમાં આપણો ધર્મ શું? આપણે તો સરકારની સખ્તીને આપણી કસોટીનો પત્થર જ સમજીને ચાલવું જોઇએ. જો એ સખ્તીની સામે આપણે ઢીલા ન પડતાં, આપણો સંયમ નભાવ્યાં રહીને આપણું પાણી બતાવી આપીશું તો જ આપણે ચડીશું અને આપણી સાધ્ય વસ્તુને નજીક લાવી શકીશું. જો આપણામાં આપણા સાધ્યને માટે સાચી દાઝ હશે તો હર પ્રયત્ને ગમે તે સ્થિતિમાં પણ, મિજાજ ન ખોતાં આપણે આ કસોટીમાંથી પાર ઉતરીશું. સરકારની જોડે સહકાર કરવા ઇન્કાર કરીને આપણે સરકારની ધીરજની કસોટી કરી રહ્યા છીએ એ તો સાવ ઉઘાડી વાત છે. સરકારને પણ આત્મરક્ષણ તો કરવું જ રહ્યું. એ આત્મરક્ષણનો ખ્યાલ એમની પાસે અમુક હદ સુધી સકામ ધૈર્ય ધારણા કરાવે. પણ એવી ધીરજને પણ હદમર્યાદા હોય જ. એ હદ આવી જાય એટલે પછી એની ધીરજ પણ ઢળે; એ પણ ભાન ભૂલે. એની સામે લડતાં આપણે પણ એની પેઠે જ સામી ધીરજ ખોઇ બેસીએ—સામું ભાન ભૂલીએ, તો તેટલે દરજ્જે આપણે નબળા પડવાના અને સરકારને સામું તેટલું જોર આવવાનું. અહિંસાધર્મ આપણને એ જ શીખવે છે કે સરકાર ગમે તેટલી હદ સુધી મિજાજ ખોઈ બેસે અને ભાન ભૂલે તોપણ આપણે સામા તેમ ન જ કરીએ.

૨૧. અને આ વાત બરોબર ધ્યાનમાં રાખી જો આપણે હાથે તેનો સંપૂર્ણ અમલ થાય તો અંતે સરકારને આપણી આગળ નમ્યે જ છૂટકો છે. હવામાં અફાળેલો હાથ જેમ અફળ જાય છે અને પોતાના મૂળથી ખડી જાય છે, તેમ સરકારની સખ્તીની ધાર પણ આપણી અહિંસા આગળ બૂઠી થઈ જશે અને હિંદુસ્થાનનો અઢી હજાર વર્ષનો જૂનો સનાતન સિદ્ધાંત આપણે આજની નાસ્તિક દુનિયાને ફરી એક વાર ખરો કરી બતાવીશું કે

अक्रोधेन जिने क्रोधं असाधुं साधुना जिने।
जिने कदरियं दानेन सच्चेन अलिकवादिनम् ॥

ભાવાર્થ–' અક્રોધથી જ ક્રોધને જીતવો, સાધુતાથી અસાધુને જીતવો, દાનથી કૃપણને જીતવો અને સત્યથી જ જૂઠાને જીતવો.'

૨૨. સરકારની સખ્તી અને દબાણની સાથે સાથે જ પ્રજા સામી ચડતી જવી જોઇએ, પાછળથી નહિ. કારણ થોડા સમય પૂરતી પણ પ્રજા સરકારી સખ્તી આગળ કાયર થઇ દબાય છે એમ જોશે તો પશુબળ ઉપર ખડી થયેલી સરકાર એનો તેટલા પૂરતો લાભ લેવા પણ કદાપિ ચૂકશે નહિ, પછી પાછળથી ભલે લોકો ફરી માથું ઉંચકે. પશુબળના જોર પર ચાલતી સરકારો ચાલતી ઘડી પૂરતું જ જોનારી હોય છે અને દમનનીતિ ઉપર જ તે ફાલે છે. એ દમનનીતિ જ્યારે અફળ નિવડે છે અને જે હેતુસર અખત્યાર કરવામાં આવેલી હોય છે તે હેતુ જ્યારે તેમાંથી બર આવતો અટકે છે ત્યારે આવી સરકારો સ્વાભાવિક મરણને શરણ થાય છે. જો આપણા આગેવાનો પકડાતાં આપણે તેમનો જુસ્સો આપણામાં ઉતરેલો ન બતાવી આપીએ તો આપણે આપણા આગેવાનોના નામને લજવીએ.

૨૩. બધા સરકારી દબાણને પ્રજાનો સરસમાં સરસ જવાબ તો એ જ હોઇ શકે કે કોઇ પણ જાતનો ખળભળાટ ન થવા દેતાં, જાણે કશું જ અસાધારણ નથી બન્યું એમ માનીએ. પોતપોતાના ઉદ્યોગમાં પરોવાયેલા રહેવું. લૉર્ડ કિચનર જેવો પડ્યો, તેનાથી કંઇ ઇંગ્લાંડે લડાઇ થોભાવી નહિ. 'પોતપોતાના કામમાં પરોવાયેલા રહો' એ જ ઇંગ્લાંડનું સૂત્રવાક્ય રહ્યું. એનું હિંસાબળ પૂરેપૂરૂં તૈયાર હતું. સેનાપતિ વગર કામ લીધે જવાય અગર તો એક પછી એક અગણિત સેનાપતીઓ મળ્યે જ જાય એટલી તૈયારી હતી. આપણે પણ શું આજે અહિંસાબળમાં એટલા તૈયારીવાળા છીએ કે આગેવાનો વગર જ આપણે જેવા અને તેવા જ આપણી લડાઇ ચલાવ્યે જઇએ, એટલે કે આપણી વચ્ચેથી આગેવાનોની અખૂટ સંખ્યા નિકળી આવે?

૨૪. અવિનાશી આત્માને ધારણ કરનાર સ્થૂલ દેહ કાયમને માટે કે ચોક્કસ મુદતને સારૂ પણ આંખ આગળથી ખસતાં જ જે પ્રેમ ઉડી જાય છે તે પ્રેમ આંધળો, અચેતન અને સ્વાર્થી છે. આગેવાન એ સરખેસરખાના દળમાંનો મોખરાનો માણસ છે એટલું જ. કોઇ કોઇને તો મોખરે રહેવું જ રહ્યું અને તે આખી સાંકળમાંના નબળામાં નબળાં મકોડાના કરતાં વધુ જ મજબૂત હોય એમ પણ નથી. આમ જે કોઇને આપણે આપણો મુખી કરીને થાપ્યો તેને પછી આપણે પૂરી વફાદારીથી વળગી રહીને લડયે જવું જોઇએ, નહિ તો આખી સાંકળ તૂટે અને કર્યું કરાવ્યું ધૂળ મળે.

૨૫. મારા આનંદને—જેમાં દેશના હજારો લોકોએ ભાગ લીધો છે એમ હું માનું છું—શરત રહેલી છે. તે શરત એ કે જ્યારે આપણા એકેએક આગેવાનને આપણી વચ્ચેથી પકડી જવામાં આવે ત્યારે પણ ચાહે તેવાં અંતર્ ઉકાળનારા સંજોગો છતાં આપણે સંપૂર્ણ શાંતિ જાળવીએ. સરકાર સુખેથી બધા આગેવાનોને પ્રજા પાસેથી ખૂંચવી લે. તેઓ જોશે કે તેમના એકેએક પ્રયત્નો છતાં જે અપ્રીતિને તેઓ આમ દાબી દેવા મથે છે તે તેમની પાગલ અને અવિચારી સખ્તીને પરિણામે વધારે ને વધારે તીવ્ર જ બનતી જાય છે. પ્રજાની ફરજ તો ચોકખી છે. તેમણે તો તેમના સંગીન કાર્યક્રમનું ચણતર બેખટકે ચણ્યે જવું જ રહ્યું. એમાં જ ભાવિ વિજયની તૈયારી સમાયેલી છે. સરકાર મિજાજ ખોઇ બેસે તોપણ આપણે તો ભેજું સાબૂત રાખીને શાંતિપૂર્વક અડગ રહી આપણું કાર્ય કર્યે જવાનું છે.

૨૬. જો બધી જ પકડાપકડી છતાં આપણી વચ્ચે સંપૂર્ણ અહિંસાની આણ વર્તેલી રહે તો આપણી જીત સંપૂર્ણ છે. જો શાંતિ જાળવવાને સારૂ આપણી વચ્ચેના બધાં જ શાંત—અશાંત તત્ત્વો ઉપર આપણે પૂરેપૂરો કાબુ ન રાખી શકીએ તો આપણે ભૂંડી રીતે હારવાના. આપણે માર્યા વિના મરવા નિકળ્યા છીએ.

આપણે કશું દુ:ખ માન્યા વગર—કશો ઘોંઘાટ કર્યા વગર—જેલમાં જઈ બેસવાની પરઠણ કરી છે. આપણે જ કરેલી બોલીની સામે આપણે કેમ વાંધો ઉઠાવીએ? [કોઈ આપણને દુ:ખી કરે છતાં તેનો તિરસ્કાર ન કરીએ.] આ કસોટીની ક્ષણે કહો કે વિજયની ક્ષણે કહો પણ મારા ધર્મનો હું એકરાર કરી લઉં. હું તો મારા શત્રુઓની ઉપર પણ પ્રેમ કરવાના પંથમાં માનનારો છું.

૨૭. બધી નાહકની પજવણી અને ઘોંચપરોણા સામે પણ આપણે સંયમ ટકાવી રાખવો જોઈએ. આપણી અંતિમ મુક્તિ આપણી પ્રતિજ્ઞાને દ્રઢતાથી વળગી રહેવામાં રહેલી છે. આપણું અંતર વલોવાતું હોય તો આપણે હજી પણ વધારે અહિંસામય બનવા મથીએ, સવિનય ભંગ પર આપણે આપણી શક્તિઓને વધારે એકાગ્ર કરીએ. સવિનય ભંગને જરૂરની શરતો પૂરી કરવામાં આપણે જરા પણ વખત ન ખોઈએ. હિંદુ—મુસલમાન અને બીજી કોમો વચ્ચેની એકતાની ગાંઠ વધારે મજબૂત કરીએ.

૨૮. દેશમાં જે સાર્વત્રિક દબાણ છે તેનો હિંદુસ્થાનના હાથમાં સરસમાં સરસ જવાબ તો એ છે કે આ ઘડીએ ધારાસભાઓનો, અદાલતોનો, શાળાકૉલેજોનો અને પરદેશી કાપડનો વધારે ને વધારે જોસભર્યો બહિષ્કાર કરીને અને હાથવણાટ અને હાથકંતામણનો પુનરુદ્ધાર કરવાને વધુ મોટા અને વધુ બહોળા પ્રયત્નો કરીને જ સરકારની સખ્તીના હથિયારોની ધારને આપણે વહેલામાં વહેલી અને સહેલામાં સહેલ રીતે બૂઠી કરી, અર્થશાસ્ત્રીઓ ગમે તેટલા આંકડાઓ રજુ કરીને દલીલ કરે તોપણ તે સામું ન જોતાં, એકેએક માણસે પરદેશી કાપડનો ઝાડીઝાપટીને એકદમ ત્યાગ કરવો. આપણી પાસે હજી પણ જે કંઈ પરદેશી કાપડ રહ્યુંસહ્યું હોય તે વાળીચોળીને કહાડી નાખીએ અને હાથે કાંતેલી ખાદી વધારે પ્રમાણમાં પેદા કરવા તત્પર થઈ જઈએ. "આપણામાં જો નિશ્ચયનું બળ હશે તો આપણને જોઈતું બધું કાપડ હાથકંતામણ અને હાથવણાટ દ્વારા ત્રણ

મહિનામાં આપણે તૈયાર કરી શકીએ છીએ. સ્વરાજ્ય મળે ત્યાંસુધી ખાદીથી સંતોષ માનવાની હિમ્મત અને નિશ્ચય આપણામાં છે?

૨૯. આપણી પ્રગતિનો આધાર નાહક ધૂંઆંફૂંઆં થવા પાછળ એક ક્ષણ પણ બરબાદ કરવામાં નહિ, પણ આપણે પોતે જ દોરેલો આપણો કાર્યક્રમ શાંતિથી સંપૂર્ણ કરવા પર જ છે. જેલીઓને પડતાં દુઃખોનો વલોપાત કરવાનુ આપણે છોડી જ દેવું રહ્યું છે. સરકારે કંઇ આપણી સાથે કરાર નથી કર્યો કે જેલોમાં આપણી જોડે અમુક જ ઢબનું વર્તન ચલાવવામાં આવશે. આપણે તો બિનશરતે આપણાં શરીર એને આપવા કહ્યાં છે. પ્રભુ આપણને પૂરતું બળ આપે તો પછી તેઓ ભલે સહેજ પણ થથરાટ વગર આપણાં શરીરોને છૂંદીને તેના રાઇ રાઇ જેવડા ટુકડા કરી લે. કોઇ પણ હાલતમાં આપણે ઘેલા બની કે મિજાજ ખોઈ હારી ન બેસીએ.

૩૦. [આપણને જીત મળે તે પહેલાં સરકાર પોતાનું બધું પશુબળ અજમાવ્યા વગર રહેશે નહિ. પરંતુ તે સામે ટકી રહેવા આપણે તૈયાર રહેવું ઘટે. દમનનીતિનાં બધાં દુઃખો મટાડવાનો એક જ ઉપાય એ છે કે બધાં પ્રકારનાં દુઃખના ભયમાંથી ઉગરી જવું. મરણ માટે પણ સ્વેચ્છાથી, આનંદથી તૈયાર થવુ.]

૩૧. મને જેલમાં જવાની મુદ્દલ હોંશ રહી નથી; પણ હું તો ગોળીથી મરવા ઇચ્છું છું, અને મારી એવી ઇચ્છા છે કે ઘણા હિંદી ભાઇઓ પણ એ જ માગે. કેટલોક કાળ થયાં હું ઇશ્વરની પાસેથી એ જ માગી રહ્યો છું કે તું મને આ સરકારને હાથે મોત આપજે. હિંદુસ્થાનના જૂદા જૂદા પ્રાંતોમાં જે દુઃખ ભારતવાસીઓ ભોગવી રહ્યા છે તે સાંભળવું અને સહન કરવું મુશ્કેલ છે. કોઇનો માલ લૂંટાય છે તો કોઇને ફટકા પડે છે. મારપીટ કરીને સરકાર સભાઓને વિખેરી નાખે છે. એ બધું કેમ સાંખી શકાય? તેનું નિવારણ જેલ નથી. તેનું નિવારણ તો જલિયાંવાલા બાગ છે અને હું એમ ઇચ્છું છું કે જો સરકારનો આ

ઉપદ્રવ તરત બંધ ન થાય તો જલિયાંવાલા બાગની કેટલીક આવૃત્તિઓ આપણે હિંદમાં કહાડીએ.

૩૨. પણ તેમાં એક મોટો ભેદ હોવો જોઇએ. જલિયાંવાલા બાગમાં તો લોકો સહેલ કરવા ગયા હતા, ગોળી ખાવાનું તેમને ભાન પણ નહોતું. ગોળી ખાવાની તેમની ઇચ્છા નહોતી. ગોળી ખાવાની છે એમ ખબર હોત તો કદાચ કોઇ ત્યાં જાત પણ નહિ. પણ આપણે વિષે તો હું એમ ઇચ્છું છું કે આપણે ઇરાદાપૂર્વક ગોળી ખાઇએ. ભલે કોઇ જનરલ ડાયર તેના સિપાઇઓને લઇને આપણી સામો ખડો થઇ જાય. ભલે તે આપણને ચેતવ્યા વિના ગોળીના બાર શરૂ કરે. ઇશ્વર પ્રત્યે મારી એવી પ્રાર્થના છે કે એવું થાય તેવે સમયે આપણે બધા પ્રફુલિત મનથી ગોળીઓના વરસાદ તળે શાંત થઇને બેસી શકીએ. તે વેળા આપણા કાન વક્તા તરફ હોય, પણ આપણી પીઠ તેની તરફ હોય, પણ આપણી છાતી અને આપણી આંખ એ તો ગોળી તરફ હોય અને તેને વધાવી લઇએ એ હિંદને ઇચ્છવાજોગ છે.

૩૩. આપણા હાથમાં દુઃખનિવારણનો એક જ ઇલાજ છે; જેમ જેમ જૂલમ ગૂજરે તેમ તેમ વધારે અને વધારે હિમ્મતવાન બનવું, વધારે અને વધારે આત્મસંયમ કરતાં જવું. છેવટે જૂલમગાર તેના ધમપછાડાના શ્રમથી હાંફી જશે અને પટકાઇને ભોંય પર પડશે. અસહકારીઓ સરકારના માણસો ઉપર ચીડાઇ ન જાય. તેઓ તો તેમની પ્રકૃતિને અનુસરે છે, અને અસહકારીની પ્રકૃતિ સામો ઘા કરવાની યે નથી તેમ નમી જવાની પણ નથી. ચોમેર મચી રહેલા તોફાન વચ્ચે મેરૂ સમાન અવિચલિત અને અડગ તેણે ઉભું રહેવું જોઇએ.

૩૪. "સદીઓનો ખડક મારે માટે ચીરાઇ ગયો છે, મને તારામાં આશ્રય લેવા દે" આ પ્રાર્થના બધા ધર્મોમાં સામાન્ય છે. આપણે એક જ સહાય ગણીને આપણે તેના ખોળામાં માથું મૂકી શકીએ તો સરકાર આપણી જે જે

કસોટીઓ કરે તેમાંથી આપણે અણીશુદ્ધ બહાર આવીશું. તેના હુકમ સિવાય કશું જ બનતું નથી એમ છે તો આ સરકાર દ્વારા તે જ આપણી કસોટી કરે છે, એવું માનવાને શી હરકત છે? હું મારી ફરિયાદો તેની પાસે લઇ જઇશ અને આપણી આવી નિર્દય કસોટી કરવા માટે હું તેના ઉપર ગુસ્સો કરીશ. અને જો આપણે તેનામાં વિશ્વાસ રાખીશું તો તે આપણું સાંત્વન કરશે અને આપણને માફ કરશે. એક જૂલમી સામે ટટ્ટાર ઉભા રહેવાની રીત તેને ધિક્કારવો એ નથી, તેમ જ તેને મારવો એ પણ નથી, પરંતુ તે એ છે કે આપણા દર્દના વખતમાં ઇશ્વર આગળ આપણી જાતને નમાવવી અને તેની પાસે મદદ માટે મોટા સાદે માગણી કરવી.

૩૫. આપણા હૃદયમાં નીચેની પ્રાર્થના ગાવાનો ઉમળકો આવી શકે તો આપણે ગાઇએ:

તારા પ્રભાવે નભાવ્યો મને પ્રભુ !
આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી.
ચલવી પ્હોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતની સેર.

કર્દમભૂમિ કળણ ભરેલી
ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો,
સર્વ વટાવી કૃપાળ !
મુને પ્હોંચાડજે નિજ દ્વાર.

૧૯. ધર્મની કસોટી.

૧. હવે કસોટીનો વખત આવ્યો છે. સુધરેલા દેશોમાં જ્યારે કોઈ પણ હિલચાલ હાંસી કર્યે નથી મરતી ત્યારે લોકો તેના તરફ માનની નજરથી જોવાનો આરંભ કરે છે. વિરોધી મત ધરાવનારાઓ માનપૂર્વક અને સંગીન દલીલોથી તેની સામે થાય છે અને સામસામાં પક્ષનું પરસ્પર વર્તન એકબીજા પ્રત્યે કદિ ઝનુન પર આવી જતું નથી. દરેક પક્ષ સામાવાળાઓને જીતી લેવા અગર કેવળ દલીલ અને તર્કવાદથી પોતાની બાજુ મજબૂત કરી બતાવી સામાને મહાત કરવા મથે છે.

૨. આથી આપણે માની લેવું જોઇએ કે જેમ જેમ પ્રજા અસહકારના માર્ગમાં પ્રગતિ કરતી જાય તેમ તેમ તેટલે દરજ્જે દબાણ અને જૂલમ વધુ વધુ આકરાં કરતા જવાનું સરકારી કાર્યક્રમનું બીજું પગથિયું જલ્દી જ શરૂ થાય છે. અને આ હિલચાલ એ જૂલમના કાળને વટાવી શકશે તો પછી જીત દૂર નથી. આટલા માટે પકડાવા, અદાલતોમાં ઘસડાવા, જેલ જવા અને દેશપાર થવા સુદ્ધાં હવે આપણે હરઘડી તૈયાર રહેવું રહ્યું. આપણા આગેવાનોને આપણી વચ્ચેથી ઉઠાવી જવામાં આવે તો આગેવાનો વગર પણ આપણે આપણો કાર્યક્રમ ચલાવ્યે રાખવાની શક્તિ કેળવવી જોઇએ. એ જ સ્વરાજ્ય ચલાવવાની શક્તિ છે. અને દુનિયામાંની કોઇ સરકાર એક આખી પ્રજાને જેલમાં પૂરી શકે તેવું ન હોવાથી અંતે એણે એ પ્રજાની માગણી આગળ માથું નમાવવું જ રહ્યું, અગર તો પ્રજાને રુચે તેવી સરકારને માટે જગ્યા કરી આપી પોતે રૂખસત લેવી રહી.

૩. સરકારની સામે બે માર્ગ ખુલ્લા છે. રુચે તે ગ્રહણ કરે. એક તો આ હિલચાલને નમવું અથવા તો જંગલી રીતો અખત્યાર કરીને તેને દાબી દેવા પ્રયત્ન કરવો. આપણે પણ કાં તો એ જૂલમ આગળ મહાત થવું યા તો એ જૂલમને આપણી જાત ઉપર ભાંગી જવા દઇને પણ નીચા ન નમતાં આપણી લડત લડયે જવું રહ્યું.

૪. આ લડત જ ધર્મની છે. તેને વ્યવહારુ કહો કે અવ્યવહારુ, તેને રાજ્યનૈતિક કહો કે સાંસારિક, ગમે તે નામે તેને ઓળખો; તેનું મૂળ ધર્મમાં છે. ધર્મને ખાતર, ધર્મને નામે તે લડીએ છીએ. અલીભાઇઓએ ચોકખી વાત કરી. "રાજ્યના કાયદાની અને ઇશ્વરના કાયદાની, પિનલ કોડની અને કુરાને પાકની, સરખામણી કરવાની હોય ત્યારે અમે અમારા ઇશ્વરને અને અમારા પાક કુરાનને જ પસંદ કરીએ." આ તેમનું કહેવું હતું. મુસલમાન પોતાનો, હિંદુ પોતાનો, પારસી પોતાનો અને ખ્રિસ્તી પોતાનો ધર્મ જાણે અને પાળે એની આ લડત છે. સૌ ધર્મને ખાતર મરે. મરે તે તરે. મારે તે મરે. બીજાને મારીને પોતે ધર્મ પાળી શકત તો આજે લાખો મોક્ષ પામ્યા હોત.

૫. તેથી આપણે તો સંકટ સમયે ઇશ્વરને જ સમરવાનો રહ્યો છે. જેને એટલો વિશ્વાસ નથી તે છેવટ જતાં અટકવાનો. ખોટો રૂપિયો ભલે ઘણી દુકાને ફરી આવે, તેથી કંઇ તેની કિમ્મત વધવાની નથી. શરાફને ત્યાંથી તો પાછો જ ફરવાનો, અને વચમાં જયાં જયાં તે ફર્યો હશે તે બધા તેના અડકવાથી થોડા ઘણા અભડાયા હશે. તેમ જ આપણામાંના જે ખોટા હોઇશું તે છેલ્લી તકેથી પાછા ફરવાના જ.

૬. આપણે પહાડ જેવા દૃઢ બનવું જોઇએ. પગલું ભર્યું ત્યાંથી આપણાથી પાછા કેમ જ હઠાય? હિંદુસ્થાનની જેલોમાં આપણે માટે જે જે કંઇ દુઃખ અને યાતનાઓ ભોગવવાની લખી હોય તે તે બધું પ્રસન્ન ચિત્તે ભોગવી છૂટયે જ આપણો આરો છે. સરકારની

પાસે શરણની યાચના આપણાથી કરી જ કેમ શકાય? એને તો આપણે આપણી સામે કાયદેસર ગેરકાયદેસર જેટલું દોડાય તેટલું દોડી ધરાવા દેવી જોઇએ. એ જાતે સુધરવા નથી માગતી એટલે ભલાબૂરા હરપ્રયત્ને આપણને જ હરાવવાના-આપણને જ નમાવવાના પ્રયત્નો એને કરવા રહ્યાં.

૭. [પણ એનાથી ન હારવાનું બળ આપણે બતાવવાનું છે.] આટલું બળ કોઇ એક તાલુકામાં યે ન હોય તો આપણે સ્વરાજ્યને સારૂ લાયક કેમ બનીએ? પણ જે દહાડે એક તાલુકો આટલી પરીક્ષામાં પસાર થાય તે દહાડે સ્વરાજ્ય છે જ. કારણકે તે જ દહાડે હિંદુસ્થાન દિવ્ય શસ્ત્રનો ઉપયોગ કરવામાં કુશળ નિવડ્યું ગણાય. એમાં કંઈ ભારે બળ આવી ગયું એમ પણ નથી. આત્માનો તો એ સ્વભાવ. બોઅરની ઓરતોએ એ બહાદુરી બતાવેલી. લાખો અંગ્રેજોએ એ બહાદુરી બતાવેલી છે. તુર્ક ઓરતમરદોએ બતાવેલી છે. પણ ભેદ એ છે કે તેઓ તો મારે પણ અને મરે પણ. પણ અમરપણું તો મરવામાં જ છે, એમ આપણે જાણીએ છીએ. મારવાનો ધંધો છોડીને મરવાનો જ શીખવો એમાં કંઇ મુશ્કેલી ખરી કે? મરતાં શીખતાં તો છાતી જોઇએ. તે વિશ્વાસુને પલકમાં આવે. મારતાં શીખતાં શરીર જોઇએ, બંદુકનો મહાવરો જોઇએ. હજારો ધતીંગ શીખીએ ત્યારે મારતાં શીખીએ અને પછી ખૂનીમાં ખપીએ.

૮. [મરતાં ડર કોનો રાખવાનો છે.] ડર તો એક ઇશ્વર વિના બીજા કોઇનો જ રાખવાની જરૂર નથી. પણ ડર ન રાખવો એ એક વસ્તુ છે અને ગુસ્સે ન થવું એ બીજી વસ્તુ છે. અને તમારાથી ગુસ્સામાં આવ્યા સિવાય રહી ન શકાતું હોય તો શાંતિથી ઘરમાં બેસી રહેજો, હિજરત કરજો. હિજરત એટલે ત્યાગ. તે હિંદુ-મુસલમાન બન્ને કરી શકે છે પણ જો તમારે અસહકારના બહાદુર સૈનિક થવું હોય તો નક્કી કરો કે મારવાને હાથમાં પત્થર કે

એવું કંઇ ઉપાડી હાથને અપવિત્ર નહિ કરીએ, ખરાબ શબ્દ બોલી જીભને અપવિત્ર નહિ કરીએ. આ ઉપરથી જણાશે કે ખૂનામરકીથી દૂર રહેવું અને આપણા કાર્યક્રમમાં લાગ્યા રહીને આગળ ધપ્યે જવું, એમાં જ આપણી ફત્તેહની ચાવી રહેલી છે. જો અસહકારીઓ પોતાના અહિંસાધર્મના પાલનમાં સોળે આની સાચા નિવડે તો અંતે તો અંગ્રેજોને સુદ્ધાં આ સાચની લડાઇમાં સામેલ થતાં જોવાની આશા મેં છોડી નથી.

૧૦. પણ કોઈ હિંદુ કહેશે, આ તો ક્ષત્રિયપણાની વાતો લખાઇ. ગુજરાતને અને ક્ષત્રિયપણાને શી લેવાદેવા ? આપણે તો વેપાર કરી જાણીએ. ગુજરાત ભલે આવું ન હોય; હિંદુપણું એવું હોય. ચારે વર્ણમાં ચારે ગુણ હોવા જ જોઇએ. દરેકમાં પોતપોતાના વર્ણનો ગુણ વિશેષ હોય ખરો, પણ જો બીજા ગુણ તેનામાં ન જ હોય તો તે નપુંસક છે; જે માતા પોતાના બચ્ચાંને સારૂ મરી જાણે છે તે ક્ષત્રિયાણી છે, જે પતિ પોતાની સ્ત્રીને સારૂ જાન દે છે તે ક્ષત્રિય છે, પણ આ બધાનો ધંધો જગતની રક્ષા કરવાનો નથી હોતો. તેથી તેવાને આપણે ક્ષત્રિય તરીકે નથી ઓળખતાં.

૧૧. આ કાળે જગતની–હિંદુસ્થાનની રક્ષા કરવાનો બધાનો ધર્મ છે, કેમકે તે કોઇનો નથી રહ્યો–નથી જોવામાં આવતો.

૧૨. આટલું તો હિંદનું. ગુજરાતના મુસલમાન પારસી વિગેરે શું કરે ? તેઓનું યે હિંદુસ્થાન છે, તેઓનું યે ગુજરાત છે; તેઓએ પણ હિંદુસ્થાનને ગુલામીમાંથી છોડાવવાનું છે. અને તેઓ પણ કેવળ મરીને છોડવી શકે છે. એટલે હિંદુ–મુસલમાન–પારસી–ઇસાઇ–યહુદી ગમે તે, જે પોતાને હિંદુસ્થાની માને છે, તે બધાએ મરવાનો મંત્ર શીખવાનો અને સાધવાનો છે. એ પાઠ તો કેવળ જે ઇશ્વર ઉપર આસ્થા રાખનાર છે તે જ ભણી અને ભજવી શકે.

૧૩. તેનાં મૂળ તો મારા સાથીઓએ રોપ્યાં છે. એમની શ્રદ્ધા મારા કરતાં પણ વધારે હતી ત્યારે કામ થયું. મને અનુભવ–જ્ઞાન

છે એમ મારો દાવો છે. દેવતાઓ આવીને સમજાવે તોપણ મારી શ્રદ્ધા ચળે એમ નથી. નરી આંખે જેમ સામા ઝાડ હું જોઉં છું તેમ મને લાગે છે કે હિંદુસ્થાનની ઉન્નતિ શાંત અસહકારથી જ થવાની છે. પણ મારા સાથીઓને વિષે તેવું ન કહેવાય. તેઓએ તર્કથી, ન્યાયથી, શ્રદ્ધાથી માન્યું છે કે આ શાંતિમય અસહકારથી જ ઉન્નતિ થઇ શકશે.

૨૦. સવિનય ભંગ.

૧. કાયદાનો ભંગ કરવા રૂપી વિભાગ ભલે કોઇને પસંદ ન હો, પણ આ મરણાન્ત સત્ય જાળવવુ અને સત્યને જાળવતાં આપણે કોઇને ઇજા ન કરવી. દુશ્મન પ્રત્યે પણ પ્રેમભાવથી વર્તવું એ ઉત્તમ છે એ વિષે તો મતભેદ ન જ હોઇ શકે. સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે અને સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાજીવનમાં સત્ય અને અહિંસાનો પ્રવેશ કરવાનો પ્રયત્ન છે.

૨. જો કાયદાનો ભંગ સાચા ભાવથી, માનપૂર્વક અને વિરોધની વૃત્તિ વિના કરવામાં આવે અને તે સમજપૂર્વક બંધાયેલા પાકા સિદ્ધાન્તના આધારે હોય, તેમાં સ્વચ્છંદ ન હોય અને સહુથી મુદ્દાની વાત એની પાછળ દ્વેષ કે તિરસ્કારનો છાંટો પણ ન હોય તો જ તે શુદ્ધ સત્યાગ્રહ કહેવાય.

૩. [જે વેળા સત્યાગ્રહની ચળવળ ઉપસ્થિત થઈ હોય ત્યારે અમુક પ્રસંગે અણુસમજુ માણસો ઉશ્કેરાઈ જઇ તોફાન કરે તેથી તેના સિદ્ધાંતના ખરાપણા વિષે શંકા કરવી એ અણુઘટતું છે.] ૩૦ મી માર્ચ ૧૯૧૯ ના દિલ્હીના તોફાન પરથી જ આવી આધ્યાત્મિક–પવિત્ર હિલચાલને વખોડી શકાય નહિ. તેનો સ્પષ્ટ હેતુ લોકોનાં ટોળાંને ખુનામરકી કરતાં અટકાવવાનો અને સત્તાધારીઓ હાથે કરીને માન ગૂમાવી બેસે તેવાં કામ કરે ત્યારે રાજ્યદ્રોહી બળવાને બદલે સવિનય ભંગ કરવાનો છે. વળી ૩૦ મી માર્ચે તો સવિનય ભંગ શરૂ પણ નહોતો થયો. આજસુધીમાં જ્યારે જ્યારે પ્રજા સરકારની સામે થઇ છે ત્યારે ત્યારે થોડે ઘણે અંશે

પણ અંધાધુંધી થઇ જ છે. ૩૦ મી માર્ચ તથા ૬ ઠ્ઠી એપ્રિલ ૧૯૧૯ ના રોજે જે દેખાવો થયા તે જેમ સત્યાગ્રહને પ્રસંગે થયા તેમ બીજે પ્રસંગે પણ થાત. સવિનય ભંગ વેળાએ શાન્તિ અને સભ્યતાનો અવતાર થયો ન હોત તો દિલ્હીમાં જે તોફાનો થયાં તેથી પણ વધારે થાત.

૪. સત્યાગ્રહનો મંત્ર લોકોએ જલ્દી ગ્રહણ કર્યો તેથી આખા હિન્દમાં તોફાન થતાં અટક્યાં છે. આજ પણ જનરલ ડાયરના કાળા કેરની યાદગીરી લોકોને તોફાન કરતાં નથી અટકાવતી. લોકોમાં સત્યાગ્રહ વ્યાપક થયો છે–પછી ભલે તે ખૂશીથી ન હોય–તેથી બખેડાઓ અને અશાન્તિ નાબૂદ થઇ જશે. હવે જ્યારે હિન્દમાં સત્યાગ્રહનું તત્ત્વ લોકોમાં કાયમને માટે દાખલ થયું છે, ત્યારે હંટર કમિટીના ગોરા સભ્યોએ તેમ જ કંઇક અંશે હિન્દી સભ્યોએ પણ તેના ઉપર આક્ષેપ કર્યો. છે. તેથી પણ વધારે ગંભીર આક્ષેપો કરવામાં આવે તોપણ સત્યાગ્રહના વિજય વિષે કંઇ શંકા હોઇ શકે નહિ.

૫. [સત્યાગ્રહના દરેક વિભાગમાં જોખમ રહેલું છે તે વાત સાચી છે.] જેમ બધાં મહાકાર્યોમાં તેમ અસહકારમાં જોખમો હોય જ. જિંદગી અખતરાઓ અને જોખમોથી ભરેલી છે. સાહસ વિના મોક્ષ પણ નથી મળતો. ભૂલથી ભરેલો મનુષ્ય માત્ર આટલું જ વિચારી શકે છે: “અમુક કામ કરવામાં વધારે જોખમ છે કે ન કરવામાં; અને જો કરવામાં ઓછું હોય તો તે બીજી રીતે પણ કર્યા વિના ન ચાલે તેમ છે કે કેમ?”

૬. [ઘણા સૈકાઓથી પ્રજા રાજ્યમદ સાંખતી આવી છે, અને તેથી તે રીસાવાની ટેવ પણ ભૂલી ગઇ છે. પોતે સત્ય હોવાની શંકા કરે છે; સત્યાગ્રહ કરવાનું બળ તેનામાં છે તે તે વિસરી ગઇ છે. આપણે સત્ય ઉપરથી શ્રદ્ધા છોડી છે.] આપણે ધર્મને છોડયો છે તો પછી કેમ એક તાલુકાના લોકોએ

ગોળી ન ખાવી જોઇએ? કેમ તેમણે કેદમાં ન જવું જોઇએ? જ્યારે ઘણા ધર્મવિમુખ થાય છે ત્યારે બધા ધર્મ પાળતા થાય એટલા સારૂ થોડા યે ગોળી ખાવી જોઇએ, ગાળો વેઠવી જોઇએ, જેલ જવું જોઇએ. એ તપશ્ચર્યા છે. તપશ્ચર્યા એટલે ઘરમાં બેસી રહેવું એ નથી, તપશ્ચર્યા એટલે જે દુ:ખો બહારથી આવી પડે તેને ઝીલવાં. બાળકો જેમ દડાને ગમ્મતથી ઝીલે છે તેમ આપણે પણ આનંદની સાથે દુ:ખોને ઝીલીએ કે જેથી લોકો ધર્મ પાળતા થઈ જાય."

૭. [આવી શ્રદ્ધારહિત અને નિર્બળ દશા માટે આપણે કોનો વાંક કહાડીએ? વાત સાચી છે કે] માણુસ પોતાના દોષ વિના જે સ્થિતિમાં મૂકાય તે સ્થિતિની બરદાસ ઝપાટાભેર કરે છે. [પણ પોતાની ખરાબ સ્થિતિ જાણવી અને તેમાંથી બહાર આવવું એ દરેક જણુની તાકાત બહારની વસ્તુ નથી. પોતે ધારે તો એકલ-ડોકલ હજારોની સાથે ઝૂઝી શકે અને જય મેળવે જ. સ્વરાજ્ય મેળવવા આપણે નિકળ્યા છીએ એટલે આપણને આપણા ખરાપણામાં વિશ્વાસ બેસવો જોઇએ; અને તેને માર્ગે અહિંસાનો પંથ કાપવો રહ્યો.]

૮. [સ્વરાજ્ય એ કંઇ મળવાની વસ્તુ નથી. પરંતુ જાતે પ્રાપ્ત કરવાની એ સ્થિતિ છે. જેટલો આપણો પ્રયાસ તેટલા આપણે તેની નજીક છીએ.] તમે આજ પણ પંચાયતો સ્થાપી તમારા કજીઆઓનો ચૂકાદો કરી શકો છો. તમારી નિશાળોને ખીલવી તેમાં બધાં બાળકોને સંપૂર્ણ તાલીમ આપી શકો છો. બધાં ઘરમાં રેંટિયા દાખલ કરીને દરેક ગામમાં વણકર અને પીંજનારા તૈયાર કરી તમારી આવક વધારી આર્થિક સ્વતંત્રતા મેળવી શકો છો અને તેમાંથી જે લાભ થાય તેમાંથી જ તમારી અદાલતોનું, તમારી નિશાળોનું અને દારૂનિષેધનું તથા સ્વદેશીનું કામ ચલાવી શકો છો. આપણે ખાદીમય ન બનીએ, આપણી સ્ત્રીઓ ખાદીની શોખીન ન થાય ત્યાંસુધી આપણે સ્વરાજ્ય મેળવવા લાયક નથી થયા,

કેમકે ત્યાંસુધી ભૂખમરાનો ઇલાજ આપણે હાથ નથી આવવાનો અને ત્યાંસુધી આપણે કંગાળની સેવા કરવા લાયક નહિ બનીએ; અને જ્યાંસુધી એવા ન બનીએ ત્યાંસુધી સવિનય ભંગ કરવા આપણે લાયક નથી.

૯. [કઇ કઇ દિશામાં અને કેવી રીતે કામ કરવું] તેનો માર્ગ પણ તમને મહાસભાએ બતાવ્યો છે. દરેક સ્ત્રીપુરુષ મહાસભાનાં સભાસદ થાય અને તિલક સ્વરાજ્ય ફાળામાં તેમની ગયા વર્ષની કમાણીનો સોમો ભાગ આપે. આમાં તમને ઘણી સ્વતંત્રતા રહી છે અને એટલી તમે સુવ્યવસ્થિત રીતે મેળવી શકો ત્યારે જ હવે તો તમે સવિનય ભંગને સારૂ લાયક થયા ગણાઓ.

૧૦. સ્વરાજ્ય મેળવવા અને ખિલાફત રક્ષવા કરેલા બંડમાં થોડા માણસોથી ન ચાલે. તેમાં આપણને હજારો માણસ જોઇએ. એકલા મુંબઇની મારફતે આપણે સ્વરાજ્ય મેળવવાની તાકાત કેળવવી હોય તો આપણને એક લાખ યોદ્ધા જોઇએ. તેમાં ભલે પુરુષ અને સ્ત્રી બન્ને હોય. સોળ વર્ષથી માંડી ગમે તે ઉંમરનાં સ્ત્રીપુરુષ કામ આવી શકે. એટલા યોદ્ધાને ખાવાનું કોઇ સંસ્થા નહિ આપી શકે. જો મહાસભા આપવા બેસે તો આપણે હારી જઇએ. તેટલાનું ખર્ચ રોજનું આપણે જણુદીઠ આઠ આના ગણીએ તોપણ ૫૦,૦૦૦ રૂપિયા થયું. એક મહિનાની આપણી લડત ગણીએ તો પંદર લાખ રૂપિયા માત્ર તેટલા માણસના ખોરાકના થાય. તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરવું પડે તો કેટલું ખર્ચ થાય એનો અંદાજ કહાડવો જ મુશ્કેલ છે. પણ મેં માંડેલી રકમને ઓછામાં ઓછી એવડાવવી જોઇએ.

૧૧. [સ્વરાજ્યના લશ્કરની ભરતીમાં આવતા સ્વયંસેવકો એટલું તો જરૂર જાણી લે કે] અસહકારમાં અહિંસા જેટલી જરૂરી વસ્તુ છે તેટલી જ કાયદાના ભંગમાં વિનય અગત્યની વસ્તુ છે. કાયદાનો સવિનય ભંગ એ અસહકારનું તીખામાં તીખું સ્વરૂપ છે; કર ભરવાના ઇન્કાર કરતાં પણ વધુ તેજ અને જલદ છે.

૧૨. નિઃશસ્ત્ર અવરોધનો એક અર્થ અસહકાર પણ હોઇ તેનો અર્થ કાયદાનો સવિનય ભંગ કરી શકાય. અને વાત ખરી છે કે કાયદાના સવિનય ભંગમાં ભારે આત્મશિક્ષા છે, અને તેનાં પરિણામ સુખદ છે, પણ તે જ કારણોને લઇને અસહકારના કરતાં કાયદાનો સવિનય ભંગ હજારગણો વધારે મુશ્કેલ છે. અસહકાર સૌ કોઇ કરી શકે. કાયદાનો સવિનય ભંગ તો તે જ માણસ કરી શકે કે જેણે હંમેશાં સૂક્ષ્મતાએ કાયદાને વિનયપૂર્વક માન આપેલું હોય. એવા માણસો અત્યંત થોડા જ. અસહકાર એ એક પ્રકારનો સત્યાગ્રહ છે એમાં કાંઇ શક નથી. અને નિઃશસ્ત્ર અવરોધ એટલે સત્યાગ્રહ હોય તો અસહકાર નિઃશસ્ત્ર અવરોધ પણ છે. અસહકારથી નોકરીઓ છૂટશે તેને સારૂ અને કેટલીક આવશ્યક પ્રવૃત્તિઓ અટકશે તેથી જે યોજના થવી જોઇએ તે થઈ રહી છે. અસહકાર જેવું તેવું શસ્ત્ર નથી એ તો સ્વયંસિદ્ધ છે. તેથી તે હથિયાર વાપરવાને સારૂ જે જે યોજનાઓ થવી જોઇએ તે થશે ત્યારે જ એ ચમત્કારી શસ્ત્રનો ઉપયોગ થશે એમ મારી માન્યતા છે. અમર્યાદિત અસહકારનો અર્થ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના હોઇ શકે.

૧૩. જો હિંદુસ્થાનનો એક પણ પ્રાંત સંપૂર્ણ અસહકાર કરવાનું માથે લે અને તે સારૂ તૈયાર થાય તો સ્વરાજ્ય મળે. આ પ્રવૃત્તિનો ગુણ જ કાટખૂણાના જેવો છે. જેમ એક સમાંતર બાજુચોખૂણ આકૃતિમાં એક કાટખૂણો હોય તો બીજા પણ ત્રણ કાટખૂણા જ હોય તેમ જ જો એક પ્રાંત તૈયાર થઈ જાય તો બીજા તૈયાર જ હોય. વાત કેવળ ભડક ભાંગવાની છે. વાઘ મનાતા કોઇ પ્રાણીને જો પાંચ–સાત તેને ઓળખી ગયા હોય તે તેનો ડર છોડી તેની સાથે ગેલ કરે તો બીજા તેમ કરતા તરત થઇ જાય. એકનો અનુભવ બીજાને જ્ઞાન આપવાને બસ છે. તેવું જ સ્વરાજ્યનું છે. એક મોટા સમુદાયે પોતાની શક્તિ બતાવવાની જરૂર રહી.

૧૪. જેને ગમે તે રમે. જેને પાલવે તે જ મેદાનમાં આવે. નોતરૂં સૌને છે. પણ ભૂખ્યા જ ભાણે બેસશે તો યે અકળાશે. જે ભૂખ્યો નથી તેને પકવાન્નો પણ નહી ગમે. જે ભૂખ્યો છે તે સૂકો જારનો રોટલો પણ રસપૂર્વક જમી જશે. તેમ જ જે અસહકાર સમજ્યા છે, જેણે ધર્મનો મર્મ જાણ્યો છે, તે જ ઉભા રહી શકશે. સમજેલાને સૌ સહેલું છે, અણુસમજુને બધું અઘરૂં. આંધળાંની પાસે આરસી શા કામની ?

૧૫. સત્યાગ્રહી લશ્કરની ભરતીમાં ઓરત-મર્દ, જુવાન-ઘરડાં, લૂલાં-પાંગળાં, દુબળ-સબળ, હિંદુ-મુસલમાન, પારસી-ઈસાઈ યહુદી, બ્રાહ્મણુ-ક્ષત્રી-વૈશ્ય-શુદ્ર, ઢેડ-ભંગી-બધા દાખલ થઇ શકે. પ્રહ્લાદ જેવા કોઇ બાળક નિકળી પડે તો તે પણ દાખલ થઈ શકે. અને માબાપ પોતાનાં બાળકોને પણ ભરતીમાં કહાડી શકે. આવો શંભુમેળો છતાં એ લશ્કર સામાના લશ્કર કરતાં ઘણું વધારે કામ કરી શકે અને તેનું ખર્ચ તો હોય જ શું ? એ લશ્કરના સિપાઇમાં ગુણ માત્ર નિર્ભયતાનો હોવો જોઇએ. તેનામાં મરવાની શક્તિ હોવી જોઇએ એટલે તે સિપાઇમાં આસ્તિકતા હોવી જોઇએ.

૧૬. જે બીજા ગુણોની માગણી મેં આ સમયે કરી છે તે હંમેશની નથી. તે ગુણો તો આજની પરિસ્થિતિને અંગે આવશ્યક છે.

૧૭. હવે વિચારીએ કે આપણી લાયકાત શામાં રહેલી છે. (૧) નિર્ભયતા. (૨) શાંતિ. (૩) હિંદુ-મુસલમાન એકતા. (૪) સ્વદેશી. (૫) અસ્પૃશ્યતાનિવારણ આ તો સહેલું છે.

૧૮. તોફાન, પાખંડ, ઉદ્ધતાઇ, દાંડાઈ, જૂઠ, પશુબળ વિગેરેને દૂર રાખી આપણેતો શાન્તિ, સરળતા, નમ્રતા, સાદાઇ, સત્ય અને આત્મબળનો વિજય કરાવવો છે. તેથી પ્રથમ ગુણ જ આપણે જેને 'ભોળાઇ' કહીએ છીએ તે શોધવો જોઇએ. તે ભોળાઇને જ્યારે

શૌર્યનો રંગ ચડે ત્યારે તે શોભે. એવું કાર્ય થવાની મેં આશા રાખી છે.

૧૯. [જેનામાં શૌર્ય છે તે ડરકણુ નથી કે નથી અવિનયી. કાયદાનો સવિનય ભંગ કરનાર પોતે જ પોતાનો કાયદો બને છે. કાયદાનો સવિનય ભંગ કરનારનામ ઉંચી કોટિની હિમ્મત અને સારાસાર વિવેકશક્તિ જોઇએ.

૨૦. [સત્યાગ્રહની લડતમાં જ હિમ્મત જોઇએ છીએ એમ નથી. જે લડાઈમાં જીતની આશા રહેલી છે તેવી ગમે તેમાં હિમ્મતની જરૂર છે જ. શસ્ત્રની લડાઇમાં પણુ યોદ્ધા એટલા વિશ્વાસથી લડે છે કે પોતાની જમીન તો જીત મળ્યે પાછી લેવાના; તો આ શાંત યુદ્ધમાં બીજું પરિણામ કેમ આવે ? પણુ લડાઇ દરમિયાન આપણી જમીનનો કબજો ખોવા પણુ આપણી તૈયારી હોવી જોઇએ. આ લડત જ આત્મ-વિશ્વાસની એટલે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવાની છે.

૨૧. શાંતિ એ બલિષ્ટનું શસ્ત્ર છે, અને તેના હાથમાં જ તે શોભે છે. શાંતિ એટલે ક્ષમા અને ક્ષમા એ વીરનું ભૂષણુ છે. જેને હોજરી નથી અને ખાતો નથી તેને કંઇ અપવાસનું પુણ્ય મળતું નથી. જે મારી શકતો નથી તેથી મારતો નથી તે કંઇ પુણ્ય નથી કરતો. પરાણે પુણ્ય હોય જ નહિ. સ્વરાજ્યના યોદ્ધા જ્યારે એક પણુ પારસી, એક પણુ અંગ્રેજ એક પણુ સહકારી હોય, તેને સતાવે નહિ, તેની ઉપર વેરભાવ ન રાખે, ત્યારે તેઓ શાંતિના લશ્કરમાં જોડાવાને લાયક બન્યા ગણાય. શાંતિના નામને અશાંતિનું કામ કરવા સારૂ વાપરનારા દેશદ્રોહી તો છે જ, પણુ તેઓ જગત્દ્રોહી પણુ બને છે, કેમકે આપણા શાંતિ શસ્ત્રના ઉપયોગને જગત્ તૃષાતુરની જેમ ટગર ટગર નિરખી રહ્યું છે. જ્યાંસુધી શાંતિને બળવાનના શસ્ત્ર રૂપે વાપરતાં હિંદુસ્થાન ન શીખે ત્યાંસુધી સમાધાનીને અસ્પૃશ્ય સમજી તેનાથી સો ગાઉ દૂર રહેવુ જોઇએ.

૨૨. અહિંસાની પ્રતિજ્ઞાને લીધે આપણે આપણો તેજોવધ ન થવા દઇએ. એટલે આપણુને પેટે ચાલવાની કે નાક-લીસોટી તાણુવાની

કે યુનિયન જૅકને સલામો કરવાની કે અમલદારોના કહેવાથી કોઇ પણ જાતનું નામોશી લાગે તેવું કૃત્ય કરવાની એ પ્રતિજ્ઞા ફરજ પાડતી નથી. તેથી ઉલટું, આ પ્રતિજ્ઞા તો એવી ફરજ પાડે છે કે ગોળીથી ઉડાવી મૂકવામાં આવે તોપણુ આવું કોઇ કૃત્ય આપણે ન કરીએ. દાખલા તરીકે જલિયાંવાલા બાગમાંના લોકો ઉપર ગોળી છોડવામાં આવી ત્યારે તેમની ફરજ પાછા ભાગવાની કે પીઠ ફેરવવાની નહોતી જ. જો તેઓ અહિંસાનો મર્મ સમજેલા હોત તો આપણે તેમની પાસેથી એવી આશા રાખત કે જ્યારે ગોળી ચાલી ત્યારે ખુલ્લી છાતીએ તેઓ તેની સામા જાય અને તેમના મરણથી દેશનો છૂટકારો થશે એવી શ્રદ્ધાપૂર્વક મૃત્યુને આનંદથી વધાવી લે.

૨૩. અહિંસાવાદી તો જાલિમના જોરને હસી કહાડે છે અને પોતાની નિર્વૈરતાથી તેને ભોંઠો પાડે છે. તેણે ધાર્યું હતું તેમ આપણે વર્ત્યા તેથી જનરલ ડાયરની જાળમાં આપણે ફસાયા. તેવી ગોળીના મારામાંથી આપણે નાસી છૂટીએ, આપણે પેટે ચાલીએ અને નાક-લીસોટી તાણીએ એવું તે કરાવવા માગતો હતો. 'તોબા પોકરાવવા'ની યુક્તિનો તે એક ભાગ હતો. આપણે સામે મોંએ તેનો વિરોધ કરીએ તો ભૂતના ભડકાની માફક તે ઉડી જાય. આપણે સહુ એ જાતની હિમ્મત ન યે બતાવી શકીએ, પરંતુ મારી ખાત્રી છે કે આપણામાંના કેટલાકમાં જરા પણુ બદલો લેવાની ઇચ્છા વિના આવા જૂલમો સામે ખડકના જેવા અડગ થઇને ઉભવાની હિમ્મત નહિ હોય ત્યાંસુધી સ્વરાજ્ય મળવાનું નથી. જેમ હવામાં જોરથી હાથ વીંઝીએ તો તે ઉતરી જાય, તેમ જાલિમના જોરનો સામો જવાબ ન મળે તો તેને પોતાને તેનો પાછો આંચકો વાગે છે.

૨૪. કાયદાનો સવિનય ભંગ કરવાની શક્તિ મેળવવા સારૂ જેમ આપણામાં ઉપર વર્ણવી તેવી શાંત હિમ્મતની જરૂર છે તે જ પ્રમાણે સ્વેચ્છાથી હૂકમ ઉઠાવવાની પૂરેપૂરી તાલીમની પણુ જરૂર છે. કાયદાનો સવિનય ભંગ એ અહિંસાનું સક્રિય સ્વરૂપ છે.

નબળાની નિષ્ક્રિય અથવા અભાવાત્મક અહિંસા અને સબળાની અહિંસામાં જે ભેદ છે તે કાયદાના સવિનય ભંગમાં જોઇ શકાય છે. નિર્બળતાથી તો સ્વરાજ્ય મળે જ નહિ, તેમ અભાવાત્મક અહિંસાથી પણ આપણું કાર્ય સરે નહિ. [મહેનત કર્યાં વગર ઇશ્વર પણ મદદ નથી કરતો, કેમકે] મનુષ્ય યત્ન વિના ઇશ્વર કૃપા થતી જ નથી.

૨૫. કાયદાનો સવિનય ભંગ કરનારા તરીકે આપણે દરેક જગ્યાએ નિરંકુશ બનવાના વલણ સામે ભારે સાવચેત રહેવું જોઇએ. અને સવિનય ભંગનો અખતરો ચાલુ હોય ત્યારે દેશના બીજા કોઈ પણ ભાગમાં ખૂનામરકી થાય તો દેખીતી રીતે જ એ અખતરાને ભારે ધક્કો પહોંચે અને કદાચ અખતરો બંધ પડવાનો પણ વખત આવે, એ વાત તો દેશને હૈયે ઠસાવવાની હવે જરૂર નથી રહી. જે ભાગમાં સત્યાગ્રહ ચાલુ હોય ત્યાંના લોકો કેદ થાય, ગોળીઓથી વિંધાઇને ચાળણીઓ થાય અગર તો જાલિમના દૂતોને હાથે તેમના પર સિતમોના વરસાદ વરસે તોપણ દેશના બાકીના ભાગોએ ખામોશ સ્વસ્થ રહેવું જોઇએ. ચાહે તેવા પ્રસંગો વચ્ચે પણ સોળવલ્લું સોનું નિવડીને બહાર આવવાની શક્તિની આપણે તેમનામાં આશા રાખીએ જ.

૨૬. કાયદાના સવિનય ભંગથી હવે આપણે અજાણ્યા નથી. જેલ તો તેની સાથે છે જ. તે ભોગવી આવીશું. ભલભલા ગયા છે, તો આપણે શીદને આટલું ન કરી શકીએ? એટલે તેમાં તો કંઇ નથી.

૨૭. પણ—? માર્શલ લૉ થાય તો? ગુરખા આવે તો? ટૉમી ઍટકીન્સ આવે તો? અને પછી ભાલાં મારે, ગોળી છોડે, પેટે ચલાવે તો? અરે ભલેને આવે. છો આવનો. પેટે ચલાવે તો વારૂ? મરીએ પણ પેટ ન ઘસડીએ. ભાલું મારે તો ભલે મારે. મરકીને બદલે ભાલે મરીશું. અને ગોળીબાર કર્યે થોડા અમે પીઠ ફેરવવાના હતા? હવે તો જોસ એવું આવ્યું છે કે છાતી ખુલ્લી મૂકીને

જેમ મોઇદાંડિયામાં મોઈ ઝીલીએ તેમ ગોળીને છાતીએ ઝીલીશું. ગુરખાને ભાઈ બનાવવા. અને નહિ બને તો ભાઇને હાથે મરવું તેના જેવું સુખ કયું? એમ કહેતાં તો શેર લોહી ચડે જ.

૨૮. પણ ગુજરાતે બંદુકના ભડાકા કયે દહાડે સાંભળેલા? ગુજરાતે લોહીની નદીઓ કયારે જોયેલી? ફટાકડાની જેમ બંદુકો છૂટતી હોય અને માટલીની જેમ માથાં ફૂટતાં હોય તે ગુજરાતથી જોયાં જાય કે?

૨૯. બીજાનાં માથાં ફૂટતાં ગુજરાત જોઇ શકે તો એ ગરવી ગુજરાત મટે. પોતાનાં માથાં ફૂટતાં જૂએ તો ગુજરાત અમરપદ મેળવે. તેને સારૂ તાલીમ શી?

૩૦. વિશ્વાસ. એ વિશ્વાસ સમિતિના ઠરાવથી ન મળે. ઇશ્વર દુર્બળનો બેલી છે, ઇશ્વર હિમ્મતનો દેનાર છે. રામ રાખે તેને કોઈ ન ચાખે. તેણે આ દેહ દીધો; તે ભલો લઈ જાય. આ દેહને સંઘર્યો સંઘરાય તેમ નથી. જેમ રૂપિયો તેમ દેહ સારા કામમાં ખર્ચવો જ ઘટે. અને આ અત્યાચારમાંથી નિકળવાના કામમાં દેહ દેવો એના જેવો રૂડો બીજો અવસર દેહ દેવાનો કયો હોય? આમ જે હૃદય પૂર્વક માને તે તો હસતે મુખે, છાતી ઉઘાડી મેલીને નિશ્ચિંતપણે ગોળીઓને દડાની જેમ ઝીલે.

૩૧. આવો અડગ વિશ્વાસ હોય તો જ કોઈ તાલુકાએ રણમાં ઝૂકાવવું.

૩૨. બધાને આવો વિશ્વાસ ભલે ન હોય. મેં પ્રમાણ આપ્યું છે. પણ બીજાઓનામાં ભલે ગોળી ઝીલવાની તાકાત ન હોય. પણ બીજાઓનાં ઘરબાર લૂંટે તોપણ તેઓ માથું ન ઝૂકાવે એટલી તાકાત તો તેમનામાં હોવી જ જોઇએ, ઘરબાર લૂંટશે તો ભલે લૂંટે. તેમાં જ જીવતા હોઇશું તો પાછા જઇશું. અને તે પાછા લેતાં મરીશું એ જ સ્વરાજ્ય છે.

૩૩. 'સત્યાગ્રહ ક્યારે શરૂ કરવાનો'? જાતે કદિ વાપરેલો ન હોવાથી આજનાં આપણાં એકેએક દુઃખોના સર્વોપરી ઓસડ તરીકે માની લેવાની ભૂલભરી માન્યતાથી દરેક જણ આ વસ્તુ પાછળ મુગ્ધ થયેલો જોવામાં આવે છતાં મારી ખાત્રી છે કે એ વસ્તુ આપણાં સર્વ દુઃખોનું સર્વોપરી ઓસડ નિવડ્યા વગર ન જ રહે; માત્ર તેને માટે જોઈતું વાતાવરણ દેશમાં પેદા કરવા આપણે શક્તિમાન્ થવું જોઇએ. વ્યક્તિને માટે તો એવું વાતાવરણ હંમેશાં છે જ, સિવાય કે જ્યાં પોતાના એકલાના સત્યાગ્રહ કરવાથી પણ અવશ્ય ખૂનામરકી ચાલે તેવું હોય. આ વ્યક્તિપર્યંતની મર્યાદા છેલ્લા સત્યાગ્રહ વખતે મેં જોઇ.

૩૪. છતાં એવો પણ વખત આવે જ્યારે ચાહે તે ભોગે પણ અંતરના નાદની ઉપેક્ષા કરવાનું વ્યકિતઓથી પણ બની શકે નહિ. મારે પોતાને માટે હું એવો સમય આવેલો સ્પષ્ટ કલ્પી શકું છું કે જ્યારે મારા પકડાવાથી ખૂનામરકી ચાલવા વિષે ખાત્રી લાગતી હોય તોપણ મારે સરકારના પ્રત્યેક કાયદાનો નિરાદર કર્યે જ છૂટકો હોય. જ્યારે અંતરના અવાજને દબાવી રાખવો એ ઈશ્વરનો ઈન્કાર કર્યા બરોબર થઇ પડે તેમ હોય ત્યારે કાયદાનો સવિનય ભંગ એ માણસનો સર્વોપરી ધર્મ થઈ પડે છે.

૩૫. વળી એ લક્ષમાં રાખવું જરૂરી છે કે અત્યારે અસહકારીઓ જે કાયદાનો ભંગ કરી રહ્યા છે તે તેમણે મૂળ કરવા ધારેલો સવિનય ભંગ નથી. જાહેરસભા ભરવાના કે તેમાં હાજરી આપવાના હક્કને સારૂ અગર તો શાંતિમય સ્વયંસેવકોની સમિતિઓ બનાવવાના હક્ક સારૂ લડવાના અસહકારીઓના આજના આગ્રહને સવિનય ભંગનો કે સત્યાગ્રહનો દરજ્જો આપવો અનુચિત છે. અત્યારે તો અસહકારીઓ માત્ર બચાવની લડાઇ કરી રહ્યા છે. હૂમલાની લડાઇ તો અસહકારીઓ શાંતિ અને અહિંસાનું વાતાવરણ જળવાવાને વિષે તેમના મનને પૂરતી ખાત્રી થશે તેની સાથે જ હજુ હવે આદરશે અને તે અવશ્ય આદરશે. એવું વાતાવરણ જાળવવાને સારૂ જોઇતી

શક્તિ આપણામાં આવી છે કે નહિ તે તપાસી જોવાય એવી પરીક્ષામાં આજે આપણને ઉતારીને સરકારે આપણી ઉપર ખરેખર અહેસાન જ કર્યો છે.

૩૬. આપણને મળેલું ફરમાન તો જાણીતું છે:—

(૧) અહિંસાવ્રત પાળી હરહાલતમાં શાંતિ જાળવવી; ચાહે તેટલી પજવણી થાય તોપણ.

(૨) હિંદુ-મુસલમાન એકતાને પ્રાણથી પણ અધિક વહાલી વસ્તુ ગણીને જાળવવી; ગમે તેટલું તાણ પડવાના પ્રસંગો ઉભા થાય તોપણ.

(૩) પરદેશી કાપડનો સદંતર બહિષ્કાર કરવો; પછી માત્ર લંગોટીથી ચલાવી લેવુ પડે તોપણ.

પોતપોતાના વખતમાંથી બચતી દરેક પળ દરેક સ્ત્રીપુરુષે રેંટિયો કાંતીને સુતર પેદા કરવામાં આપવી.

૩૭. જ્યારે આ આજ્ઞાઓનો આપણે પૂરો અમલ કરીશુ ત્યારે અને ત્યારે જ આપણામાં સત્યાગ્રહ કરવાની તૈયારી જામશે. સત્યાગ્રહના શસ્ત્રમાં એક આખી પ્રજાની ઇચ્છાને તુચ્છકારનાર ચાહે તેવડી ચક્રવર્તી સલ્તનતને સુદ્ધાં જેર કરવાનુ અમોઘ સામર્થ્ય રહેલું છે.

૩૮. [આગળ જણાવ્યા પ્રમાણે અહિંસાપાલન ઉપર ઘણો ભાર મૂકાયો છે. આ ઉપરાંત એકતા વિષે આપણે જેટલુ બોલીએ તેટલું ઓછું છે. એકતા વગર આપણે એકપ્રજા નથી, અને તેનું બળ પણ આપણામાં નથી. બળ વગર ઝૂઝવું એ હારેલી લડત લડવા નકિળ્યા જેવુ સમજવું. વિશેષમાં] સવિનય ભંગની તૈયારી એટલે ખાદીનો પ્રચાર, રેંટિયાનો પ્રચાર, સુતરનું વજન અને તેનો ગુણ વધારવા, વણકરો વધારવા, પૂણીઓમાં સુધારો કરવો, શરાબ નાબૂદ કરવો, રાષ્ટ્રીયશિક્ષણ પાકું કરવું, અસ્પૃશ્યોની સાથે સંબંધ જોડવો; આમ અનેક રચનાત્મક કે ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિઓ વધાર્યા કરવી. તેમાંથી જ સવિનય ભંગની શક્તિ

આવે છે. જ્યાં સવિનય ભંગ નથી ચાલતો ત્યાં આવી પ્રવૃત્તિઓ ઘણા વધારે વેગથી ચાલવી જ જોઇએ.

૩૯. જે ઘડીએ આપણે કુલ પરદેશી કાપડનો દેશમાંથી બહિષ્કાર કરી શકીશું અને પોતપોતાના પ્રાંતમાં અને ગામડાઓમાં જોઇતી બધી ખાદી પેદા કરી લઇશું તે જ ઘડીએ કદાચ પ્રજાસમુદાયને હાથે કાયદાનો સવિનય ભંગ શરૂ કરવાની જરૂર પડ્યા વગર પણ આપણે સ્વતંત્ર થઇશું. તેથી જ્યાંસુધી પરદેશી કાપડના બહિષ્કારનો અને પોતપોતાના પ્રદેશને જરૂર પૂરતી બધી ખાદી પોતાને ત્યાં પેદા કરી લેવા જેટલો સ્વદેશીનો કાર્યક્રમ આપણે હાથે પાર ન પડ્યો હોય ત્યાંસુધી કાયદાના સવિનય ભંગની પહેલ કરવાની આપણે જેટલી ઓછી ઉતાવળ રાખીએ તેટલું સારૂં છે.

૪૦. મહાસભાની સંસ્થાઓને મજબૂત કરવી જોઇએ. સભાસદો નોંધવાનું અને ચાર આના ઉઘરાવવાનું કામ તો ઘણું જ વેગપૂર્વક ચાલવું જોઇએ. ગામેગામ મહાસભાની ઑફીસ સ્થાપવી જોઇએ અને તેમાં પાંચ અમલદારો નિમાઇ જવા જોઇએ. આ બધું કામ ન થતું હોય તે આપણે કદિ સર્વત્ર સવિનય ભંગને સારૂ તૈયાર થવાના જ નથી.

૪૧. આપણી પ્રવૃત્તિ દરમિયાન સરકારની દબાણુનીતિને અંગે જે કંઇ ફરજ્યાત સવિનય ભંગ કરવાના પ્રસંગો આપણા ઉપર આવી પડે ત્યાં તો ભલે જ આપણે તે સહર્ષ વધાવી લઇએ અને એવો સવિનય ભંગ કરીએ.

૪૨. પણ જો કદિ આ બધી પકડાપકડી અને દબાણ આપણને નાસીપાસ કરી દે અગર તો આપણને પાડે તો તે એ આપણી દુર્બળતાની તેમ જ સ્વરાજ્યને માટે આપણી ચોકખી નાલાયકીની જ નિશાની ગણાશે. જે મરવાથી ડરે છે અગર તો માથું આપવાથી કાયર થઇ મોં છૂપાવે છે તે સિપાઇ નથી, સાચો સિપાઇ તો પોતાને જેટલું વધુ ખમવાનો પ્રસંગ આવે તેટલો પોતાને સૌથી વહેલું ખમવાનો વખત આવ્યો જોઈ રાજી થાય.

૪૩. આપણી અહિંસાની પ્રતિજ્ઞાને વિસારી તો આપણે હજાર નવા જલિયાંવાલા બાગોને સારૂ અને હિંદુસ્થાનને એક વિશાળ કતલખાનું બનેલું જોવાને સારૂ તૈયાર રહેવું પડશે. અંગત હૂમલાઓની કસોટીમાં થઇને પણ આપણે પસાર થવું જોઇશે. આપણે પ્રત્યક્ષ મરણનો ભય તજવો જોઇએ. મને ઉમેદ છે કે જો હિંદી પ્રજાના ભાગ્યમાં એવો વખત આવવાનો હશે તો તે સામે ઉભા રહેવા હિંદુસ્થાનમાંથી પૂરતા અસહકારીઓ નિકળશે, જેમને વિષે લખાશે કે 'તેમણે ગોળીઓ ખાધી પણ તેમનાં ભવાં સરખાં ન ચડયાં, અને પોતાને મારનાર અજ્ઞાનીઓના કલ્યાણની પ્રાર્થના કરતા કરતા જ તેઓ મૂઆ.'

૪૪. સવિનય ભંગ કરવાને પ્રજા તલપાપડ થઇ રહી છે. પણ તેમનો નમૂનેદાર સંયમ અને જાતે સ્વીકારી લીધેલી તાલીમ જ જેને જેને આવા હૂકમો મળે છે તેને તેનો સવિનય ભંગ કરતાં અટકાવે છે. હજી વધુ તાલીમ અને વધુ સંયમ કેળવીને પણ પ્રજા ચડશે જ. કાયદાના 'સવિનય ભંગ'નો અમલ કરવાનો ઉચ્ચ અધિકાર અને લાયકાત આપણને પ્રાપ્ત થાય તે પહેલાં આ બન્ને ગુણોને હજુ પુષ્કળ વધારે પ્રમાણમાં આપણે કમાવા પડશે. સવિનય ભંગ તે જ છે જેમાં કોઇ પણ પ્રકારની શેખી કે ધમકી ન હોય, જોરજબરાઇ ન હોય. એમાં અંધાધુંધી પણ ન હોય. સવિનય ભંગ કરનાર માણસ જેલને માગી લે છે. એ જેલનો આશક છે. તેથી તે પકડાય કે જેલ જાય ત્યારે શોક કે રોષનાં પ્રદર્શન કરવાપણું ન હોય પણ તેને તેની ઇષ્ટ વસ્તુ મળી તે સારૂ આનંદ-ઓચ્છવ કરવાપણું જ હોય. ચોક્કસ નક્કી કરી આપેલા કાયદાઓની બહારના બીજા કાયદાઓ પ્રજા નહિ ભાંગે અગર તો મુખ્ય આગેવાનો પકડાય તોપણ પ્રજા તોફાન કે રમખાણ નહિ કરી બેસે એવી આપણે ખાત્રી લઇ શકતા હોઇએ, તો આવતી કાલથી જ કાયદાનો સવિનય ભંગ શરૂ થઇ શકે.

૪૫. આપણી તરફથી તો સરકારના આ વલણ જોડે સમાધાની કરવાપણું કશું યે ન જ હોવું જોઇએ. આપણે નબળા હોઇએ કે સબળા—જે કંઇ ભોગ આપવા પડે, જે બલિદાન દેવાં પડે, જે કંઇ પાયમાલી વહોરી લેવી પડે, તે સર્વ કંઈ માથે લઈને પણ આ લડત છેવટ સુધી લડ્યે ગયે જ છૂટકો છે. તેથી 'કાયદાના સવિનય ભંગ' ને માટે ઠીક ઠીક પ્રમાણમાં સલામતીભર્યું વાતાવરણ આપણે પેદા કર્યું છે એમ આપણને જણાય તેની સાથે જ આપણે એ હોડીના સઢ પણ ફફડાવ્યે જ છૂટકો છે. દરમિયાન તુમાખી અધિકારીઓના હુકમો પણ આપણે ગળી લેવા ઉચિત છે. આજે અન્યાયી કાયદાઓનું પણ વિચારપૂર્વક પાલન કરવાનો જે સંયમ આપણે બતાવીશું તેમાંથી જ કાલ સવારે એ જ કાયદાઓ વિનયપૂર્વક ભાંગવાનું સામર્થ્ય આપણામાં આવશે.

૪૬. પણ આમ જોકે લખવે કામ સહેલું લાગે છે છતાં ન સમજાય ત્યાંસુધી અઘરૂં છે. જે તાલુકો બીડું ઝડપે તેનામાં ભારે પરિવર્તન થયેલું હોવું જ જોઇએ. તે તાલુકાના સિપાઇઓ એક ક્ષણ પણ નવરા ન બેસે. તેથી જ્યારે લડત શરૂ થશે ત્યારે પ્રત્યેક સત્યાગ્રહી જેલ જવા સારૂ કોઇ જગ્યાએ સવિનય ભંગ કરતા હશે, અથવા તો સૂતર કાંતતાં હશે, ખાદી વણતાં હશે, કે રૂ પીંજતાં હશે કે લોઢતાં હશે. કોઇથી એક ક્ષણ વાર નવરાં ન જ બેસાય પછી ભલે તે પૈસાદાર હોય કે ભીખારી. સિપાઇગિરીમાં તવંગરી ગરીબાઇનો ભેદ ન હોય. પંચમ જ્યોર્જ જ્યારે નૌકામાં કામ કરતો હતો ત્યારે તે પણ બીજાની જેમ ભોંયે સૂતો અને દૂધ વિનાનો કાવો તથા ભુંસાવાળી કડણ રોટી ખાતો. એમ જ હોય.

૪૭. એટલે જે તાલુકાને તૈયારી કરવી હોય ને તેમ જ તૈયાર થયેલો તાલુકો પણ પોતાના તાલુકાનાં ગામોનું એકેએક પત્રક કરે અને તેમાં નીચેની વિગત ભરે—

(૧) ગામનું નામ.

(૨) મથકની જગ્યાથી તેનું અંતર.

(૩) કુલ વસ્તી. તેમાં સ્ત્રી, પુરુષ, સોળ વર્ષની અંદરનાં બાળક-બાળકીઓ, હિંદુ, મુસલમાન, પારસી, ઇસાઇ, ઢેડ, ભંગીની સંખ્યા.

(૪) રેંટિયાની સંખ્યા.

(૫) સાળોની સંખ્યા.

(૬) પીંજણોની સંખ્યા.

(૭) કપાસનો જથ્થો.

(૮) નિશાળ અને તેમાં હાજરીની સંખ્યા.

(૯) પોલિસની સંખ્યા.

(૧૦) સરકારી હકૂમતની નિશાનીઓ.

(૧૧) જેલમાં જવાને તૈયાર હોય તેમની સંખ્યા.

(૧૨) દારૂનાં પીઠાંની સંખ્યા.

(૧૩) સહકારીઓ હોય તો તેમની સંખ્યા.

૪૮. જો આપણે એક લશ્કર બન્યા હોઇએ તો દરેક ગામમાં પ્રજાનો પ્રતિનિધિ અને પ્રજાપંચ હોવાં જોઇએ. દરેક વિશ માણસની ટુકડી હોવી જોઇએ, અને તેમાં એક તે ટુકડીનો સરદાર હોવો જોઇએ. એવા વિશ સરદારોની પાછી એક ટુકડી હોવી જોઇએ અને તે વિશમાંથી એક સરદાર નિમાય. બનતાં સુધી આમાં હિંદુ-મુસલમાન કે બીજા વાડા ન બંધાવા જોઇએ. રીત તો એ છે કે પાડોશીઓમાં જ એમ ટુકડીઓ બંધાઇ જવી જોઇએ. જ્યાં લોકમત બંધાયો હોય ત્યાં આ કામમાં જરા યે મુશ્કેલી ન આવવી જોઇએ. લોકમત બંધાયાની આવું સંગઠન એક ભારે નિશાની છે.

૪૯. એક જીલ્લો પણ જો પૂરો તૈયાર હશે તો તેની મારફતે આપણે લડત ખૂબ ચલાવી વિજય મેળવી શકીશું. તેવા જીલ્લામાં તે સમયે રહેવા હું તૈયાર છું. તે તૈયારીની શરતો આ છેઃ—

(૧) ત્યાંના હિંદુ-મુસલમાન સગા ભાઇની જેમ રહેતા હોય; એકબીજાથી ડરીને નહિ પણ એકબીજાને પ્રેમને વશ વર્તી.

(૨) ત્યાં તો હિંદુ, મુસલમાન, પારસી બધા અંતઃકરણપૂર્વક માનતા હોય કે હિંદુસ્થાનની મારફતે ખિલાફતની જીત કેવળ શાંતિમય યુદ્ધથી જ થઇ શકે.

(૩) ત્યાંના લોક માનતા હોય કે શાન્તિની સાથે આપણામાં ફાંસીએ લટકવા સુધીની હિમ્મત હોવી જોઇએ. અને તે હિમ્મત ત્યાંના સોમાં એક જણમાં તો હોય જ; એટલે પાંચ લાખની વસ્તીના જીલ્લામાં એવા શાંત મરણિયા ઓછામાં ઓછા ૫૦૦૦ નિકળવા જોઇએ.

(૪) ત્યાંના હિંદુઓ અસ્પૃશ્યતાને પાપ સમજતા હોય અને ભંગી ઢેડ ઇત્યાદિ સાથે દયાભાવથી વર્તતા હોય.
આટલું તો માનસિક આચરણ અને તેમની સચ્ચાઇની નિશાની દાખલ અને તેમની ખંતના પૂરાવા દાખલ.

(૫) ત્યાંની વસ્તીના નેવું ટકા સ્ત્રીપુરુષો પરદેશી કાપડનો ઉપયોગ ન કરતાં હોય અને કેવળ હાથે કાંતેલી અને તે જીલ્લામાં જ વણાયેલી ખાદી પહેરતાં હોય અને તેમાં દર દશ જણ દીઠ એક રેંટિયો હોય અને તે ચાલતો હોય.

૫૦. જો સત્ય અને શાન્તિએ આપણામાં ઘર કર્યું હોય તો આપણને ઉપરની શરતો રમત માત્ર છે. એટલું સૌ યાદ રાખશે કે આપણા વિરોધીઓ–પછી તે અંગ્રેજ હોય કે આપણા જ વર્ણના સહકારીઓ હોય–તેમનો આપણે તિરસ્કાર ન કરીએ, તેમને ગાળ ન દઇએ, તેમનું અપમાન ન કરીએ. આપણે જ બળે આપણે ઝૂઝવાનું છે, તેમને હલકા પાડીને નહિ. આ લડત સભ્યતાની છે. સભ્યતાને જગતમાં શત્રુ નથી, નથી તે નથી જ.

૫૧. [કાયદાનો સવિનય ભંગ એટલે શું તે બરોબર સમજવાની જરૂર રહી. કાયદાનો સવિનય ભંગ એટલે જે રાજ્યસત્તાના કાયદા અથવા હૂકમો પ્રજાની આધ્યાત્મિક, નૈતિક અથવા શારીરિક સ્થિતિની પડતી કરાવે તેના અમુક અથવા બધા કાયદાઓનો કોઇ પણ જાતની મલિન ઇચ્છાઓથી દોરાયા વગર, વિવેક અને અહિંસાનું પાલન કરીને

પરિણામ માટે બેપરવા રહીને અંતરના અવાજે જાણી જોઇને કરેલો નિરાદર અથવા ભંગ. આજ કાયદાનો સવિનય ભંગ.]

૫૨. કાયદાનો સવિનય ભંગ કરવાનો દરેક શહેરીનો કુદરતી હક્ક છે. પોતે માણસ મટી ગયા સિવાય તે તેને છોડી શકે જ નહિ. સવિનય ભંગની પાછળ અંધાધુંધી નથી થતી પણ એ તો કાયદાના અવિનયી ભંગથી જ થાય છે. દરેક રાજ્યગુન્હાત્મક ભંગને બળપૂર્વક બેસાડી દે છે. તે તેમ ન કરે તો નાશ પામે. પણ સવિનય ભંગને દબાવી દેવો એ અંતરાત્માને કેદ કરવાનો પ્રયત્ન કરવા બરોબર છે. સવિનય ભંગથી જોર અને પવિત્રતા આવે જ. સવિનય ભંગ કરનાર હથિયાર વાપરતો નથી, અને તેથી કરીને લોકમતના અવાજને સાંભળવાને ખૂશી હોય એવી કોઇ સરકારને તે નુકસાન કરતો નથી. પણ આપમુખત્યાર સરકાર માટે તે ભય ભરેલો છે. કારણકે જે બાબત વિષે તે સરકાર સામે ટક્કર ઝીલે છે તે બાબતમાં લોકોનો મત મેળવીને તેને તે જમીનદોસ્ત કરી નાખે છે. તેથી સરકાર જ્યારે અધર્મી થાય અથવા બીજા શબ્દોમાં કહીએ તો ભ્રષ્ટ થાય ત્યારે સવિનય ભંગ પવિત્ર ફરજ થઈ પડે છે. અને જે શહેરી આવી સરકાર જોડે સંબંધ રાખે છે તે તેની અનીતિ અથવા અધર્મમાં ભાગીદાર બને છે.

૫૩. તેથી અમુક કાયદાની બાબતમાં સવિનય ભંગ કરવો એ ડહાપણ ભરેલું છે કે નહિ એવો સવાલ થઈ શકે; ધીરજની અથવા સાવચેતી આપવાની સલાહનું બની શકે; પણ સવિનય ભંગના હક્ક વિષે તો સવાલ થઇ જ ન શકે. તે એક જન્મસિદ્ધ હક્ક છે, અને સ્વાભિમાન જતું કર્યા વિના તે જતો કરી શકાય નહિ.

૫૪. સવિનય ભંગના હક્કનો આગ્રહ કરવાની સાથે તેનો ઉપયોગ કરતી વખતે બને તેટલી સખ્તાઇથી કાળજી રખાવી જોઇએ. સર્વ ઠેકાણે હિંસા અથવા અવ્યવસ્થા ફાટી ન નિકળે તેને સારૂ બનતી બધી જોગવાઇ કરવી જોઇએ. સંજોગની જરૂરિયાત પૂરતાં જ તેનાં ક્ષેત્ર અને હદની સીમા બાંધવી જોઇએ.

૫૫. તીવ્ર સવિનય ભંગ અને શીત સવિનય વચ્ચેનો ચોક્કસ ભેદ સમજવો અગત્યનો છે. રાજ્યના કાયદાઓનો અહિંસાત્મક અને સ્વેચ્છાપૂર્વક કરેલો સવિનય ભંગ એ તીવ્ર સવિનય ભંગ છે; અને તેનો ભંગ કરવાથી નૈતિક ભંગ થતો નથી, રાજ્યસત્તાની સામે બળવાની નિશાની તરીકે તેને હાથમાં લેવામાં આવે છે. આ પ્રમાણે મુલકી કાયદાઓ અથવા રાજની સગવડને સારૂ કરેલા વ્યક્તિગત વર્તણુકના કાયદાઓની-જોકે આવા કાયદાઓ જ પોતે મુશ્કેલી ઉભી કરતા નથી અને તેથી તેમને ફેરવવાની જરૂર નથી-અવગણના કરવી એ તીવ્ર સવિનય ભંગ છે.

૫૬. બીજી બાજુએ જે કાયદાઓ પોતે જ ખરાબ છે અને જેને માન આપવામાં સ્વમાન અને મનુષ્ય તરીકેના માનની હાનિ રહેલી છે, એવા કાયદાઓનો આપણી ઇચ્છા વિરુદ્ધ ભંગ કરવો પડે તે શીત સવિનય ભંગ છે. શાંતિના હેતુઓ માટે સ્વયંસેવક સેનાની સ્થાપના કરવી, તેવા જ હેતુઓ માટે જાહેરસભાઓ ભરવી, મનાઇ હુકમો છતાં પણ, હિંસા ન ઉશ્કેરે અથવા તેનો વિચાર સરખો યે જેમાં ન હોય એવા લેખો છાપવા, આ બધો શીત સવિનય ભંગ નો પ્રકાર છે. અને તે જ પ્રકારે વિરુદ્ધ હુકમો છતાં પણ લોકોને જેની ચોકી થતી હોય તેવી ચીજો અગર જગ્યાઓથી દૂર રાખવાને શાંત રીતે ચોકી કરવી એ પણ શીત સવિનય ભંગ પછી ઉપર જણાવેલી શરતો તીવ્ર સવિનય ભંગમાં પાળવી જેટલી આવશ્યક છે તેટલી જ શીત સવિનય ભંગમાં પાળવી આવશ્યક છે.

૫૭. તીવ્ર સવિનય ભંગ કરવાનો હક્ક આપણને સખ્ત તપશ્ચર્યા પછી જ મળી શકે છે. તેથી કોઇ પ્રકારનો અકાળિક તીવ્ર સવિનય ભંગ કરવાથી આપણે કળી ન શકીએ એવો બિનજરૂરી બારીક સમય આવીને ઉભો રહે. આપણે વિચારી શકીએ એવા બધા ઉપાયોથી તેવા સમયને આપણે આવતો અટકાવવો જોઇએ.

૫૮. વ્યક્તિગત સવિનય ભંગ એટલે એક વ્યક્તિ કે અગાઉથી નક્કી થયેલી વ્યક્તિઓની સંખ્યા કે મંડળ, કાયદા કે હુકમોનો જે સવિનય ભંગ કરે તે. તેથી જે જાહેરસભામાં ટિકિટોથી પ્રવેશ નક્કી થયેલો હોય અને જ્યાં રજા વગર કોઇને દાખલ કરવામાં ન આવતું હોય તેવી જાહેરસભા છતી બંધીએ ભરવી. એ વ્યક્તિગત સવિનય ભંગનું દષ્ટાંત. જે જાહેર સભામાં સામાન્ય લોકોને કોઇ પણ જાતના અંકુશ વગર દાખલ થવાની છૂટ હોય તેવી સભા છતી બંધીએ ભરવી એ સામુદાયિક સવિનય ભંગનું દષ્ટાંત થયું. જ્યારે મનાઇ થયેલી જાહેરસભા હંમેશની પ્રવૃત્તિને અંગે ભરવામાં આવે ત્યારે તે શીત સવિનય ભંગ કહેવાય; પછી ભલે પરિણામે પકડાપકડી થાય. પરંતુ પકડાવાના અને કેદમાં જવાના ઉદ્દેશથી જ ફક્ત તેવી સભાઓ ભરવામાં આવી હોય તો તે તીવ્ર સવિનયભંગ કહેવાય. એ તો સ્પષ્ટ છે કે સવિનય ભંગ કરતો મજુર લોકોના જેવો વર્ગ ઉશ્કેરાઇ જવાનો સંભવ છે. તેથી હું એવી સલાહ આપું કે તીવ્ર સવિનય ભંગ એવા લોકો રહેતા હોય તે જગ્યાએ ન જ કરી શકાય. મજુરવર્ગને તીવ્ર સવિનયભંગમાં દાખલ કરવા એટલે શાંતિ ભંગને વહોરી લેવા બરોબર થાય. તેથી ખાદી, રેંટિયો, આવા ભાગોમાં મદ્યપાનનિષેધ વિગેરે કામોને ખૂબ વધારવાં.

૫૯. કર ન ભરવાનું કહેતાં જરૂર હું તમને શાહુકારી ચોરી કરતાં તો શીખવવાનો. સરકારને તો દશ માથાં અને વિશ ભુજા છે. તમે મહેસુલ ભરવાની ના કહેશો તેને બીજે દિવસે સરકારનાં ઘોડાં આવીને ઉભાં રહેશે. તે વખતે આપણે સિપાઇઓ સાથે લડીશું નહિ. આપણો કપાસ, અનાજ, શાકભાજી, જે લઇ જઈ શકે તે ભલે લઇ જાય, પણ સરકાર એ ચીજો આપણી પાસે રહેવા દેશે તો આપણે જરૂર ઘેર લઈ જવાના. એમ પોતાનો માલ ઘેર લઇ જવો એ ચોરી કહેવાતી હોય તો ભલે સરકાર આપણને દંડે કે મારી નાખે.

૬૦. કોઇ પણ કામનો આરંભ ન કરવો એ પ્રથમ બુદ્ધિલક્ષણ છે પણ જો આરંભ કર્યો તો તેને પાર ઉતારવું એ બહુ આવશ્યક છે. [માટે સો વાનનો વિચાર કર્યા પછી જ સવિનય ભંગ કરવા *યાર થવું તેમાં શોભા છે.]

૬૧. કાયદાના સવિનય ભંગમાં રાજ્યની સત્તાનો અગર તો ડખલગિરીનો સંપૂર્ણ ઇન્કાર રહેલો છે અને તેથી રાજ્ય જ્યારે ન્યાયનીતિમાં સાવ દેવાળિયું બની ગયુ હોય અને એને સુધારવાના બધા પ્રયત્નો ફોક હોય ત્યારે જ એવો ભંગ વ્યાજબી ગણાઇ શકે.

૬૨. દેશનું વાતાવરણ સ્વચ્છ થઈ જાય, જો 'સવિનય' પદનું મહત્ત્વ લો અને હૈયે પૂરેપૂરૂં ઠસી જઇને મન વર્તન બન્નેથી તેઓ અહિંસક બની જાય, અને ત્યારે પણ સરકાર પ્રજાની ઇચ્છાને માન આપતી નથી થઇ એવું જો હું જોઇશ તો ત્યારની જરૂર મુજબ વ્યકિતગ અગર સામુદાયિક સવિનય ભંગની હિમાયત કરનાર હું સૌમાં પહેલવહેલો હોઇશ એ વિષે મારા મનને છાંટાભાર શંકા નથી. જ્યાંસુધી હિંદુસ્થાનની પ્રજા પોતાનો જન્મસિધ્ધ હક્ક છોડી દેવાની ઇચ્છા જાહેર ન કરે ત્યાંસુધી એ ધર્મમાંથી છૂટી શકાય તેમ નથી.

૬૩. અંગ્રેજ લોક જેઓ જન્મથી જ લડવૈયા છે, તેમનામાંથી લોકોને જ્યારે હું સવિનય ભંગની લડતને વખોડતાં અને કેમ જાણે તે કોઈ આસુરી ગુન્હો હોય તેમ પૂરી કડકાઇથી તેની ખબર લઈ નાખવાની હિમાયત કરતા જોઉં છું, ત્યારે મને તેમની પ્રામાણિકતાને વિષે સાચે જ શંકા જાય છે. સશસ્ત્ર બળવાઓના બંદીજન બની જે પ્રજા આટલા કાળ તેનાં ગુણગાન કરતી આવી છે અને જેણે જાતે પણ યોગ્ય પ્રસંગોએ એ જ માર્ગની ઉપાસના કરી છે તે જ પ્રજામાંના અનેક લોક નિઃશસ્ત્ર અને અહિંસાભરી શાંત સવિનય ભંગની લડતના વિચાર સરખાની આજે આટલા વિરુદ્ધ શાસારૂ? હિંદુસ્થાન જેવા દેશમાં સંપૂર્ણ અહિંસાનું વાતાવરણ એ ખરૂં જોવા જઇએ તો અસંભવિત વસ્તુ છે એ એમની દલીલ હું

સમજી શકું છું. હું પોતે એવું માનતો નથી, પણ એવો વાંધો આણનારની દલીલમાં હું વજૂદ ગણું પણ સવિનય ભંગનો સિદ્ધાંત જ કેમ જાણે કોઇ મહા અનીતિની વસ્તુ હોય તેમ તેની સામે સૌએ મળીને મંડાવું એ સ્થિતિ મારી કેવળ સમજબહારની થઈ પડે છે. સવિનય ભંગના સિદ્ધાંતનો પ્રચાર કરતો હું બંધ પડું એવી અપેક્ષા કરવી એ મને શાંતિનો અને અહિંસાનો પ્રચાર કરતો અટકવાનું, ટૂંકમાં આપઘાત કરવાનું કહેવા બરોબર છે.

૨૧. ભૂલ્યા ત્યાંથી ફેર.

૧. હું પોતે તો વીચારપૂર્વક એવા અભિપ્રાય ઉપર આવું છું કે તૈયારી વગર પ્રતિકૂળ સંજોગોમાં લોકસમૂદાયને હાથે કાયદાનો સવિનય અનાદર શરૂ કરાવી શકાય નહિ. લોકોમાં સંપૂર્ણ શાંતિનો જુસ્સો ફેલાય નહિ ત્યાંસુધી કાયદાના સવિનય અનાદરની લડત સફળતાપૂર્વક ચલાવવાનાં મારી અશક્તિ મારે કબૂલ કરવી જોઇએ. આ નિર્ણય મને જેવો તેવો દુઃખદાયી નથી. એ મારી અશક્તિનો દુઃખદાયી એકરાર છે. પણ હું જે નથી તેવો બતાવવાના કરતાં જેવો છું તેવો જ મારી જાતને જાહેર કરવામાં મારા સર્જનહારની નજરમાં હું વધુ સારો ઠરીશ. જો સરકારની વ્યવસ્થિત મારફાડ જોડે મારા છૂટાછેડા હોય તો લોકોને હાથે થનારી અવ્યવસ્થિત મારફાડ જોડે પણ મારે એથી પણ ઓછો સહકાર હોઈ શકે. જો એવો ઉત્પાત ઇશ્વરને ઘેર મંજુર હશે તો એ બે ધમસાણ વચ્ચે ચગદાઇ જઇને જ હું સુખી થઇશ.

૨. બારડોલીનો સવિનય*ભંગ સ્વપ્ના જેવો થઇ ગયો. જે મુહૂર્ત ચલાવવાનું હતું તે જ મુહૂર્ત બંધ કરવાનું ઇશ્વરે નિર્મેલું એમાં તો નવાઇ નથી. રામ જેવાની રાજ્યાભિષેકની ઘડી વનવાસની બની તો બારડોલી જેવાનું શું? એમ આજે ખરી લાગતી ચીજો ઘણી વેળા સ્વપ્ના જેવી લાગશે ત્યારે જ સ્વરાજ્યનો ખરો અર્થ આપણને મળશે. અત્યારે તો મને એક જ અર્થ ખરો લાગે છે. સ્વરાજ્ય મેળવવાનો

*બારડોલી તાલુકાના 'સવિનય ભંગ'ના ઠરાવ માટે જૂઓ પરિશિષ્ટ ક; 'સવિનય ભંગ'ની મોકૂફી માટે કારોબારી સમિતિએ કરેલા ઠરાવ માટે જૂઓ પરિશિષ્ટ ખ તથા તેના અનુમોદન માટે મહાસમિતિએ કરેલા ઠરાવ માટે જૂઓ પરિશિષ્ટ ગ.

સાચો પ્રયત્ન એ સ્વરાજ્ય છે. સ્વરાજ્ય તો જેમ દોડીશું તેમ તેમ છેટું જ લાગશે.

૩. અસહકારમાં ઠરાવો થયા કરે છે. મહાભારત લડાઇમાં અનેક વ્યૂહ રચાય અને તોડાય. બધાનો હેતુ એક જ હોય છે. વ્યૂહ રચાયા જેટલી જ તેને તોડવાની પણ જરૂર હોય છે. સત્યાગ્રહના યુદ્ધમાં હારને અવકાશ નથી પણ સામાન્ય યુદ્ધમાં તો હાર પણ થાય તો યે લશ્કર નાસીપાસ ન થાય. આપણી સામે એવો આરોપ મૂકાયેલો છે કે ભારતવાસીઓ હાર સાંખી શકતા જ નથી; એક હાર ખાધી એટલે તરત તેઓ નાસભાગ કરવા માંડે છે. આ આરોપને હિંદુસ્થાન ખોટો પાડશે એવી હું જરૂર આશા રાખી બેઠો છું.

૪. એવી દલીલ કરવામા આવી કે ચૌરીચોરાના લોક તપી ઉઠે તેમાં બારડોલીને કઇ રીતે ધક્કો પહોંચે? હા, બારડોલીના પોતાના લોક જો કદિ ચૌરીચોરાનું જોઇને તોફાન કરી ઉઠે તો ભય ખરો, પણ બારડોલીને વિષે તો મને એવો કશો ભય છે જ નહિ. બારડોલી તાલુકાના લોક મારા અભિપ્રાય મુજબ આખા હિંદુસ્થાનમાં સૌથી શાંત છે. પણ હકીકત તો એ છે કે આખા હિંદુસ્થાનની વસ્તી સામું જોતાં બારડોલી તો 'દરિયા મેં ખસખસ' સમાન છે. એના પ્રયત્નને બાકીના બધા હિંદુસ્થાન તરફથી સંપૂર્ણ પીઠબળ ન મળે તો એ પ્રયત્નને કશું જ ફળ ન આવે. અને બારડોલીનો કાનુન-ભંગ પણ ત્યારે જ સવિનય ગણાય જ્યારે બાકીનું આખુ હિંદુસ્થાન તદ્દન શાંત રહે. જેમ ભરી દૂધકડાઈમાં સોમલનું એક બુંદ પડે તો પણ બધું દૂધ ઝેર બની જઇ નિરુપયોગી થઈ પડે છે તે જ પ્રમાણે ચૌરીચોરાના ઝેરથી બારડોલીનો વિનય પણ બેકાર બની જાય છે. કારણ જેટલે દરજ્જે બારડોલી હિંદુસ્થાનનું પ્રતિનિધિ છે તેટલે જ દરજ્જે ચૌરીચોરા પણ છે.

૫. અને ચૌરીચોરાનો બનાવ પણ રોગનાં એક બહાર ફાટી આવેલા ચિહ્ન રૂપે જ નથી શું? મેં કદિ એવું નથી માની લીધું કે જ્યાં

દમનનીતિ ચાલી રહેલ છે ત્યાં બધે કોઈ જ જગ્યાએ માનસિક અગર પ્રત્યક્ષ મારફાડ થઈ જ નથી. મેં એટલું જ માન્યું છે, હજુ માનું છું અને 'યંગ ઇન્ડિયા'ના પૃષ્ઠોમાં એનો ઢગલાબંધ પૂરાવો મળશે.

૬. દમનનીતિવાળા પ્રદેશોમાં ક્યાંક ક્યાંક થઈ આવતાં છમકલાં અને તે સામે સરકાર તરફથી વર્તાવવામાં આવતા જૂલમ અને દમન એ બે વચ્ચે કશું જ પ્રમાણ કે હદમર્યાદા નથી. સભાબંધી કરેલાં સ્થળોમાં ઇરાદાપૂર્વક સભાઓ ભરવી એ હું હિંસામાં ગણતો નથી. રોડાં કે પત્થરા ફેંકવા, ધમકી આપવી અગર બીજા દાખલાઓમાં જ્યાં ક્યાંક ક્યાંક અસહકારી કહેવડાવનારાઓ તરફથી પરાણે જે કેટલાં યે કામો કરાવવામાં આવે છે તેને અલબત્ત હિંસા કહું છું. ખરૂં જોતાં તો સવિનય ભંગની લડતમાં ઉશ્કેરણી બિલકુલ ન હોય; સવિનય ભંગ એ તો મૂંગે મોંઢે દુ:ખ સહેવાની તૈયારી છે. એની અસર અદૃશ્ય અને મુલાયમ છતાં ગજબની હોય છે. છતાં અત્યારની સ્થિતિમાં જરાતરા ઉશ્કેરણી અને જરાતરા વગરઇરાદાની બળજોરી અનિવાર્ય છે અને ક્ષમ્ય પણ છે એમ કંઇક મને ભાસેલું. એટલે કે આવી કંઇક અપૂર્ણતાઓવાળી સ્થિતિ વચ્ચે સવિનય ભંગ મને છેક અસંભવિત ન જણાયો. આદર્શ સ્થિતિમાં તો સવિનય ભંગ કળાતો પણ નથી. પણ અત્યારની ઝુંબેશ તો દેખીતી રીતે જ વિરુદ્ધ પરિસ્થિતિ વચ્ચે એક જોખમી અખતરો છે.

૭. ચૌરીચોરાનો હત્યાકાંડ આપણે માટે દીવાદાંડી રૂપ છે. જો કડકમાં કડક ચોકી ન કરવામાં આવે તો હિંદુસ્થાન કઇ દિશાએ સહેજે વળી જઇ શકે એમ છે તે એ બતાવે છે. જો આપણે અહિંસાના સંઘમાંથી હિંસાને કહાડી ન શકીએ તો જેમ બને તેમ જલ્દી પાછા ફરીને શાંતિનું વાતાવરણ સ્થાપ્યે જ, અને આપણો કાર્યક્રમ નવેસર ગોઠવી ફરી સવિનય ભંગ થાય અને તે વેળાએ સરકાર ચાહે તેટલી પજવણી કરે તોપણ ખૂનામરકી ન થવા વિષે તેમ જ અધિકાર વગરના સંઘો સામુદાયિક ભંગ શરૂ નહિ કરી દે

એવી આપણા મનની ખાત્રી ન થાય ત્યાંસુધી, સામુદાયિક સવિનય ભંગનો વિચાર સરખો છોડી દીધે જ, આપણો આરે છે.

૮. જો આપણે ચોરીચોરાના હત્યાકાંડમાંથી પૂરેપૂરો ધડો લઇએ તો જે શાપસમાન છે તેને જ આશીર્વાદના રૂપમાં ફેરવી નાખી શકીએ, કર્મમાં તેમ જ વૃત્તિમાં સંપૂર્ણતાએ સત્યપરાયણ અને અહિંસાપરાયણ બનીને અને સ્વદેશીની પ્રવૃત્તિને એટલે ખાદીના કાર્યક્રમને પાર ઉતારીને એક પણ વ્યક્તિને સવિનય ભંગ કરવાની જરૂર પડ્યા વગર જ આપણે સંપૂર્ણ સ્વરાજ્ય સ્થાપી શકીએ, ખિલાફતને બચાવી લઇએ અને પંજાબની ભરપાઇ મેળવીએ. આમ સામુદાયિક સવિનય ભંગની મોકુફી અને ઉશ્કેરણીનું શમન એ પ્રગતિને સારૂ આવશ્યક છે, એટલું જ નહિ પણ તે સિવાય આપણે જરૂર વધુ પડવાના છીએ.

૯. મારો માર્ગ ચોકખો છે. હુ જોઉં છું કે મારો દુરુપયોગ થઇ રહ્યો છે. મારે નામે ચોરીચોરામાં ખૂનો થયાં. હું સવિનય ભંગની વાત કરૂં છું તો સાંભળનાર વિનય પદને ઉડાવી દઇ કેવળ ભંગ પદનું જ ગ્રહણ કરે છે. સવિનય ભંગ એ અવિચ્છિન્ન સમાસ સમજવો. રસાયણશાસ્ત્રમાં બે મેળવણી મનાય છે. એક સામાન્ય, જેમાં બધી વસ્તુઓ પોતાનો ગુણ રાખે છે. બીજું એવું મિશ્રણ જેમાંથી એક ત્રીજી જ વસ્તુ પેદા થાય છે કે જેનો ગુણ બેમાંથી એકે મૂળ વસ્તુની સાથે મળતો નથી. સવિનય ભંગ એ એક એવું રસાયણી મિશ્રણ છે. તેમાં ભંગનું એક પણ ખરાબ પરિણામ ન હોય અને તેમાં કેવળ વિનયથી થતાં પરિણામો આપણે જોતા જ નથી. વિનયની સાથે ઘણી વેળા આપણે નબળાઇ જોઇએ છીએ. ભંગની સાથે ઉદ્ધતાઇ અસત્ય ઇત્યાદિ જોઇએ છીએ. સવિનય ભંગમાં તો કેવળ નિર્દોષતા અને નિર્ભયતા જ હોવાં જોઇએ. એવા અવિભક્ત પ્રયોગને તોડી તેમાંથી કેવળ ભંગનું જ ગ્રહણ કરનાર મનુષ્યો જ્યાંસુધી જોવામાં આવે છે ત્યાંસુધી સવિનય ભંગનું ચલાવવું અશક્ય જેવું થઇ જાય છે. પણ જો સવિનય ભંગ કરનારનો પ્રજા બહિષ્કાર કરે તો તેઓ પોતાની

શક્તિમાં પ્રયોગ જલાવી શકે છે. જો તેમ ન બને તો જેમ સરકારની સાથે તે જ રીતે અશાંતિ ઇચ્છનાર પક્ષની સાથે પણ મારે અસહકાર જ કરવો રહ્યો.

૧૦. હું નથી માનતો કે દેશ અશાંતિને સારૂ તૈયાર છે અથવા તો દુર્બળ 'ભાતખાઉ' ને સારૂ અશાંતિથી સ્વરાજ્યનો કંઇ જ અર્થ હોઇ શકે. તે તો અશાંતિના ઉપાસકોના ભોગ જેમ આજ છે તેમ જ રહેવાના. અશાંતિના પૂજારી હિંદુસ્થાનના કરોડોને સારૂ સ્વરાજ્ય નથી ઇચ્છતા પણ પોતાને સારૂ સત્તા ઇચ્છે છે. આ આરોપ તેઓ કબૂલ નહિ કરે. તેમની પ્રવૃત્તિનું એ પરિણામ આવે જ એ તેઓ જાણતા પણ નથી. હું તેમને દોષ દેવા આ નથી લખી રહ્યો. હું તો માત્ર તેમની પ્રવૃત્તિનાં પરિણામો જ બતાવી રહ્યો છું.

૧૧. શાંતિમાર્ગે જ હિંદુસ્થાન થોડા માસમાં સ્વરાજ્ય મેળવી શકે. અશાંતમાર્ગે સો વર્ષે પણ ન મળે એમ માનું છું. વળી જે સ્વરાજ્યને સારૂ આપણે મથી રહ્યા છીએ તે જો ગરીબોનું અને 'ભાતખાઉ' દુર્બળ પ્રજાનું હોય તો તો સો વર્ષે પણ તેઓ પોતાની દુર્બળતામાંથી ઉઠી શકવાના નથી. શાંતિના પ્રયોગથી તો આપણે દુર્બળને પણ બતાવીએ છીએ કે તેના શરીરમાં જે આત્મા છે તેનું બળ ચક્રવર્તિના આત્મા જેટલું જ તે ધારે તો બતાવી શકે છે.

૧૨. આ વાત જો ખોટી હોય, એ માન્યતામાં ત્રુટિ હોય, તો આ 'શાંત' અસહકારની પ્રવૃત્તિ પણ ખોટી છે; તો પછી અસહકાર એક જ નામ રાખી શકાય. વિનય, શાંતિ, સત્ય વિગેરે પહેલા ઉપયોગ આપણે તજવા જોઇએ અને સલ્તનતને રાક્ષસી કહેવાનો રિવાજ પણ છોડવો જોઇએ. રાક્ષસી પ્રયોગોથી લડનારને પ્રતિપક્ષીની પ્રથાને રાક્ષસી ગણવાનો કે કહેવાનો અખત્યાર નથી રહેતો.

૧૩. ડગલું ભર્યું તે પર કાયમ રહેવું એ મોટો જ સદ્‌ગુણ છે, પણ જ્યારે ભરેલા ડગલાપર કાયમ રહેવા ખાતર ઉઘાડી વસ્તુસ્થિતિ સામે

માણસ આંખ મીંચવા તૈયાર થાય ત્યારે તે હાસ્યાસ્પદ થઇ પડે છે. મેં તો મોટાં લશ્કરોના મોરચા સુદ્ધાં કલાકે કલાકે બદલાતા જોયા છે. ઝુલુ બળવામાં એક વાર અમે બધા ઉંઘતા હતા, સવાર માટે અમને ચોક્કસ હૂકમો મળી ચૂકયા હતા. પણ મધરાતને સુમારે અમને અચાનક જગાડવામાં આવ્યા અને અનાજની ગુણોની થપ્પી પાછળ છૂપાવાનો અમને હૂકમ મળ્યો, કારણ જે ટેકરી ઉપર અમે પડાવ નાખ્યો હતો તેની ઉપર દુશ્મન ઘુંટણભર ચાલીને ચડી આવતો હતો એવા ખબર મળ્યા અને અનાજની ગુણોની થપ્પી અમને દિવાલ તરીકે રક્ષણ આપે એમ હતી. બીજે જ કલાકે ખબર મળ્યા કે એ બધી જૂઠી બૂમ હતી એટલે વળી પાછો અમને પોતપોતાના તંબુમાં જઇ સૂઇ રહેવાનો હૂકમ મળ્યો! આ બધી 'ગુલાંટો' જરૂરી ફેરફારો જ હતા. રોગના નિદાનમાં જેમ ફેરફાર જણાતા જાય તેમ તેના ઇલાજોમાં પણ ફેરબદલ થતાં જ જાય, વૈદ્યને એક દિવસ શીત-જ્વર લાગુ પડેલો દેખાય અને તે ક્વિનાઇન કે કરિયાતાનો કાઢો આપે; અને બીજે જ દિવસે કાળજ્વરનાં લક્ષણ માલમ પડે અને એ બધા ઉપચાર બંધ કરી દર્દીને કેવળ આરામ અને લાંઘણ ઉપર રાખવાની એને સૂચના કરવી પડે. પાછળથી વળી એને ક્ષયનું આક્રમણ થતું જણાય તો વળી તે ઉપચારમાં ફેરફાર કરે અને પૌષ્ટિક ખોરાક આપવા કહે. આમાં વૈદ્યને તોરી–તરંગી કહેવો કે સાવધાન અને પ્રામાણિક કહેવો?

૧૪. હું માનું છું કે લોકોની સંમતિ મેળવવાની ખાતર લોકોથી દોરાયેલા દેખાવું તેના કરતાં હાલના વખતમાં હઠિલા અને આપમુખત્યાર ગણાવું એ વધારે સારૂં છે. જો આપણે તોફાની લોકોના કાયદાથી દૂર રહેવા માગતા હોઇએ અને દેશને માટે વ્યવસ્થિત પ્રગતિ ઇચ્છતા હોઇએ તો જેઓ લોકોને દોરવાનો દાવો કરતા હોય તેમણે તેમનાથી દોરાવાની મક્કમપણે ના પાડવી જોઇએ.

૧૫. હું માનું છું કે પોતાનો મત સ્પષ્ટ રીતે જણાવી દેવો અને લોકમત પોતાની બુદ્ધિને રુચે એમ ન હોય તો નેતાઓએ તેનાથી વિરુદ્ધ વર્તવું એ તેમની ફરજ છે.

૧૬. બારડોલીમાં મહાસભાની કારોબારી સમિતિને સવિનય ભંગ * મુલ્તવી રાખવાની સલાહ મેં એટલા સારૂ આપી કે એવો સવિનય ભંગ સવિનય રહેત નહિ, એવો કોઇ પણ ભંગ સવિનયી નહિ પણ અવિનયી જ થઈ પડે એ હું જાણું છું; અને શાંતિનું વાતાવરણ એ તો સવિનય ભંગનો શ્વાસોચ્છ્વાસ છે.

૧૭. સવિનય ભંગ–વ્યક્તિગત સવિનયભંગ સુદ્ધાં–ને માટે શાન્તિનું વાતાવરણ અનિવાર્ય છે. કાર્યકર્તાઓ જ્યાંસુધી અહિંસાવૃત્તિને જીવનમાં ન ઉતારે અને તે બાબત અંગ્રેજ તેમ જ હિન્દી સહકારીઓ પાસેથી સુદ્ધાં પ્રમાણપત્ર ન મેળવે એટલે કે મનથી પણ તેમનું બૂરૂં ઇચ્છવાનું ખરેખર છોડી ન દે ત્યાંસુધી સવિનય ભંગની શરૂઆત ન જ થવી જોઇએ. જ્યારે આપણી સભાઓમાંથી અસહિષ્ણુતા નિકળી જશે અને આપણાં લખાણોમાંથી બધી કડવાશ નિકળી જશે ત્યારે જ એની સાચામાં સાચી કસોટી થશે. બીજી જરૂરની કસોટી આપણે આપણાં રચનાત્મક કાર્યક્રમ પાછળ પૂર્ણ ગંભીરતાથી લાગી જઇએ તેમાં રહેલી છે. એ કાર્યક્રમની અંદર ગિરફતાર થઇ જવાનું આપણાથી નહિ બની શકે તો અહિંસામાં સફળતા મેળવવાની શક્તિ વિષે આપણામાં હજુ અશ્રદ્ધા ભરેલી છે એમ માનવાને મને તો ચોક્કસ સાબિતી મળી જશે.

૧૮. આનો અર્થ એવો નથી કરવાનો કે જેને રાજદ્વારી સંબંધ નથી એવી ગમે તેવી અશાંતિથી પણ સવિનય ભંગ અટકે. કુટુંબ કુટુંબના કજીઆઓથી કોઇ જગ્યાએ લોહી રેડાયું તો તેટલાથી કંઇ હું દેશની પ્રજાકીય લડતને વિષે નિરાશ ન થાઉં. તે જ પ્રમાણે લૂંટારૂ ધાડપાડુ લોક કોઇ જગ્યાએ હિંસા કરે તો તેથી પણ હું પાછો ન પડું, જોકે એવા બનાવમાંથી યે પ્રજામાં હજી પૂરી આત્મશુદ્ધિ પ્રસરી નથી એટલું અનુમાન તો હું ખેંચી જ લઉં. સવિનય ભંગ અટકે તે તો રાજ્યપ્રકરણી અશાંતિ થાય તો જ. ચોરીચોરા એ રાજ્યપ્રકરણી

*જુઓ પરિશિષ્ટ ख

અશાંતિનું એક દૃષ્ટાંત હતું. એનો જન્મ એક રાજ્યપ્રકરણી જલસામાંથી થયો. એ જલસો સંપૂર્ણ શાંતિથી પાર ઉતારવાની શક્તિ આપણામાં નહોતી તો પછી એથી બચવાની આપણી ફરજ હતી. મેં મલબાર અને માલેગામના બનાવોને આપણી પ્રગતિમાં આડે એટલા સારુ ન આવવા દીધા કે મોપલા એ જૂદી જ જાતના લોકો હતા અને તેઓને અહિંસાનો સંદેશો જોઇએ તેટલો પહોંચ્યો નહોતો. માલેગામનો કિસ્સો એથી વધારે ગૂંચવણભર્યો ગણવો જોઇએ, છતાં ત્યાંના મુખ્ય અસહકારીઓએ ખૂનરેજી અટકાવવાને પોતાથી બનતું કરેલું એવો સ્પષ્ટ પૂરાવો બહાર આવ્યો હતો. વળી તે વખતે સામુદાયિક સવિનય ભંગની તૈયારીઓ નહોતી ચાલતી અને બીજે ઠેકાણે ચાલતા વ્યક્તિગત સવિનય ભંગમાં એનાથી વિઘ્ન આવે એમ નહોતું.

૧૯. અસહકારીની પ્રતિજ્ઞામાં તેનો ખાનગી બાબતોમાં બચાવ કરવાનો હક્ક જતો કરવાની ફરજ નથી આવતી. રાજ્યપ્રકરણી હિંસાને માટે જ અસહકારીઓને સખ્ત નિષેધ છે. તેથી જેઓ અસહકારને શાશ્વતૃધર્મ ન માનતા હોય તેમને હૂમલો કરનાર વિરોધીઓ સામે પોતાનો અથવા પોતાના આશ્રિતો અને બાળબચ્ચાંઓનો બચાવ કરવાની છૂટ છે. પણ પોતાની સત્તાનો અમલ કરતી પોલિસ સામે તેમનાથી પોતાનો બચાવ ન કરી શકાય, પછી એ સત્તા ખરી હોય કે ગેરકાયદે ધારણ કરેલી હોય. તેથી જે કલેકટરો સ્વયંસેવકોને મારી માન્યતા અનુસાર ગેરકાયદે માર મારે, તેમની સામે સ્વરક્ષણ કરવાનો હક્ક આપણી પ્રતિજ્ઞામાંથી પ્રાપ્ત નથી થતો.

૨૦. મોટી કોમોમાંની એક જો અહિંસાની પ્રતિજ્ઞાના બંધનને ફેંકી દે તો હું કબૂલ કરૂં છું કે બીજા પક્ષને એકલા જ આ લડતની ટીક ઝાલવી અશક્ય નહિ તો અતિ અઘરી તો થઇ પડે જ. એ પક્ષને અહિંસાની નીતિમાં અડગ શ્રદ્ધા હોવી જ જોઇશે પણ જો એક કોમ પણ સમજી જાય કે હિંસામય સાધનોથી હિંદુસ્થાન સૈકાઓ સુધી સ્વરાજ્ય ન જ મેળવી શકે તો તે કોમ ,પોતપોતાના

સતત અહિંસામય એટલે પ્રેમમય વર્તનથી સર્વ વિરોધી પક્ષોને જીતી પોતાના પક્ષમાં ભેળવી શકે.

૨૧. જો બન્ને પક્ષ મારો ત્યાગ કરે તો હું હંમેશની માફક શાંતિ જ ધારણ કરૂં અને હૈડેહૈયે પૂર્ણ દઢતાપૂર્વક મારી અહિંસાની ચળવળ ચલાવું. કારણ આજે તેમને લીધે મારો પગ બંધાયેલો રહે છે તે તે વેળાએ નહિ રહે. આજે તો હું મારા માત્ર વ્યવહારુ ધર્મતત્ત્વને જ અમલમાં મૂકતો જણાઉં છું. પણ તે દિવસે તો હું મારા શાશ્વત્ધર્મને અમલમાં મૂકતો હોઈશ.

૨૨. અદાલતમાં એકરાર.

૧. મારો લેખી એકરાર વાંચું તે પહેલાં હું કહેવા ઇચ્છું છું કે મારે વિષે વિદ્વાન્ ઍડવોકેટ જનરલે જે ટીકા* કરી છે તે હું પૂરેપૂરી સ્વીકારી લઉં છું. હું માનું છું કે તેમણે મારે વિષે જે કંઇ કહ્યું છે તે કહેવામાં તેમણે મને પૂરેપૂરો ન્યાય કર્યો છે. કારણ તેમણે જે કહ્યું તે તદ્દન સાચું છે. કોર્ટથી એ વાત છૂપાવવા હું જરા યે ઇચ્છતો નથી કે ચાલુ રાજ્યપદ્ધતિ સામે અપ્રીતિ ફેલાવવાની તો મને લગભગ લ્હે લાગી છે.

---

*૧ કોર્ટે ઍડવોકેટ જનરલને કહ્યું. 'તહોમતદાર તહોમત કબૂલ કરે છે, તો હવે મુકર્દમાનો આખો વિધિ જરૂરી છે શું?'

૨. ઍડવોકેટ જનરલ મુકર્દમો ચલાવવા ઇન્તેજાર હતા. તેમણે કહ્યું: ગુન્હો સાબિત કરવા ખાતર નહિ પણ સજા કેટલી ઠરાવવી એ નકકી કરવા મુકર્દમો ચાલવાની જરૂર ખરી. પોતાના મુદ્દાના ટેકામાં તેમણે કેટલીક દલીલ કરી. તેમણે કહ્યું: તહોમતદારે કંઈ આ ત્રણે લેખો લખવાનો જ ગુન્હો નથી કર્યો, પણ આ લેખો તો તેમણે રાજ્ય સામે જે ખુલ્લી અને પદ્ધતિસર લડત માંડી છે તેનો અંશ માત્ર છે. આ વાત પૂરવાર કરવા તેમણે 'યંગ ઇન્ડિયા'માંથી કેટલાક ફકરાઓ વાંચી બતાવ્યા. તે પછી સજા સખ્ત થવી જોઇએ એવી દલીલ કરતાં તેમણે કહ્યું કે જયારે કોઈ ભાગમાં એક જ પ્રકારના ગુન્હા વધારે થાય છે ત્યારે મુખ્ય ગુન્હેગારને કાયદા પ્રમાણે દાખલો બેસે તેવી સજા કરવી જોઈએ. વળી ગુન્હેગાર ઉંચી કેળવણી પામેલ શખ્સ છે અને લોકોના માનીતા નેતા છે, એટલે તેઓની આવા પ્રકારની લડતની લોકો ઉપર શી અસર થાય એ પણ કોર્ટે ધ્યાનમાં લેવું જોઇએ. જોકે તેમના લેખોમાં અહિંસા ઉપર નિરંતર ભાર મૂકવામાં આવતો રહ્યો છે તોપણ જયારે અપ્રીતિ પદ્ધતિસર ફેલાવવામાં જ આવતી હોય ત્યારે અહિંસાના ઉપદેશની કશી કિમ્મત નથી. તોહમતદારની લડતનાં પરિણામ મુંબઈ, મદ્રાસ અને ચૌરીચૌરાના ભયંકર રમખાણોમાં આવેલાં છે.

૨. ઍડવોકેટ જનરલ સાહેબે બરોબર કહ્યું છે કે 'યંગ ઇન્ડિયા' સાથે મારો સંબંધ બંધાયો ત્યારથી જ કાંઇ મેં અપ્રીતિ ફેલાવવા માંડી છે એમ નથી. મારૂં એ કામ તો વહેલાંનું શરૂ થયેલું છે અને હમણાં હું જે એકરાર વાંચવાનો છું તેમાં કોર્ટ આગળ તે કબૂલ કરવાની મારી દુઃખદાયક ફરજ હું બજાવીશ કે ઍડવોકેટ જનરલ સાહેબે કહ્યું છે તે કરતાં વહેલાંનું આ સરકાર પ્રત્યે અપ્રીતિ ફેલાવવાનું કામ મેં શરૂ કરેલું છે. મારે માટે એ અતિશય દુઃખદાયક ફરજ છે, પણ મારે માથે જે જવાબદારીઓ રહેલી હતી તે જોતાં તે ફરજ મારે અદા કરવી જ પડી છે. મુંબઈ, મદ્રાસ અને ચૌરીચૌરાના બનાવોના સંબંધમાં જે જવાબદારી વિદ્વાન્ ઍડવોકેટ જનરલે મારે માથે નાખી છે તે બાબતમાં મારો ગુન્હો હું સ્વીકારી લઉં છું.

૩. આજે સવારે મને લાગ્યું કે અત્યારે હું જે કહું છું તે હું ન કરૂં તો મારી ફરજ હું ચૂકું. હું અશાન્તિ ટાળવવા ઇચ્છતો હતો, હજી યે ઇચ્છું છું. અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે, અને એ જ મારા ધર્મનો છેલ્લો મંત્ર છે. પણ મારે તો બે બૂરાઇઓ વચ્ચે પસંદગી કરવાની હતી. કાં તો મારે મારા દેશને પારાવાર નુકસાન કરી રહેલી રાજ્યપદ્ધતિને વશ થતું રહેવું, નહિ તો મારે મુખેથી દેશની વાસ્તવિક સ્થિતિ વિષે સાંભળ્યા પછી મારા દેશી બંધુઓનો પિત્તો ઉછળે એવું જોખમ ખેડવું રહ્યું. મારા દેશી બંધુઓ કેટલીક વાર ગાંડા બન્યા છે તે હું જાણું છું. તે માટે મને ખૂબ દુઃખ થયેલું છે. અને તેથી જ અહિં હું નરમ સજા નહિ પણ સખ્તમાં સખ્ત સજા માગી લઉં છું.

૪. હું દયા માગતો નથી. તેમ મારા ગુન્હાને હળવો ગણવો એવી પણ કશી દલીલ કરવા ઇચ્છતો નથી. માટે કાયદાની દૃષ્ટિએ જે ઇરાદાપૂર્વક ગુન્હો ગણાય, પણ મારે મન તો જે દરેક શહેરીની એક ઉંચામાં ઉંચી ફરજ છે તે માટે સખ્તમાં સખ્ત સજા માગી લેવા અને તેને તાબે થવા હું અહિં બેઠો છું. મારા લેખી એકરારમાં હું હમણાં જ જણાવવાનો છું તેમ હે ન્યાયાધીશ! તમારે માટે બે જ માર્ગ ખુલ્લા છે. જો તમને લાગે કે જે કાયદાનો અમલ તમારે કરવાનો

છે તે એક પાપી વસ્તુ છે અને ખરું જોતાં હું નિર્દોષ છું તો તમે તમારી જગ્યાનું રાજીનામું આપો અને એમ કરીને પાપમાં સંગ તજો; પણ જો તમને એમ લાગે કે જે કાયદાનો તમે અમલ કરો છો તે સારી વસ્તુ છે અને તેથી મારી પ્રવૃત્તિ પ્રજાહિતને નુકસાનકર્તા છે તો કડકમાં કડક સજા ફરમાવો. મેં પહેલો કહ્યો તેવો પલટો તમારામાં થાય એમ હું ધારતો નથી પણ મારો એકરાર હું પૂરો વાંચી રહું તે પહેલાં એક સમજુ માણસને આટલું ભારે જોખમ ખેડવા પ્રેરે એવું શું શું મારા હૈયામાં વલોવાઇ રહ્યું હોવું જોઇએ તેની ઝાંખી કદાચ તમને થશે. [બાદ પોતાની જગ્યાએ બેઠાં મહાત્માજીએ પોતાનો લેખી એકરાર નીચે મુજબ વાંચી સંભળાવ્યો હતો:—]

એકરાર.

૫. હિંદુસ્થાન પ્રત્યે તેમ જ જે વિલાયતની પ્રજાને સંતોષવા ખાતર મુખ્યત્વે કરીને આ મુકદ્દમો માંડવામાં આવ્યો છે તે પ્રજાની પ્રત્યે રહેલો મારો ધર્મ વિચારતાં મને લાગે છે કે એક ચુસ્ત રાજ્યનિષ્ઠ અને સહકારી શહેરી મટીને આજે હું એક કટ્ટો રાજ્યદ્રોહી અને અસહકારી શાસારૂ બન્યો છું એનો ખુલાસો આપવાને હું બંધાયેલો છું. સિવાય કોર્ટને પણ હિંદુસ્થાનમાં કાયદાથી સ્થપાયેલી સરકાર સામે અપ્રીતિ ફેલાવવાના આરોપને હું શા કારણે સ્વીકારી લઉં છું એ મારે જણાવવું જોઇએ.

૬. મારા જાહેર જીવનની શરૂઆત સને ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકામાં વિષમ સંજોગો વચ્ચે થઇ. એ દેશમાં અંગ્રેજ સત્તા જોડેનો મારો પહેલવહેલો સમાગમ ઝાઝો સુખદાયી ન કહેવાય. મને માલમ પડ્યું કે માણસ તરીકે અને એક હિંદી તરીકે મને કશા જ હક્ક નહોતા; ઉલટું મેં જોયું કે હું હિંદુસ્થાની હતો એટલા જ કારણસર માણસ તરીકેના મારા હક્ક પણ માર્યા જતા હતા.

૭. પણ આથી હું હાર્યો નહિ. હિંદીઓ પ્રત્યે ચલાવવામાં આવતું દુર્વર્તન એ એક મોટે ભાગે સારા એવા રાજ્યતંત્ર ઉપર વળેલો બહારનો મેલ છે, મૂળ હાડે તો તંત્ર સારૂં છે એમ

મેં મારા મનને મનાવ્યું અને જ્યાં મને એ સરકારના દોષ જણાયા ત્યાં તે સારૂ તેને વખતોવખત વખોડવા છતાં તેનો નાશ કદિ પણ ન ઇચ્છતાં એ સરકાર જોડે હું સ્વેચ્છાપૂર્વક અને સાચા દિલથી સહકાર કરતો રહ્યો.

૮. આથી સને ૧૮૯૯ માં બોઅર યુદ્ધ વેળાએ જ્યારે સલતનતની હસ્તી જોખમમાં આવી પડી ત્યારે મેં તેને મારી સેવા અર્પણ કરી. મેં જખમીઓની માવજત કરનારી સ્વયંસેવકોની ટુકડી ઉભી કરી અને લેડીસ્મીથના બચાવને સારૂ થયેલી સંખ્યાબંધ લડાઇઓ દરમિયાન મારાથી બનતું કર્યું. તે જ પ્રમાણે સને ૧૯૦૬ માં ઝુલુ બળવા દરમિયાન પણ મેં જખમીઓને ઉઠાવનારા ડોળીવાળાઓની એક ટુકડી ઉભી કરેલી અને 'બળવો' શમતાં સુધી સેવા બજાવેલી. આ બન્ને પ્રસંગે મારી સેવાઓને માટે મને ચાંદ મળેલા અને સરકારી ખરીતાઓમાં મારા કામની ખાસ નોંધ લેવાયેલી. દક્ષિણ આફ્રિકામાંના મારા કામની કદરમાં લૉર્ડ હાર્ડિંજ તરફથી મને કૈસરે-હિંદ સુવર્ણપદક મળેલો. સને ૧૯૧૪ માં જ્યારે ઇંગ્લાંડ અને જર્મની વચ્ચે લડાઈ જાગી ત્યારે મેં લંડનમાં તે વખતે વસતા હિંદીઓની—મુખ્યત્વે વિદ્યાર્થીઓની–એક 'એમ્બ્યુલન્સ' ટુકડી ઉભી કરેલી. આ ટુકડીએ કિમ્મતી સેવા બજાવ્યાની ત્યારના અમલદારોની કબૂલાતો છે. અને છેલ્લે હિંદમાં જ્યારે ૧૯૧૭ ની સાલમાં દિલ્હીમાં મળેલી યુદ્ધપરિષદમાં લૉર્ડ ચેમ્સફર્ડે લશ્કરભરતીને સારૂ આગ્રહભરી અરજ કરી ત્યારે સુદ્ધાં મારી તબિયત સામું પણ ન જોતાં ખેડા જીલ્લામાં લશ્કરભરતીને સારૂ હું મથ્યો, જોકે મારા પ્રયત્નને ફળ આવવા માંડ્યું એટલામાં લડાઇ બંધ થઇ અને વધુ રંગરૂટોની જરૂર ન રહ્યા બાબતના હુકમો નિકળ્યા. આ બધા સેવાના પ્રયત્નો દરમિયાન હું એ જ આશાની હૂંફે જીવતો હતો કે આવી સેવાઓ બજાવીને મારા દેશબંધુઓને સારૂ સલતનતમાં સંપૂર્ણ સમાનતાનો દરજ્જો મેળવી શકાશે.

૯. એ મારી આશા પર પહેલવહેલો ફટકો 'રૉલૅટ ઍક્ટ'ના રૂપમાં પડ્યો. એ કાયદા સામે મારે કડવી ઝુંબેશ ચલાવવી પડી. ત્યાર

બાદ પંજાબનો કાંડ શરૂ થયો, જેનો આરંભ જલિયાંવાલાની કતલથી થયો અને અવધિ પેટે ચલાવવાના હુકમોમાં, જાહેરરસ્તાઓ પર ફટકાઓ મારવામાં અને એવાં જ બીજાં અકથનીય અપમાનભર્યાં કૃત્યોમાં થઇ. મેં એ પણ જોયું કે તુર્કી તેમ જ ઇસ્લામનાં પવિત્ર સ્થળો પર હાથ ન નાખવાના સંબંધમાં હિંદી મુસલમાનોને વડા પ્રધાને આપેલો કોલ પળાવાનો ઝાઝો સંભવ નહોતો. પણ એ બધાં લક્ષણ દેખાતાં છતાં અને મિત્રોએ પણ મને ગંભીર ચેતવણીઓ આપ્યા છતાં અમૃતસરની મહાસભા વેળાએ સરકાર જોડે સહકારની તેમ જ મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારા સ્વીકારવાની તરફેણમાં હું ઝૂઝયો, એવી આશાએ કે વડા પ્રધાન હિંદી મુસલમાનોને આપેલો પોતાનો કોલ આખરે પાળશે, પંજાબનો જખમ રૂઝાવવામાં આવશે અને સુધારા જોકે અધુરા અને અસંતોષકારક હતા છતાં તે હિંદના જીવનમાં એક નવા અને આશાદાયી યુગના સૂચક નિવડશે.

૧૦ પણ મારી આશાઓ બધી ધૂળ મળી. ખિલાફતને લગતો કોલ પાળવાનો મોખ નહોતો. પંજાબના કાંડ પર સફેદો ફેરવવામાં આવ્યો અને ગુન્હેગારોને શિક્ષા કરવાનું તો કોરે રહ્યું પણ ઉલટા તેઓ પોતાની નોકરીઓ પર કાયમ રહ્યા અગર તો તેમના પેન્શનો હિંદી ખજાનામાંથી અપાવાં ચાલુ રહ્યાં અને વળી કેટલાક દાખલાઓમાં તો તેમને ઉલટા ઇનામ–અકરામો એનાયત કરવામાં આવ્યાં ! મેં એ પણ જોયું કે સુધારાઓથી જે દિલના પલટાની આશા બાંધવામાં આવી હતી તેવો કશો યે પલટો ન થતાં માત્ર હિંદુસ્થાનનું ધન વધુ ચૂસવાની અને માત્ર તેની ગુલામીને લંબાવવાની જ તે એક નવી તદબીર હતી.

૧૧. અફસોસપૂર્વક હું એ નિર્ણય ઉપર આવ્યો કે બ્રિટિશ હકુમતે રાજદ્વારી તેમ જ આર્થિક બન્ને દૃષ્ટિએ હિંદને તે અગાઉ કદિ નહોતું તેટલું લાચાર જ કરી મેલ્યું છે. નિઃશસ્ત્ર હિંદ આજે કોઈ પણ હુમલાખોર સામે શસ્ત્રની લડાઇમાં ઉતરવા માગે તો તેમ કરવાની આજે તેનામાં કશી જ તાકાત નથી. અને આ સ્થિતિ એટલી તો હદ સુધી આવેલી છે કે અમારા કેટલાક સારામાં સારા માણસો પણ આજે એવું માને

છે કે હિંદે સંસ્થાનોની ઢબનું સ્વરાજ્ય મેળવવાને પણ હજુ અનેક પેઢીઓ વીતાડવી જોઇએ. હિંદુસ્થાન આજે એટલું તો નાદાર બની ગયું છે કે તેનામાં દુષ્કાળોની સામે ટકાવ કરવાની બિલકુલ શક્તિ નથી. અંગ્રેજોએ અહિં પગલાં કર્યાં તે અગાઉ હિંદ પોતાનાં લાખો ઝુંપડાંઓમાં કાંતતું તથા વણતું અને ખેતીમાંથી મળી રહેનારી પોતાની નાની શી આજીવિકામાં રહેતી ખોટ ભરી કહાડતું. જીવાદોરી સમો આ હિંદનો ગૃહઉદ્યોગ માની ન શકાય એટલા નિષ્ઠુર અને અમાનુષ ઉપાયો વડે નષ્ટ કરવામાં આવ્યો, જેનાં બ્યાનો અંગ્રેજ સાક્ષીઓએ કરેલાં છે. હિંદની અધપેટે રહેનારી આમપ્રજા કેવી ધીમે ધીમે મૃતપ્રાય થતી જાય છે એની શહેરોના રહેનારાઓને ભાગ્યે જ ભાળ છે. તેઓને ખબર નથી કે તેમને ભોગવવા મળતા ક્ષુદ્ર એશઆરામ તેઓ હિંદને ચૂસનારા પરદેશી મૂડીદારોનાં ઘર ભરવા જે મહેનત કરે છે તેની દલાલી સિવાય બીજું કશું નથી. અને પેલાઓનો બધો નફો તેમ જ આમની દલાલી બન્ને હિંદની ગરીબ પ્રજાને નિચોવીને જ નિતારી કહાડેલાં હોય છે. તેમને ગમ નથી કે બ્રિટિશ હિંદમાં કાયદાથી સ્થપાયેલી સરકાર એ ગરીબ આમપ્રજાને આ રીતે ચૂસવાની ખાતર જ ચલાવવામાં આવે છે. ચાહે તેવા વિતંડાવાદથી કે આંકડા અહેવાલોનાં ચાહે તેવા માયાવી કોષ્ટકોથી આજે જે પૂરાવો હિંદના ગામડાંઓ પોતાનાં ચાલતાં બોલતાં હાડપિંજરોથી નરી આંખને પણ આપી રહેલ છે તેને ઉડાવી શકાય તેમ નથી. મારા મનને તો છાંટાભાર શક નથી કે ઇશ્વર જેવો કોઈ માલિક જો દુનિયાને માથે હોય તો તેના દરબારમાં ઇંગ્લાંડને તેમ જ હિંદુસ્થાનના આ બધા શહેરોમાં વસનારાઓને બેઉને આ ગુન્હાને માટે–ઇતિહાસમાં કદાચ જેની જોડ ન મળી શકે એવા આ માનવજાતિ સામેના ગુન્હાને માટે–જવાબ દેવો પડશે. ખુદ કાયદો પણ આ દેશમાં હિંદને ચૂસી લેનાર પરદેશીઓની સેવાને અર્થે જ વપરાય છે. પંજાબ માર્શલ લૉના મુકર્દમાઓની મારી તટસ્થ તપાસને પરિણામે મારા ઉપર એવી જ છાપ પડી કે સેંકડે ઓછામાં ઓછી પંચાણું ટકા સજાઓ કેવળ દુષ્ટ હતી.

હિંદમાંના રાજદ્વારી મુકદ્દમાઓના મારા અનુભવ ઉપરથી મેં જોયું છે કે તેમાં સજા પામેલા લોકોમાંના દરેક દશમાંથી નવ સાવ નિર્દોષ હતા. સ્વદેશપ્રીતિ એ જ એમનો ગુન્હો. હિંદની અદાલતોમાં યુરોપિયનોની સામે કામ માંડનારા સોમાંથી નવાણું હિંદીઓને ન્યાય મળતો નથી. આ ચિતારમાં રંગ પૂરણી કે અતિશયોક્તિ ક્યાંયે નથી. આવા મુકદ્દમાઓ જોડે સંબંધ ધરાવવાનો જે જે કોઇ હિંદીઓને પ્રસંગ પડયો છે તેવા લગભગ દરેક હિંદીનો અનુભવ આવો જ છે.

૧૨. સૌથી મોટું દુર્ભાગ્ય તો એ છે કે અંગ્રેજ લોક તેમ જ દેશનો કારભાર કરવામાં ભળનારા તેમના હિંદી સાથીઓ પોતે મેં ઉપર વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે તેવો કશો ગુન્હો કરવામાં રોકાયેલા છે એ સમજી શકતા નથી. મને ખબર છે કે ઘણા અંગ્રેજ તેમ જ હિંદી અમલદારો પ્રામાણિકપણે એવું માનનારા છે કે પોતે દુનિયામાંનું એક સારામાં સારૂં રાજ્યતંત્ર ચલાવી રહ્યા છે અને તે નીચે હિંદુસ્થાન ધીમે પગલે પણ સંગીન પ્રગતિ કરી રહ્યું છે. તેમને ભાળ નથી કે પ્રજાને થથરાવી મૂકવાની એક અદૃશ્ય પરંતુ અસરકારક કાર્યપદ્ધતિથી તથા પશુબળના વ્યવસ્થિત દેખાવથી અને બીજી બાજુએ પ્રતિકાર કરવાની અગર આત્મરક્ષણની સુદ્ધાં બધી શક્તિ પ્રજા પાસેથી ખૂંચવી લેવામાં આવ્યાથી પ્રજા આખી નપુંસક બની ગઇ છે અને તેમનામાં દંભ અને પામરતા ફેલાયા છે. અને આ ભયાનક કુટેવને પરિણામે કારભારીઓમાં અજ્ઞાન અને આત્મવંચન બેવડાં બન્યાં છે. જે ૧૨૪ અ કલમનું સદ્ભાગ્યે મારા ઉપર તહોમત મેલવામાં આવ્યું છે તે કલમ હિંદી નાગરિકની સ્વતંત્રતા કચરી નાખવા સારૂ ઘડવામાં આવેલી રાજદ્વારી કલમોમાં કદાચ સર્વોપરી છે. પ્રીતિ કંઈ કાયદાથી પેદા થનારી કે નિયમમાં રહેનારી વસ્તુ નથી. માણસને જો કોઈ શખ્સ કે વસ્તુ પ્રત્યે પ્રીતિ ન હોય તો જ્યાંસુધી તે મારફાડ કે ખૂનામરકીનો પ્રચાર ન રાખતો હોય અગર તો ખૂનામરકીને ઉત્તેજન કે ઉશ્કેરણી ન કરતો હોય ત્યાંસુધી તેને પોતાની અપ્રીતિ દર્શાવવાનો પૂરેપૂરો અખત્યાર હોવો જોઇએ.

પણ જે કલમમાંનો આરોપ મારા ઉપર મૂકવામાં આવ્યો છે તે મુજબ તો માત્ર અપ્રીતિ ફેલાવવી એટલું પણ ગુન્હો છે. આ કલમ નીચે ચાલેલા કેટલાક મુકર્દમાઓ મેં તપાસ્યા છે અને હું જાણું છું કે હિંદના કેટલાક મોટામાં મોટા પ્રજામાન્ય પુરુષોને એ કલમ હેઠળ સજાઓ કરવામાં આવી છે. અને તેથી આ કલમ હેઠળ મારા પર આરોપ મૂકાયો એમાં હું મારી મોટી ઇજ્જત થઈ સમજું છું. મારી અપ્રીતિના કારણોની ટૂંકામાં ટૂંકી રૂપરેખા આપી દેવા મેં ઉપર પ્રયત્ન કર્યો છે. કોઇ પણ અમલદાર કે કારભારી સામે મારે અંગત કે વ્યક્તિગત એવું કશું જ વેર નથી, તો રાજાની સામે તો મારે અપ્રીતિ હોઇ જ શી શકે? પણ જે સરકારે અગાઉના બીજા કોઇ પણ રાજ્યતંત્રના કરતાં સરવાળે હિંદુસ્થાનનું અહિત જ વધારે કર્યું છે તેની સામે અપ્રીતિ થવી એને તો હું સદ્‌ગુણ જ સમજું છું. બ્રિટિશ હકુમત હેઠળ હિંદમાં અગાઉ કોઇ કાળે ન થયેલો એટલો મર્દાનગીનો લોપ થયો છે. આવી મારી માન્યતા હોવાથી એવા રાજ્યતંત્રને વિષે મનમાં પ્રીતિ હોવી એને હું પાપ માનું છું અને તેથી મારી સામે પૂરાવા તરીકે રજુ કરવામાં આવેલા જૂદા જૂદા લેખોમાં મેં જે કંઇ લખ્યું છે તે બધું હું લખી શક્યો એ વાતને હું મારૂં અહોભાગ્ય ગણું છું.

૧૩. ખરૂં જોતાં તો હું માનું છું કે જે અસ્વાભાવિક સ્થિતિમાં અત્યારે ઇંગ્લાંડ તેમ જ હિંદુસ્થાન રહે છે તેમાંથી ઉગરી જવાનો અસહકારનો માર્ગ બતાવ્યો તેમાં મેં બન્નેની સેવા જ બજાવી છે. મારા નમ્ર અભિપ્રાય મુજબ તો બૂરાઇની સામે અસહકાર કરવો એ નેકીના જોડે સહકાર કરવા જેટલી જ માણસની ફરજ છે. પણ બૂરાઇ કરનાર સામે ઇરાદાપૂર્વક હિંસા અખત્યાર કરીને જ એવો અસહકાર પ્રદર્શિત કરવાની પ્રથા આટલો કાળ દુનિયામાં ચાલતી આવી છે. હું મારા દેશવાસીઓને બતાવી આપવા મથી રહ્યો છું કે હિંસાવૃત્તિથી ચલાવેલો અસહકાર સરવાળે દુનિયામાં બૂરાઇને ઘટાડવાને બદલે વધારવાનું જ હથિયાર બને છે અને બૂરાઇને નભાવવાનું એકમાત્ર સાધન હિંસા.

હોવાથી પોતાના તરફથી તેને મળતો ટેકો ખેંચી લેવા માગનારે હિંસાનો નિ:શેષ ત્યાગ કરવો રહ્યો. એવી અહિંસાવૃત્તિમાં જૂરાઇ જોડે અસહકાર કરવા જતાં ખમવાં પડનારાં દુ:ખોને સ્વેચ્છાપૂર્વક માથે લેવાં જોઇએ. એ આવી જાય છે તેથી કાયદાની નજરે જે મારો ઇરાદાપૂર્વક કરેલો ગુન્હો ગણાય અને છતાં મારાં પોતાની નજરમાં જે શહેરી તરીકેનો માણસનો સર્વોપરી ધર્મ છે, તેને સારૂ આકરામાં આકરી સજા માગી લેવા અને તે સજા આનંદપૂર્વક માથે ચડાવવા હું આહં ઉભો છું. જજ સાહેબ આપને માટે તેમ જ પંચના સાહેબોને માટે પણ એટલો જ માર્ગ ખુલ્લો છે કે જે કાયદાનો અમલ કરવાનું તમને સોંપવામાં આવ્યું છે તે કાયદો જ ખરૂં જોતાં દુષ્ટ છે અને હું વસ્તુતઃ નિર્દોષ છું એમ જો તમે માનતા હો તો તમારે તમારી જગ્યાઓના રાજીનામાં આપી દેવાં અને એ રીતે પાપની ભાગીદારીમાંથી નિકળી જવું. આથી ઉલટું જે તંત્ર અને જે કાયદો ચલાવવામાં તમે અત્યારે મદદ કરી રહ્યા છો તે હિંદની પ્રજાને સારૂ હિતકર છે અને તેથી મારી પ્રવૃત્તિ જાહેરાહતને નુકસાન કરનારી છે એવો જો તમારો વિશ્વાસ હોય તો તમને ઘટે છે કે તમારે મને સખ્તમાં સખ્ત સજા દેવી. *

---

*એકરાર વંચાઈ રહ્યા પછી જજે નીચે પ્રમાણે ચુકાદો આપ્યો હતો·

ચુકાદો.

૧. મી. ગાંધી, તમે આરોપનો સ્વીકાર કરી એક રીતે મારૂં કામ સરળ કરી આપ્યું છે પણ તમને કેટલી સજા આપવી એ નક્કી કરવાનું કામ સહેલું નથી. મને નથી લાગતું કે આ દેશમાં કોઈ પણ જજ આગળ આટલું અઘરૂં કામ કોઇ વાર આવી પડયું હોય. કાયદાની દૃષ્ટિએ કોઈ નાનું કે મોટું નથી છતાં અત્યાર સુધી મેં જેમના જેમના ફેંસલા કર્યા છે અથવા જેમના ફેંસલા કરવાના ભવિષ્યમાં મારા હાથમાં આવશે તે બધા કરતાં તમે જૂદી જ કોટીના પુરુષ છો તે તરફ મારાથી દુર્લક્ષ કરાય એમ નથી. તમારા કરોડો દેશબંધુની દૃષ્ટિમાં તમે મહાન્ દેશભક્ત છો, મહાન્ નેતા છો એ વસ્તુ તરફ પણ દુર્લક્ષ કરાય તેમ નથી. રાજ્યપ્રકરણમાં જેઓ તમારાથી જૂદા પડે છે તેઓ પણ તમને ઉચ્ચ આદર્શવાન્ ગણે છે, તેઓ તમને અલૌકિક એટલું જ નહિ પણ સંતકોટિના પુરુષ માને છે.

જજનો આભાર.

૧૪. [ચુકાદો અપાયા બાદ ગાંધીજીએ જજને ઉદ્દેશીને કહ્યું કે] હું એક જ શબ્દ ઉમેરવા ઇચ્છું છું. મારી ઉપર સજા ફરમાવતાં સ્વર્ગસ્થ લોકમાન્ય બાલ ગંગાધર

---

૨. પણ મારે તો તમારો એક જ દૃષ્ટિએ વિચાર કરવાનો રહ્યો. બીજી કોઇ પણ દૃષ્ટિએ તમારો કાજી બનવાની કે તમારી ટીકા કરવાની મારી અહિં ફરજ નથી અને તેવો દાવો પણ હું નથી કરતો. મારે તો જેણે પોતાની મેળે કાયદાનો ભંગ કર્યાનું કબૂલ કર્યું છે અને જે સામાન્ય માણસની દૃષ્ટિએ સરકાર સામેનો ગંભીર ગુન્હો ગણાય છે તે કર્યાનું પોતાને મોંઢે કબૂલ કરે છે તેવા તમને એક કાયદાને અધીન મનુષ્ય તરીકે ગણીને જ તમારો ઈન્સાફ કરવો રહ્યો છે. તમે તોફાન સામે અહિંસાનો નિરંતર ઉપદેશ કર્યો છે એ હું ભૂલતો નથી, અને હું એ પણ માનવા તૈયાર છું કે ઘણા પ્રસંગોએ તમે તોફાન અટકાવેલ પણ છે. પણ તમારા રાજકીય ઉપદેશનું સ્વરૂપ જોતા અને તે ઉપદેશ જે લોકોને તમે કર્યો છે તેમનો સ્વભાવ જોતાં તમારી પ્રવૃત્તિને પરિણામે તોફાન થાય નહિ એવી આશા તમે કેમ રાખી એ મારી સમજશક્તિની બહાર છે. કોઇ પણ સરકારને માટે તમને છૂટા રાખવાનું તમે અશક્ય કરી મૂક્યુ એનું ખરેખર જેમને દુઃખ ન થયું હોય એવા ભાગ્યે જ કોઇ લોક હિંદુસ્થાનમાં હશે પણ તમે તે સ્થિતિ આણી.

૩. છતાં તમને ન્યાય પણ મળે અને સાર્વજનિક હિત પણ સચવાય એમ બન્ને વાતનો મેળ કઇ રીતે બેસાડી શકાય એનો જ હું વિચાર કરી રહ્યો છું અને તમને સજા કરવાની બાબતમાં બારેક વર્ષની વાત પર ચાલેલા આવા જ બીજા એક મુકર્દમાને હું અનુસરવા માગું છું. મી. બાલ ગંગાધર તિલકને આ જ કલમની રૂએ સજા થયેલી. તે વખતે છેવટે છ વર્ષની આસન કેદની સજા તેમને ભોગવવી પડેલી. મને ખાત્રી છે કે જો હું તમને મી. તિલકની હારમાં બેસાડું તો તેમાં તમને અયોગ્ય નહિ લાગે. તેથી તમને દરેક ગુન્હાને માટે બબે વર્ષની આસન કેદની, એટલે કે બધી મળીને છ વર્ષની આસન કેદની સજા ફરમાવવાની મને મારી ફરજ લાગે છે. આ સજા ફરમાવતાં હું એટલું ઉમેરવા માગું છું કે ભવિષ્યમાં જો હિંદુસ્થાનનું રાજદ્વારી વાતાવરણ શમી જાય અને સરકાર તમારી સજા ઓછી કરી તમને છોડી મેલી શકે તો તે દિવસે મારા જેટલો આનંદ બીજા કોઇને નહિ થાય.

તિલકના મુકદ્દમાની યાદ દેવડાવીને આપે મને મોટું માન આપ્યું છે. હું એટલું જ કહેવા માગું છું કે એ મહાન્ પુરુષના નામ સાથે મારૂં નામ જોડાય એને હું મારૂં મોટામાં મોટું ભાગ્ય અને મોટામાં મોટી ઇજ્જત સમજું છું. અને મને કરવામાં આવેલી સજાની બાબતમાં તો હું અલબત્ત માનું છું કે કોઇ પણ જજ મારા ઉપર જે હળવામાં હળવી સજા ફરમાવી શકે તેટલી હળવી સજા મને કરવામાં આવી છે. અને અહિં ચાલેલા કામકાજને વિષે પણ મારે એટલું કહેવું જોઇએ કે અહિં જેટલો વિનય બતાવવામાં આવેલો મેં જોયો એથી વધુની આશા રાખી શકાય નહિ.

૨૩. સંદેશો.

૧. "લોકોને વિનવો કે એકેએક હિંદી શાંતિ જાળવે, હર પ્રયત્ને શાંતિ જાળવે, ખાદી જ પહેરે અને રેંટિયા ચલાવે. પ્રજાએ મને છોડાવવો હોય તો શાંતિથી જ છોડાવે. પ્રજા શાંતિ છોડશે તો તો મને ત્યાં જ રહેવું ગમશે એ યાદ રાખજો."

છૂટક.

(૧) હડતાળ બિલકુલ ન પાડો.
(૨) હર પ્રયત્ને શાંતિ જાળવો.
(૩) સભાઓ ન ભરો.
(૪) [પ્રજા] વધારે જાગ્રત થાઓ.
(૫) મહાસભાએ કરેલી આજ્ઞાને માન આપો.
(૬) ઈલ્કાબનો વિશેષે ત્યાગ કરો.
(૭) ધારાસભામાં જવાનો જેણે વિચાર કર્યો હોય તે ત્યાગ કરે અને ગયા હોય તે રાજીનામાં આપે.
(૮) મતદારો જેમણે હજુ નિશ્ચય ન કર્યો હોય તેઓ નિશ્ચય કરે કે કોઇને પણ ધારાસભામાં મોકલવો એ પાપ છે.
(૯) વકીલો વધારે સંખ્યામાં વકીલાત છોડે.
(૧૦) અદાલતોમાં આપણા કજીઆ પડ્યા હોય તેનો ફેંસલો પણ ખાનગી રીતે થાય.
(૧૧) સિપાઇની ભરતીમાં કે બીજી સરકારની નોકરીમાં કોઇ જાય જ નહિ.
(૧૨) જેનામાં પોતાની આજીવિકા મેળવવાની શક્તિ હોય તે તો સરકારી નોકરી અને સિપાઇગીરી છોડે.
(૧૩) સરકારી તમામ નિશાળો બંધ થવાની જરૂર હું આશા રાખું.

(૧૪) અનેક પ્રજાકીય શાળાઓ અને મહાશાળાઓ ખૂલે.

(૧૫) દરેક હિંદવાસી ખાદી-રેંટિયાના વ્રત લે.

(૧૬) પ્રજાનાં લાખો સ્ત્રીપુરુષો પરદેશી કાપડનો ત્યાગ કરી કેવળ હાથે કાંતેલા અને તે સૂતરના હાથે વણેલા જ કાપડનો ઉપયોગ કરે અને પરદેશી કાપડ પડયું હોય તે પણ બાળી નાખે.

(૧૭) પ્રજાકીય કામો સારૂ પૈસા જેટલા જોઇએ તેટલા પ્રજા આપે.

૨. આમ કરી પ્રજા નિશ્ચય કરે તો પ્રજાએ સ્વરાજ્યને સારૂ રાહ જોવાપણું ન રહે.

૩. પ્રજા આટલું જોર બતાવે એટલે સ્વરાજ્ય મળ્યું જ છે. એવું સ્વરાજ્ય મળે પછી તો પ્રજાના સિક્કાથી હું છૂટું. એ તો મને ગમે જ. અત્યારે તો મારૂં છૂટા રહેવું એ મને કેદ સમાન છે.

૪. ધાંધલ કરીને પ્રજા મને છોડવે અને સ્વરાજ્ય લેવાને સારૂ મારી મદદનો ઉપયોગ કરે એ તો પ્રજાની અશક્તિ જ ગણાય. સ્વરાજ્ય મારૂં કે કોઇનું અપાવ્યું નહિ મળે. પ્રજાની યોગ્યતા સિદ્ધ થયે જ મળવાનું છે.

૫. અંતમાં તો સરકારનો યે વાંક કહાડવો વ્યર્થ છે. જેવા આપણે છીએ તેવી સરકાર આપણને મળી રહી છે. આપણે સૂધરીએ એટલે સરકાર સૂધરી. જ્યારે આપણે સૂધરીશું ત્યારે જ આપણને સ્વરાજ્ય મળશે. અસહકાર એ પ્રજાનો સૂધરવાનો નિશ્ચય છે. મારા પકડાયા પછી પ્રજા શું એ નિશ્ચયને છોડી સહકાર કરશે ? જો પ્રજા ગાંડી બને, પેટે ચાલે, નાકો ઘસે, યુનિયન જૅકની સલામી કરે, સલામી કરવા અઢાર માઇલ ચાલે તો તે સહકાર નહિ તો બીજું શું કહેવાય ? પેટ ઘસડવું ઇત્યાદિ કરવા કરતાં તો મરવું જ સારૂં છે. એટલે જેમ વિચારીએ તેમ મેં સૂચવેલો છે તે જ માર્ગ પ્રજાને સારૂ ખરો છે.

૨૪. સવાલજવાબ.

૧. સ૦–કાયદાનો સવિનય ભંગ કરવાની સલાહ આપો છો તો સાથે કાયદાના ભંગની સજાનો અનાદર કરવાનું પણ કેમ નથી કહેતા ?

જ૦–જ્યારે સજાનો અનાદર થાય ત્યારે તો અંધાધુંધી જ થાય કેમકે તેમાં વિનય ન રહ્યો. વિનય સૂચવે છે કે સજાનો અનાદર ન હોય, હુકમનો જ હોય. વળી સજાનો અનાદર અસંભવિત છે. સવિનય ભંગની ઉત્પત્તિ આત્મબળમાં રહેલી છે. જૂલમગાર પોતાના શરીરબળ પર મુગ્ધ રહી જગતને તાબે કરવા મથે છે. આત્મબળી પોતાનું શરીર જૂલમગારને સોંપી દઇ આત્માને સ્વતંત્ર બનાવે છે, કેમકે જૂલમગાર આત્માનો સ્પર્શ સરખો પણ નથી કરી શકતો. પ્રહ્‌લાદે સવિનય ભંગ કર્યો પણ પર્વત પરથી પડતાં આંચકો ન ખાધો. અંગારથી રક્ત થયેલા સ્થંભની મિત્રની જેમ ભેટ કરી. સુધન્વા ઉકળતા તેલના પેણામાં હસ્તે મુખે પડયો. યુસુફ પેગંબરે પાપી હુકમોનો આદર કરવાને બદલે જેલ પસંદ કરી. સવિનયભંગી દંડ ન ભરે, કેમકે તે તો તેનું કાર્ય છે. જેલમાં જવું તેનું કાર્ય નથી, જાલિમ તેને જેલમાં નાખે છે.

૨. સ૦—તમારા સત્યાગ્રહની પંજાબ ઉપર શી અસર થઇ?

જ૦—'સર માઇકલ ઓડવાયર'ની ઇચ્છા સત્યાગ્રહનો સંદેશો પંજાબમાં ન પહોંચે એવી હતી. તેથી કેટલાક પંજાબીઓ ઉશ્કેરાયા અને કેટલાક દિવાના બન્યા. 'સર માઇકલ ઓડવાયર' વધુ દિવાના બન્યા અને તેમણે નિર્દોષ માણસોને રેંસી નખાવ્યા. પણ સત્યાગ્રહ તો જલદ શક્તિવર્ધક રસાયણ છે અને અત્યારે હિંદુસ્થાનના બીજા કોઇ પણ પ્રાંત જેટલું જ ચેતન પંજાબમાં છે; અને મગજનો પારો ઝટ ચડી જાય એવી ત્યાંની વસ્તી હોવા છતાં બીજા પ્રાંતોએ ધડો લેવા જોગ આત્મસંયમ તે પ્રાંતે બતાવ્યો છે.

૩. સ૦—બારડોલીનો સવિનય ભંગ બંધ રહ્યો એટલે સત્યાગ્રહ તો હવે ગયો જ કે ?

જ૦—અરે સત્યાગ્રહ શી રીતે જવાનો ? એ તો ત્રિકાલાબાધ છે. એ નિષ્ફળ ગયો જ નથી. એ તો અનેક રૂપમાં ચાલુ રહેવાનો જ. સત્યાગ્રહથી કશું પણ અનિષ્ટ પરિણામ આવ્યું છે એમ મને લાગતું નથી. જલિયાંવાલા બાગને હું ભૂલતો નથી. હું તો અનેક જલિયાંવાલાથી ડરતો નથી. પણ મેં સત્યાગ્રહ બંધ કરેલો, કારણ હું સાચા સિપાઇની માફક નિરર્થક સંહાર ન થવા દઉં. સત્યાગ્રહને જ ધન્ય છે કે આજે આપણે છડેચોક રાજ્યદ્રોહની વાતો કરીએ છીએ, જે કરતાં આપણે ધ્રૂજતા હતા. રાજ્યદ્રોહનું અમે કારખાનું માંડ્યું છે એમ કહું તો ચાલે. હું તમારા સૌમાં આ સરકારની પ્રત્યે અપ્રીતિ ગાળી રહ્યો છું. અને એમ ન સમજજો કે સુલેહની શરતો રદ થશે એ એક મારૂં સ્વપ્નું માત્ર છે; કારણકે તે રદ કર્યા વિના બ્રિટિશ સરકાર શાન્તિથી રહી નહિ શકે, સામ્રાજ્ય શાન્તિ નહિ ભોગવી શકે. અને આ પ્રમાણે પારાવાર અશાન્તિની કિમ્મત આપી સરકાર પોતાની હઠમાં કાયમ ન જ રહે.

૪. સ૦—તમે બળવો કરવા માગો છો ?

જ૦—અસહકારીઓ તો રાજ્યવિપ્લવ-બળવો કરવા માગે છે તે વાત સાચી છે. માત્ર તે વિપ્લવ કેવળ Revolution નહિ, પણ વિકાસક્રમને અનુસરી થતો (Evolutionary Revolution) વિપ્લવ હોવો જોઇએ. બાકી વિપ્લવ તો થવો જ જોઇએ એમ મને લાગે છે. તે વિના છૂટકો નથી.

૫. સ૦—અમારી માલમિલ્કત લઇ જાય તે સહન થાય, પણ સરકારના માણસો અમારી વહુબેટીઓ ઉપર અત્યાચાર કરે તો !

જ૦—આપણે પોતાની જાત ઉપર અને મનુષ્યજાત ઉપરનો આપણો વિશ્વાસ ખોયો છે. હું પોતે જો કે અત્યારે એવી હાલતમાં છું કે પંદર વર્ષનો બાળક પણ મને પાડી નાખી શકે, છતાં હું મારી સ્ત્રીની જોડે રહું છું તે એટલામાટે કે મારામાં તેનું રક્ષણ કરવાની શક્તિ છે. હું કોઇ પણ જુવાનિયાને કે કાણુઆને પણ

નોતરૂ છું કે તે મારી સ્ત્રીની લાજ લૂંટવા આવે. મારામાં મરી ફૂટવાની શક્તિ છે અને જ્યાંસુધી મરવાની તાકાત હોય ત્યાંસુધી ડરવાની કશી જ જરૂર નથી. તમે પૂછશો, હાથપગ બાંધે તો? પિસ્તોલ તાકે તો? પિસ્તોલવાળા ઘણાની પિસ્તોલ સાબૂત છતાં તેમનાં ઘર લૂંટાયાં છે અને લાજ લૂંટાઇ છે. રક્ષણને સારૂ પિસ્તોલની નહિ પણ છાતીની જ જરૂર છે.

૬. સ૦—તમે લોકોના પ્રાણ શામાટે ખોવરાવો છો?

જ૦—હું નથી ખોવરાવતો. લોકોને મજા આવે છે, તેથી દેશ ખાતર કે ધર્મ ખાતર પ્રાણ દેવા તૈયાર થાય છે.

પરિશિષ્ટ ક.

બારડોલી તાલુકાનો સવિનય ભંગનો ઠરાવ.

સામુદાયિક સવિનય ભંગને સારૂ મહાસભાએ મુકરર કરેલી શરતો પૂરી રીતે સમજ્યા પછી બારડોલી તાલુકાની આ પરિષદ્ એવો ઠરાવ કરે છે કે

(૧) આ તાલુકો સામુદાયિક સવિનય ભંગને સારૂ તૈયાર છે.

(૨) આ પરિષદ્ માને છે કે

(ક) હિંદુસ્થાનનાં દુઃખોને દૂર કરવા સારૂ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વિગેરે કોમો વચ્ચે મિત્રતાની આવશ્યકતા છે.

(ખ) મજકુર દુઃખોનું ઔષધ શાંતિ, સબુરી અને સહનશીલતા જ છે.

(ગ) હિંદુસ્થાનની સ્વતંત્રતાને સારૂ પ્રત્યેક ઘરમાં રેંટિયાના ઉપયોગની અને બધાએ હાથે કાંતેલા અને હાથે વણેલા સૂતરનાં કપડાંનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે.

(ઘ) હિંદુઓ જ્યાંસુધી અસ્પૃશ્યતાનો સર્વથા ત્યાગ ન કરે ત્યાંસુધી સ્વરાજ્ય અશકય છે.

(ઙ) લોકોની ઉન્નતિને સારૂ અને બંધનમાંથી છૂટવાને સારૂ ગુસ્સો કર્યા વિના, માલ-મિલ્કત ખોવા કેદમાં જવા કે જરૂર પડે તો જીવ આપવા લોકોએ તૈયાર થવાની આવશ્યકતા છે.

(૩) આ પરિષદ્ ઉમેદ રાખે છે કે બારડોલી તાલુકાને પોતાનો ભોગ આપવાની પ્રથમ તક મળશે.

(૪) આ પરિષદ્ કારોબારી સમિતિને સૂચવે છે કે જો કારોબારી સમિતિ બીજો કંઈ પણ બંધનકારક ઠરાવ પસાર ન કરે તો અગર રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ ન ભરાય તો બારડોલી તરત સામુદાયિક સવિનય ભંગ મહાત્મા ગાંધીજી અને પરિષદના પ્રમુખની સલાહ મુજબ શરૂ કરશે.

(૫) આ પરિષદ્ ભલામણ કરે છે કે મહાસભાએ ઠરાવેલી શરતોનું પાલન કરવા તૈયાર હોય તેવા બારડોલી તાલુકાના રહેવાશીઓ બીજો ઠરાવ થતાં સુધી સરકારી મહેસુલ ન ભરે.

પરિશિષ્ટ ख.

બારડોલીમાં મહાસભાની કારોબારી સમિતિએ કરેલા ઠરાવો.

(મહાસમિતિએ કરેલા ફેરફાર સાથે.)

૧ તા૦ ૧૧ ફેબ્રુઆરી ૧૯૨૨.

(૧). ચૌરીચોરામાં લોકોના ટોળાંએ પશુતાભરી રીતે પોલિસનાં ખૂન કરીને અને નિષ્ઠુરતાથી પોલિસ ચોકી બાળીને જે અમાનુષી વર્તન ચલાવ્યું છે તેને માટે કારોબારી સમિતિ ખેદ પ્રદર્શિત કરે છે અને માર્યા ગયેલાઓનાં કુટુંબો તરફ દિલસોજી બતાવે છે.

સામુદાયિક સવિનય ભંગ શરૂ કરવાનો વખત આવતાં દરેક વેળાએ કુદરતે ફરી ફરીને ચેતવણી આપી છે; અને દરેક વેળાએ ક્યાંક ને ક્યાંક લોકો તોફાન કરી ઉઠયા છે તે પરથી જણાય છે કે દેશનું વાતાવરણ સામુદાયિક સવિનય ભંગને સારૂ પૂરતું શાંતિમય નથી. એનું સૌથી છેલ્લું દૃષ્ટાંત ગોરખપુર પાસેના ચૌરીચોરાના ગોઝારા અને ત્રાસદાયક બનાવો છે. મહાસભાની કારોબારી સમિતિ ઠરાવ કરે છે કે બારડોલી અને બીજે ઠેકાણે શરૂ કરવા ધારેલો સામુદાયિક સવિનય ભંગ મોકુફ રાખવો. સરકારને આપવાના મહેસુલ અને બીજા કર જે સામુદાયિક સવિનય ભંગની આશાએ ભરવા મુલતવી રાખવામાં આવ્યા હોય તે ભરી દેવા ખેડુતોને સલાહ આપવાની અને તીવ્ર ભંગની તૈયારી માટેની દરેક પ્રવૃત્તિ મોકુફ રાખવાની કારોબારી સમિતિ સ્થાનિક મહાસભાસમિતિઓને સૂચના કરે છે.

ગોરખપુરમાં બન્યા એવા ટોળાઓના અત્યાચારો અને મુંબઈ અને મદ્રાસમાં સને ૧૯૨૧નો તા. ૧૭મી નવેમ્બરે અને ગઇ તા. ૧૩મી. જાન્યુઆરીએ ચાલી એવી ગુંડાશાહી ફરીથી નહિ બનવા પામે એવી

ખાત્રી મળે એવું અહિંસામય વાતાવરણ પેદા થતાં સુધી સામુદાયિક સવિનય ભંગ મુલતવી રાખવામાં આવશે.

શાંતિમય વાતાવરણ ઉભું કરવાના હેતુથી કારોબારીસમિતિ સૌ મહાસભાસમિતિઓને સલાહ આપે છે કે બીજી સૂચનાઓ મળતાં સુધી તેમણે મહાસભાની સામાન્ય પ્રવૃત્તિઓ (જ્યાં સંપૂર્ણ શાંતિમય વાતાવરણની ખાત્રી મળી શકે ત્યાં ઐચ્છિક હડતાળ સુદ્ધાં) સિવાયની ખાસ પકડાઇને જેલ જવાના હેતુથી ઉપાડેલી પ્રવૃત્તિઓ બંધ રાખવી અને એમ કરવા માટે દારૂના પીઠામાં જનાર માણસોને મદ્યપાનનાં અનિષ્ટોથી દૂર રહેવાનું સમજાવવાના શુદ્ધ અને શાંત હેતુથી પહેરા ભરવા સિવાય બધા પહેરા બંધ કરવા અને દારૂનાં પીઠાં પરના પહેરા પણ જાણીતા શુદ્ધ ચારિત્ર્યવાળા અને સ્થાનિક મહાસભાસમિતિઓએ ખાસ પસંદ કરેલા માણસો પાસે જ ભરાવવા.

બીજી સૂચનાઓ મળતાં સુધી ફક્ત સભાબંધીના હુકમો તોડવાના હેતુથી જ સ્વયંસેવકનાં સરઘસો કહાડવાનું અને જાહેરસભાઓ ભરવાનું બંધ કરવાને કારોબારી સમિતિ સલાહ આપે છે; પણ મહાસભા અથવા બીજી સમિતિઓની ખાનગી સભાઓ અથવા મહાસભાની સામાન્ય પ્રવૃત્તિઓ ચલાવવાને સારૂ જરૂરની એવી જાહેરસભાઓ ભરવામાં આ ઠરાવથી હરકત નહિ આવે.

રૈયતલોક જમીનદારોને સાંથ નથી આપતા એવી ફરિયાદો કારોબારી સમિતિ પાસે આવી છે તેથી મહાસભાના કાર્યકર્તાઓને તથા મહાસભાસમિતિઓને કારોબારી સમિતિની સલાહ છે કે તેમણે રૈયત લોકને સમજાવવું કે આવી રીતે સાંથ ન આપવી એ મહાસભાના ઠરાવની વિરુદ્ધ છે અને દેશના હિતને નુકસાનકર્તા છે.

કારોબારી સમિતિ જમીનદારોને ખાત્રી આપે છે કે જમીનદારોના કાયદેસર હક્ક પર તરાપ મારવાનો મહાસભાની પ્રવૃત્તિનો જરા પણ ઉદ્દેશ નથી. કારોબારી સમિતિ તો એમ ઇચ્છે છે કે જ્યાં રૈયતોને

દુઃખ હોય ત્યાં પણ એનુ નિવારણ અંદરઅંદરની સલાહથી અને હંમેશની જેમ લવાદ દ્વારા કરી લેવું.

કારોબારી સમિતિ પાસે ફરિયાદો કરવામાં આવી છે કે સ્વયંસેવકદળ બનાવવામાં સ્વયંસેવકની પસંદગી કરવામાં ખૂબ ઢીલાપણું ચાલે છે, અને હાથે કાંતેલી અને વણેલી ખાદીના સંપૂર્ણ વાપરનો અને હિંદુઓમાં અસ્પૃશ્યતાનાશના નિયમનું પાલન કરાવવાનો આગ્રહ રાખવામાં નથી આવતો, તેમ જ ઉમેદવારોને મહાસભાના ઠરાવ પ્રમાણે વિચાર વાણી અને વર્તનમાં અહિંસાપાલન પર શ્રદ્ધા છે કે કેમ તે નક્કી કરવાની કાળજી રાખવામાં નથી આવતી, તેથી કારોબારી સમિતિ સૌ મહાસભાસમિતિઓને સૂચવે છે કે તેમણે પોતાનાં પત્રકો નવેસર બનાવવાં અને જે સ્વયંસેવકો પ્રતિજ્ઞાની શરતોનું કડક પાલન ન કરતા હોય તે બધાનાં નામ તેમાંથી બાતલ કરવાં.

કારોબારી સમિતિનો એવો અભિપ્રાય છે કે જ્યાંસુધી મહાસભાના સભ્યો મહાસભાના બંધારણને અને કારોબારી સમિતિ તરફથી વખતોવખત બહાર પડતા ઠરાવોને સંપૂર્ણપણે અમલમાં નહિ મૂકે ત્યાંસુધી મહાસભાના ધ્યેયની પ્રાપ્તિ બિલકુલ અથવા જરૂરપૂરતી પણ થવી અશકય છે.

મહાસમિતિની ખાસ બોલાવવામાં આવનારી સભા મળતાં સુધી અને પછી મહાસમિતિની મંજુરી મળે તો આ ઠરાવ અમલમાં રહેશે. મહામંત્રીએ હકીમ અજમાલખાનની સાથે મસલત ચલાવીને એ સભા બને તેટલી જલ્દી બોલાવવી.

(૨) કારોબારી સમિતિના અભિપ્રાય પ્રમાણે સરકારી નોકરી છોડી દેનાર લોકોને કામ શોધી આપવાને એક યોજનાની જરૂર છે અને તે હેતુથી આવતી* મહાસમિતિની ખાસ સભાના વિચાર માટે એક યોજના ઘડી કહાડવાને શેઠ મીયાં મહમદ હાજી જાનમહમદ છોટાણી, શ્રી॰ જમનાલાલ બજાજ અને શ્રી॰ વિઠ્ઠલભાઇ પટેલની સમિતિ નિમવામાં આવે છે.

મૂળમાંઃ *મંજુર.

૨ તા૦ ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૨૨.

(૩) ગોરખપુરનો ખેદકારક બનાવ એ વાતની સાબિતી રૂપ છે કે અહિંસા એ સામુદાયિક સવિનય ભંગનું અત્યંત જરૂરી અને મૂળ ભૂત એવું મુખ્ય અંગ હોવાની આવશ્યકતા, પ્રજાએ પૂરેપૂરી પિછાણી નથી–તેથી, તેમ જ મહાસભાની સૂચનાઓની વિરુદ્ધ જઇને ગમે તેવા માણસોને સ્વયંસેવક બનાવી દીધાની જે વાતો સાંભળવામાં આવી છે તે બતાવી આપે છે કે સત્યાગ્રહના પ્રાણ રૂપ જે વસ્તુ છે તેની કિમ્મત લોકોએ હજુ જાણી નથી તેથી, તેમ જ કારોબારી સમિતિને મતે પ્રજાકીય ઉદ્દેશ પાર પાડવામાં ઢીલ થાય છે તેનુ કારણ એ જ છે કે મહાસભાના બંધારણનો ઢીલો અને અધૂરો જ અમલ થયેલો છે–તેથી તથા આંતવ્યવસ્થાને સંપૂર્ણતાએ પહોંચાડવાની દૃષ્ટિએ–કારોબારી સમિતિ મહાસભાની બધી સમિતિઓને નીચે લખી પ્રવૃત્તિઓમાં લાગી જવાની સલાહ આપે છેઃ—

૧. મહાસભાના ઓછામાં ઓછા એક કરોડ સભાસદો નોંધવા.

સૂચના ૧–શાંતિમય + અને વ્યાજબી ઉપાયો ‡ એ મહાસભાના ધ્યેયનો સાર છે તેથી, સ્વરાજ્ય પ્રાપ્તિને અર્થે આવા ઇલાજોની અત્યન્ત આવશ્યકતા ન માનતો હોય તેવા કોઇ માણસને નોંધવો ન જોઇએ. એટલા માટે જેને મહાસભામાં જોડાવાને સમજાવવામાં આવે તે દરેક જણને મહાસભાનું ધ્યેય શું છે તે સંભાળપૂર્વક ગળે ઉતારવું જોઇએ.

સૂચના ૨–સ્વયંસેવકો ધ્યાનમાં રાખે કે વાર્ષિક લવાજમ ન ભરનાર કોઈ મહાસભાનો યથાર્થ સભાસદ ન ગણી શકાય; તેથી સઘળા જૂના સભાસદોને પોતાનાં નામ ફરીથી નોંધાવવાને કહેવું જોઇએ.

૨. રેંટિયા લોકપ્રિય કરવા અને હાથ કંતામણની અને હાથવણાટની ખાદી તૈયાર કરવાની યોજના કરવી અને ઘરોઘર ફરીને તેની વપરાશ લોકપ્રિય કરવી.§

મૂળમાં: +"શાંતિ (અહિંસા)."

‡"વ્યાજબીપણું (સત્ય)."

§ નવો વધારો.

સૂચના—આ હેતુ સાધવા ખાતર બધા સ્વયંસેવકો અને મહાસભાના અમલદારો ખાદીનો પોષાક પહેરે, અને એવી ભલામણ કરવામાં આવે છે કે બીજાઓને ઉત્તેજન આપવાની દૃષ્ટિએ તેમણે પોતે કાંતતાં શીખવું.

૩. રાષ્ટ્રીય શાળાઓ ચલાવવી.

સૂચના—સરકારી નિશાળો ઉપર પહેરો મૂકવાનો નથી; સરકારી અને સરકારની મદદથી ચાલતી શાળાઓમાંથી વિદ્યાર્થીઓને આકર્ષી લેવાને સારૂ × દરેક જરૂરી બાબતમાં રાષ્ટ્રીય શાળાઓની શ્રેષ્ઠતા ઉપર જ આધાર રાખવો.

૪. પછાત વર્ગોને ઉચ્ચજીવન માટે કેળવવા, તેમની સામાજિક માનસિક અને નૈતિક સ્થિતિ સુધારવી, તેમનાં છોકરાંને રાષ્ટ્રીય શાળાઓમાં મોકલવા તેમને સમજાવવા અને બીજા શહેરીઓ જે સાધારણ સગવડો ભોગવે છે તે તેમને મેળવી આપવી.

સૂચના—આથી જ્યાં અસ્પૃશ્યો પ્રત્યેનો અણગમો હજુ સખ્ત છે તેવાં સ્થળોમાં જુદી શાળાઓ અને જૂદા કૂવાઓ મહાસભાને પૈસે નભાવવા, તેમનાં છોકરાંઓને રાષ્ટ્રીય શાળાઓમાં દાખલ કરવાના અને ગામના કૂવાઓ અસ્પૃશ્યોને વાપરવા દેવાની સમજુતી લોકોને આપવાના દરેક પ્રયત્ન કરવા.

૫ મદ્યપાનનિષેધની ચળવળ એ બદીવાળા લોકોમાં ધરોધર ફરીને ચલાવવી અને ચોકી કરતાં પીનારને ઘેર જઈ તેને વિનવવા પર વધારે ભરોંસો રાખવો.

૬. બધા કજીઆઓનો ખાનગી નિકાલ લાવવા માટે ગ્રામ્ય તથા શહેરી પંચાયતો સ્થાપવી, અને પંચાયતોના નિર્ણયોનું માન રખાવવામાં જાહેર મતના જોર ઉપર તથા તે નિર્ણયોના પોતાના વ્યાજબીપણા ઉપર જ ભરોંસો રાખવો.

મૂળમાં: × વિદ્યાર્થીઓ મેળવવા સારૂ.

સૂચના—દબાણ જેવો ભાસ પણ થતો અટકાવવા ખાતર, જેઓ પંચાયતોના નિર્ણયોને માન ન આપે તેમની સામે સામાજિક બહિષ્કાર ન વાપરવો.

૭. બધી જાતિઓ તથા બધા વર્ગોની એકતા અને આપસમાં સદ્ભાવ, કે જેને સ્થાપિત કરવાનો અસહકારની પ્રવૃત્તિનો હેતુ છે, તેને વધારવા અને તેને મહત્ત્વ આપવા ખાતર એક એવું સમાજસેવાનું ખાતું કહાડવું કે જે માંદગી અને અકસ્માતની વેળાએ સૌને કોઇ જાતના ભેદ વગર મદદ પહોંચાડે.

સૂચના—પોતાના ધ્યેયને દૃઢતાપૂર્વક વળગી રહેતો છતો અસહકારી માંદગી કે અકસ્માતને પ્રસંગે અંગ્રેજ કે હિંદી ગમે તેની અંગત સેવા બજાવવી એ પોતાનો ખાસ હક્ક સમજશે.

૮. તિલક સ્વરાજ્ય ફાળો ચાલુ રાખવો અને મહાસભાના દરેક સભાસદ પાસે તેમ જ મહાસભા પ્રત્યે લાગણી ધરાવનાર દરેક સજ્જન પાસે, ૧૯૨૧ની સાલની પોતાની વાર્ષિક આવકનો સોમો ભાગ ફાળામાં ભરવાની માગણી કરવી. દરેક પ્રાંત તિલક સ્વરાજ્ય ફાળામાં પોતાને ત્યાં આવેલી રકમનો ૨૫ ટકા હિસ્સો મહાસમિતિને દર મહિને પહોંચાડી દે.

પરિશિષ્ટ ગ.

દિલ્હીનો ઠરાવ.

નીચેનો ઠરાવ મહાસભા સમિતિએ દિલ્હીમાં સને ૧૯૨૨ ના ફેબ્રુઆરીની ૨૫ મી તારીખે પાસ કર્યો છે:—

બારડોલી ખાતે તા. ૧૧ મી અને ૧૨ મીએ મળેલી કારોબારી સમિતિએ પસાર કરેલા ઠરાવો પર કાળજીપૂર્વક વિચાર ચલાવીને મહાસમિતિ મજકુર ઠરાવોને, તેમાં નમુદ કરેલા ફેરફારો સહિત મંજુર રાખે છે, તથા વધારામાં ઠરાવે છે કે વ્યક્તિગત સવિનય ભંગ તીવ્ર અથવા રક્ષક રૂપમાં ચોક્કસ જગ્યાઓએ અને ચોક્કસ કાયદાઓનો, તે તે પ્રાંતની પ્રાન્તિકસમિતિ કહે ત્યારે અને તેની પરવાનગીથી શરૂ કરી શકાય; શરત એટલી કે જ્યાંસુધી મહાસભાએ કે મહાસમિતિએ કે કારોબારી સમિતિએ ઠરાવેલી બધી શરતોનું કડકપણે પાલન કરવામાં આવતું હોય.

દારૂની ચોકી જેટલી જરૂરી છે તેટલી જ પરદેશી કાપડ પર ચોકી કરવાની પણ જરૂર છે એવી ખબરો અનેક ઠેકાણેથી આવવાથી, મહાસમિતિ આવી ચોકી-ખાત્રીની હોય તેવી-બારડોલીના ઠરાવોમાં દારૂની ચોકી સંબંધી જે નિયમો જણાવેલા છે તે જ નિયમોએ કરવાની છૂટ આપે છે.

મહાસમિતિ ખુલાસો કરવા ઇચ્છે છે કે કાર્યવાહક સમિતિના ઠરાવોનો અર્થ એ નથી કે મહાસભાનો અસહકારનો મૂળ કાર્યક્રમ છોડી દેવો કે સામુદાયિક સવિનય ભંગનો કાયમનો ત્યાગ કરવો; પરંતુ મહાસમિતિ માને છે કે આવશ્યક એવી સામુદાયિક શાન્તિ તો બારડોલીની કારોબારી સમિતિએ ઘડેલા રચનાત્મક કાર્યક્રમને સ્વયંસેવકોએ અમલમાં મૂકવાથી જ સ્થાપી શકાશે.

મહાસમિતિ માને છે કે જ્યારે જ્યારે રાજ્ય જાહેર થયેલા પ્રજાકીય નિશ્ચયનો વિરોધ કરે છે ત્યારે ત્યારે સવિનય ભંગનો પ્રયોગ કરવો એ પ્રજાનો હક્ક અને તેની ફરજ છે.

નોંધ—વ્યક્તિગત સવિનય ભંગ એટલે એક વ્યક્તિ કે અગાઉથી નક્કી થયેલી વ્યક્તિઓની સંખ્યા કે મંડળ કાયદા કે હુકમોનો જે સવિનય ભંગ કરે તે. તેથી જે જાહેરસભામાં હાજર રહેનારાઓ ટિકિટો કઢાવીને નક્કી થયેલ હોય અને જ્યાં રજા વગર કોઇને દાખલ કરવામાં ન આવતું હોય, તેવી જાહેરસભા છતીબંધીએ ભરવી એ **વ્યક્તિગત સવિનય ભંગ**નું દૃષ્ટાંત થયું; જે જાહેરસભામાં જાહેરને કોઇ પણ જાતના અંકુશ વગર દાખલ થવાની છૂટ હોય તેવી સભા છતીબંધીએ ભરવી એ **સામુદાયિક સવિનય ભંગ**નું દૃષ્ટાંત થયું. આવો **સવિનય ભંગ રક્ષણાત્મક** ત્યારે કહેવાય જ્યારે મનાઇ થયેલી જાહેરસભા હંમેશની પ્રવૃત્તિને અંગે ભરવામાં આવે, પછી ભલે પરિણામે પકડાપકડી થાય તેવી; જાહેરસભા હંમેશની પ્રવૃત્તિને અંગે જ હોય, પરંતુ **પકડાવા અને કેદમાં જવાના ઉદ્દેશથી** જ ફક્ત ભરવામાં આવી હોય તો તે **તીવ્ર સવિનય ભંગ** કહેવાય.

સમાપ્ત

આધારની નોંધ.

૧. ન. જી.=નવજીવન. ૨. હિં. સ્વ.=હિંદ સ્વરાજ્ય. ૩. યં. ઇ.=યંગ ઇન્ડિયા. ૪. સ.=સર્વોદય. ૫. વિ. સૃ.=મહાત્મા ગાંધીની વિચાર સૃષ્ટિ. ૬. સ્પી. રા.=સ્પીચીઝ એન્ડ રાઇટીંગ્ઝ ઓફ મહાત્મા ગાંધી. ૭. આ. જ્ઞા.=આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન. ૮. જે. અ.=મારો જેલનો અનુભવ. ૯. ઇં. ઓ.=ઇન્ડિયન ઓપિનિયન. ૧૦. ઇં. હો.=ઇન્ડિયન હોમરૂલ ફોરવર્ડ. ૧૧. અમારૂં લખાણ આવા [ ] ક્રોસ વચ્ચે મૂકેલું છે. ૧૨. પૃ.=પૃષ્ઠ. ૧૩. નં.=નંબર. ૧૪. તા.=તારીખ-માસ-વર્ષ.

પેરા.	આધાર.	પૃ. નં. તા.

૧. અગ્નિપરીક્ષા.

૧	ન. જી.	૨૯-૫-૨૧
૨	[ ]	
૩	ન. જી.	૩-૭-૨૧
૪	[ ]	
૫	ન. જી.	૧૫-૧૨-૨૧

૨. જેલ જવાનો હેતુ.

૧-૪	ન. જી.	૬-૧૧-૨૧
૫	,,	૫-૩-૨૨
૬-૮	,,	૧૯-૨-૨૨
૯-૧૦	,,	૧-૫-૨૧

૩. જેલનું રહસ્ય.

૧-૩	સ્પી. રા.	પૃ. ૭૭૪
૩-૫	,,	,, ૭૭૫
૫-૬	,,	,, ૭૭૬

૪. જેલની મહત્તા.

૧-૨	ન. જી.	૧૫-૧૨-૨૧
૩-૫	,,	૯-૧૦-૨૧
૬	,,	૧૬-૬-૨૧

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૭-૮	ન. જી.	૪-૧૨-૨૧
૯	,,	૮-૧-૨૨
,,	,,	૯-૨-૨૨
૧૦-૧૪	,,	૧૬-૨-૨૨
૧૧	,,	૧૮-૧૨-૨૧
૧૫	,,	૨૨-૧૨-૨૧
૧૬-૧૭	,,	૧૬-૩-૨૨
૧૮	,,	૨૨-૧૨-૨૧
૧૯-૨૧	,,	૧૧-૧૨-૨૧
૨૨	,,	૧૫-૧૨-૨૧

૫. જેલનાં દુઃખમાં સુખ.

૧	જે. અ.	પૃ. ૨૮
૨	,,	,, ૧
૩-૪	,,	,, ૧૯
૪-૫	,,	,, ૨૦
૬	,,	,, ૬
૭	,,	,, ૭
,,	,,	,, ૩૩
,,	,,	,, ૩૪
૮	,,	,, ૧૩

પેરા.	આધાર.	પૃ નં.	તા.
૯	જે. અ.	પૃ.	૩૯
,,	,,	,,	૪૦
૧૦	,,	,,	૪૧
,,	,,	,,	૪૨
૧૧	,,	,,	૫૧
,,	,,	,,	૫૨
૧૨	,,	,,	૫૮
૧૩–૧૪	,,	,,	૫૯
૧૫	,,	,,	૨૪
,,	,,	,,	૨૫
૧૬–૧૭	,,	,,	૨૩
૧૮	,,	,,	૨૭
,,	,,	,,	૨૮
૧૯	,,	,,	૬૦
૨૦–૨૧	,,	,,	૬૧
૨૧	,,	,,	૬૨

૬. અસહકારીનું જેલજીવન.

૧	ન. જી.	૨૦–૧–૨૧
૨	,,	૧૧–૧૦–૨૧
૩	,,	૧૬–૪–૨૨
૪	,,	૫–૩–૨૨
૫	,,	૨–૧૦–૨૧
૬–૭	,,	૫–૩–૨૨
૮–૧૧	,,	૧–૮–૨૦

૭. જેલ જનારને બોધ.

૧–૬	ન. જી.	૨૨–૧૨–૨૧
૭	,,	૨૨–૧–૨૨
૮	,,	૬–૧૧–૨૧
૯–૧૦	,,	૨૨–૧–૨૨
૧૧	,,	૧૧–૧–૨૦
૧૨	,,	૨૨–૧–૨૨

પેરા.	આધાર.	પૃ. નં. તા.

૮. માલ મિલ્કતનો ભય.

૧–૭	ન. જી.	૧૫–૧–૨૨

૯. પ્રત્યેક અંગ્રેજને.

૧–૧૦	ન જી.	૩૧–૧૦–૨૦

૧૦. અંગ્રેજ ભાઇઓને.

૧–૭	ન. જી.	૧૭–૭–૨૧

૧૧. વાઇસરૉયને.

૧–૧૦	ન. જી.	૨૭–૬–૨૦

૧૨. પ્રજામતને માન.

૧–૨	ન. જી.	૨૮–૯–૧૯
૩	,,	૨૨–૧–૨૨
૪	,,	૧૧–૯–૨૧
,,	,,	૨૨–૧–૨૨
૫–૮	,,	૨–૧૦–૨૧
૫	,,	૯–૨–૨૨
૯–૧૦	,,	૧૪–૯–૧૯

૧૩. ઝુંબેશ.

૧–૮	ન. જી.	૬–૧૦–૨૧

૧૪. બેઠા બળવો.

૧–૨	ન. જી.	૧૫–૧૨–૨૧
૩–૧૦	,,	૧૩–૧૧–૨૧
૧૧	,,	અપ્રાપ્ય
૧૨	,,	૧૫–૧૨–૨૧

૧૫. અંગદવિષ્ટિ.

૧–૯	ન. જી.	૫–૨–૨૨

૧૬. અહંભાવની ધૂન.

૧–૬	ન. જી.	૨૬–૨–૨૨

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૧૭. જુલમ સામે સંયમ.		
૧-૬	ન. જી.	૨૦-૧૧-૨૧

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૧૮. દમન અને સહનશીલતા.		
૧-૨	ન. જી.	૨૮-૭-૨૧
૨	,,	૨૯-૫-૨૧
૩	,,	૫-૪-૨૧
,,	,,	૧૩-૩-૨૧
,,	,,	૨૭-૩-૨૧
૪	,,	૫-૪-૨૧
૫-૬	,,	૨૭-૩-૨૧
૭	,,	૯-૫-૨૦
,,	,,	૧-૮-૨૦
૮	,,	૩૧-૭-૨૧
,,	,,	૧૧-૧૨-૨૧
૯	,,	૧૩-૩-૨૧
,,	યં. ઇં.	૧૫-૧૨-૨૧
૧૦-૧૧	ન. જી.	અપ્રાપ્ય.
૧૨-૧૫	,,	૩૧-૭-૨૧
૧૬-૧૭	,,	૧૩-૩-૨૧
૧૮-૧૯	,,	૫-૨-૨૨
૨૦-૨૧	,,	૬-૩-૨૧
૨૨	,,	૧૫-૧૨-૨૧
૨૩-૨૪	,,	૮-૧૨-૨૧
૨૫	,,	૧૧-૧૨-૨૧
,,	,,	૨૯-૫-૨૧
૨૬	,,	૧૧-૧૨-૨૧
૨૭	,,	૧૬-૨-૨૨
૨૮	ન. જી.	૩૧-૭-૨૧
,,	,,	૧૩-૩-૨૧
,,	,,	૧૬-૨-૨૨
૨૯	,,	૧૬-૨-૨૨
૩૦-૩૨	,,	૫-૨-૨૨
૩૩	,,	૬-૧૧-૨૧
૩૪	યં. ઇં.	૧૫-૧૨-૨૧
૩૫	ન. જી.	અપ્રાપ્ય.

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૧૯. ધર્મની કસોટી.		
૧-૩	ન. જી.	૨૪-૧૦-૨૦
૪-૫	,,	૧૩-૧૧-૨૧
૬	,,	૩૧-૭-૨૧
૭-૯	,,	૧૩-૧૧-૨૧
૧૦	,,	૩-૪-૨૧
૧૧	,,	૨૪-૧૦-૨૦
,,	,,	૪-૧૨-૨૧
૧૨-૧૫	,,	૧૩-૧૧-૨૧
૧૬	,,	૧૮-૧૧-૨૦

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૨૦. સવિનય ભંગ.		
૧	ન. જી.	૧૪-૩-૨૦
૨	,,	૨૮-૩-૨૦
૩-૪	,,	૧૩-૬-૨૦
૫	,,	૧૬-૫-૨૦
૬	,,	૯-૨-૨૨
૭	જે. અ.	પૃ. ૫૫
૮	ન. જી.	૧૯-૨-૨૨

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૮	ન. જી.	૨૦–૧૦–૨૧
૯	,,	૧૯–૨–૨૨
૧૦	,,	૧૬–૧૦–૨૧
૧૧	,,	૧૯–૬–૨૧
૧૨	,,	૧૬–૫–૨૦
૧૩	,,	૧૨–૬–૨૧
૧૪	,,	૧૩–૧૧–૨૧
૧૫–૧૬	,,	૨૦–૧૧–૨૧
૧૭	,,	૧૩–૧૧–૨૧
૧૮	,,	૫–૨–૨૨
૧૯	,,	૧૯–૬–૨૧
૨૦	,,	૧૨–૨–૨૨
૨૧	,,	૨૨–૧–૨૨
૨૨–૨૪	,,	૨૩–૧૦–૨૧
૨૪	,,	૨–૨–૨૨
૨૫	,,	૨૨–૧૨–૨૧
,,	,,	૧૩–૧૧–૨૧
૨૬–૩૨	,,	૧૩–૧૧–૨૧
૩૩–૩૪	,,	૭–૮–૨૧
૩૫	,,	૨૫–૧૨–૨૧
૩૬–૩૭	,,	૨૫–૯–૨૧
૩૮	,,	અપ્રાપ્ત.
૩૯–૪૧	,,	૧૨–૨–૨૨
૪૨	,,	૮–૧૨–૨૧
૪૩–૪૪	,,	૨૩–૧૨–૨૧
૪૫–૪૬	,,	૧૯–૬–૨૧
૪૭–૪૯	,,	૨૦–૧૧–૨૧
૫૦–૫૨	,,	૨૩–૧૦–૨૧
૫૩–૫૫	યં. ઇ.	૫–૧–૨૨
૫૬–૫૮	,,	૯–૨–૨૨
૫૯	,,	૨–૩–૨૨

પેરા.	આધાર.	પૃ. નં. તા.
૫૯	ન. જી.	૨૬–૨–૨૨
૬૦	,,	૨–૨–૨૨
૬૧	,,	૧૨–૬–૨૧
૬૨	,,	૧૯–૬–૨૧
૬૩–૬૪	,,	૧૨–૩–૨૨

૨૧. ભૂલ્યા ત્યાંથી ફેર.

૧	ન. જી.	૨૪–૧૧–૨૧
૨	,,	૧૯–૨–૨૨
૩	,,	૨૬–૨–૨૨
૪–૮	,,	૧૬–૨–૨૨
૫–૧૩	,,	૫–૩–૨૨
૧૪–૧૫	યં. ઇ.	૧૪–૭–૨૦
૧૬	ન. જી.	૧૨–૩–૨૨
૧૭–૨૧	,,	૧૯–૩–૨૨

૨૨. અદાલતમાં એકરાર.

૧–૧૪	ન. જી.	૧૮–૩–૨૨

૨૩. સવાલજવાબ.

૧–૨	ન. જી.	૧૦–૧૧–૨૧
૩	,,	૫–૯–૨૦
૪	,,	૩–૧૨–૨૦
૫	,,	૨–૨–૨૨
૬	,,	૮–૧–૨૨

પરિશિષ્ટ क	ન. જી.	૨–૨–૨૨
,, ख	,,	૫–૩–૨૨
,, ग	,,	૫–૩–૨૨

સમાપ્ત.

... કાર્યાલય'

...સ્તકો

કિંમત રૂ. આ.

...તાજીના લેખોમાંથી ઉદ્ધૃત)				૦-૧૨
...શબ્દોમાં)				
..	...	...		૦—૫
...	...	...		૦-૧૨
...	...	...		૦—૭
...	...	...		૦—૭
..	...	...	. .	૦—૪
...ળ ...	...	...	...	૦—૬
...ની ...	...	..	...	૦-૧૨
૮. પ્રજાબંધારણ ..	...	...	...	૧- ૪
,, ૯. રાજ્યનીતિ ...	...	..	..	૧—૪
,, ૧૦. અસહકાર (પ્રથમ વિભાગ)	...	.		૦-૧૨
,, ૧૧. અસહકાર (દ્વિતીય વિભાગ)	....	...		૧—૦
,, ૧૨. અસહકાર (તૃતીય વિભાગ)	...	...		૦ ૧૦
,, ૧૩. અંગતવિચાર ...	...	...	.	૦—૫
				રૂ. ૮-૧૦

ગાંધી=શિક્ષણના છૂટક ભાગો

રૂ. ૧૦ થી વધુ રકમ એકકી વખતે મોકલી	મંગાવનારને	કમીશન	ટકા	
,, ૫૦	,,	,,	,,	૧
,, ૨૦૦	,,	,,	,,	૧૨
,, ૬૦૦	,,	,,	,,	૧

ગાંધી=શિક્ષણના બધા (૧૩) ભાગ એકકી સાથે સામટા લેનારને રૂ. ૮—૧૦—૦ ને બદલે ફક્ત રૂ. ૮—૦—૦ માં વગર કમિશને મળશે બધાં પુસ્તકોમાં પોષ્ટેજ અગર રેલ્વેખર્ચ મંગાવનારને શીર રહેશે

---

* 'રાષ્ટ્રીય વાંચનમાળા' ની થોડી જ નકલો સીલક છે તેથી હશે ત્યાંસુધી તે વગર કમિશને મળી શકશે.